
જૈન પંડિતવર્ય 'શ્રીકંઠ' રચિત

# हितोपदेश



जैनपंडितवर्यश्रीकंठसूरिविरचित

# हितोपदेश

(वैद्यक ग्रंथ.)

## मूळ सहित गुजराती भाषान्तर

भाषान्तरकर्त्ता

**छोटालाल नरभेराम भट्ट**

पूर्व प्रसिद्धकर्त्ता

**वैद्य दुर्गाशंकर अंबाशंकर**

पुनः प्रकाशक

**जैनम् परिवार रिलीजीयस ट्रस्ट**
22, नाकोडा पार्क, सिनेप्राईडनी गलीमां,
कृष्णनगर-नरोडा रोड,
अमदावाद-382 346, मो. 89801 21712

| | | |
|---|---|---|
| ગ્રંથ નામ | : | **હિતોપદેશ** |
| ગ્રંથ રચયિતા | : | **જૈન પંડિત શ્રીકંઠસૂરિ** |
| ગ્રંથ અનુવાદક | : | **છોટાલાલ નરભેરામ ભટ્ટ** |
| ગ્રંથ પૂર્વપ્રકાશક | : | **વૈદ્ય દુર્ગાશંકર અંબાશંકર** |
| ગ્રંથ પુનઃ પ્રકાશક | : | **જૈનમ્ પરિવાર રિલીજીયસ ટ્રસ્ટ** |
| વિષય | : | **વૈદ્યક** |
| ભાષા | : | **સંસ્કૃત** |
| અનુવાદ ભાષા | : | **ગુજરાતી** |
| પુસ્તક પત્ર | : | **૨૩૨** |
| ગ્રંથ શ્લોક | : | **૧૦૫૨** |
| પુસ્તક મૂલ્ય | : | **૧૮૦** |

**–: પ્રાપ્તિ સ્થાન :–**

**શ્રી ભુવનભાનુસૂરિ શાસનસેવાસદન**

૨૨, નાકોડા પાર્ક, કૃષ્ણનગર-નરોડા રોડ,

અમદાવાદ-૩૮૨ ૩૪૬.

સંપર્ક સૂત્ર મો. ૮૯૮૦૧૨૧૭૧૨

**તમે લાભ લીધા સવાયા...**
**અમ અંતરમાં છવાયા...**

જૈન પંડિતવર્ય **શ્રીકંઠ** વિરચિત

**'હિતોપદેશ'** ગ્રંથના સભાવાનુવાદ પ્રકાશનમાં

લાભ લેનાર–પોતાના સંઘના જ્ઞાનનિધિનો સદુપયોગ કરનાર

**શ્રી તપગચ્છ-સાગરગચ્છ આણંદજી કલ્યાણજી પેઢી**

**વીરમગામની**

ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

**લિ. જૈનમ્ પરિવાર રિલીજીયસ ટ્રસ્ટ**

# પ્રકાશકીય

જિનશાસનના તેજોમય જ્ઞાનમાર્ગને સુદૃઢ બનાવવાનું જે સત્કાર્ય **પૂ. ગુરુભગવંતો**ના માર્ગદર્શનથી અમને કરવાનો લાભ મળી રહ્યો છે તેનો અમને અપાર આનંદ છે.

**પ.પૂ. તર્કસમ્રાટ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા** તરફથી આ ગ્રંથની દુર્લભતા તથા ઉપયોગિતા અંગેનું સૂચન તથા ઝેરોક્ષ નકલ અમારા માર્ગદર્શક **પ.પૂ.આચાર્ય શ્રી વિજયસંયમબોધિસૂરિજી મ.સા.** ને મળી. **૧૨૪ વર્ષ પૂર્વે છપાયેલ ગ્રંથ**ની કોપી જોતાં જ હૈયે અપાર હર્ષ થયો. તુરંત જ તેને પુનઃ પ્રકાશિત કરવાનો પુરૂષાર્થ હાથ ધર્યો. વર્ષો પૂર્વે બ્રાહ્મણ વૈદ્યે ગ્રંથની ઉપયોગિતા જાણી પ્રકાશિત કર્યો. બ્રાહ્મણ વિદ્વાને અનુવાદ કર્યો. આ બધું જોઇ હૃદયમાં જિનશાસન પ્રત્યેનું બહુમાન અનેક ગણુ વધી ગયું. તે સમયની ભાષાને યથાતથ જાળવી રાખી છે, માત્ર શરતચૂકની ભૂલોને સુધારી છે. જોડણીના વિદ્વાનો દરગુજર કરે.

પ્રુફ સુધારવામાં સહાયક સાધુ–સાધ્વીજી ભગવંતની શ્રુતભક્તિને નતમસ્તક વંદન કરીએ છીએ. આર્થિક સૌજન્ય આપી અમારો ઉત્સાહ વધારનાર **શ્રી તપગચ્છ-સાગરગચ્છ આણંદજી કલ્યાણજી જૈન પેઢી-વીરમગામ** સંઘનો આભાર માનીએ છીએ...અમારા પ્રિન્ટીંગ કાર્યના દીર્ઘસમયના સાથી **શુભાય આર્ટ્સ**ના **દિનેશભાઇ મુડકર્ણી**નો પણ યથાશીઘ્ર પ્રકાશન કાર્ય કરી આપવા બદલ આભાર..

પ્રાન્તે, શ્રી સંઘસેવાની મળેલી ઉજળી તકને વધુ ને વધુ દીપાવવાની શક્તિ દેવ-ગુરુના અનુગ્રહથી અને શાસનદેવોની સહાયથી અમને સતત મળી રહો એ જ...

**જૈનમ્ પરિવાર રિલીજીયસ ટ્રસ્ટના**

ટ્રસ્ટીગણના

પ્રણામ...

# પ્રસ્તાવના
## (પૂર્વ પ્રકાશનમાંથી સાભાર)

મનુષ્યનું જીવતર ઘણું કીંમતી છે. મનુષ્ય જીવીને જ ધર્માદિ ત્રિવર્ગનું સાધન કરી શકે છે અને અંતે મોક્ષ પણ તેથી જ પામી શકાય છે. એની જાળવણી કરવામાં મનુષ્યો પોતાનાથી બનતા પ્રયત્નો કરે છે, પણ ઘણાક તો કેવળ પોતાના અજ્ઞાનથી જ પોતાના વહાલા જીવતરનો નાશ કરે છે, કે દુઃખી થયા કરે છે.

જગત્માં માનસિક અને શારીર બે પ્રકારનાં દુઃખ જાણવામાં છે. એમાંથી અધ્યાત્મ વિદ્યા જેમ માનસિક દુઃખનો નાશ કરે છે, તેમ વૈદ્યક વિદ્યા શારીર દુઃખનો પ્રતીકાર બતાવે છે. અને એટલા જ માટે બીજી બધી અર્થ વિદ્યાઓમાં વૈદ્યક વિદ્યા પ્રથમ પદ ભોગવે છે.

આ વિદ્યાના સંસ્કૃત ભાષામાં અનેક ગ્રંથો છે, પણ તે સર્વ કોઇને સમજવા જેવા સુલભ નથી. વળી તેમાં બતાવેલા ઉપચારમાંથી પણ ઘણાક એવા છે કે વૈદ્યકની મદદ લીધા સિવાય તેનો ઉપયોગ રોગી કરી શકે નહીં. એવા હેતુથી અમે **શ્રીકંઠસૂરિ જૈન વિદ્વાન્ વૈદ્ય**નો રચેલો આ **હિતોપદેશ** નામે ગ્રંથ ભાષાંતર કરાવી પ્રકટ કર્યો છે. **જૈન પંડિતોએ વૈદ્યક, જ્યોતિષ વગેરે વિષયોમાં અનેક ગ્રંથો લખેલા છે,** પણ પઠનપાઠનના અભાવે તે ગ્રંથોમાંથી ઘણાક દુર્મીળ થાય છે. અમારા પિતામહશ્રી **દલસુખરામ વૈદ્ય** જેઓ તે વખતે **વડોદરામાં** પ્રખ્યાત વિદ્વાન હતા અને જેમનો શ્રીમંત મહારાજા **ખંડેરાવ ગાયકવાડ** સરકાર તરફથી સારો સત્કાર હતો. તેમની પાસે કેટલાક જૈન પંડિતો વૈદ્યવિદ્યાનો અભ્યાસ કરતા હતા. તેમના પુસ્તક સંગ્રહમાંથી આ ગ્રંથ મને ઉપલબ્ધ થયો અને તે કેટલાક વિદ્વાન વૈદ્યોને બતાવતાં ઘણો ઉપયુક્ત છે એવો તેમનો અભિપ્રાય પડ્યો. મારા કેટલાક વિદ્વાન મિત્રોએ તે છપાવી પ્રસિદ્ધ કરવા મને આગ્રહ કર્યો. આ ઉપરથી **વાગ્ભટ્ટ** તથા **હારીત સંહિતા** વગેરે વૈદ્યકના મોટા ગ્રંથોના પ્રસિદ્ધ ભાષાન્તરકાર **રા.રા. છોટાલાલ નરભેરામને** આ ગ્રંથની અસલ પ્રત આપી તેનું ગુજરાતી ભાષાન્તર કરવા વિનંતિ કરી, જે તેમણે સ્વીકારી, અને આ ગ્રંથ આજ હું તેના ગ્રાહકોના હાથમાં આપવાને શક્તિમાન્ થયો.

આ ગ્રંથમાં બધા મળીને દશ સમુદ્દેશ છે. તેમાં જ્વર વગેરે અનેક રોગોનાં સંક્ષિપ્ત લક્ષણો તથા વિસ્તારથી પ્રતિકાર છે. તેમના બહુધા બધા જ ઉપાયો અનુભવસિદ્ધ હોય એમ લાગે છે. કેમકે એમાંના કેટલાક ઉપાયો અમે રોગીઓ ઉપર અજમાવી જોયા, તે રામબાણ નીવડ્યા છે. કેટલાક સામાન્ય **અને વાળો, રાંગણ વગેરે રોગોના ઉપાય જે વૈદ્યકના મોટા ગ્રંથોમાંથી મળી આવતા નથી તે પણ આમાં બતાવેલા છે.** વિશેષ ખુબી એમાં એ છે કે રોગોના ઉપાય સહજ બની શકે એવાજ એમાં બતાવેલા છે, જેથી હરકોઇ માણસ હરકોઇ સ્થળમાં જોઇતાં ઔષધ મેળવી રોગોનો પ્રતિકાર કરી શકે. તથાપિ અમારી સલાહ એવી છે કે બનતા સુધી વૈદ્યની સલાહ લેઇ ઉપાય કરવા એજ ઠીક છે.

લખેલી અસલ સંસ્કૃત પ્રત ઘણી જૂની તેમ અશુદ્ધ લખાયલી હોવાને લીધે ભાષાન્તર કરતાં મુદત બહુ વીતી છે, તે બાબત અમો અમારા અગાઉ થયેલા ગ્રાહકોની ક્ષમા ચાહીએ છીએ.

આ ગ્રંથની સાથે અમે કેટલોક ઉપયોગી વધારો જોડ્યો છે. અમારા વડીલો પરાપૂર્વથી વૈદ્યકનો ધંધો કરતા આવેલા હોવાથી તેમની પાસે ઘણીક જટિલ ક્રિયાઓ અને ગુપ્ત ઔષધોના લેખ છુટાછવાયા પડી રહ્યા હતા. તે સર્વમાંથી જે અમને ઉપયોગી જણાયા તે આ ગ્રંથની સાથે અમે જોડ્યા છે. ઘણાક માણસો એવા હોય છે કે પોતે કાંઇ ચમત્કારિક ઔષધ જાણતા હોય તો તે બીજાને બતાવતાં ખાંચો ખાય છે, પણ તેમ કરવાથી કદાચ તે જ્ઞાન પણ તે જાણનારની સાથે બિલકુલ નાશ પામી જાય છે. આ હેતુથી જે કાંઇ સારૂં હોય તે પ્રકટ જ કરી દેવું કે જેથી તેનો લાભ બીજાઓ લેઇ શકે, એવા વિચારથી અમે તેવાં ઔષધો પણ આમાં દાખલ કર્યા છે. છેવટે આ ગ્રંથ સહુ કોઇને ઉપયોગી થાય, એટલે અમારો પ્રસિદ્ધ કરવાનો હેતુ સફળ થયો એમ અમારૂં ધારવું છે.

◆ ભસ્મોનાં અનુપાન (ભસ્મો શામાં ખાવી) આ બાબતનું લાંબુ વિવેચન **અનુપાન મંજરી** નામના ગ્રંથમાં ઉત્તમ રીતે કરેલું છે, તેથી તે, મને આ ગ્રંથમાં આપવાનું ઠીક લાગ્યું નહિ, માટે આપ્યું નથી.

**વૈદ્ય દુર્ગાશંકર અંબાશંકર- વડોદરા.**

---

◆ આ ગ્રંથમાં અમે છેવટે કેટલીક ભસ્મો બનાવવાની પદ્ધતિ આપેલી છે. પણ હરકોઇ સારા વૈદ્યની સલાહ લીધા સિવાય બનાવવાની કે ખાવાની ખટપટમાં પડવું હિતકારક નથી.

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **સમુદ્દેશ ૧લો** | ૧-૨૮ |
| • મંગલમ્ | ૧ |
| • **નાડી પરીક્ષા** | |
| • રોગની પરીક્ષાના પ્રકાર | ૧ |
| • નાડીથી શું માલમ પડે છે ? | ૧ |
| • કોની નાડી ન જોવી | ૨ |
| • નાડીજ્ઞાન શી રીતે મેળવવું | ૨ |
| • નાડી શાનું જ્ઞાન કરે છે | ૨ |
| • નાડી પરીક્ષાનું સ્થાન | ૨ |
| • નાડીના નામ | ૩ |
| • નાડીઓના સૂક્ષ્મ છિદ્રો | ૪ |
| • ચોવીસ મુખ્ય નાડીઓ | ૪ |
| • એ નાડીઓનું કામ | ૪ |
| • નાડી જોવાની રીત | ૫ |
| • વાતાદિક નાડીનાં સ્થાન | ૫ |
| • નાકમાંની નાડીની પરીક્ષા | ૬ |
| • નાડીની ગતિના પ્રકાર | ૬ |
| • વાતાદિક નાડીનો કાળ | ૬ |
| • નાડીમાં વાતાદિકનાં સ્થાન વિષે મતભેદ | ૭ |
| • નાડીની ગતિનાં ઉપમાન | ૭ |
| • દ્વિદોષકોપમાં નાડીની ગતિ | ૮ |
| • વાત-પિત્તની નાડી | ૮ |
| • વાત-કફની નાડી | ૮ |
| • પિત્ત-કફની નાડી | ૮ |
| • સન્નિપાતની નાડી | ૯ |
| • વાતરક્તની નાડી | ૧૦ |
| • અસાધ્ય નાડીનાં લક્ષણો | ૧૨ |
| • સાધ્ય રોગોની નાડી | ૧૭ |
| • **અથ મૂત્ર પરીક્ષા** | ૧૭ |
| • રાત્રીએ મૂત્ર કરવાનો વખત | ૧૭ |
| • મૂત્ર શામાં ઝીલવું | ૧૭ |
| • મૂત્ર પરીક્ષાનો વખત | ૧૮ |
| • વાતમૂત્રના લક્ષણ | ૧૮ |
| • પિત્તમૂત્રનાં લક્ષણ | ૧૮ |
| • કફમૂત્રનાં લક્ષણ | ૧૯ |
| • વાત પિત્ત-મૂત્રનાં લક્ષણ | ૧૯ |
| • વાત-કફ મૂત્રના લક્ષણ | ૧૯ |
| • પિત્ત-કફ મૂત્રના લક્ષણ | ૨૦ |
| • મૂત્રની તૈલબિંદુવડે પરીક્ષા | ૨૦ |
| • મૂત્રધારાની પરીક્ષા | ૨૧ |
| • વિકારરહિત મૂત્રનું લક્ષણ | ૨૧ |
| • વાતાદિ જ્વરમાં મૂત્રનો વર્ણ | ૨૧ |
| • વાતરક્તમાં મૂત્રનો વર્ણ | ૨૧ |
| • અતિસારમાં મૂત્રનો વર્ણ | ૨૨ |
| • જલોદરમાં મૂત્રનો વર્ણ | ૨૨ |
| • પિત્તવાળાનું તથા સમધાતુવાળાનું મૂત્ર | ૨૨ |
| • વાતજ્વરવાળાનું મૂત્ર | ૨૨ |
| • રક્ત તથા કફના રોગીનું મૂત્ર | ૨૨ |
| • અસાધ્ય મૂત્ર | ૨૩ |
| • અજીર્ણમાં તથા અજીર્ણજ્વરમાં મૂત્ર | ૨૩ |
| • વાયુવૃદ્ધિમાં મૂત્રનો રંગ | ૨૩ |
| • પિત્તપ્રધાન સન્નિપાતનું મૂત્ર | ૨૩ |
| • રસવૃદ્ધિવાળાનું મૂત્ર | ૨૩ |
| • આમવાતવાળાનું તથા જ્વરવાળાનું સૂત્ર | ૨૪ |
| • મૂત્રમાં તેલનો બિંદુ નાખીને પરીક્ષા કરવાનો પ્રકાર | ૨૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|


• મૂત્રમાં ભસ્મ નાખીને પરીક્ષાનો પ્રકાર .......... ૨૫
• તેલની આકૃતિઓનું જ્ઞાન .... ૨૫
• **નેત્ર પરીક્ષા**
• વાતરોગીના નેત્ર ................ ૨૬
• પિત્તરોગીના નેત્ર ............... ૨૬
• કફરોગીના નેત્ર.................. ૨૬
• ત્રિદોષના નેત્ર .................... ૨૬
• અસાધ્ય નેત્ર ...................... ૨૭
• રોગશાંતિવાળાનાં નેત્ર ........ ૨૭
• **મુખ પરીક્ષા** .................. ૨૭
• **જીહ્‌વાપરીક્ષા**.................. ૨૮

**સમુદેશ ૨જો** ...........૨૯-૪૬
• **વાતાદિદોષનાં લક્ષણ** ........ ૨૯
• વ્યાધિના હેતુ વગેરેની પરીક્ષા..૨૯
• વાતદોષના લક્ષણ............... ૨૯
• કફદોષના લક્ષણ................. ૨૯
• પિત્તદોષના લક્ષણ .............. ૨૯
• **જ્વરપ્રતિકાર** .................. ૩૦
• જ્વરની ઉત્પત્તિ.................... ૩૦
• જ્વરના પ્રકાર ..................... ૩૦
• જ્વરોત્પત્તિના બીજા હેતુઓ.. ૩૦
• આમજ્વરનું લક્ષણ.............. ૩૧
• મલજ્વરનું લક્ષણ ............... ૩૧
• પક્વ થતા જ્વરનાં ૨લક્ષણ .. ૩૧
• જ્વરમુક્તિનાં લક્ષણ ........... ૩૧
• જ્વરના પ્રથમ ઉપચાર......... ૩૧
• વાતજ્વરનું લક્ષણ............... ૩૨
• વાતજ્વરના ઉપચાર ........... ૩૨
• પિત્તજ્વરના લક્ષણ.............. ૩૨
• પિત્તજ્વરના ઉપચાર ........... ૩૨
• કફજ્વરનું લક્ષણ................. ૩૪
• કફજ્વરના ઉપાય................ ૩૪
• વાતપિત્તજ્વરનાં લક્ષણ ........ ૩૫
• વાતપિત્તજ્વરનાં ઉપાય ........ ૩૬
• વાતકફજ્વરનાં લક્ષણ.......... ૩૬
• વાતકફજ્વરનાં ઉપાય .......... ૩૭
• પિત્તકફજ્વરનાં લક્ષણ .......... ૩૭
• પિત્તકફજ્વરનાં ઉપાય .......... ૩૭
• સન્નિપાત જ્વરના લક્ષણ ....... ૩૮
• સન્નિપાત જ્વરના ઉપાય....... ૩૮
• ચેતન આણનારૂં નસ્ય. ......... ૪૦
• સન્નિપાતમાં અંજન ............. ૪૦
• દાહકર્મ .............................. ૪૦
• મહાભયંકર સન્નિપાત .......... ૪૦
• શઠ્યાદિવર્ગ ......................... ૪૧
• સામાન્ય જ્વર પ્રતિકાર......... ૪૧
• વિષમ જ્વરનો પ્રતિકાર ........ ૪૧
• જ્વરમાં અંજન ................... ૪૩
• જ્વરાતીસારના ઉપાય .......... ૪૪
• જ્વરાદિ રોગમાં કુપથ્ય (વર્જ્ય) ................. ૪૪
• જ્વરમાં પથ્ય ...................... ૪૫
• જ્વરમાં ભોજન (યવાગૂ) ..... ૪૫
• અભિચાર વગેરે જ્વરની ઉત્પત્તિ અને પ્રતીકાર....... ૪૫
• જ્વરાદિ રોગમાં ઔષધની માત્રા (માપ) ................. ૪૬

**સમુદેશ ૩ જો** ..........૪૭-૬૪
• **શિરોરોગ**
• માથાના રોગનું નિદાન........ ૪૭
• માથાના રોગના ઉપાય ........ ૪૭
• **કર્ણરોગ**
• કાનના રોગનું નિદાન ......... ૫૦
• કાનના રોગના ઉપાય......... ૫૦

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| • **નાસારોગ** | |
| • નાકના રોગના પ્રકાર | ૫૩ |
| • નાકના રોગના ઉપાય | ૫૩ |
| • **મુખરોગ** | |
| • મુખરક્તના ઉપચાર | ૫૬ |
| • સ્વરભંગના ઉપચાર | ૫૬ |
| • મુખપાકના ઉપચાર | ૫૬ |
| • દાંતના રોગના ઉપાય | ૫૭ |
| • ઓઠના રોગ | ૫૮ |
| • મુખદૌર્ગંધ્ય | ૫૯ |
| • પાનચૂનાથી પડેલા ફોલ્લા | ૫૯ |
| • સુસ્વરનો ઉપાય | ૬૦ |
| • મુખવ્યંગનો ઉપાય | ૬૦ |
| • **ગળાના રોગ** | **૬૦** |
| • ગળાનો શોષ | ૬૨ |
| **સમુદ્દેશ ૪ થો** | ૬૫-૮૩ |
| • **નેત્રરોગ** | ૬૫ |
| • વાતનેત્રરોગનાં લક્ષણ | ૬૫ |
| • પિત્તનેત્રરોગનાં લક્ષણ | ૬૫ |
| • કફ તથા રક્ત નેત્રરોગનાં લક્ષણ | ૬૫ |
| • વાતનેત્રનો પ્રતીકાર | ૬૬ |
| • પિત્તનેત્રરોગના પ્રતીકાર | ૬૬ |
| • કફનેત્રરોગના પ્રતીકાર | ૬૭ |
| • નેત્રપીડાના સામાન્ય ઉપચાર | ૬૮ |
| • તિમિર રોગના લક્ષણ | ૬૯ |
| • તિમિર રોગના ઉપાય | ૭૦ |
| • નેત્રરોગના સામાન્ય ઉપચાર | ૭૨ |
| • ચીપડાં વગેરેના ઉપાય | ૭૩ |
| • રતાંધળાના ઉપાય | ૭૫ |
| • આંખમાં પડેલા ફૂલના ઉપાય | ૭૬ |
| • ચીપડાં વગેરેના ઉપાય.. | ૭૭ |
| • કાચ તિમિર પડળ વગેરે | ૭૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| • આંજણીનો ઉપાય | ૮૦ |
| • કમળાના ઉપાય | ૮૦ |
| • ચંદ્રોદયા વટી | ૮૨ |
| • કાચના ઉપાય | ૮૨ |
| • નિદ્રા-તંદ્રાના ઉપાય | ૮૨ |
| **સમુદ્દેશ ૫ મો** | ૮૪-૧૦૦ |
| • **હૃદયના રોગ** | ૮૪ |
| • હૃદયમાં થનારા રોગની ગણના | ૮૪ |
| • વાતકાસનું લક્ષણ | ૮૪ |
| • વાતકાસના ઉપાય | ૮૪ |
| • પિત્તકાસનું લક્ષણ | ૮૫ |
| • પિત્તકાસના ઉપાય | ૮૫ |
| • કફકાસનું લક્ષણ | ૮૫ |
| • કફકાસના ઉપાય | ૮૫ |
| • હૃદયના શૂળના ઉપાય | ૮૬ |
| • વાયુના શૂળના ઉપાય | ૮૭ |
| • પિત્તશૂળનું લક્ષણ | ૮૮ |
| • પિત્તશૂળના ઉપાય | ૮૮ |
| • કફશૂળનું લક્ષણ | ૮૯ |
| • કફશૂળના ઉપાય | ૮૯ |
| • સઘળા પ્રકારનાં શૂળના ઉપાય | ૯૦ |
| • પરિણામ શૂળના ઉપાય | ૯૨ |
| • ઉધ્વસીનો ઉપાય | ૯૨ |
| • ક્ષય રોગનું લક્ષણ | ૯૩ |
| • ક્ષયરોગના ઉપાય | ૯૩ |
| • ક્ષયકાસનું લક્ષણ | ૯૫ |
| • ક્ષયકાસનો ઉપાય | ૯૫ |
| • ગુલ્મરોગના લક્ષણો | ૯૬ |
| • વાતગુલ્મના લક્ષણ | ૯૬ |
| • વાતગુલ્મના ઉપાય | ૯૬ |
| • પિત્તગુલ્મનું લક્ષણ | ૯૭ |
| • પિત્તગુલ્મના ઉપાય | ૯૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| • કફગુલ્મનાં લક્ષણ | ૯૮ |
| • કફગુલ્મના ઉપાય | ૯૮ |
| • ત્રિદોષગુલ્મના લક્ષણ | ૯૮ |
| • હિક્કાના ઉપાય | ૯૮ |
| • હૃદ્રોગના ઉપાય | ૯૯ |
| **સમુદેશ ૬ ઠ્ઠો** | **૧૦૧-૧૧૮** |
| • **ઉદરના રોગ** | ૧૦૧ |
| • ઉદરના રોગના નામ | ૧૦૧ |
| • વાયુની ઉલટીનું લક્ષણ | ૧૦૧ |
| • વાયુની ઉલટીના ઉપાય | ૧૦૧ |
| • પિત્તની ઉલટીનાં લક્ષણ | ૧૦૨ |
| • પિત્તની ઉલટીના ઉપાય | ૧૦૨ |
| • કફની ઉલટીનાં લક્ષણ | ૧૦૨ |
| • કફની ઉલટીના ઉપાય | ૧૦૨ |
| • ઉલટીના સામાન્ય ઉપચાર | ૧૦૩ |
| • વાતોદરનાં લક્ષણ | ૧૦૩ |
| • પિત્તોદરનાં લક્ષણ | ૧૦૩ |
| • કફોદરનાં લક્ષણ | ૧૦૪ |
| • જઠરના રોગીએ શું વર્જવું | ૧૦૪ |
| • ઉદરના રોગના ઉપાય | ૧૦૪ |
| • શ્વાસ તથા ખાંસીના ઉપાય | ૧૦૬ |
| • બરોળના ઉપાય | ૧૦૭ |
| • કૃમિનું લક્ષણ | ૧૦૮ |
| • કૃમિના ઉપાય | ૧૦૮ |
| • પૃષ્ટ-કટિ-નાભિ-કુક્ષિ શૂળના ઉપાય | ૧૦૯ |
| • નાલગુલ્મના ઉપાય | ૧૧૦ |
| • **મૂત્રેંદ્રિયમાં થનારા રોગ** | ૧૧૧ |
| • વાતપ્રમેહનું લક્ષણ | ૧૧૧ |
| • પિત્તપ્રમેહનું લક્ષણ | ૧૧૧ |
| • કફપ્રમેહનું લક્ષણ | ૧૧૧ |
| • પ્રમેહના ઉપાય | ૧૧૧ |
| • મૂત્રકૃચ્છ્રનું લક્ષણ | ૧૧૩ |
| • મૂત્રકૃચ્છ્રના ઉપાય | ૧૧૩ |
| • નરરોગના ઉપાય | ૧૧૪ |
| • પથરીના ઉપાય | ૧૧૫ |
| • મૂત્રરોધના ઉપાય | ૧૧૭ |
| • ઉષ્ણવાતના ઉપાય | ૧૧૮ |
| **સમુદેશ ૭ મો** | **૧૧૯-૧૩૪** |
| • **ગુદ તથા પગ વગેરેના રોગ** | ૧૧૯ |
| • અંડવૃદ્ધિના ઉપાય | ૧૧૯ |
| • અર્શનું લક્ષણ | ૧૨૧ |
| • અર્શના ઉપાય | ૧૨૧ |
| • વાયુના અતીસારનું લક્ષણ | ૧૨૪ |
| • વાતાતીસારના ઉપાય | ૧૨૪ |
| • પિત્તના અતીસારનું લક્ષણ | ૧૨૫ |
| • પિત્તાતીસારના ઉપાય | ૧૨૫ |
| • કફના અતીસારનું લક્ષણ | ૧૨૬ |
| • કફના અતીસારના ઉપાય | ૧૨૬ |
| • અતીસારના સામાન્ય ઉપાય | ૧૨૭ |
| • ગ્રહણીનું સામાન્ય લક્ષણ | ૧૨૮ |
| • વાતગ્રહણીનું લક્ષણ | ૧૨૯ |
| • વાતગ્રહણીના ઉપાય | ૧૨૯ |
| • પિત્તગ્રહણીનાં લક્ષણ | ૧૩૦ |
| • પિત્તગ્રહણીના ઉપાય | ૧૩૦ |
| • કફગ્રહણીના લક્ષણ | ૧૩૧ |
| • કફગ્રહણીના ઉપાય | ૧૩૧ |
| • પગના રોગ | ૧૩૨ |
| • શ્લીપદના ઉપાય | ૧૩૨ |
| • રાંગણનો ઉપાય | ૧૩૨ |
| • વાળાનો ઉપાય | ૧૩૨ |
| • ઉરૂસ્તંભનો ઉપાય | ૧૩૩ |
| • વિચર્ચિકાનો ઉપાય | ૧૩૩ |
| **સમુદેશ ૮ મો** | **૧૩૫-૧૪૬** |
| • સર્વાંગરોગ | ૧૩૫ |
| • લૂતા રોગનું લક્ષણ | ૧૩૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| • લૂતા રોગના ઉપાય | ૧૩૫ |
| • વાતલૂતાનાં લક્ષણ | ૧૩૫ |
| • વાતલૂતાના ઉપાય | ૧૩૬ |
| • પિત્તની લૂતાનાં લક્ષણો | ૧૩૬ |
| • પિત્ત લૂતાનાં ઉપાય | ૧૩૬ |
| • કફ લૂતાનાં લક્ષણ | ૧૩૭ |
| • કફ લૂતાનાં ઉપાય | ૧૩૭ |
| • સર્વ પ્રકારની લૂતાના ઉપાય | ૧૩૮ |
| • અસાધ્ય લૂતા | ૧૩૮ |
| • ભગંદરનું લક્ષણ | ૧૩૯ |
| • ભગંદરના ઉપાય | ૧૪૦ |
| • જ્વાલાગર્દભ રોગ | ૧૪૧ |
| • જ્વાલાગર્દભ રોગનો ઉપાય | ૧૪૧ |
| • વિસ્ફોટકના ઉપાય | ૧૪૧ |
| • ઓરી અછબડાનો ઉપાય | ૧૪૨ |
| • શીતળા (બળિયા)નો ઉપાય | ૧૪૨ |
| • સોજાનું નિદાન | ૧૪૩ |
| • સોજાના ઉપાય | ૧૪૪ |
| • ભિલામાના સોજાના ઉપાય | ૧૪૬ |
| **સમુદેશ ૯ મો** | ૧૪૭-૧૬૨ |
| • **કુષ્ટરોગ** | ૧૪૭ |
| • છ પ્રકારના મુખ્ય કોઢનાં નામ તથા લક્ષણ | ૧૪૭ |
| • કુષ્ટની ઉત્પત્તિના હેતુ તથા તેના નામ | ૧૪૮ |
| • કુષ્ટના ઉપાય | ૧૪૮ |
| • કુષ્ટવાળાનું પથ્ય | ૧૪૯ |
| • વાતાદિ દોષથી થયેલા કોઢના લક્ષણ | ૧૪૯ |
| • કુષ્ટ ઉપર ચિંતામણિ યોગ | ૧૫૦ |
| • કુષ્ટના સામાન્ય ઉપચાર | ૧૫૦ |
| • ખસના ઉપાય | ૧૫૪ |
| • સિધ્મ કોઢના ઉપાય | ૧૫૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| • **વાતરોગ** | ૧૫૬ |
| • દશ વાયુનાં લક્ષણ | ૧૫૬ |
| • દશ નાડીનાં નામ | ૧૫૭ |
| • વાયુનાં લક્ષણો | ૧૫૮ |
| • વાતરોગના ઉપાય | ૧૫૮ |
| • વૃદ્ધવાતારિ તેલ | ૧૬૨ |
| **સમુદેશ ૧૦ મો** | ૧૬૩-૧૮૩ |
| • **બાલરોગ પ્રતીકાર** | ૧૬૩ |
| • બાળકોના તાવ વગેરેના ઉપાય | ૧૬૩ |
| • સ્ત્રીઓના રોગના ઉપાય | ૧૬૭ |
| • ગર્ભરોગના ઉપાય | ૧૬૮ |
| • આર્ત્તવરોધ અને રક્ત ગુલ્મના ઉપાય | ૧૬૯ |
| • ગર્ભધારણના ઉપાય | ૧૬૯ |
| • વ્રણ તથા શસ્ત્રઘાત વગેરેના ઉપાય | ૧૭૨ |
| • નાડીવ્રણના ઉપાય | ૧૭૩ |
| • ખસ, દાદર, ધવડો, વગેરેના ઉપાય | ૧૭૫ |
| • અર્બુદના ઉપાય | ૧૭૬ |
| • રક્તપિત્ત વગેરેના પ્રતીકાર | ૧૭૭ |
| • રક્તપિત્તના ઉપાય | ૧૭૭ |
| • પાંડુરોગના ઉપાય | ૧૭૭ |
| • પાંડુરોગનાં લક્ષણો | ૧૭૮ |
| • અસાધ્ય પાંડુરોગીનાં લક્ષણો | ૧૭૮ |
| • અપસ્મારના ઉપાય | ૧૭૮ |
| • ભૂખ લાગવાનું ચૂર્ણ | ૧૮૦ |
| • વહ્નિદગ્ધ પ્રતીકાર | ૧૮૧ |
| • વિષના ઉપાય | ૧૮૧ |
| • ગ્રંથિને ફાડવાનો લેપ | ૧૮૨ |
| • વ્રણશોધન લેપ | ૧૮૨ |
| • ગ્રંથ સમાપ્તિ | ૧૮૩ |
| • **રસાયનો** | ૧૮૪ |
| • હિંગળોકમાંથી પારો કાઢવા વિશે | ૧૮૪ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| • ત્રાંબાની ભસ્મ વનસ્પતિથી બનાવવા વિશે | ૧૮૪ | • ચિંતામણિ રસ ગુટી | ૧૯૦ |
| • ચાંદીની ભસ્મ વનસ્પતિથી બનાવવા વિશે | ૧૮૫ | • ત્રિપુરભૈરવ રસ ગુટી | ૧૯૦ |
| • પારાની ભસ્મ વનસ્પતિથી બનાવવા વિશે | ૧૮૫ | • જ્વરાંકુશરસ ગુટી | ૧૯૦ |
| • બીજી રીત | ૧૮૫ | • આનંદભૈરવરસ ગુટી | ૧૯૦ |
| • સોમલની ભસ્મ વનસ્પતિથી બનાવવા વિશે | ૧૮૫ | • અમરસુંદરીરસ ગુટી | ૧૯૧ |
| • બીજી રીત | ૧૮૫ | • ચંદ્રકલા ગુટી | ૧૯૧ |
| • શીસાની ભસ્મ વનસ્પતિથી બનાવવા વિશે | ૧૮૬ | • બબૂલ ગુટી | ૧૯૧ |
| • હરતાલ ભસ્મ વનસ્પતિથી બનાવવા વિષે | ૧૮૬ | • શંખવટી | ૧૯૧ |
| • **ઉપયોગી ચૂર્ણો** | ૧૮૭ | • પ્રચેતા ગુટી | ૧૯૧ |
| • લાક્ષાદિ ચૂર્ણ | ૧૮૭ | • ત્રિફલા ગુટી | ૧૯૨ |
| • વૈશ્વાનર ચૂર્ણ | ૧૮૭ | • ખયેરસારાદી ગુટી | ૧૯૨ |
| • બિભીતકાદિ ચૂર્ણ | ૧૮૭ | • ઘોડાચોલી ગુટી | ૧૯૨ |
| • નવરસાદિ ચૂર્ણ | ૧૮૭ | • અમૃત સંજીવની ગુટીકા | ૧૯૨ |
| • વ્યોષાદિ ચૂર્ણ | ૧૮૭ | • **ઉપયોગી રસ** | |
| • ત્રિજાતાદિ ચૂર્ણ | ૧૮૮ | • કાલારિ રસ | ૧૯૨ |
| • ષોડશાંગ ચૂર્ણ | ૧૮૮ | • શ્વાસકુઠાર રસ | ૧૯૩ |
| • અરિષ્ટાદિ ચૂર્ણ | ૧૮૮ | • આનંદભૈરવ રસ | ૧૯૩ |
| • શૃંગ્યાદિ ચૂર્ણ | ૧૮૮ | • બીજો આનંદભૈરવ રસ | ૧૯૩ |
| • ઉદરવિજય ચૂર્ણ | ૧૮૮ | • રાજમૃગાંક રસ | ૧૯૩ |
| • વિશ્વાદિ ચૂર્ણ | ૧૮૯ | • રામબાણ રસ | ૧૯૪ |
| • ગંગાધર ચૂર્ણ | ૧૮૯ | • કૃમિકુઠાર રસ | ૧૯૪ |
| • એલાદિ ચૂર્ણ | ૧૮૯ | • ચંદ્રકલા રસ | ૧૯૪ |
| • લવંગાદિ ચૂર્ણ | ૧૮૯ | • ત્રિપુરભૈરવ રસ | ૧૯૪ |
| • કાયફલાદિ ચૂર્ણ | ૧૮૯ | • બ્રહ્માસ્ત્ર રસ | ૧૯૫ |
| • શ્રીખંડાદિ ચૂર્ણ | ૧૮૯ | • **ઉપયોગી તૈલ** | |
| • **ઉપયોગી ગોળીઓ** | ૧૯૦ | • વિજયભૈરવ તૈલ | ૧૯૫ |
| • અમૃતપ્રભા ગુટી | ૧૯૦ | • લક્ષ્મીવિલાસ તૈલ | ૧૯૫ |
| | | • જાત્યાદિ તૈલ | ૧૯૫ |
| | | • લાક્ષાદિ તૈલ | ૧૯૫ |
| | | • **ઔષધ કલ્પના** | ૧૯૬ |
| | | • ઔષધ બનાવવાનું માપ | ૧૯૬ |
| | | • ઔષધ ખાવાનું માપ | ૧૯૬ |
| | | • ઔષધ વિચાર | ૧૯૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| • સ્વરસ કલ્પના | ૧૯૮ |
| • પુટપાક કલ્પના | ૧૯૮ |
| • ચોખાનું ધોવરામણ કાઢવાની ક્રિયા | ૧૯૯ |
| • ક્વાથ કલ્પના | ૧૯૯ |
| • પ્રમથ્યા વિધાન | ૧૯૯ |
| • યવાગૂ કલ્પના | ૧૯૯ |
| • યૂષનું વિધાન | ૨૦૦ |
| • પાન કલ્પના | ૨૦૦ |
| • ઉષ્ણોદક પાન કલ્પના | ૨૦૦ |
| • ક્ષીર પાક વિધિ | ૨૦૦ |
| • અન્નસ્વરૂપ યવાગૂ | ૨૦૦ |
| • વિલેપી લક્ષણ | ૨૦૧ |
| • પેયાનું લક્ષણ | ૨૦૧ |
| • ભાત કરવાનો પ્રકાર | ૨૦૧ |
| • શુદ્ધ મંડ વિધિ | ૨૦૧ |
| • ફાંટ કલ્પના | ૨૦૧ |
| • મંથ કલ્પના | ૨૦૧ |
| • હિમ કલ્પના | ૨૦૨ |
| • કલ્ક કલ્પના | ૨૦૨ |
| • ચૂર્ણ કલ્પના | ૨૦૨ |
| • ગોળી કરવાની રીત | ૨૦૨ |
| • અવલેહ કલ્પના | ૨૦૩ |
| • ઘી તેલ વગેરે સ્નેહ કલ્પના | ૨૦૩ |
| • કાંજી કલ્પના | ૨૦૫ |
| • મધુસુક્ત | ૨૦૫ |
| • આસવ તથા અરિષ્ટ કલ્પના | ૨૦૫ |
| • સીધુ મદ્યનો ભેદ | ૨૦૫ |
| • સુરા પ્રસન્નાદિ મદ્યનો ભેદ | ૨૦૫ |
| • ધાતુ શોધન ક્રિયા | ૨૦૬ |
| • તમામ ધાતુની ભસ્મ કરવાની રીત | ૨૦૭ |
| • ઉપધાતુનાં શોધન મારણ | ૨૦૭ |
| • સોનામુખીનું શોધન મારણ | ૨૦૭ |
| • રૂપામુખીનું શોધન મારણ | ૨૦૭ |
| • મોરથુથાનું શોધન | ૨૦૮ |
| • અબરખનું શોધન મારણ | ૨૦૮ |
| • સુરમા વગેરેનું શોધન | ૨૦૮ |
| • મનશિલનું શોધન | ૨૦૯ |
| • હરતાલનું શોધન | ૨૦૯ |
| • ખાપરીયાનું શોધન... | ૨૦૯ |
| • હીરાની ભસ્મ | ૨૦૯ |
| • મણિ મોતી વગેરેનું શોધન મારણ | ૨૦૯ |
| • શિલાજિતનું શોધન | ૨૦૯ |
| • મંડૂર કલ્પના | ૨૧૦ |
| • ક્ષાર કાઢવાની રીત | ૨૧૦ |
| • ગંધકનું શોધન | ૨૧૦ |
| • પારદ ભસ્મ | ૨૧૦ |
| • નેપાળાનું શોધન | ૨૧૧ |
| • વછનાગ શોધન | ૨૧૧ |
| • **ઔષધ યોજના** | ૨૧૨ |
| • નેત્રકર્મ પ્રકાર | ૨૧૨ |
| • સેક | ૨૧૨ |
| • આશ્ચોતન | ૨૧૨ |
| • પિંડી | ૨૧૨ |
| • બિડાળક | ૨૧૨ |
| • તર્પણ | ૨૧૩ |
| • પુટપાક | ૨૧૩ |
| • અંજન | ૨૧૩ |
| • રેચન વિધિ | ૨૧૪ |
| • વમન વિધિ | ૨૧૭ |
| • લેપવિધાન | ૨૨૦ |
| • રસાયન સંબંધી ઉપયોગી માહિતી | ૨૨૦ |

परम जैनाचार्य श्री **श्रीकंठसूरि**विरचितो

# हितोपदेश

## मंगलम्

**नत्वा मुनीनामृषभं दयालुं तीर्थंकरं श्रीवृषभं गुणाढ्यम् ।**
**हिताय रुग्भिः परिपीडितानां हितोपदेशं कथयामि कश्चित्॥१॥**

મુનિઓને વિષે શ્રેષ્ઠ તથા દયાળુ અને ગુણેકરીને સંપન્ન એવા આદિ તીર્થંકર શ્રીવૃષભદેવને પ્રણામ કરીને, રોગો વડે કરીને ચારે તરફથી પીડાતા લોકોના હિતને અર્થે થોડોક હિતોપદેશ કહું છું–હિતોપદેશ નામે ગ્રંથ લખું છું.

## રોગની પરીક્ષાના પ્રકાર

**रोगाक्रान्तशरीरस्य स्थानान्यष्टौ निरीक्षयेत् ।**
**नाडीं मूत्रं मलं जिह्वां शब्दः स्पर्शः स्वरूपदृक् ॥२॥**

જે માણસ રોગવાળો હોય તેના શરીરનાં આઠ સ્થાનની પરીક્ષા કરવી જોઇએ. તે આઠ સ્થાનનાં નામઃ–નાડી, મૂત્ર, મળ, જીભ, શબ્દ, સ્પર્શ, આકૃતિ અને નેત્ર.

## નાડીથી શું માલમ પડે છે ?

**वातपित्तकफं द्वन्द्वं रसं रक्तं त्रिदोषजम् ।**
**साध्यासाध्यविवेकं तु पूर्वं नाडी प्रकाशते ॥३॥**

વાત, પિત્ત, કફ, વાતપિત્ત, વાતકફ, પિત્તકફ, રસ, રક્ત, ત્રણે દોષ એકઠા મળવાથી થયેલો વિકાર તથા રોગી બચશે કે નહિ બચે, એ સઘળું નાડીજ્ઞાનથી પ્રથમથી જ માલમ પડે છે.

## કોની નાડી ન જોવી.

**सद्यः स्नातस्य भुक्तस्य तथा स्नेहावगाहिनः ।**

**क्षुत्तृषार्त्तस्य सुप्तस्य सम्यङ्नाडी न बुध्यते ।।४।।**

જે માણસે તરત જ સ્નાન કર્યું હોય, ભોજન કર્યું હોય, તેલ ચોળ્યું હોય, ભૂખ્યો હોય, તરસ્યો હોય અને ઉંઘેલો હોય, તેની નાડી ઉપરથી બરોબર રોગની પરીક્ષા થઇ શકતી નથી.

## નાડીજ્ઞાન શી રીતે મેળવવું

**शास्त्रेण संप्रदायेन तथा स्वानुभवेन वै ।**

**परिक्षेद्वलवच्चासावभ्यासादेव जायते ।।५।।**

નાડીનું જ્ઞાન મેળવવા ઇચ્છનારે નાડીજ્ઞાન સમજાવનારાં શાસ્ત્ર ભણવાં, વૈદ્યલોકોનો નાડી જોવાનો સંપ્રદાય (પરંપરાનું જ્ઞાન) તેમની પાસેથી શીખવો અને જાતે ઘણાક રોગીઓની નાડી જોઇને સારી રીતે પરીક્ષા કરવી, કેમકે નાડીનું જ્ઞાન આવા પ્રકારનો અભ્યાસ કરવાથી જ પ્રાપ્ત થાય છે.

## નાડી શાનું જ્ઞાન કરે છે.

**नानारूपाश्च ये रोगा नानाभेदाः पृथग्विधाः ।**

**प्रकाशयन्ति तान् सर्वान् नामभेदैः पृथक्स्थिताः ।।६।।**

વળી નાના પ્રકારના તથા અનેક ભેદવાળા જે જુદા જુદા રોગ શરીરમાં રહેલા છે, તે સર્વને નાડીઓ બતાવી આપે છે. એ નાડીઓ શરીરમાં જુદા જુદા સ્થાનમાં રહેલી છે તથા તેમનાં જુદા જુદા નામ પણ છે.

## નાડી પરીક્ષાનું સ્થાન

**हस्ताङ्गुष्ठप्रदेशे तु मणिबन्धस्य चोपरि ।**

**अङ्गुल्याः स्पर्शमात्रेण ज्ञायन्ते च गुणागुणाः ।।७।।**

(જમણા) હાથના કાંડાની ઉપર અંગૂઠાના મૂળ આગળ આંગળીનો સ્પર્શ કરી જોવાથી ગુણ તથા દોષ જાણવામાં આવે છે.

**यथा करे गले तद्वत् वामहस्ते तथैव च ।**

**तद्वद्दोषं विजानीयान्निर्विशङ्कं विचक्षणः ।।८।।**

જેવી રીતે (જમણા) હાથ ઉપર નાડી જોવામાં આવે છે તેવી જ રીતે

ગળા ઉપર અને ડાબા હાથ ઉપર પણ નાડી જોઇને ચતુર વૈદ્યે નિઃશંકપણે દોષને ઓળખવો.

**दक्षिणे च तथा वामे पादयोर्गुल्फ-मूलयोः ।**
**अधोगतं तथा रोगं यथा नाडी प्रचक्षते ।।९।।**

વળી જમણા તથા ડાબા પગ ઉપર ઘુંટીના મૂળ આગળ નાડી તપાસવી; કેમકે ત્યાં આગળની નાડી શરીરના નીચેના ભાગમાં રહેલા રોગને બતાવી આપે છે.

**दक्षिणे च तथा वामे गरिष्ठा नाडिका तु या ।**
**सा नाडी ह्युभयोः कुक्ष्योर्यकृत्प्लीहादिबोधिनी ।।१०।।**

શરીરમાં જમણે પાસે તથા ડાબે પાસે જે મોટી નાડી છે, તે નાડી બન્ને કૂખોમાં રહેલા યકૃત્ અને પ્લીહા નામના આશયોમાં થયેલા રોગને જણાવી આપે છે.

**जिह्वा कण्ठस्तथा तालुः चक्षुः कर्णस्तथैव च ।**
**नासा ललाटककुदी ब्रह्मरन्ध्रे च ये स्थिताः ।।११।।**

તેમજ જીભ, કંઠ, તાળુ, નેત્ર, કાન, નાક, કપાળ, ખભા અને બ્રહ્મરંધ્ર આગળ જે જે નાડીઓ રહેલી છે, તે નાડીઓ તે તે સ્થાનમાંના દોષોને જણાવે છે.

**समाना भ्रममाणा या नाभ्यन्तर्मण्डलस्थितान् ।**
**चक्रवन्नाडिका रोगान् बोधिनी सा प्रकीर्तिता ।।१२।।**

જે નાડી નાભિમાં રહીને ત્યાં આગળ ચક્રની પેઠે સમાન રીતે ફર્યા છે, તે નાડી નાભિમંડળમાં રહેલા રોગોનો બોધ કરે છે, તેથી તેને બોધિની નાડી કહે છે.

**ऊर्ध्वाधोस्फुरणं तस्या नाभेरूर्ध्वमधोगतान् ।**
**बोधिनी ह्युदरान् सर्वांस्तथैवार्शो भगन्दरान् ।।१३।।**

એ બોધિની નાડી ઉપર નીચે ધડકતી જણાય છે. અને તેથી નાભિની ઉપરના તથા નીચેના સ્થાનમાં થયેલા રોગોને, સઘળા પ્રકારના ઉદરના રોગોને, અર્શને, ભગંદર રોગને જણાવી આપે છે.

## નાડીના નામ

**स्नायुर्नाडी निशा हिंस्त्रा धमनी धारिणी धरा ।**
**तन्तुकी जीवितज्ञा च शब्दाः पर्यायवाचकाः ।।१४।।**

એ નાડીઓનાં નામઃ–સ્નાયુ, નાડી, નિશા, હિંસ્રા, ધમની, ધારિણી, ધરા, તંતુકી, જીવિતજ્ઞા, એવા શબ્દો તે નાડીના સમાન અર્થવાળા છે.

आसां च सूक्ष्म शुषिराणि शतानि सप्त,
स्युस्तानि यैरसकृदन्नरसं वहन्ति ।
आप्यायते वपुरिदं हि नृणाममीषा–
मम्भः स्त्रवद्भिरिव सिन्धुशतैः समुद्राः ॥१५॥

## નાડીઓના સૂક્ષ્મ છિદ્રો.

ઉપર કહેલી નાડીઓમાંથી બીજી અનેક ઝીણી ઝીણી નાડીઓ નીકળેલી છે, અને તેનાં બધાં મળીને ઝીણાં ઝીણાં સાતસો છિદ્રો છે. એ છિદ્રોમાં થઇને તે નાડીઓ નિરંતર અન્નના રસનું વહન કરે છે. જેમ સેંકડો નદીઓમાં થઇને જે પાણી વહે છે તે વડે સમુદ્રનું પોષણ થાય છે, તેમ આ નાડીઓમાં જે અન્નરસ વહે છે તે વડે સઘળાં મનુષ્યોનાં શરીરનું પોષણ થાય છે.

नाभेरधः प्रसृतयो दश यान्त्यधस्था–
दूर्ध्वं गताः प्रसृतयो दश तद्वदेव ।
द्वे द्वे शिरे प्रविततै वदने च तिर्यक्,
नाड्यश्चतुष्कमथ विंशतिरत्र काये ॥१६॥

દશ નાડીઓ નાભિથી નીચેની બાજુએ નીચેના અવયવોમાં રહેલી છે, અને તેજ પ્રમાણે દશ નાડીઓ નાભિથી ઉપરની બાજુએ ગયેલી છે. વળી બે બે નાડીઓ મુખ ઉપરના ભાગમાં આસપાસ ફેલાયેલી છે, એવી રીતે મનુષ્યના શરીરમાં ચોવીશ નાડીઓ છે.

## એ નાડીઓનું કામ

द्वादशभिर्द्विगुणाभिरमीभिर्व्याप्तमिदं नृशरीरमशेषम् ।
आभिरमी कफपित्तसमीरास्ते वपुषि प्रसरन्ति शिराभिः॥१७॥

એ ચોવીશ નાડીઓ વડે આખું માણસનું શરીર વ્યાપ્ત થયેલું છે. અને એ નાડીઓ વાટે શરીરમાં કફ, પિત્ત, અને વાયુ પ્રસરે છે.

आपादतः प्रभृति गात्रमशेषमेव–
मामस्तकादपि च नाभिभुवस्तु तेन ।
एतन्मृदङ्ग इव चर्मचयेन सम्यक्
बद्धं नृणामिति शिराशतसप्तकेन ॥१८॥

પગથી માંડીને તે આખા શરીરમાં અને માથાથી માંડીને તે નાભિ સુધી, જેમ મૃદંગ ચામડાની દોરીઓ વડે બાંધેલી હોય છે તેમ, સાતસો નાડીઓ વડે મનુષ્યનું શરીર ગુંથાયલું છે.

**धृत्वा वामेन हस्तेन चलधि सयुजो (?) कुर्परं रोगिजन्तो–**
**रन्येनालभ्य वैद्यः कलयति धमनीमङ्गुलीनां त्रयेण ।**
**वामे हस्तेऽङ्गनानां यदि च तदपरे हस्तके पुरुषाणां**
**मूलेऽङ्गुष्टस्य दूतीमिव सुखमसुखं देहगं तद्वदन्तीम् ॥१९॥**

વૈદ્યે પ્રથમ રોગી પાસે જઇ સ્થિર થઇને પોતાના ડાબા હાથ વડે રોગી મનુષ્યની કોણીને ધારણ કરવી અને જમણા હાથ વડે અંગૂઠાના મૂળ આગળ નાડી ઉપર ત્રણ આંગળીઓ મૂકવી. સ્ત્રીઓની નાડી ડાબા હાથ પર જોવી અને પુરૂષની નાડી જમણા હાથ પર જોવી. એ નાડી અંગૂઠાના મૂળ આગળ રહેલી છે અને શરીરમાં રહેલું સુખ કે દુઃખ કહેનારી દૂતી હોય તેવી તે છે.

## વાતાદિક નાડીનાં સ્થાન

**अङ्गुष्टमूले या नाडी स्वस्था चलति सौख्यदा,**
**पित्तला तर्जनीस्थाने मध्यमायां कफस्तथा ।**
**तद्वद्भिषग्वरैर्ज्ञेयोऽनामिकायां प्रभञ्जनः,**
**मूले मध्ये तथा चान्ते नाडी धत्ते त्रिधा गतिम् ॥२०॥**

રોગીના અંગુઠાના મૂળ આગળ જે નાડી સ્વસ્થપણે ચાલતી હોય તે સુખ આપનારી જાણવી. જો તે નાડીનો ધડકારો તર્જની (અંગૂઠા પાસેની) આંગળીની નીચે માલમ પડતો હોય તો તેને પિત્તની નાડી જાણવી. જો મધ્યમા વચલીની નીચે માલમ પડતો હોય તો કફની નાડી જાણવી, તેમજ જો અનામિકા (છેલ્લી આંગળીના પહેલાંની) નીચે ધડકારો માલમ પડતો હોય તો તેને વાયુની નાડી જાણવી. એ પ્રમાણે નાડી પોતાના મૂળ આગળ, મધ્યમાં અને છેડા આગળ, ઉપર કહેલી ત્રણ પ્રકારની ગતિઓને ધારણ કરે છે.

**आदौ च वहते पित्तं मध्ये श्लेष्मा तथैव च ।**
**अन्ते प्रभञ्जनः प्रोक्तो ज्ञातव्यं च चिकित्सकैः ॥२१॥**

ઉપર કહ્યા પ્રમાણે ત્રણે સ્થાનમાં અનુક્રમે પિત્ત, કફ અને વાતની નાડી જાણવી, એનું કારણ એવું છે કે, નાડીમાં પ્રથમ પિત્ત વહે છે, મધ્યમાં

કફ વહે છે, અને વાયુ છેવટે વહે છે, એમ કહેલું છે. એ ઉપરથી વૈદ્યોએ નાડીમાં વાતાદિ દોષનાં સ્થાન જાણી લેવાં.

## નાકમાંની નાડીની પરિક્ષા

**ईडा वाते च विज्ञेया पिंगला पित्तला तथा ।**
**सुषुम्णा श्लेष्मला चैव त्रयं चादौ निरीक्षयेत् ।।२२।।**

રોગીના શરીરમાં વાતાદિ દોષમાંથી ક્યો દોષ બળવાન છે તે જેમ હાથમાંની નાડીથી માલમ પડે છે, તેમ નાકમાં વહન કરતી ઇડા, પિંગળા, અને સુષુમ્ણા ઉપરથી પણ માલમ પડે છે. ડાબા નસકોરામાંથી પવન વહેતો હોય ત્યારે ઇડાનાડી વહે છે, એમ કહેવાય છે, જમણા નસકોરામાંથી પવન વહેતો હોય ત્યારે પિંગળાનાડી વહે છે, એમ કહેવાય છે, અને બન્નેમાંથી સરખી રીતે પવન વહેતો હોય ત્યારે સુષુમ્ણાનાડી વહે છે, એમ કહેવાય છે. જો ઇડાનાડી વહેતી હોય તો વાયુ પ્રબળ છે, એમ જાણવું, જો પિંગલા વહેતી હોય તો પિત્ત પ્રબળ છે, એમ જાણવું, અને જો સુષુમ્ણા વહેતી હોય તો કફ પ્રબળ છે, એમ જાણવું, વૈદ્યે હાથની નાડી જોતા પહેલાં નાકની આ ત્રણ નાડી પણ પ્રથમ જોવી જોઇએ.

## નાડીની ગતિના પ્રકાર

**वाताद्वक्रगतिर्नाडी चपला पित्तवाहिनी ।**
**स्थिरा श्लेष्मवती प्रोक्ता सर्वलिङ्गा च सर्वगा ।।२३।।**

વાયુની નાડીની ગતિ વાંકી હોય છે, પિત્તની નાડી ઘણી ત્વરાથી વહેતી હોય છે, કફની નાડી સ્થિરપણે વહેનારી હોય છે, અને ત્રણે દોષ સામટા કોપ્યા હોય ત્યારે નાડી પણ બધાં ચિહ્નવાળી થાય છે–એટલે ક્ષણમાં વાંકી, ક્ષણમાં ત્વરાવાળી અને ક્ષણમાં સ્થિર, એવી થાય છે.

## વાતાદિક નાડીનો કાળ

**प्रातः श्लेष्मवती नाडी मध्याह्ने चापि पैत्तिकी ।**
**सायाह्ने वातुकी ज्ञेया पुनः पित्तं निशार्द्धके ।।२४।।**

પ્રાતઃકાળમાં કફયુક્ત નાડી વહે છે, મધ્યાહ્ને પિત્તયુક્ત નાડી વહે છે, સાયંકાળે વાતયુક્ત નાડી વહે છે, અને મધ્યરાત્રે ફરીને પિત્તયુક્ત નાડી વહેવા માંડે છે.

**एकदोषे समा नाडी द्विदोषे शिघ्रवाहिनी ।**
**त्रिदोषे चपला नाडी सामे पित्ते विचिन्तयेत् ॥२५॥**

જો એકજ દોષનો પ્રકોપ હોય તો નાડી સમાન ગતિથી ચાલે છે, બે દોષનો કોપ હોય તો નાડી ઉતાવળે વહન કરે છે, તથા ત્રણ દોષનો કોપ હોય તો નાડી ચપળ હોય છે. જો પિત્ત આમયુક્ત હોય તો પણ નાડી ચપળ હોય છે એમ જાણવું.

## નાડીમાં વાતાદિકનાં સ્થાન વિષે મતભેદ

**मरुत्कोपे च धमनी प्रव्यक्ता तर्जनीतले ।**
**पित्तकोपे मध्यमायामनामिक्यां कफे तथा ॥२६॥**

કેટલાક આચાર્યોનો મત એવો છે કે, વાયુના કોપથી નાડી તર્જની આંગળીની નીચે ધડકે છે, પિત્તના કોપથી મધ્યમાની નીચે ધડકે છે, અને કફના કોપથી અનામિકાની નીચે ધડકે છે.

**तर्जनी-मध्यमामध्ये वातपित्ताधिकस्फुटा ।**
**अनामिकायां तर्जन्यां व्यक्ता वातकफे भवेत् ।**
**मध्यमाऽनामिकामध्ये स्फुटा पित्तकफाधिके ।**
**अङ्गुलित्रितयस्थाऽपि प्रव्यक्ता सन्निपातत: ॥२७॥**

વળી જો તર્જની તથા મધ્યમાની વચમાં નાડી ધડકતી માલમ પડતી હોય તો વાત-પિત્ત બન્ને દોષ કોપ્યા છે એમ જાણવું, જો અનામિકા અને તર્જની નીચે નાડી ધડકતી હોય તો વાત–કફ બન્ને દોષનો કોપ જાણવો, મધ્યમા અને અનામિકાની વચ્ચે નાડી ધડકતી હોય તો પિત્તકફ બે દોષ કોપેલા જાણવા, પણ જો ત્રણે આંગળીની નીચે સરખો ધડકારો હોય તો સન્નિપાત એટલે ત્રણે દોષનો કોપ જાણવો.

## નાડીની ગતિનાં ઉપમાન

**नाडी धत्ते मरुत्कोपाज्जलौकासर्पयोर्गतिम् ।**
**कुलिङ्गकाकमण्डूकगतिं पित्तप्रकोपत: ।**
**हंसपारावतगतिं धत्ते श्लेष्मप्रकोपत:**
**लावतित्तिरवत्तिर्यग्गमनं सन्निपातत: ॥२८॥**

વાતદોષના કોપથી નાડીની ગતિ જળો તથા સર્પની પેઠે વાંકી અને

ત્વરાવાળી હોય છે, તેમજ પિત્તના કોપથી કુલિંગ (એક જાતની ચકલી), કાગડો કે દેડકો, એમાંથી કોઇના જેવી નાડીની ગતિ હોય છે, એટલે નાડી થેકડા મારતી ચાલે છે, કફના પ્રકોપથી નાડી હંસ અને કબુતરની પેઠે ધીમી ધીમી ચાલે છે, તથા સન્નિપાતથી નાડી લાવરાં અને તેતરની પેઠે ત્રાંસી ચાલે છે.

## દ્વિદોષકોપમાં નાડીની ગતિ.

**कदाचिन्मन्दगमना कदाचिद्वेगवाहिनी ।**
**द्विदोषकोपतो ज्ञेया हन्ति च स्थानविच्युता ॥२९॥**

જે નાડી કોઇ વાર ધીમી ધીમી ચાલે અને કોઇ વાર ઉતાવળી ચાલે, તેને બે દોષનો કોપ બતાવનારી નાડી સમજવી. જ્યારે નાડી પોતાના સ્થાનથી પડી જાય એટલે જે જગોએ નાડી ધડકવી જોઇએ તે સ્થાને ધડકે નહિ, ત્યારે તે નાડી પ્રાણઘાતક જાણવી.

## વાત-પિત્તની નાડી.

**मुहुः सर्पगतिर्नाडी मुहुर्भेकगतिस्तथा ।**
**वातपित्तद्वयोर्भूतां भाषन्ते तद्विशारदाः ॥३०॥**

જે નાડી વારંવાર સર્પની ગતિથી (વાંકી) ચાલે અને વારંવાર દેડકાની ગતિથી (કૂદતી) ચાલે, તેને નાડીજ્ઞાનમાં પ્રવીણ વૈદ્યો વાતપિત્ત બે દોષથી ઉપજેલી કહે છે.

## વાત-કફની નાડી

**भुजङ्गादिगतिर्नाडी राजहंसगतिः पुनः ।**
**वातश्लेष्मवतीमाहुर्वैद्यशास्त्रविशारदाः ॥३१॥**

જે નાડી ઘડીમાં સર્પ વગેરેની ગતિવાળી (વક્ર) હોય તેમ ઘડીમાં વળી હંસની ગતિવાળી (ધીમી) થઇ જતી હોય, તેને વૈદ્યશાસ્ત્રમાં પ્રવીણ વૈદ્યો વાતકફની નાડી કહે છે.

## પિત્ત-કફની નાડી

**या च भेकगतिर्नाडी या च हंसगतिस्तथा ।**
**पित्तश्लेष्मवतीमाहुस्तां नाडीं भिषगुत्तमाः ॥३२॥**

જે નાડી ક્ષણમાં દેડકાની પેઠે કૂદકારા મારીને વહેતી હોય તથા ક્ષણમાં હંસની પેઠે ધીમી પડી જતી હોય તે નાડીને ઉત્તમ વૈદ્યો પિત્તશ્લેષ્મની નાડી કહે છે.

## સન્નિપાતની નાડી

**सर्पादिलावकादीनां हंसादीनां च बिभ्रति ।**
**गमनं सन्निपातानां धमनी रोगसूचिका ॥३३॥**

જે નાડી ક્ષણમાં સાપ વગેરેની પેઠે વાંકી, લાવરાં વગેરેની પેઠે ત્રાંસી, અને હંસ વગેરેની પેઠે ધીમી (તેમજ દેડકા વગેરેની પેઠે કૂદતી) ચાલતી હોય, તે નાડી સન્નિપાતના રોગને સૂચવનારી જાણવી.

**समा सूक्ष्मा स्थिरा मन्दा नाडी सहजवातजा ।**
**स्थूला च कठिना शीघ्रा स्पन्दते तीव्रमातपे ॥३४॥**

સહજ વાયુની નાડી સમાન, સૂક્ષ્મ, સ્થિર અને મંદ હોય છે પણ જો શરીરમાં તાપ હોય તો તે નાડી સ્થૂલ અને કઠણ હોય છે તથા ઘણા વેગથી ધડકે છે.

**महावेगा यदा नाडी वहते तन्तुसन्निभा ।**
**घाताधिक्यं च विज्ञेयमुष्णा पित्तसमीरणम् ॥३५॥**

જો નાડી વેગવાળી હોય તથાપિ તાંતણા સરખી બારીક વહેતી હોય તો તે રોગીને વાયુની અધિકતા જાણવી, પણ વેગવાળી અને બારીક છતાં પણ જો તે ગરમ હોય તો તે રોગીને વાતપિત્તની અધિકતા જાણવી.

**घातनाडी प्रगल्भा च वहते कफसंयुता ।**
**कफभृत्तेन वातश्च वातश्लेष्मा तदुच्यते ॥३६॥**

જ્યારે વાયુનાં લક્ષણવાળી નાડી કફથી યુક્ત હોય ત્યારે તે ભારે હોઇને વહે છે, તે વખતે કફને ધારણ કરનારો વાયુ નાડીમાં વહે છે, એમ જાણવું તથા તે રોગીનો રોગ વાત-કફનો છે એમ સમજવું.

**अत्युग्रा वा महावेगा नाडी पित्तसमुद्भवा ।**
**पित्तश्लेष्मं विजानीयाद्यदा सा मृदुचारिणी ॥३७॥**

જ્યારે નાડી અતિશય ઉગ્ર હોય (તેનો ધડકારો જબરો હોય) અને વેગ પણ ઘણોજ હોય, ત્યારે તે નાડીને પિત્તની સમજવી, જો તેમ છતાં પણ તે નાડી ધીમે ધીમે ચાલતી હોય તો તેને પિત્તકફની સમજવી.

**क्षणे शीता क्षणे उष्णा क्षणे रिक्ता क्षणे भृता ।**
**ईदृशा वहते नाडी सन्निपातं विनिर्दिशेत् ॥३८॥**

જે નાડી ક્ષણમાં ઠંડી પડી જતી હોય અને ક્ષણમાં ગરમ થઇને વહેતી હોય, તેમજ જે ક્ષણમાં ખાલી સરખી અને ક્ષણમાં ભરેલી સરખી વહેતી હોય, એવી નાડીને સન્નિપાતની નાડી કહેવી.

## વાતરક્તની નાડી

**या च सर्पगतिर्नाडी या च मूषकगामिनी ।**

**याति मन्दा च सूक्ष्मा च वातरक्ते विदुर्बुधाः ॥३९॥**

જે નાડી સાપની પેઠે વાંકી ચાલતી હોય તથા જે ઉંદરની પેઠે ઉતાવળી ચાલતી હોય, તેમજ જે મંદ એટલે જોર વગરની હોય તથા ઝીણી હોય, તેને ડાહ્યા પુરૂષો વાતરક્તની નાડી કહે છે. મતલબ કે એ રોગીના શરીરમાં વાયુ તથા લોહીના બગાડથી ઉપદ્રવ થયો છે, એમ જાણવું.

**सोष्णातिवेगा गहना स्फुरणे वृश्चिकोपमा ।**

**मूत्रकृच्छ्रं प्रमेहं च विस्फोटादीन्निदर्शिनी ॥४०॥**

જે નાડી અતિશય ઉષ્ણ, અતિ વેગવાળી, તથા અતિ ગહન હોય, તેમજ જેનો ધડકારો વીંછીના આંકડાની પેઠે તડ તડ તડ થયા કરતો હોય, તો તે નાડી મૂત્રકૃછ્ર, પ્રમેહ અને વિસ્ફોટક વગેરે રોગોને ઓળખાવનારી જાણવી.

**कामज्वरे भये शोके उपसर्गेऽप्यजीर्णके ।**

**नाडी मूर्छागतिं कुर्यात् ज्ञातव्यं च चिकीत्सकैः ॥४१॥**

કામ સંબંધી તાવમાં, ભયમાં, શોકમાં, ભૂત વગેરેના વળગાડમાં અને અજીર્ણમાં નાડી મૂર્છા પામતી પામતી ગતિ કરે છે, અર્થાત્ નાડી ક્ષણમાં છેક નાશ પામ્યા જેવી થઇ જાય અને વળી વેગથી ગતિ કરતી માલમ પડે છે, એમ વૈદ્યોએ જાણવું.

**मध्ये ज्वरं वहेन्नाडी यदि तप्ता भवेद्ध्रुवम् ।**

**तदा तेषां मनुष्याणां रुधिरे प्रेरितोऽनिलः ॥४२॥**

જ્યારે જ્વરવાળા રોગીને જ્વરના મધ્યમાં નાડી ઉષ્ણ વહેતી હોય, ત્યારે તે રોગીના લોહીમાં વાયુ મિશ્ર થયો છે એમ સમજવું.

**शरीरं शीतलं यस्य नाडी उष्णा यदा भवेत् ।**

**चिकीत्सकेन ज्ञातव्यं शरीरेऽन्तर्मलज्वरः ॥४३॥**

જે માણસનું શરીર ઠંડું હોય અને તેની નાડી ગરમ હોય, તો તે માણસના શરીરમાં મળ જ્વર છે, એમ વૈદ્યે જાણવું.

**चपला सरला दीर्घा शीघ्रा पित्तज्वरे वहेत् ।**
**स्पन्दते शीघ्रमान्यात् मलाजीर्णे प्रकीर्तिता ।।४४।।**

જે નાડી ચંચળ, સીધી, લાંબી અને ઉતાવળી માલમ પડતી હોય, તો તે નાડી પિત્તજ્વરની જાણવી, પણ જે નાડી ધડકતી હોય અને એકાએક વચમાં અટકી જાય, વળી ધડકે અને અટકે, એમ ચાલતી હોય, ત્યારે તે રોગીના મળ પક્વ થયા નથી, એમ જાણવું.

**ज्वरप्रकोपे धमनी सोष्णा वेगवती वहेत् ।**
**मन्दवेगा किञ्चिदूष्णा नाडी जीर्णज्वरे वहेत् ।।४५।।**

તાવવાળાની નાડી ગરમ તથા વેગવાળી વહે છે, તથા જીર્ણ જ્વરવાળાની નાડીનો વેગ મંદ હોય છે તથા તે થોડીક ગરમ હોય છે.

**कामक्रोधाद्वेगवहा क्षीणा चिन्ताभयाप्लुता ।**
**मन्दाग्नेः क्षीणधातोश्च नाडी मन्दतरा भवेत् ।।४६।।**

કામ તથા ક્રોધના વિકારવાળા માણસની નાડી વેગથી વહે છે, ચિંતા અને ભયથી વ્યાપ્ત થયેલા માણસની નાડી ક્ષીણ થઇને ડૂબી ગયા જેવી હોય છે, તેમજ જેનો જઠરાગ્નિ મંદ હોય તથા જેનો ધાતુ ક્ષીણ થઇ ગયો હોય, તેની તેથી પણ વધારે ધીમી ચાલે છે.

**असृक्पूर्णा भवेत्कोष्णा गुर्वी सामा गरीयसी ।**
**लघ्वी वहति दिप्ताग्नेस्तथा वेगवती भवेत् ।।४७।।**

જે માણસના શરીરમાં લોહીનો ભરાવો હોય, તેની નાડી લગાર ગરમ તથા ભારે હોય છે, આમવાળાની નાડી વધારે ભારે હોય છે, જઠરાગ્નિ પ્રદિપ્ત હોય તેવા માણસની નાડી હલકી તથા વેગથી વહે છે.

**सुखितस्य स्थिरा ज्ञेया तथा बलवती मता ।**
**चपला क्षुधितस्य, स्यात्तृप्तस्य वहति स्थिरा ।।४८।।**

જે માણસ સ્વસ્થ એટલે નીરોગી હોય તેની નાડી સ્થિર અને બળવાન હોય છે, ભૂખ્યા માણસની નાડી ચપળ હોય છે, તથા તૃપ્ત માણસની નાડી સ્થિર હોય છે.

## અસાધ્ય નાડીનાં લક્ષણો

**वातं पित्तं कफं चैव यस्यैकत्र समाश्रयेत् ।**

**तस्य मृत्युं विजानीयादित्येवं नाडीलक्षणम् ।।४९।।**

જે માણસની નાડીમાં વાત, પિત્ત અને કફનાં લક્ષણો એકઠાં જણાતાં હોય, તે માણસનું મૃત્યુ થવાનું છે એમ તેની નાડીની ગતિના લક્ષણ પરથી જાણવું.

**स्कन्धे च स्फुरते नित्यं पुनर्गच्छति चाङ्गुलिम् ।**

**असाध्या सा विनिर्दिष्टा नाडी दूरेण वर्जयेत् ।।५०।।**

જે માણસની નાડી ઘણા વખત સુધી ખભા ઉપર ધડકતી હોય અને વળી એકાએક આંગળી ઉપર જતી રહેતી હોય, તો તે નાડીને અસાધ્ય કહેલી છે, માટે તેવી નાડીવાળા રોગીની આશા છોડી દેવી.

**मुखे नाडी वहेद्यस्य घ्राणे चैव न दृश्यते ।**

**तस्य मृत्युं विजानीयात्स गच्छेद्यमसदनम् ।।५१।।**

જે માણસની નાડી (શ્વાસ નાડી) મુખથી વહેતી હોય અને નાકમાંથી ન વહેતી હોય, તો તેનું મૃત્યુ જાણવું, એવો માણસ યમપુરીમાં જશે એમ સમજવું.

**क्षीणा खण्डा तथा व्यङ्गा कुटिला क्रूरवेगिनी ।**

**विस्पष्टा करपादेषु सा नाडी प्राणघातिनी ।।५२।।**

જે નાડી બન્ને હાથ તથા બન્ને પગ ઉપર ક્ષીણ, તૂટેલી, અનિયમિત, વાંકી અને ક્રૂર વેગવાળી માલુમ પડે, તો તે નાડીને પ્રાણઘાત કરનારી સમજવી.

**स्थित्वा स्थित्वा चलति या सा स्मृता प्राणनाशिनी ।**

**अतिक्षीणा च शीता च जीवितं हन्त्यसंशयम् ।।५३।।**

જે નાડી અટકી અટકીને ચાલતી હોય, તેને પ્રાણનો નાશ કરનારી જાણવી, જે નાડી અતિશય ક્ષીણ થઇ ગયેલી તથા ઠંડી હોય તે પણ જરૂર જીવિતનો નાશ કરે છે.

**यदि विस्फुरते नित्यं पुनर्लघु गताङ्गुलौ ।**

**असाध्या सा विनिर्दिष्टा नाडीं धीरो विवर्जयेत् ।।५४।।**

જો નાડી પોતાના સ્થાન પર વૈદ્યની આંગળીની નીચે વારંવાર ધડકતી

હોય તથા વારંવાર ધીમી પડી જતી હોય, તો તે નાડીને અસાધ્ય જાણીને ડાહ્યા પુરૂષે તજી દેવી.

**या तुच्छका स्थिराऽत्यन्तं याऽत्यन्तं मांसवाहिनी ।**
**या च सूक्ष्मा च वक्रा च तामसाध्यां विनिर्दिशेत् ।।५५।।**

જે નાડી અત્યંત તુચ્છ હોય, એટલે તેના ઉપર આંગળી મૂકતાં વેંત સહસા અદર્શ થઇ જતી હોય, વળી તે સ્થિર ગતિથી ગમન કરતી હોય, મંદ મંદ ચાલતી હોય, વળી માંસવાહિની હોય એટલે અત્યંત ઊંડાણમાં વહેતી હોય, જે સૂક્ષ્મ તાંતણાની પેઠે વહેતી હોય, અને જે વાંકી ગતિથી ચાલતી હોય તે નાડીને વૈદ્યો અસાધ્ય કહે છે.

**निष्पन्दान्नाडीका हीना शाखापल्लवशीतला ।**
**त्यजेत्तं रोगिणं वैद्यो यमदण्डाङ्कितात्मकम् ।।५६।।**

જે રોગીની નાડીનો ધડકારો બંધ પડી ગયો હોય તથા જેના હાથ અને પગ અને આંગળી ટાઢી પડી ગઇ હોય તે રોગીને યમંદડથી અંકિત થયેલો માનીને વૈદ્યે તજી દેવો.

**अङ्गुष्टमूलतो बाह्ये त्र्यङ्गुला यदि नाडिका ।**
**प्रहरार्धाद्वहिर्मृत्युर्जायते नात्र संशयः ।।५७।।**

જો નાડી અંગૂઠાના મૂળ આગળથી બહાર ત્રણ આંગળ ઉપર ધડકતી હોય તો તે રોગી અડધા પહોર પછી મરે એમાં સંશય નથી.

**सार्द्धद्व्यङ्गुलतो बाह्यं यदि तिष्ठति नाडिका ।**
**प्रहरैकाद्बहिर्मृत्युर्विजानीयाद्विचक्षणः ।।५८।।**

જો નાડી અંગૂઠાના મૂળ આગળથી અઢી આંગળ ઉપર હોય તો તે રોગી એક પહોર પછી મરે એમ ચતુર વૈદ્યે જાણવું.

**द्व्यङ्गुलाद्बाह्यतो नाडी मध्ये रेषावलिर्यदा ।**
**सार्द्धप्रहरतो मृत्युरवश्यं जायते नृणाम् ।।५९।।**

જો નાડી અંગૂઠાના મૂળ આગળથી બે આંગળ ઉપર હોય અને તેની મધ્યે લીટી (તંતુ)ની પંક્તિ માફક નાડી ધડકતી હોય તો તેવા માણસનું મૃત્યુ દોઢ પહોર પછી જરૂર થાય છે.

**मध्ये रेषा समा नाडी यदि तिष्ठति निश्चितम् ।**
**तस्यैव मरणं सत्यं प्रहरत्रितयाद्बहिः ॥६०॥**

જો નાડી અંગૂઠાના મૂળ આગળથી (પોણા બે આંગળ ઉપર) મધ્યમાં લીટીની માફક નિશ્ચય ધડકતી હોય, તો તેનું મરણ ત્રણ પહોર પછી થાય છે એ સાચી વાત છે.

**सार्द्धाङ्गुलगता नाडी वक्रतां यदि तिष्ठति ।**
**प्रहरैः पञ्चभिस्तस्य मरणं निर्दिशेद्बुधः ॥६१॥**

જો નાડી અંગૂઠાના મૂળ આગળથી દોઢ આંગળ ઉપર વાંકી થઇને રહેલી હોય (ધડકતી હોય) તો વિદ્વાન્ વૈદ્યે તે રોગીનું મરણ પાંચ પહોર પછી થશે એમ કહેવું.

**सपादाङ्गुलतो नाडी समा तिष्ठति निश्चला ।**
**षड्भिश्च प्रहरैर्मृत्युर्ज्ञेयं तस्य विचक्षणैः ॥६२॥**

અંગૂઠાના મૂળથી સવા આંગળ છેટે જો નાડી સ્થિર થઇને રહેલી હોય તો વિચક્ષણ વૈદ્યે તે રોગીનું મરણ છ પહોર પછી થશે એમ જાણવું.

**अङ्गुलाभ्यन्तरे नाडी वक्रतां यदि तिष्ठति ।**
**मरणं तस्य जानीयात्सप्तभिः प्रहरैर्बुधः ॥६३॥**

અંગૂઠાના મૂળથી એક આંગળ દૂર જો નાડી વાંકી થઇને રહેલી હોય તો ડાહ્યા માણસે તે રોગીનું મરણ સાત પહોર પછી જાણવું.

**अङ्गुलाभ्यन्तरे नाडी मन्दस्पन्दा समा यदि ।**
**अष्टभिः प्रहरैर्मृत्यु निर्दिष्टं मुनिपुङ्गवैः ॥६४॥**

જો નાડી અંગૂઠાના મૂળથી એક આંગળ અંદર હોય અને તે સમાન રીતે ધીમે ધીમે ધડકતી હોય તો તે રોગીનું મરણ વૈદ્યશાસ્ત્ર જાણનાર શ્રેષ્ઠ મુનિઓએ આઠ પ્રહર પછી થાય, એમ કહેલું છે.

**अङ्गुलाभ्यन्तरे नाडी शीतला यदि तिष्ठति ।**
**प्रहरैर्नवभिस्तस्य मरणं निश्चितं मतम् ॥६५॥**

જો અંગૂઠાના મૂળથી એક આંગળની અંદર નાડી ઠંડી થઇને રહેલી હોય તો તે રોગીનું મરણ નવ પહોર પછી નિશ્ચય થાય.

**पादोनाङ्गुलमध्ये चेन्नाडी तिष्ठति चञ्चला ।**
**प्रहरैर्दशभिः प्रोक्तं मृत्युस्तस्य विचक्षणैः ॥६६॥**

જો અંગૂઠાના મૂળથી પોણા આંગળની મધ્યે નાડી ચંચળ વહેતી હોય તો ડાહ્યા પુરુષે તે માણસનું મરણ દશ પહોર પછી થશે એમ કહેલું છે.

**पादोनाङ्गुलमध्ये चेन्नाडी चोष्णा च जायते ।**
**प्रहरै रुद्रसंख्यैश्च मृत्युस्तस्य विनिर्दिशेत् ॥६७॥**

જો અંગૂઠાના મૂળથી પોણા આંગળની મધ્યે નાડી ઉષ્ણ વહેતી હોય તો તે માણસનું મૃત્યુ અગિઆર પહોરે થશે, એમ કહેવું.

**पादोनाङ्गुलमध्ये चेन्नाडी शीतवती भवेत् ।**
**प्रहरैर्द्वादशैर्मृत्युर्भवत्येव न संशयः ॥६८॥**

જો પોણા આંગળની મધ્યે નાડી શીતળ થાય તો તેનું મરણ બાર પહોરે થશે એમાં શક નથી.

**अर्द्धाङ्गुलगता नाडी शीतला यदि तिष्ठति ।**
**यामत्रयोदशैर्मृत्युर्भवत्येव न संशयः ॥६९॥**

જો અંગૂઠાના મૂળથી અર્ધો આંગળ નાડી ખશી ગયેલી હોય તથા તે શીતળ હોય તો તેર પહોર પછી મૃત્યુ થશે એમાં સંશય ન જાણવો.

**अर्द्धाङ्गुलगता नाडी सोष्णा वेगवती भवेत् ।**
**यामैश्चतुर्दशैर्मृत्युर्भविष्यति न संशयः ॥७०॥**

જો અર્ધા આંગળ ઉપર રહેલી નાડી ગરમ અને વેગવાળી હોય તો તેનું મરણ ચૌદ પ્રહરમાં થશે એ વાત નિઃસંશય છે.

**अर्द्धाङ्गुलगता नाडी चञ्चला यदि तिष्ठति ।**
**यामैः पञ्चदशैर्मृत्युर्जायते नात्र संशयः ॥७१॥**

પણ જો અર્ધા આંગળ ઉપર ગયેલી નાડી ચંચળ થઇને રહેલી હોય તો તે રોગીનું મરણ પંદર પહોરમાં થાય એમાં સંદેહ નથી.

**पादाङ्गुलगता नाडी सहजा यदि तिष्ठति ।**
**यामैः षोडशभिर्मृत्युर्जायते नात्र संशयः ॥७२॥**

જો પા આંગળ આઘી ગયેલી નાડી સ્વાભાવિક વેગથી ધડકતી હોય તો તે રોગીનું મરણ સોળ પહોરમાં થાય છે એમાં શક નથી.

पादाङ्गुलगता नाडी चंचला यदि तिष्ठति ।

त्रिभिश्च दिवसैर्मृत्युर्जायते नात्र संशयः ॥७३॥

જો પા આંગળ આઘી ગયેલી નાડી ચંચળ થઇને ધડકતી હોય તો તે રોગીનું મરણ ત્રણ દિવસે થાય છે એમાં સંશય નથી.

पादाङ्गुलगता नाडी सोष्णा वेगवती भवेत् ।

चतुर्भिर्दिवसैर्मृत्युं विजानीयाद्विचक्षणः ॥७४॥

જો પા આંગળ આઘી ગયેલી નાડી ગરમ અને વેગવાળી હોય તો ચાર દિવસે રોગનું મરણ થાય છે એમ ડાહ્યા માણસે જાણવું.

पादाङ्गुलगता नाडी मन्दास्पन्दा यदा भवेत् ।

पञ्चभिर्दिवसैर्मृत्युर्जायते नात्र संशयः ॥७५॥

જો પા આંગળ ઉપર રહેલી નાડી ધીમે ધીમે ધડકતી હોય તો રોગીનું મરણ પાંચ દિવસે થશે એમાં કાંઇ સંદેહ આણવો નહિ.

निरीक्ष्य दक्षिणे पादे नाडी यस्य न लभ्यते ।

मध्ये द्वादश मासानां मृत्युर्भवति निश्चितम् ॥७६॥

જે માણસના જમણા પગ ઉપર નાડી જોતાં તે મળી આવે નહિ, તે માણસનું મરણ બાર મહિનાની મધ્યે થશે એમ નિશ્ચય જાણવું.

लक्ष्यं लक्षणलक्षितेन मनसा भानुप्रभामंडलं,

हीनं दक्षिण पश्चिमोत्तरपरः षड्द्वित्रिमासः क्रमात् ।

मध्ये छिद्रगतं भवेद्दशदिनं धूमाकुलं तद्दिनं ।

सर्वज्ञेन तु भाषितं शिवमते ह्यायुः प्रमाणं सदा ॥७७॥

જે વૈદ્યે રોગીના જીવિત મરણનાં લક્ષણો જાણ્યાં હોય તેણે મન વડે આ વાતનો નિશ્ચય કરવો. તે એવો કે, રોગીને સૂર્યનું તેજસ્વી મંડળ દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર તરફ ખંડિત દેખાય તો તે અનુક્રમે છ, બે અને ત્રણ માસ જીવે. જો વચમાં છિદ્રવાળું દેખાય તો, તે રોગી દશ દિવસ જીવે, ધૂમાડા જેવું દેખાય તો એકજ દહાડો જીવે, તે પ્રમાણે શ્રીશંકરને મતે સર્વજ્ઞ મહાત્માએ આયુષ્યનું પ્રમાણ કહ્યું છે.

## સાધ્ય રોગોની નાડી

**स्पन्दते चैकमानेन त्रिंशद्वारं यदा धरा ।**
**स्वस्थाने च तदा नूनं रोगी जीवति नान्यथा ।।७८।।**

જો રોગીની નાડી પોતાના સ્થાનમાં એક સરખી રીતે ત્રીશ વાર ધડકે તો તે રોગી નિશ્ચય જીવે, એમાં ફેર પડે નહિ.

**भारप्रहारमूर्छाभयशोकप्रमुखकारिता नाडी ।**
**संमूर्छितापि गाढं पुनरपि सञ्जीवनं लभते ।।७९।।**

નાડી પર ભાર એટલે દબાણ પડવાથી, વાગવાથી, મૂર્છાથી, ભયથી, અને શોક વગેરેથી નાડી મૂર્છા પામી જાય છે–તેનો ધડકારો માલમ પડતો નથી તથાપિ એવી નાડી ફરીને સજીવન થાય છે–ચાલુ થાય છે.

**एवं सूक्ष्मादिभेदेन नाडी ज्ञेया विचक्षणैः ।**
**स्वर्गेऽपि दुर्लभा विद्या गोपनीया प्रयत्नतः ।।८०।।**

એ પ્રમાણે વિચક્ષણ વૈદ્યે સૂક્ષ્મ વગેરે નાડીના ભેદથી નાડી સંબંધી જ્ઞાન મેળવવું. વળી આ વિદ્યા સ્વર્ગલોકમાં પણ દુર્લભ છે, માટે પ્રયત્ને કરીને તેનું રક્ષણ કરવું.

**इति नाडीपरिक्षा**

# अथ मूत्र परीक्षा

## રાત્રીએ મૂત્ર કરવાનો વખત.

**पश्चाच्च रजनीयामे घटिकानां चतुष्टये ।**
**उत्थाय रोगिणं वैद्यो मूत्रोत्सर्गं तु कारयेत् ।।१।।**

રાતના પાછલા પહોરે ચાર ઘડી રાત રહે તે વેળાએ ઉઠીને વૈદ્યે રોગીને પિશાબ કરાવવો.

## મૂત્ર શામાં ઝીલવું

**आद्यधारां परित्यज्य मध्यधारासमुद्भवम् ।**
**श्वेतकाचमये पात्रे क्षिप्तं मूत्रं परीक्षयेत् ।।२।।**

મૂત્રની પ્રથમ ધાર જમીન પર જવા દેઇને વચમાંની ધારનું મૂત્ર પાત્રમાં ઝીલી લેવું અને તેને કાચના સફેદ વાસણમાં નાખીને પછી વૈદ્યે તેની પરીક્ષા કરવી.

**भास्करोदयवेलायां प्रकाशस्थानके धृतम् ।**
**लोडयित्वा पुनः सम्यक् ततो मूत्रं परीक्षयेत् ॥३॥**

સૂર્યનો ઉદય થાય તે સમયે પ્રકાશવાળા સ્થાનમાં તે મૂત્રના વાસણને મૂકીને મૂત્રને સારી રીતે કરીને હલાવવું અને પછી તેની પરીક્ષા કરવી.

## વાતમૂત્રના લક્ષણ

**लाक्षाभारससम्भवे यदि पुनर्धूमाभ्रकृष्णं तथा,**
**नीलं मूत्रमिदं नृणामिति तदा वातस्य तल्लक्षणम् ।**
**ज्ञात्वा चेतसि चावधार्य निखिलं शास्त्रोदितं बुद्धिमान्,**
**कुर्याद्वातचिकित्सितं बहुविधं वातोपशान्त्यै तदा ॥४॥**

જે મૂત્રનો રંગ લાખના અળતા જેવો હોય, અથવા ધૂમાડા જેવો કે વાદળ જેવો કાળો કે નીલો હોય, તો તે રોગીના મૂત્ર ઉપરથી તેને વાયુનો રોગ થયો છે એમ જાણવું. અર્થાત્ વાયુવાળા મૂત્રનું એ લક્ષણ મનમાં સમજવું. અને પછી બુદ્ધિમાન્ વૈધે વૈદ્યશાસ્ત્રમાં વાયુનાં જે જે લક્ષણ કહ્યાં હોય તે સઘળાંનો નિશ્ચય કરીને વાયુની શાંતિને માટે અનેક પ્રકારની જે વાતચિકિત્સાઓ શાસ્ત્રમાં કહેલી છે તે કરવી.

## પિત્તમૂત્રનાં લક્ષણ

**मञ्जिष्टासदृशं भवेद्यदि जपापुष्पाभं मूत्रं नृणां,**
**सिन्दूरारुणकं च कुङ्कुमनिभं हारिद्रकौसुम्भवत् ।**
**दृष्ट्वा पित्तविकारहेतुजनितं कार्या चिकित्सा तदा,**
**स्वस्थो जीवति येन जन्तुनिवहो दुःखातुरः सत्वरम् ॥५॥**

જો રોગી માણસના મૂત્રનો રંગ મજીઠ સરખો અથવા જપાપુષ્પ (ગુલતોરો ?)ના જેવો રાતો હોય, અથવા સિંદૂર જેવો રાતો કે કંકુ જેવો રાતો હોય, અથવા હળદર જેવો પીળો કે કસુંબા જેવો રાતો હોય, તો તે રોગીઓને પિત્તના વિકારથી ઉત્પન્ન થયેલી પીડા થયેલી છે, એમ જાણીને તેમની ચિકિત્સા કરવી કે જેથી દુઃખથી પીડાતા પ્રાણીઓ જલદીથી રોગનિર્મુક્ત થઇને આયુષ્ય નિર્ગમન કરે.

## કફમૂત્રનાં લક્ષણ

शुभ्रं फेननिभं घनं मलयजाकारं च पांडूपमं,
स्वच्छं चेक्षुरसोपमं घृतसमं तोयोपमं शीतलम् ।
वर्णैरेभिरलं वदन्ति भिषजो मूत्रं सदा श्लेष्मजं ।
ज्ञात्वा त्वं कुरु वैद्यराज सततं शास्त्राच्चिकित्सां पराम्।।६।।

જે મૂત્ર ફીણના જેવું ધોળું હોય, અથવા ચંદનના જેવું ઘાડું હોય અથવા સફેદ રંગનું હોય, અથવા સ્વચ્છ શેરડીના રસ જેવું હોય, અથવા ઘી જેવું હોય, અથવા પાણી જેવું શીતળ હોય, તે મૂત્રને ઉપર કહેલા રંગ વડે વૈદ્ય લોકો હંમેશાં કફથી ઉત્પન્ન થયેલું કહે છે. હે વૈદ્યરાજ ! તમે એ રીતે નિરંતર જાણીને પછી શાસ્ત્રને આધારે રોગીની યોગ્ય ચિકિત્સા કરો.

## વાત પિત્ત-મૂત્રનાં લક્ષણ

रक्तं किंशुकपुष्पवर्णसदृशं गोमूत्रवर्णं भवेत् ।
पीतं यन्मधुतुल्यतां च कुरुते कृष्णत्वबाहुल्यताम् ।
एतल्लक्षणलक्षितो भवति भो पित्तानिलः प्राणिनां,
ज्ञेयः शांतिविधिः सदौषधवशादात्रेयनामामुनेः ।।७।।

જે રોગીનું મૂત્ર ખાખરના ફૂલના રંગ સરખું રાતું હોય, અથવા જે ગાયના મૂત્રના રંગ જેવું પીળું હોય, અથવા જે મદ્યના રંગનું રાતું હોય, અથવા જેમાં કાળાપણું વધારે હોય (મતલબ કે કાળાશ પડતું હોય), એ લક્ષણો વડે રોગી પ્રાણીઓને પિત્ત સહિત વાયુ કોપ્યો છે એમ જાણવું. અને તે વાતપિત્તની શાંતિ આત્રેય મુનિના ગ્રંથમાં કહેલાં ઉત્તમ ઔષધો વડે કરવી. મતલબ કે વૈદ્યશાસ્ત્રના માન્ય ગ્રંથોમાં કહેલી ચિકિત્સા કરવી.

## વાત-કફ મૂત્રના લક્ષણ

मञ्जिष्टवर्णं सितरक्तरूपं धात्रीफलानामपि वर्णतुल्यं ।
कफानिले मूत्रमिदं परीक्षेत्कार्या क्रिया वातकफामयघ्नी ।।८।।

જે રોગીનું મૂત્ર મજીઠના જેવું રાતું, અથવા આમળાંના જેવું ધોળું તથા રાતું હોય તો તે રોગીના શરીરમાં કફ તથા વાયુ પ્રબળ છે એમ જાણવું. અને તેને વાતકફનાશક ઉપચાર લાગુ કરવા.

## પિત્ત-કફ મૂત્રના લક્ષણ

**स्निग्धं घनं दाडिमपुष्पवर्णं मूत्रं कफे पित्तसमन्वितेऽपि ।**
**ज्ञात्वा सदा वैद्यविदां वरेण कार्या चिकित्सा सततं हिताय।।९।।**

જે રોગીનું મૂત્ર પિત્ત તથા કફયુક્ત હોય તે ચીકણું, ઘાડું, અને દાડિમના ફૂલના રંગ જેવા રંગનું હોય છે. એવી રીતે ઉત્તમ વૈદ્યોએ જાણીને નિરંતર રોગીના હિતને અર્થે ચિકિત્સા કરવી.

## મૂત્રની તૈલબિંદુવડે પરીક્ષા

**पात्रमादाय तैलस्य बिन्दुं तत्र नियोजयेत् ।**
**जायन्ते बुद्‌बुदा यस्य विकारः सोऽस्ति पित्तजः ।।१०।।**
**स्निग्धं तु श्यामलच्छायं वाते मूत्रं प्रजायते ।**
**तस्मिन्नोपरि बध्नाति तैलबिन्दुयुते तथा ।।११।।**
**मूत्रं श्लेष्मणि जायेत समं पल्वलवारिणा ।**
**मूत्रेण सार्द्धं निलयं तैलबिन्दुः प्रजायते ।।१२।।**
**सिद्धार्थतैलसदृशं मूत्रं वै पित्तमारुते ।**
**तैलबिन्दुस्तथा क्षिप्तश्चतुर्दिक्षु विसर्पति ।।१३।।**
**श्लेष्मवातोद्भवं मूत्रं सौवीरेण समं तथा ।**
**पाण्डुरं श्लेष्मपित्ते च पीतं चैव परीक्षयेत् ।।१४।।**
**सन्निपातोद्भवं मूत्रं कृष्णं च लक्षयेद् बुधः ।**
**तैलबिन्दुस्तथा क्षिप्तो बुद्‌बुदास्तु भवन्ति च ।।१५।।**

રોગીના મૂત્રનું પાણી લેઇને તેમાં તેલનો બિંદુ નાખવો, જો તેમાં પરપોટા ઉત્પન્ન થાય તો તે મૂત્રવાળા રોગીને પિત્તનો વિકાર છે એમ જાણવું. વાયુના રોગવાળાનું મૂત્ર ચીકણું અને શ્યામ વર્ણનું થાય છે. તેમાં જ્યારે તેલનો બિંદુ નાખવામાં આવે છે, ત્યારે તેની ઉપર તર બાઝે છે. કફના રોગવાળાનું મૂત્ર તળાવના પાણી જેવું ભૂખરા રંગનું હોય છે, તેમાં તેલનો બિંદુ નાખવાથી મૂત્ર સાથે મળી જાય છે. વાતપિત્તના રોગીનું મૂત્ર સરસવના તેલ જેવું હોય છે, તેમાં તેલનો બિંદુ નાખવાથી તે ચારે પાસે ફેલાય છે. વાતકફના રોગીનું મૂત્ર સૌવીર નામે મદ્યના રંગનું હોય છે. પિત્તકફના રોગીનું મૂત્ર ધોળું (પાકું) તેમ પીળું પણ હોય છે. સન્નિપાતના રોગીનું મૂત્ર કાળું

હોય છે, એમ ડાહ્યા વૈદ્યે લક્ષમાં લેવું, અને તેમાં તેલના બિંદુ નાખવાથી પરપોટા થાય છે.

## મૂત્રધારાની પરીક્ષા

**श्वेतधारा शुभा ज्ञेया पीतधारा तथा ज्वरे ।**
**रक्तधारा दीर्घरोगे कृष्णा च मरणान्तिके ॥१६॥**

મૂત્રની ધારા જો શ્વેત રંગની હોય તો તે સારી સમજવી, જો પીળી હોય તો રોગી જ્વરવાળો સમજવો, જો રાતી હોય તો લાંબા કાળનો રોગી જાણવો, અને જો કાળી હોય તો મરણ પાસે આવ્યું છે એમ જાણવું.

## વિકારરહિત મૂત્રનું લક્ષણ

**सौवीरेण समं शस्तं मातुलिङ्गसमप्रभम् ।**
**पानीसदृशं मूत्रं विकाररहितं भवेत् ॥१७॥**

જે મૂત્રનો રંગ સૌવીર નામે મદ્યના સરખો હોય અથવા બીજોરાના જેવો હોય, અથવા પાણીના જેવો હોય, તે મૂત્ર વિકારરહિત હોય છે.

## વાતાદિ જ્વરમાં મૂત્રનો વર્ણ

**वातज्वरे समानं स्यादधो बहुलमेव च ।**
**तिलतैलसमं मूत्रं सहजेन च पित्तलम् ॥१८॥**

વાયુના જ્વરમાં વાત મૂત્રનો જે વર્ણ પાછળ કહ્યો છે તેવા વર્ણનું એટલે લાખના અળતા જેવું રાતું, ધૂમાડા જેવું ભૂખરૂ, કે ગળીના જેવા નીલા વર્ણનું હોય છે, વળી એ મૂત્ર કાચના પાત્રમાં ભરીને જોતાં ઉપર રહેલો રંગ નીચેના ભાગમાં વધારે માલમ પડે છે. પિત્તજ્વરમાં રોગનું મૂત્ર સ્વાભાવિક રીતે તલના તેલ જેવું હોય છે.

## વાતરક્તમાં મૂત્રનો વર્ણ

**कफात्पल्वलपानीयतुल्यं मूत्रं प्रजायते ।**
**रक्तवातेन रक्तं स्यात्कौसुम्भप्रतिमं भवेत् ॥१९॥**

કફજ્વરમાં રોગીનું મૂત્ર તળાવના પાણી જેવું ભૂખરા વર્ણનું થાય છે. વાતરક્તના રોગીનું મૂત્ર રાતું હોય છે અથવા કસુંબાના રંગ જેવું હોય છે.

## અતિસારમાં મૂત્રનો વર્ણ

**अधो बहुलमारक्तं मूत्रमालोक्यते यदा ।**
**वदन्ति तदतीसारलिङ्गं तुल्याङ्गवेदनम् ॥२०॥**

જ્યારે મૂત્ર નીચેના ભાગમાં ઘણું રાતું જોવામાં આવે ત્યારે તેને અતિસારના રોગનું ચિહ્‌ન કહે છે તથા તે રોગીના અંગમાં અતિસારની વેદના હોય છે.

## જલોદરમાં મૂત્રનો વર્ણ

**जलोदरसमुद्भूतं मूत्रं घृतकणोपमम् ।**
**आमवातवशान्मूत्रं तक्रतुल्यं प्रजायते ॥२१॥**

જલોદરના રોગમાં રોગીનું મૂત્ર ઘીના કણ સરખું હોય છે. તેમજ આમવાતના રોગને લીધે રોગીનું મૂત્ર છાશના જેવું થાય છે.

## પિત્તવાળાનું તથા સમધાતુવાળાનું મૂત્ર

**पीतं तैलोपरिच्छायं मूत्रं पित्तोदये सति ।**
**समधातोः पुनः कूपजलतुल्यं प्रजायते ॥२२॥**

જે રોગીના શરીરમાં પિત્તનો વધારો હોય તેના મૂત્ર ઉપર તેલની તરી બાઝી હોય એવું માલમ પડે છે. જે માણસના શરીરમાં વાત, પિત્ત અને કફ એ ત્રણે ધાતુઓ સમાન હોય તેનું મૂત્ર કૂવાના જળ જેવું નિર્મળ દેખાય છે.

## વાતજ્વરવાળાનું મૂત્ર

**वातज्वरसमुद्भूतं मूत्रं कुंकुम पिञ्जरम् ।**
**मलेन पीतवर्णं च बहुलं सम्प्रजायते ॥२३॥**

વાતજ્વરથી ઉત્પન્ન થયેલું મૂત્ર કેસરના સરખું પીળાશ પડતું રાતું હોય છે, પણ જો મળની અધિકતા હોય તો ઘણું પીળું થાય છે.

## રક્ત તથા કફના રોગીનું મૂત્ર

**रक्तश्लेष्मवशात् कृष्णमसाध्यं मूत्रमुच्यते ।**
**उर्ध्वं नीलमधो रक्तं रुधिरेण प्रजायते ॥२४॥**

જો રક્ત અને કફનો પ્રકોપ હોય તો તે રોગીનું મૂત્ર કાળું થાય છે. તથા તેથી તેનો રોગ અસાધ્ય જાણવો. જો કેવલ રક્તનો જ પ્રકોપ હોય તો મૂત્ર ઉપરના ભાગમાં નીલું તથા નીચેના ભાગમાં રાતું હોય છે.

## અસાધ્ય મૂત્ર

**पीतवर्णं यदा मूत्रं बुद्बुदैः संयुतं तथा ।**
**तदासाध्यं समुद्दिष्टं मूत्रं वैद्यो विनिर्द्दिशेत् ॥२५॥**

જ્યારે મૂત્ર પીળા રંગનું હોય તથા તેમાં પરપોટા માલમ પડતા હોય ત્યારે તે મૂત્રને અસાધ્ય કહેલું છે એમ વૈદ્યે કહેવું.

## અજીર્ણમાં તથા અજીર્ણજ્વરમાં મૂત્ર

**अजीर्णे तु भवेन्मूत्रं श्वेतं चापि तथाऽरुणम् ।**
**अजामूत्रसमं मूत्रमजीर्णज्वरसम्भवम् ॥२६॥**

અજીર્ણવાળાનું મૂત્ર ધોળા રંગનું હોય અથવા રાતા રંગનું હોય. જો અજીર્ણથી જ્વર ઉત્પન્ન થયો હોય તો તેના મૂત્રનો રંગ બકરીના મૂત્રના સરખો હોય છે.

## વાયુવૃદ્ધિમાં મૂત્રનો રંગ

**प्रवर्त्तते यदा मूत्रं स्निग्धं तैलसमप्रभम् ।**
**आहारेऽप्युदरस्थे तु वृद्धिं याति तदानिलः ॥२७॥**

જ્યારે મૂત્ર ચીકણું અને તેલના સરખા રંગનું થાય તથા તે વખતે ખાધેલો ખોરાક પચી ન ગયો હોય તો તેને વાયુની વૃદ્ધિ થઇ છે, એમ તેવા મૂત્ર ઉપરથી જાણવું.

## પિત્તપ્રધાન સન્નિપાતનું મૂત્ર

**ऊर्ध्वं पीतमधोरक्तं मूत्रं चेद्रोगिणस्तथा ।**
**पित्तप्रकृतिसंभूतं सनिपातस्य लक्षणण् ॥२८॥**

જો રોગીનું મૂત્ર ઉપરથી પીળું અને નીચેના ભાગમાં રાતું હોય તો તે રોગીને પિત્તની પ્રકૃતિમાંથી ઉપજેલો સન્નિપાત થયો છે એમ જાણવું.

## રસવૃદ્ધિવાળાનું મૂત્ર

**यस्येक्षुरससङ्काशं मूत्रं कुङ्कुमपिञ्जरम् ।**
**रसाधिक्यं विजानीयान्निर्दिष्टं तस्य लङ्घनम् ॥२९॥**

જે રોગીનું મૂત્ર શેરડીના રસ અથવા કેસરના જેવું પિંગટ વર્ણનું હોય, તે રોગીના શરીરમાં અન્નના કાચા રસની વૃદ્ધિ થઇ છે એમ જાણવું. એવા રોગીને ઉપવાસ કરવાની વૈદ્યશાસ્ત્ર આજ્ઞા આપે છે.

## આમવાતવાળાનું તથા જ્વરવાળાનું સૂત્ર

**पीतं च बहुलं चैव ह्यामवाते प्रजायते ।**
**रक्तं स्वच्छं च यन्मूत्रं ज्वराधिक्यस्य लक्षणम् ।।३०।।**

આમવાતવાળા રોગીનું મૂત્ર પીળું થાય છે તથા ઘણું થાય છે. જેને જ્વર ઘણો હોય તેનું મૂત્ર રાતું તથા સ્વચ્છ હોય છે. મતલબ કે એવું મૂત્ર એ જ્વરની અધિકતાની નિશાની છે.

## મૂત્રમાં તેલનો બિંદુ નાખીને પરીક્ષા કરવાનો પ્રકાર.

**पूर्वाशां बाध्यते रोगी बिंदुर्नैवायुषस्त्रुटी ।**
**दक्षिणाशां भवेद्बिन्दुर्ज्वरभावो भवेत्तदा ।।३१।।**
**उत्तरस्यां यदा बिन्दुप्रसरश्च प्रजायते ।**
**आमरोगो तदा नूनं पुरुषस्य भवेद्यदि ।।३२।।**
**वारुणीदिशमाश्रित्य बिन्दुविस्तरणं यदा ।**
**रोगिणां रोगहानिः स्यादायुर्वृद्धिमवाप्नुयात् ।।३३।।**
**ईशान्यां तैलप्रसरो जायते यदि रोगिणाम् ।**
**जीवेच्च मासमेकं तु नूनं याति यमालयम् ।।३४।।**
**आग्नेया च यदा रेषा तैलबिन्दुसमुत्थिता ।**
**तस्यौषधं न कर्त्तव्यं निश्चितं स विनश्यति ।।३५।।**
**प्रसरो यदि तैलस्य नैर्ऋतिं दिशमाश्रितः ।**
**सच्छिद्रश्च पुमान् मूत्रे मृत्युमाप्नोत्यसंशयम् ।।३६।।**
**वायव्यां दिशमाश्रित्य तैलस्य प्रसरो यदि ।**
**स रोगी कालगेहान्ते चिरं क्रीडति निश्चितम् ।।३७।।**

જો રોગીના મૂત્રમાં તેલનો બિંદુ નાખવાથી તે પૂર્વ દિશા તરફ પસરે તો રોગીના આયુષ્યના ક્ષણને બાધ કરે છે, અર્થાત્ તે રોગીનું જીવિત સંશયભર્યું જાણવું. જો તેલનું બિંદુ દક્ષિણ દિશા તરફ પસરે તો રોગીને જ્વર છે અથવા જ્વરની ઉત્પત્તિ થાય એમ જાણવું. જો તેલનું બિંદુ ઉત્તર તરફ પ્રસરે તો તે પુરૂષને આમ રોગ થાય. જો મૂત્રમાં તેલનું બિંદુ પશ્ચિમ તરફ પ્રસરે તો રોગીઓના રોગની હાનિ થાય અને તેમના આયુષ્યની વૃદ્ધિ થાય. જો રોગીના મૂત્રમાં નાખેલું તેલનું બિંદુ ઇશાન ખૂણા તરફ ફેલાય તો તે રોગી એક માસ જીવે,

અને તે પછી નિશ્ચય મૃત્યુ પામે. જો તેલના બિંદુથી થયેલી રેષા અગ્નિ ખૂણામાં પ્રસરે તો વૈધે તે રોગીનું ઔષધ કરવું નહિ, કેમકે તે રોગી નિશ્ચય નાશ પામે છે. જો મૂત્રમાં નાખેલું તેલનું બિંદુ નૈઋત્ય દિશા તરફ પ્રસરે અને તે પસરેલા તેલમાં છિદ્ર માલમ પડે તો તે પુરૂષ નિશ્ચય મૃત્યુ પામે છે. જો તેલનું છિદ્ર વાયવ્ય દિશામાં પ્રસરે તો તે રોગી કાળના ઘરની પાસે ઘણીવાર સુધી નિશ્ચય ક્રીડા કરે છે–અર્થાત્ તે મૃત્યુ પામે છે.

## મૂત્રમાં ભસ્મ નાખીને પરીક્ષાનો પ્રકાર

**भस्म क्षिपेद्यदा मूत्रे तैलबिंदु विसर्पति ।**
**तदा साध्यं विजानीयादसाध्यं चान्यथा भवेत् ॥३८॥**

રોગીના મૂત્રમાં તેલ નાખીને તેમાં ભસ્મ નાખવી. જો તેથી તે તેલ પસરવા માંડે તો તે રોગીનો રોગ સાધ્ય જાણવો. અને જો ન પસરે તો રોગ અસાધ્ય જાણવો.

## તેલની આકૃતિઓનું જ્ઞાન

**भद्रपीठपृथुदर्पणपद्मशङ्खचक्ररथचामरवीणा ।**
**कुण्डलाकृति भवेद्यदि तैलं मूत्रपात्रपतितं स जीवति ॥३९॥**
**पक्षिकूर्मवृषसिंहशूकरसर्पवानरबिडालकुक्कुटैः ।**
**वृश्चिकेन सहिताकृतिर्यदा सोत्र जीवति न योगवित्तमैः ॥४०॥**

જો રોગીના મૂત્રમાં તેલ નાખ્યા પછી તેમાં સાથીયા જેવી, બાજઠ જેવી પહોળી, દર્પણ જેવી, કમળ જેવી, શંખ જેવી, ચક્ર જેવી, ચામર જેવી, વીણા જેવી કે કુંડળ જેવી આકૃતિ મૂત્રના વાસણમાં થાય તો તે રોગી જીવશે એમ જાણવું. મતલબ કે તે રોગ સાધ્ય છે એમ જાણીને વૈદ્યે તેના ઉપાય કરવા.

પણ જો તે આકૃતિ પક્ષિ, કાચબો, બળદ, સિંહ, ભુંડ, સાપ, વાનર, બીલાડો, કૂકડો, કે વીંછી જેવી હોય તો મોટા વૈદ્યોથી પણ તે જીવી શકશે નહિ. મતલબ કે તે રોગને અસાધ્ય સમજવો.

# नेत्र परीक्षा

## વાતરોગીના નેત્ર

**रौद्रे रूक्षे च धूम्राभे नयने स्तब्धचञ्चले ।**
**तथाऽभ्यन्तरकृष्णाभे भवतो वातरोगिणः ।।१।।**

વાયુના રોગવાળાનાં નેત્ર રૌદ્ર એટલે ક્રોધયુક્ત કે ભયંકર દેખાય છે, લૂખાં હોય છે, ધુમાડાના જેવાં ભૂખરાં, સ્થિર અથવા ચંચળ હોય છે, તેમજ અંદરને પાસેથી કાળાં હોય છે.

## પિત્તરોગીના નેત્ર

**पित्तरोगे तु पीताभे नीले वा रक्तवर्णके ।**
**सतप्ते भवतो दीपं सहेते नावलोकितम् ।।२।।**

પિત્તના રોગવાળાનાં નેત્ર પીળાં કે નીલ રંગના કે રાતાં હોય છે, તે ગરમ હોય છે તથા તેમાં અગન બળે છે, તે નેત્ર દીવા સામે જોઇને તેને સહન કરી શકતાં નથી.

## કફરોગીના નેત્ર

**ज्योतिहीने च शुक्लाभे जलपूर्णे सगौरवे ।**
**मन्दावलोकने नेत्रे भवतः कफरोगतः ।।३।।**

કફના રોગથી નેત્ર તેજ રહિત, ધોળાં, પાણીથી ભરેલાં, ભારે અને મંદ દૃષ્ટિવાળાં થાય છે.

## ત્રિદોષના નેત્ર

**तन्द्रामोहाङ्किते श्यामे कृशे च सूक्ष्मरौद्रके ।**
**रक्तवर्णे च भवतो नेत्रे दोषत्रयोदये ।।४।।**
**दोषत्रये भवेच्चिह्नं नेत्रयोस्तु त्रिदोषजम् ।**
**दोषद्वयप्रकोपे तु भवेद्दोषद्वयोदितम् ।।५।।**
**दोषत्रयभवे नेत्रे स्वाधीने न च रोगिणः ।**
**उन्मीलिते च भवतः क्षणादेव निमीलिते ।।६।।**
**सततोन्मीलिते नेत्रे यद्वा नित्यं निमीलिते ।**

ત્રિદોષના રોગીનાં નેત્રમાં ઘેન તથા મોહ માલમ પડે છે. તે કાળાં, સંકોચાયેલાં, ઝીણાં, ભયંકર અને રાતા હોય છે. ત્રણે દોષ કોપ્યા હોય તો પાછળ કહેલાં ત્રણે દોષનાં લક્ષણ માલમ પડે છે, અને બે દોષ કોપ્યા હોય તો બન્ને દોષનાં લક્ષણ માલમ પડે છે. ત્રિદોષના રોગીનાં નેત્ર તેને સ્વાધીન હોતાં નથી, તે ક્ષણમાં ઉઘડે છે અને ક્ષણમાં મીંચાય છે, કોઇ વાર નિરંતર ઉઘાડાં જ રહે છે અને કોઇવાર નિરંતર મીંચાયલાં જ રહે છે.

## અસાધ્ય નેત્ર

**विलुप्तकृष्णसारे च भ्रमद्धूमोग्रतारके ।।७।।**
**बहुवर्णे च भवतो विकृतानेकचेष्टने ।**
**नेत्रे मृत्युं कथयतो रोगिणो नात्र संशयः ।।८।।**

જે રોગીનાં નેત્રની કાળી કીકીનો વચલો ગોળ ભાગ જણાતો ન હોય, તથા કાળી કીકી ધૂમાડાના જેવા રંગની તથા ભયંકર હોઇને ઊંચે નીચે ભમતી હોય, નેત્રમાં અનેક પ્રકારના રંગ જણાતા હોય, અનેક પ્રકારની વિકૃત ચષ્ટાઓ માલમ પડતી હોય, તો તે રોગીનું ખસૂસ મૃત્યુ થવાનું છે, એમ તે નેત્ર બતાવી આપે છે.

## રોગશાંતિવાળાનાં નેત્ર

**सौम्यदृष्टी प्रसन्नाभे प्रकृतिस्थे मनोरमे ।**
**नेत्रे कथयतः शीघ्रं रोगशान्तिस्तु रोगिणः ।।९।।**

જે રોગીનાં નેત્રની દૃષ્ટિ વિકરાળ ન લાગતી હોય, જેની કાંતિ નિર્મળ હોય, જે નેત્ર સ્વાભાવિક હોવાં જોઇએ તેવાં અને આનંદજનક હોય, તે નેત્ર રોગીના રોગની શાંતિ જલદી થશે એમ બતાવી આપે છે.

# मुख परीक्षा

**वातकोपे मुखं रूक्षं स्तब्धं वक्रं गतप्रभम् ।**
**पित्तकोपे भवेद्रक्तं पीतं वा परितप्तकम् ।।१।।**
**कफकोपे गुरुस्निग्धं भवेत्स्विन्नमिवाननम् ।**
**त्रिलक्षणं त्रिदोषे स्याद्द्विचिह्नं च द्विदोषके ।।२।।**

વાયુના દોષવાળાનું મુખ રૂક્ષ, સ્તબ્ધ, વાંકું અને કાંતિરહિત હોય છે, પિત્તના દોષવાળાનું મુખ રાતું કે પીળું અને ગરમ હોય છે, કફ દોષવાળાનું

મુખ ભારે, ચીકણું તથા જાણે પરસેવાવાળું હોય, એવું હોય છે. એમાંથી બે દોષનાં ચિહ્‌ન માલમ પડે તો દ્વિદોષનો કોપ અને ત્રણેનાં ચિહ્‌ન માલમ પડે તો ત્રિદોષનો કોપ સમજવો.

## जिह्वापरीक्षा

**वातकोपे प्रसुप्तेव स्फुटिता मधुरा भवेत् ।**
**स्तब्धा वर्णेन हरिता जिह्वा लालां प्रमुञ्चति ।।१।।**
**पित्तकोपे तु रक्ताभा तिक्ता दग्धेव जायते ।**
**जिह्वा दाहान्विता विद्धा कण्टकैरिव सर्वतः ।।२।।**
**कफोदये भवेज्जिह्वा स्थूला गुर्वी विलेपिनी ।**
**सुस्थूलकंटकोपेता क्षारा बहुकफावहा ।।३।।**
**दोषद्वये द्विदोषोक्ता लवणा रसना भवेत् ।**
**सर्वचिह्ना त्रिदोषे स्याद्विकृतानेकलक्षणा ।।४।।**

વાયુનો કોપ થયો હોય તો જીભ જડ જેવી થાય છે, તેમાં ચીરા પડે છે, તથા તે મધુર માલમ પડે છે, વળી તે સ્તબ્ધ અને લીલા રંગની થઇને તેમાંથી લાળ ઘણી નીકળવા માંડે છે. પિત્તના કોપમાં જીભનો રંગ રાતો જણાય છે તથા તેનો સ્વાદ કડવો માલમ પડે છે. વળી તે દાઝી ગઇ હોય તેવી થઇને તેમાં બળતરા બળે છે, અને સઘળેથી કાંટા ભોંકાયા હોય તેવી લાગે છે. કફના કોપમાં જીભ જાડી, ભારે ચીકણી થઇ જાય છે, વળી તે ઉપર મોટા મોટા કાંટા થાય છે અને તેનો સ્વાદ ખારો થઇને તેમાંથી કફ ઘણો નીકળે છે. જો બે દોષ કોપ્યા હોય તો ઉપર કહેલાં બન્ને દોષનાં લક્ષણો ઉપરાંત તે ખારી હોય છે. જો ત્રણે દોષ કોપ્યા હોય તો બધા દોષનાં ચિહ્‌ન ઉપરાંત તેમાં બીજાં પણ અનેક વિકારયુક્ત લક્ષણો જોવામાં આવે છે.

**इति श्रीपरमजैनाचार्यश्रीकंठविरचिते वैद्यकसारसंग्रहे हितोपदेश-नाम्नि नाडीनेत्रमुखजिह्वापरीक्षा प्रथमः समुद्देशः ।।१।।**

## વાતાદિદોષનાં લક્ષણ

**परीक्ष्य हेत्वामयलक्षणानि चिकित्सितज्ञेन चिकित्सकेन ।**
**निरामदेहस्य हि भेषजानि भवन्ति युक्तान्यमृतोपमानि ॥१॥**

**વ્યાધિના હેતુ વગેરેની પરીક્ષા**–પ્રથમ રોગી ચિકિત્સા જાણનાર વૈદ્યે રોગના હેતુની તથા રોગનાં લક્ષણની પરીક્ષા કરવી જોઇએ, એવી પરીક્ષા કરવાથી રોગ આમ છે કે પક્વ છે–એટલે રોગને પકવવાની જરૂર છે કે પાકી ગયેલો રોગ ઔષધોપચારથી મટાડવાની જરૂર છે, તે માલમ પડી આવે છે, કેમકે જે દેહમાં રોગ પક્વ થયો હોય, તે દેહને યોજેલાં ઔષધો અમૃતતુલ્ય ગુણકારી થાય છે.

**पारुष्यसङ्कोचनतोदशूलान् श्यामत्वमङ्गव्यथचेष्टभङ्गान् ।**
**सुप्तत्वशीतत्वखरत्वशोकः कर्माणि वायोः प्रवदन्ति तज्ज्ञाः ॥२॥**

**વાતદોષના લક્ષણ :**– જ્યારે શરીરમાં વાતદોષ પ્રબળ થાય છે, ત્યારે આ પ્રમાણે લક્ષણો થાય છે, શરીર ત્વચા વગેરે કઠણ લાગે છે, શિરાઓ વગેરેનું સંકોચન થાય છે, તોડ થાય છે, શૂળો ભોંકાતી હોય એવી વેદના થાય છે, કાળાશ માલમ પડે છે, શરીરે કળતર થાય છે, અવયવોની ચેષ્ટાઓનો ભંગ થાય છે, શરીર અકડાઇ જાય છે, તે કરકરૂં થાય છે અને રોગીને શોચના થાય છે.

**श्वेतत्वपीतत्वगुरुत्वकण्डूः स्नेहोपदेहस्तिमितत्वलेपाः ।**
**उत्सेधसंवातचिरक्रियत्वं कफस्य कर्माणि वदन्ति तज्ज्ञाः ॥३॥**

**કફદોષના લક્ષણ :**– વૈદ્યશાસ્ત્રને જાણનારા પંડિતો કફનાં કર્મ આ પ્રમાણે કહે છેઃ– શરીર અથવા મળ વગેરે ધોળા કે પીળાશ પડતા થાય છે, તે ભારે લાગે છે, તેમાં ચળ આવે છે અને ચીકાશ માલમ પડે છે, કોઇ પદાર્થ ચોપડાયો હોય તેમ લાગે છે, અંગો સ્થિર કે જડ થઇ જાય છે, લેપ જેવો ચીકણો મળ નીકળે છે, શરીરનો ભાગ ઉપસી આવે છે, મળ એક જગોએ એકઠા થયેલા માલમ પડે છે, અને ક્રિયા ધીમી ચાલે છે.

**परिश्रमस्वेदविदाहरागो वैगन्ध्यसङ्क्लेदविपाककोपाः ।**
**प्रलापमूर्छाभ्रमपीतता च पित्तस्य कर्माणि वदन्ति तज्ज्ञाः ॥४॥**

**પિત્તદોષના લક્ષણ :**– વૈદ્યશાસ્ત્રને જાણનારા પંડિતો પિત્તનાં કર્મ આ પ્રમાણે કહે છેઃ– શરીરે થાક લાગે છે, પરસેવો થાય છે, દુર્ગંધ થાય છે, રાતો, પીળો વગેરે રંગ માલમ પડે છે, ભીનાશ ઉત્પન્ન થાય છે, પાક થવા

માંડે છે, વેદના થાય છે, રોગી લવારો કરે છે, બેભાન થાય છે, તેને ચકરી આવે છે અને શરીર વગેરે પીળું થાય છે.

## ज्वरप्रतिकार

**कल्पान्तमारुतोद्धूतकालानलभयङ्करं ।**
**नमाम्यनेकदुःखौघवातज्वरहरं परम् ।।५।।**

કલ્પાંતકાળના પવને વૃદ્ધિ પમાડેલા કાળાગ્નિ સરખા ભયંકર અને જેમાં અનેક દુઃખના સમૂહ રહેલા છે એવા વાતજ્વરને હરનાર પરમ દેવને હું પ્રણામ કરૂં છું.

**दक्षापमानसंक्रुद्धरुद्रनिःश्वाससम्भवः ।**
**प्राणिनो धातुवैषम्याज्ज्वरो ज्वरयते किल ।।६।।**

**જ્વરની ઉત્પત્તિ**–દક્ષ પ્રજાપતિએ કરેલા અપમાનથી કોપેલા રૂદ્રના નિઃશ્વાસમાંથી પ્રગટ થયેલો જ્વર, જ્યારે પ્રાણીઓના શરીરમાં વાતાદિક ધાતુઓનો વધારો ઘટાડો થાય છે ત્યારે તેમને તે જ્વરનો પરિતાપ ઉત્પન્ન કરે છે.

**वातपित्तकफोद्भूतः सन्निपातोऽभिचारजः ।**
**देवग्रहप्रकोपोत्थो मानसोऽष्टविधः ज्वरः ।।७।।**

**જ્વરના પ્રકાર** – એ જ્વરના આઠ પ્રકાર છે, (૧) વાતજ્વર (૨) પિત્તજ્વર, (૩) કફજ્વર, (૪) સન્નિપાત જ્વર, (૫) અભિચાર (મંત્રાદિકથી ઉત્પન્ન કરેલો) જ્વર (૬) દેવપ્રકોપથી ઉપજેલો જ્વર (૭) ગ્રહના કોપથી ઉપજેલો જ્વર (૮) માનસ જ્વર.

**शोकक्रोधात्तथा मोहात्सन्तापाद्बलहानितः ।**
**अन्तकाले मनुष्याणां जायन्ते दारुणा ज्वराः ।।८।।**
**अन्येऽपि विविधाकारा व्यायामाजीर्णसम्भवाः ।**
**धातोरसात्म्यवैषम्यैः कायजाता ह्यनेकधाः ।।९।।**

**જ્વરોત્પત્તિના બીજા હેતુઓ**–વળી શોકથી, ક્રોધથી, મોહથી, સંતાપથી અને નિર્બળતાથી જ્વર ઉપજે છે. તેમજ મનુષ્યોને અંતકાળે પણ મહાદારૂણ જ્વરો ઉત્પન્ન થઇ આવે છે. વળી અતિશય મેહેનત કરવાથી, અજીર્ણથી, શરીરના ધાતુઓને માફક નહિ એવા આહારવિહાર વગેરે કરવાથી તથા તે ધાતુઓ વત્તી ઓછી થઇ જવાથી બીજા પણ જુદી જુદી જાતના અનેક પ્રકારના તાવ શરીરમાં થાય છે.

**स्तैमित्यं वर्चसस्तृष्णा विदाहः पर्वणां च रुक् ।**

**सग्लानिमूत्रबाहुल्ये ज्वरस्यामस्य लक्षणम् ॥१०॥**

**આમજ્વરનું લક્ષણ–** જે તાવવાળાનો ઝાડો બંધાઇ ગયો હોય, તરસ ઘણી લાગતી હોય, સાંધાઓમાં કળતર થતું હોય, શરીરે ગ્લાનિ માલમ પડતી હોય, અને પિશાબ ઘણો થતો હોય, તેને આમજ્વર થયો છે એમ જાણવું.

**शोषदाघप्रलापोऽङ्गभङ्गो भ्रमशिरोव्यथा ।**

**एतानि यस्य चिह्नानि स विज्ञेयो मलज्वरः ॥११॥**

**મલજ્વરનું લક્ષણ–**જે તાવવાળાને કંઠે પાણીનો શોષ બહુ પડતો હોય, શરીરે બળતરા બળતી હોય, લવારો કરતો હોય, શરીર ભાંગી ગયા જેવું લાગતું હોય, ફેર (ચક્કર) આવતા હોય, માથું દુખતું હોય–એટલાં ચિહ્ન જેને હોય, તેને મલજ્વર થયો છે એમ જાણવું.

**ज्वरवेगोधिका तृष्णा प्रलापः श्वाससम्भ्रमौ ।**

**मलप्रवृत्तिरुक्लेदः पच्यमानस्य लक्षणम् ॥१२॥**

**પક્વ થતા જ્વરના લક્ષણ–** તાવ વધારે જોરમાં આવવા લાગે છે, તરસ ઘણી લાગે છે, રોગી લવારો કરે છે, તેને શ્વાસ થાય છે, ફેર આવે છે, ઝાડો ઉતરવા માંડે છે અને શરીરમાં ભિનાશ ઉપજે છે. આ લક્ષણો પચ્યમાન જ્વરનાં છે.

**अन्नाकाङ्क्षा शिरःकंडूः क्षवथुर्गात्रलाघवम् ।**

**प्रस्वेदो मुखपाकश्च ज्वरमुक्तस्य लक्षणम् ॥१३॥**

**જ્વરમુક્તિનાં લક્ષણ–**રોગીને ખોરાક ખાવાની ઇચ્છા થાય છે, માથે ચેળ આવે છે, છીંક આવે છે, શરીર હલકું લાગે છે, પરસેવો થાય છે, અને મોઢું પાકે છે. આ લક્ષણોવાળાનો તાવ ગયો છે એમ જાણવું.

**निर्वातसेवनात्स्वेदाल्लंघनादुष्णवारिणः ।**

**पानादिभिर्ज्वरे क्षिप्ते पश्चाद्यूषः प्रयुज्यते ॥१४॥**

**જ્વરના પ્રથમ ઉપચાર–**જ્વરવાળા રોગીને પવન વગરની જગામાં રાખવો, તેને પરસેવો આવવાના ઉપચાર કરવા, ઉપવાસ કરાવવો, અને પીવા વગેરે માટે ગરમ પાણી આપવું. આ વગેરે ઉપચારથી તેનો તાવ હલકો કરીને પછી તેને મગ વગેરેના પાણીનું ઓસામણ પીવા માટે આપવું.

**शीतकम्पो भ्रमालापो रोमाञ्चः शीर्षवेदना ।**

**अङ्गमर्दोतिमन्दाग्निर्जृम्भा वातज्वरेङ्गितम् ॥१५॥**

**વાતજ્વરનું લક્ષણ**–વાતજ્વરવાળા રોગીને પ્રથમ ટાઢ ચઢે છે, તેનું શરીર કંપવા લાગે છે, ફેર આવે છે, રોગી લવરી કરે છે, તેનાં રૂંવાં ઉભાં થાય છે, માથું ઘણું દુખે છે, શરીરે કળતર થાય છે, જઠરાગ્નિ છેક જ મંદ પડી જાય છે, અને તેને બગાસાં ઉપરા-ઉપરી આવે છે, આ ચિહ્‌ન વાતજ્વરનાં છે.

## વાતજ્વરના ઉપચાર

**याति वातज्वरो विश्वागडूचीक्वाथपानतः ।**
**दुरालभामृताक्वाथो हन्ति वातं समांशतः ।।१६।।**
**सद्यो वातज्वरं हन्ति शतावर्यामृतारसः ।**
**समांशः सगुडः पीतो बलहीनस्य देहिनः ।।१७।।**
**द्राक्षादुरालभापथ्यागडूची समभागतः ।**
**एता गुडान्विता पीता नाशयत्यनिलज्वरम् ।।१८।।**

૧. શુંઠ અને ગળોનો ક્વાથ[૧] પીવાથી વાત જ્વર નાશ પામે છે.

૨. ધમાસો અને ગળો સમાન ભાગે લઇને તેનો ક્વાથ પીવાથી વાત જ્વર મટે છે.

૩. શતાવરી અને ગળોનો રસ સરખે ભાગે લઇને તેમાં ગોળ[૨] નાખીને પીવાથી નિર્બળ શરીરવાળાનો પણ વાતજ્વર તરતજ મટી જાય છે.

૪. કાળીદ્રાક્ષ, ધમાસો, હરડે, તથા ગળોને સમ ભાગે લઇને તેનો ક્વાથ કરી તેમાં ગોળ નાખી પીવાથી વાતજ્વર નાશ પામે છે.

**अतीसारो भ्रमो दाहः प्रलापस्तृण्मुखं कटु ।**
**नासाधरनखाः कृष्णा मूर्छा पित्तज्वरेङ्गितम् ।।१९।।**

**પિત્તજ્વરના લક્ષણ**– પિત્તજ્વરવાળાને ઝાડો પાતળો થાય છે તથા ઘણીવાર થાય છે, ફેર આવે છે, તે લવારી કરે છે, તેને તરસ ઘણી લાગે છે, તેનું મોઢું કડવું થાય છે, તેનાં નાક, ઓઠ તથા નખ કાળા થઇ જાય છે, અને મૂર્ચ્છા આવે છે, પિત્તજ્વરનાં એવાં લક્ષણો છે.

## પિત્તજ્વરના ઉપચાર

**भद्रमुस्तामृता द्राक्षा पर्पटः कटुरोहिणी ।**
**अष्टावशेषितः क्वाथ एतेषां समभागतः ।।२०।।**

---

૧. ક્વાથ કરવાની ઔષધીઓમાંથી ચાર તોલા જેટલો ભાગ લઇને તેને સોળ ઘણા પાણીમાં નાખીને આઠમે ભાગે શેષ રહેતાં લગી ઉકાળવું. શેષ રહેલું પાણી ગાળીને પીવું. ક્વાથ માટીના વાસણમાં ઉકાળવો અને ઉકાળતી વખતે તે ઉપર કાંઇ ઢાંકવું નહિ. ૨. ક્વાથમાં ગોળ એક તોલો નાખવો.

૧. ભદ્રમોથ, ગળો, દ્રાક્ષ, પિત્તપાપડો, કડુ, એ ઔષધોને સમભાગે લઇ તેમનો ક્વાથ કરીને આઠમે ભાગે શેષ રહે ત્યારે તે પીવાથી પિત્તજ્વર મટે છે.

**घृतभृष्टं शिवाचूर्णं पिष्टमम्लतुषाम्भसा ।**
**प्रलेपाद्दाघनुत्फेनं बदर्या वा दलोद्भवम् ।।२१।।**
**वृषो दुरालभा श्यामा पर्पटः कटुरोहिणी ।**
**किरातमथवैतेषां क्वाथः पीतः सितान्वितः ।।२२।।**
**रक्तोद्भवं महादाघं तृष्णां मूर्छां मतिभ्रमम् ।**
**पित्तज्वरं हरत्याशु पापं वीरो यथा स्मृतः ।।२३।।**
**किरात मुस्ता कटुकी समांशं छिन्नोद्भवा रिंगिणिका च रेणुः ।**
**क्वाथो निपीतो हरति प्रलापं पित्तज्वरं दाघतृषे भ्रमं च ।।२४।।**
**पर्पटश्चन्दनं मुस्ता विश्वोशीरद्वयं समम् ।**
**क्वाथ एषां तृषां छर्द्दिं हन्ति पित्तज्वरं भ्रमम् ।।२५।।**
**पद्मकं काशुली शुण्ठी धान्यकोशीरयुग्मकम् ।**
**पर्पटश्च समः क्वाथः पीतः पीत्तज्वरापहः ।।२६।।**
**श्रीपर्णी काशुली द्राक्षा चन्दनं वालकद्वयम् ।**
**मुस्ता पर्पटको यष्टिरमीषां समभागतः ।।२७।।**
**अष्टावशेषितः क्वाथः पीतः शर्करया सह ।**
**पित्तज्वरं भ्रमं दाघं हन्ति छर्दिमसंशयम् ।।२८।।**

૨. હરડેનું ચૂર્ણ કરીને તેને ઘીમાં શેકીને તુષામ્લના[1] પાણીમાં વાટવું, તેનો લેપ કરવાથી પિત્તજ્વરનો દાહ મટે છે.

૩. બોરડીનાં પાનાંને પાણીમાં ચોળી ફીણ કાઢી તે ફીણનો શરીરે લેપ કરવાથી દાહ મટે છે.

૪. અરડૂસો, ધમાસો, પીપર, પિત્તપાપડો, કડૂ, કરિયાતુ, એ સર્વનો ક્વાથ કરીને સાકર[2] સાથે પીવાથી રક્ત બગડવાથી ઉપજેલો મોટો દાહ, તરસ, મૂર્છા અને બુદ્ધિનો ભ્રમ, એ સર્વ સહિત પિત્તજ્વરને તત્કાળ હરે છે. જેમ સ્મરણ કરવાથી શ્રી મહાવીર જિનેન્દ્ર પાપને હરે છે તેમ.

---

૧. છોડાં સહિત જવને આખા પાખા કચરીને તેને પાણીમાં નાખીને બંધ વાસણમાં રહેવા દેવા, કેટલેક દહાડે એ ખાટું પાણી ગાળી લેવું. એને તુષામ્લ કહે છે.

૨. વાતરોગમાં સાકર ૧ તોલો, પિત્ત રોગમાં ૦।। તોલો અને કફ રોગમાં ૦। તોલો નાખવી.

૫. કરિયાતું, મોથ, કડૂ, ગળો રીંગણીનાં મૂળ, પિત્તપાપડો, એ સર્વે સમાન ભાગે લઇને તેનો ક્વાથ પીવાથી લવરી, દાહ, તૃષા અને ભ્રમ સહિત પિત્તજ્વર મટે છે.

૬. પિત્તપાપડો, રક્તચંદન, મોથ, શુંઠ, પીળો વીરણવાળો, કાળો વાળો, એ સર્વે સમાન લેઇને તેનો ક્વાથ પીવાથી તરસ, ઉલટી અને ભ્રમ સહિત પિત્તજ્વરને નાશ કરે છે.

૭. પદ્મકાષ્ઠ, કાશુલી (કાસની ?), શુંઠ, ધાણા, પીળો તથા કાળો બન્ને વાળા અને પિત્તપાપડો, એ સર્વે ઔષધો સમાન લેઇને તેનો ક્વાથ કરીને પીવાથી પિત્તજ્વર નાશ પામે છે.

૮. શ્રી પર્ણી ( ?), કાશુલી (કાસની ?), દ્રાક્ષ, ચંદન, બન્ને પ્રકારના વાળા, મોથ, પિત્તપાપડો, જેઠીમધ, એ ઔષધોનો ક્વાથ સમ ભાગે કરીને આઠમે ભાગે શેષ રહે ત્યારે ૦।। તોલો સાકર નાખીને પીવાથી ભ્રમ, દાહ અને ઉલટી સહિત પિત્તજ્વરને હરે છે.

**शुष्कछर्दिर्जडत्वं च रोमाञ्चं मधुरं मुखम् ।**
**उष्णेच्छा स्वल्पसन्तापः श्लेष्मज्वरविचेष्टितम् ।।२९।।**

**કફજ્વરનું લક્ષણ–** કફ જ્વરવાળાને ખાલી ઉબકા આવે છે, શરીર જડ થઇ જાય છે, રૂંવાં ઉભાં થાય છે, મોઢું મીઠું થઇ જાય છે, ગરમ વસ્તુની ઇચ્છા થાય છે, અને શરીર પર તાવની ગરમી થોડી માલમ પડે છે.

## કફજ્વરના ઉપાય

**कण्टकार्यमृतादारु वृषा विश्वा समांशतः ।**
**क्वाथः कणारजः पीतः श्लेष्मज्वरविनाशनः ।।३०।।**
**कणाविश्वामृतादारुकिरातैरण्डमूलिका ।**
**निम्ब एषां समः क्वाथः पीतः श्लेष्मज्वरापहः ।।३१।।**
**दारु विश्वामृता कृष्णा पुष्करैरण्डमूलिका ।**
**किरातं च सम क्वाथः पीतः श्लेष्मज्वरापहः ।।३२।।**
**निम्ब शुण्ठी कणामूलं पथ्या कटुकरोहिणी ।**
**व्याधिघातः समः क्वाथः पीतः श्लेष्मज्वरापहः ।।३३।।**
**हिवजश्चविकादारुहरिद्रा कटुका समः ।**
**श्लेष्मज्वरापहः क्वाथो निपीतोऽष्टावशोषितः ।।३४।।**

**वासवोतिविषा कुष्टं देवदारु महौषधम् ।**
**मुस्ता समांशतः क्वाथः पीतः श्लेष्मज्वरापहः ॥३५॥**
**मुस्ता दुरालभा शुंठी क्वाथ एषां समांशतः ।**
**हन्ति श्लेष्मज्वरं तीव्रं नीपितः पथ्यभोजनात् ॥३६॥**

૧. રીંગણી, ગળો, દેવદાર, અરડૂસી, શુંઠ, એ સર્વેને સમાન ભાગે લેઇને તેનો ક્વાથ કરીને તેમાં પાવલીભાર પીપરનું ચૂર્ણ નાખીને પીવાથી કફજ્વર નાશ પામે છે.

૨. પીપર, શુંઠ, ગળો, દેવદાર, કરિયાતુ, એરંડાનું મૂળ, લીમડાની છાલ, એ સર્વને સમાન ભાગે લેઇને તેનો ક્વાથ કરીને પીવાથી કફજ્વર દૂર થાય છે.

૩. દેવદાર, શુંઠ, પીપર, પુષ્કર મૂળ, દીવેલાનું મૂળ, કરિયાતુ, એ સર્વે સમ ભાગે લેઇને ક્વાથ કરીને પીવાથી કફજ્વર દૂર થાય છે.

૪. લીમડાની છાલ, શુંઠ, પીપરીમૂળ, હરડે, કડૂ, ઉપલેટ એ સર્વે સમાન લેઇ તેનો ક્વાથ પીવાથી કફજ્વર દૂર થાય છે.

૫. હીમજ (?), ચવક, દેવદાર, હળધર, કડાછાલ, એ સર્વે સમાન ભાગે લેઇને તેનો અષ્ટમાંશશેષ ક્વાથ પીવાથી કફજ્વર દૂર થાય છે.

૬. ઇંદ્રજવ, અતિવિષ, ઉપલેટ, દેવદાર, શુંઠ, મોથ, એ સર્વ સમાન ભાગે લેઇને તેનો ક્વાથ કરીને પીવાથી કફજ્વર મટે છે.

૭. મોથ, ધમાસો, શુંઠ એ ત્રણને સમ ભાગે લેઇને તેનો ક્વાથ કરીને પીવાથી તથા પથ્ય ભોજન કરવાથી તીવ્ર એવો કફજ્વર નાશ પામે છે.

## વાતપિત્તજ્વરનાં લક્ષણ

**श्वास कफस्तथाच्छर्दिर्जडत्वं मधुरं मुखम् ।**
**प्रतिश्यायो जलं चास्ये निद्रा शीर्षकटिव्यथा ॥३७॥**
**रोमोद्गमो ज्वरे चिह्नं वातपित्तसमुद्भवं ।**
**अमुं द्वन्द्वजमित्याहुर्वैद्यशास्त्रविशारदाः ॥३८॥**

**વાતપિત્ત જ્વરનાં લક્ષણ–** જ્યારે જ્વરવાળાને શ્વાસ થાય છે, કફ માલમ પડે છે, ઉલટી થાય છે, શરીર જડ થઇ જાય છે, મોઢું મધુર થઇ જાય છે, સળેખમ થાય છે, મોંમાં પાણી છૂટે છે, તાવ ઉત્પન્ન થાય છે, ઉંઘ આવે છે, માથું તથા કેહેડો દુખે છે, રૂંવાટાં ઉભાં થાય છે, ત્યારે તે ચિહ્ન વાતપિત્ત

જ્વરનાં સમજવાં. આ રીતે બે દોષનાં ચિહ્ન એકઠાં મળેલાં જે જ્વરમાં જણાય છે તેને વૈદ્યશાસ્ત્ર જાણનારા પંડિતો દ્વંદ્વજ એટલે બે દોષનો જ્વર કહે છે.

## વાતપિત્તજ્વરનાં ઉપાય

**वालकं काशुली मुस्ता यष्टिर्द्राक्षाटरूषकः ।**
**क्वाथ एषां सितापीतो वातपित्तज्वरापहः ।।३९।।**
**द्राक्षाकिरायतं भार्गी कर्चूरोमृतवल्लरी ।**
**एषां क्वाथो गुडोपेतः पीतो द्वन्द्वजरोगहृत् ।।४०।।**
**मधुयष्टिर्निशायुग्मं पटोलीव्याधिघातकः ।**
**मुस्तानिंबावयं क्वाथो वातपित्तज्वरापहः ।।४१।।**
**चिक्कणी मधुकं द्राक्षा मधुपुष्पं वृषोत्पलम् ।**
**पद्मकं वालकद्वंद्व क्वाथ एषां सुशीतलः ।।**
**पीतः पथ्याशिनो हन्ति प्रलापं मोहमुत्कटम् ।।४२।।**

૧. વીરણવાળો, કાશુલી (કાસની ?) મોથ, જેઠીમધ, દ્રાક્ષ, અરડૂસી, એ ઔષધોનો ક્વાથ સાકર સાથે પીવાથી વાતપિત્ત જ્વર દૂર થાય છે.

૨. દ્રાક્ષ, કરિયાતું, ભારંગ, ષડકચુરો, ગળો, એ ઔષધોનો ક્વાથ એક તોલો ગોળ નાખીને પીવાથી વાતપિત્ત જ્વરને મટાડે છે.

૩. જેઠીમધ, હળધર, દારૂ હળધર, પટોલ, ઉપલેટ, મોથ, લીમડાની અંતરછાલ, એ ઔષધોનો ક્વાથ વાતપિત્ત જ્વરને દૂર કરે છે.

૪. ચિક્કણી ( ?), જેઠીમધ, દ્રાક્ષ, મહુડાં, અરડૂસી, કમળ, પદ્મકાષ્ટ, વીરણવાળો, કાળોવાળો, એ ઔષધોનો ક્વાથ કરીને સારી પેઠે ઠંડો થવા દીધા પછી પીએ, અને ખાવા-પીવામાં પથ્ય પાળે તો લવરી તથા ભારે મૂર્છાને મટાડે છે.

## વાતકફજ્વરનાં લક્ષણ

**तन्द्रा स्तैमित्यं सन्तापपर्वरुक् चाङ्गगौरवम् ।**
**शीतकासारुचिश्वासौ विद्याद्वातकफज्वरे ।।४३।।**

વાતકફ જ્વરવાળાને આંખોમાં ઘેન હોય છે, શરીરમાં જડતા હોય છે, અંગમાં દાહ થાય છે, સાંધાઓમાં કળતર થાય છે, શરીર ભારે લાગે છે, ટાઢ વાય છે, ખાંસી થાય છે, અન્ન ઉપર રૂચિ રહેતી નથી અને શ્વાસ થાય છે.

## વાતકફજ્વરના ઉપાય.

**क्षुद्रामृतानागरपुष्कराह्वयैः कृतःकषायः कफमारुतोत्तरे ।**
**सश्वासकासारुचिपार्श्वशूले ज्वरे त्रिदोषभवेऽपि शस्यते ।।४४।।**
**आरग्वधग्रन्थिकमुस्ततिक्ता हरीतकीभिः क्वथितः कषायः ।**
**सामे सशूले कफवातयुक्ते ज्वरे हितो दीपनपाचनश्च ।।४५।।**

૧. રીંગણી, ગળો, શુંઠ, પુષ્કર મૂળ, એ ઔષધોનો ક્વાથ કરીને વાતકફ જ્વરમાં, તથા શ્વાસ, ખાંસી, અરૂચિ અને પાસામાં શૂળ એ સર્વ ઉપદ્રવો સહિત ત્રિદોષનો જ્વર હોય તો તેમાં પણ શ્રેષ્ઠ છે.

૨. ગરમાળો, પીપરીમૂળ, મોથ, કડૂ, હરડે એ ઔષધોથી કરેલો ક્વાથ આમ સહિત તથા શૂળ સહિત કફવાત જ્વરમાં હિતકારક છે. વળી એ ક્વાથ જઠરાગ્નિનું દીપન કરનારો તથા મળને પક્વ કરનારો છે.

## પિત્તકફજ્વરનાં લક્ષણ

**शीतं दाघो रुचिः कासस्तृष्णा मोहो मुखं कटु ।**
**आलस्यमिति चिह्नानि ज्वरे पित्तकफात्मके ।।४६।।**

પિત્ત-કફ જ્વરવાળાને ટાઢ વાય છે, દાહ થાય છે, અન્ન ભાવતું નથી, ખાંસી થાય છે, તરસ લાગે છે, મૂર્છા થાય છે, મોઢું કડવું થઇ જાય છે, અને આળસ ઉપજે છે—એવાં ચિહ્ન થાય છે.

## પિત્તકફજ્વરના ઉપાય

**किरमालो वचा हिङ्गुर्वालकं धान्यकं निशा ।**
**मुस्ता यष्टी तथा भार्गी पर्पटः समभागतः ।।४७।।**
**अष्टावशेषितः क्वाथो मधुना प्रतिवासितः ।**
**पित्तश्लेष्मज्वरं हन्ति क्वाथ एषां निषेवितः ।।४८।।**
**पटोली निम्बपत्राणि पथ्या कटुकरोहिणी ।**
**पित्तश्लेष्मज्वरं हन्ति क्वाथ एषान्निषेवितः ।।४९।।**
**त्रिफला वालकं यष्टिराटरूषः पटोलिका ।**
**क्वाथो मधुयुतः पीतः श्लेष्मपित्तज्वरापहः ।।५०।।**
**पटोली रिङ्गिणी शुण्ठी किरातं कटुरोहिणी ।**
**गुडूचीन्द्रयवा वासा मुस्ता भार्गी च चन्दनम् ।।५१।।**

**क्वाथः पीतोऽरुचिं दाघं तृष्णां छर्दिमसंवरम् ।**
**श्लेष्मपित्तज्वरं हन्ति कासं शूलं च दारुणम् ॥५२॥**

૧. કિરમાલ (?) વજ, હીંગ, વાળો, ધાણા, હળધર, મોથ, જેઠીમધ, ભારંગ, પિત્તપાપડો, એ ઔષધો સમ ભાગે લેઇને તેમાંથી ચાર તોલા ઔષધને સોળ ગણા પાણીમાં ઉકાળી આઠમે ભાગે શેષ રહે ત્યારે ગાળી લેઇ ઠંડો પડવા દેઇ તેમાં મધ નાખીને પાવો. આ ક્વાથ પીવાથી કફપિત્ત જ્વર નાશ થાય છે.

૨. પટોલ, લીમડાનાં પાંદડાં, હરડે, કડાછાલ, એ ઔષધોનો ક્વાથ કરીને પીવાથી પિત્તકફ જ્વર નાશ પામે છે.

૩. ત્રિફળાં (હરડે, બેઢાં, આમળાં), વાળો, જેઠીમધ, અરડૂસો, પટોલ, એ ઔષધનો ક્વાથ ઠંડો થાય પછી મધ સાથે પીવાથી કફપિત્ત જ્વરને દૂર કરે છે.

૪. પટોલ, રીંગણી, શુંઠ, કરિયાતુ, કડાછાલ, ગળો, ઇંદ્રજવ, અરડુશી, મોથ, ભારંગ, રતાંજળી, એ ઔષધોનો ક્વાથ પીવાથી અરુચિ, દાહ, તરસ, ઉલટી, મનનું પરાધીનપણું એ સર્વ સહિત કફપિત્તજ્વર તથા ભયંકર ખાંસી અને શૂળ પણ મટે છે.

## સન્નિપાત જ્વરના લક્ષણ

**आलस्यमरुचिः कर्णसन्ध्यस्थिशीर्षवेदना ।**
**मूर्छा दाघस्तृषा निद्रा नैव जिह्वातिपाण्डुरा ॥५३॥**
**पीते वा लोहिते नीले लोचने शीतलं वपुः ।**
**भ्रमः कासो मुखं तप्तं सन्निपातज्वरेङ्गितम् ॥५४॥**

સન્નિપાત જ્વરવાળા રોગીને આળસ ઉપજે છે, અન્નાદિક પર રૂચિ રહેતી નથી, કાન, સાંધા, હાડકાં અને માથામાં વેદના થાય છે, રોગી બેભાન થાય છે, તેને શરીરે દાહ થાય છે, તરસ લાગે છે તથા ઉંઘ આવતી નથી, તેની જીભ ઘણી ધોળી થઇ જાય છે, તેની આંખો પીળી, રાતી, કે નીલવર્ણની થઇ જાય છે, તેનું શરીર ઠંડું લાગે છે, તેને ભ્રમ થાય છે, ખાંસી થાય છે, અને તેનું મુખ ગરમ રહે છે, આ લક્ષણો સન્નિપાત જ્વરનાં છે.

## સન્નિપાત જ્વરના ઉપાય

**शुण्ठी दारु वचा मुस्ता किरातं कासुली तथा ।**
**कण्टकार्यमृताक्वाथः सन्निपातज्वरापहः ॥५५॥**

मधूकसारसिन्धूत्थवचोषणकणाः समाः ।
बोधयत्यञ्जसा चूर्णं नस्यतो ज्वरमूर्च्छितम् ।।५६।।
यवासेन्द्रयवा भार्गी कर्चूरः कटुरोहिणी ।
पटोली च सितैरण्डमूलं कर्कटशृङ्गिका ।।५७।।
एषां समांशतः क्वाथः श्वासं कासं तथा भ्रमम् ।
सन्निपातज्वरं हन्ति रोगिणः पथ्यभोजिनः ।।५८।।
निम्बो दारुर्निशा मुस्ता त्रिफला कटुरोहिणी ।
पटोलीक्वाथपानेन याति त्रैदोषजो ज्वरः ।।५९।।
पर्पटश्चन्दनश्छिन्नसम्भवा समभागतः ।
सन्निपातज्वरं हन्ति क्वाथ एषां निषेवितः ।।६०।।
किरातेन्द्रयवा मुस्ता कटुकीविश्वभेषजम् ।
चूर्णमेषां सितायुक्तं सन्निपातज्वरापहम् ।।६१।।
हिंगु शुण्ठी कणापथ्या मातुलुङ्गरसान्वितम् ।
भक्षितं चूर्णमेतेषां सन्निपातज्वरापहम् ।।६२।।
शिरीषबीजगोमूत्रकृष्णामरिचसैन्धवैः ।
बोधयत्यञ्जनं सुप्तं सन्निपातेन मानवम् ।।६३।।
कृते संज्ञाविधानेऽपि संज्ञा यस्य न जायते ।
पादयोस्तं ललाटे वा दहेत्तप्तशलाकया ।।६४।।
त्रिवृच्छ्यामासिताकृष्णात्रिफलामधुमोदकः ।
सन्तिपातज्वरं शोफं रक्तपित्तं निरस्यति ।।६५।।
देवदारु निशा निम्बो रोहीणी त्रिफला घनः ।
पटोली शस्यते क्वाथः सन्निपातेऽतिदारुणे ।।६६।।
किरमालकणामूलं  मुस्ता कटुकरोहिणी ।
पथ्या तत्संभवः क्वाथः सन्निपातेऽतिदारुणे ।।६७।।
सठी पुष्करमूलं च व्याघ्री सिंही दुरालभा ।
गडूची नागरं पाठा किरातं कटुरोहिणी ।।६८।।
एष शठ्यादिको वर्गः सन्निपातज्वरापहः ।
आमदोषं तथा शूलं कासं च श्लेष्ममारुतम् ।।६९।।
रौद्रान् सर्वज्वरान् हन्ति रोगिणः पथ्यभोजिनः ।।७०।।

૧. શુંઠ, દેવદાર, વજ, મોથ, કરિયાતુ, કાસુલી ( ?) રીંગણી, ગળો, એ ઔષધોનો ક્‌વાથ સન્નિપાત જ્વરને દૂર કરે છે.

**૨. ચેતના આણનારૂં નસ્ય**–જેઠીમધનો શીરો, સિંધવ, વજ, મરી, પીપર, એ સર્વે સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને તે સુંઘાડવાથી તાવથી મૂર્છિત થયેલો માણસ તરત સાવધ થાય છે.

૩. ધમાસો, ઇંદ્રજવ, ભારંગ, કચુરો, કડાછાલ, પટોલ, ધોળા એરંડાનું મૂળ, કાકડા સીંગ, એ સર્વે ઔષધ સમાન ભાગે લેઇને તેનો ક્વાથ કરીને પીવાથી પથ્ય ભોજન કરનારનો શ્વાસ, ખાંસી, ભ્રમ અને સન્નિપાત જ્વર નાશ પામે છે.

૪. લીમડો, દેવદાર, હળધર, મોથ, ત્રિફળા, કડાછાલ, પટોલ એ ઔષધોનો ક્વાથ પીવાથી ત્રિદોષનો તાવ નાશ પામે છે.

૫. પિત્તપાપડો, રતાંજળી, ગળો, એ ત્રણેને સમાન ભાગે લઇને તેનો ક્વાથ પીવાથી સન્નિપાત જ્વર નાશ પામે છે.

૬. કરિયાતુ, ઇંદ્રજવ, મોથ, કડાછાલ, શુંઠ, એ ઔષધોનું ચૂર્ણ સાકર સાથે એક તોલો ફકાવવાથી સન્નિપાત જ્વર દૂર થાય છે.

૭. હિંગ, શૂંઠ, પીપર, હરડે, એ ઔષધોનું ચૂર્ણ બીજોરાના રસ સાથે ખાવાથી સન્નિપાત જ્વર દૂર થાય છે.

**૮. સન્નિપાતમાં અંજન**–સરસનાં બીજ, ગાયનું મૂત્ર, પીપર, મરી, સિંધવ, એ ઔષધોનું બારીક અંજન બનાવીને સન્નિપાતથી ઘેનમાં બેભાન જેવા પડી રહેલાને આંજવાથી તે રોગી જાગ્રત થાય છે.

**૯. દાહકર્મ**– જે સન્નિપાતના રોગીને સાવધ કરવાના બીજા ઉપચાર કર્યા છતાં પણ તે જાગે નહિ, તો તેને બન્ને પગે અથવા કપાળમાં તપાવેલી શળી વડે ડામ દેવો.

૧૦. કાળું નસોતર, પીપર અને ત્રિફળા, એ ઔષધીઓનું ચૂર્ણ કરીને તેમાં મધ તથા સાકર નાખીને મોદક (લગભગ ૨।। તોલાની ગોળી) કરીને ખવરાવાથી સન્નિપાતનો તાવ, સોજો અને રક્તપિત્ત મટી જાય છે.

**૧૧. મહાભયંકર સન્નિપાત** હોય તો દેવદાર, હળદર, લીમડાની છાલ, ગળો, ત્રિફળા, મોથ, પટોળ, એ ઔષધનો ક્વાથ આપવો સારો છે.

૧૨. કિરમાળ ( ?), પીપરીમૂળ, મોથ, કડાછાલ, હરડે, એ ઔષધોનો ક્વાથ મહાભયાનક સન્નિપાતમાં આપવો.

**૧૩. શઠ્યાદિવર્ગ**–ષડકચૂરો, પુષ્કરમૂળ, રીંગણી, ભોંયરીંગણી, ધમાસો, ગળો, શુંઠ, પાહાડમૂળ, કરિયાતુ, કડાછાલ, એ ઔષધોને શઠ્યાદિક વર્ગ કહે છે. એ શઠ્યાદિક વર્ગ સન્નિપાત જ્વરને મટાડનારો છે. વળી તે આમ દોષને, શૂળને, ખાંસીને, કફવાયુને તથા સઘળા પ્રકારના ઉગ્ર તાવને નાશ કરે છે, માત્ર રોગી પથ્ય ભોજન કરનારો જોઇએ.

**त्रिफला वन्ध्यकर्कोटी वचा मुस्ता निशाद्वयम् ।**
**कुष्टं किरायतं क्वाथः पीतः सर्वज्वरापहः ॥७१॥**
**गडूची रिङ्गिणी शुण्ठी क्वाथ आसां कणान्वितः ।**
**पीतः सर्वज्वरान् हन्ति श्वासं शूलं तथाऽरुचिम् ॥७२॥**

૧. ત્રિફળા, વાંઝણી કંટોલીનો કંદ, વજ, મોથ, હળદર, દારૂહળદર, ઉપલેટ, કરિઆતું, એ ઔષધોનો ક્વાથ બધા પ્રકારના તાવને મટાડે છે.

૨. ગળો, રીંગણી, શુંઠ, એ ઔષધોનો ક્વાથ કરી તેમાં પીપરનું ચૂર્ણ પા તોલો નાખી સઘળા પ્રકારના તાવ તથા તે સાથે શ્વાસ, શૂળ અને અરુચિ હોય તો તે પણ મટે છે.

## વિષમ જ્વરનો પ્રતિકાર

**बिभीतो व्याधि घातश्च कटुकीतृवृता तथा ।**
**क्वाथो हन्ति तृषां दाघं विषमज्वरमञ्जसा ॥७३॥**
**मधूकवल्कलं कुष्टमुत्पलं चन्दनं वचा ।**
**त्रिफला दुल्लरी वासा द्राक्षा शिरीषपद्मकम् ॥७४॥**
**मूर्वायष्टिरयं क्वाथो दाघं मूर्छा तृषां भ्रमम् ।**
**रक्तपित्तज्वरं हन्ति निपीतो मधुना सह ॥७५॥**
**यष्टिर्दुरालभा पाठा त्रिफला तालकामृता ।**
**मुस्ताक्वाथः सितापीतो विषमज्वरनाशनः ॥७६॥**
**कणाचूर्णं मधुक्षीरसर्पिःपक्वं निहन्ति तत् ।**
**पीतं शर्करया श्वासं हृद्रोगं विषमज्वरं ॥७७॥**
**पटोलीन्द्रयवा पाठा गडूची निम्बपल्लवाः ।**
**हन्ति क्वाथो निपीतोऽयं सततं विभ्रमज्वरम् ॥७८॥**
**ज्वरेऽञ्जनं शिलातैलकृष्णामरिचसैन्धवैः ।**
**वचाहरीतकीसर्पिर्धूपः स्याद्विषमज्वरे ॥७९॥**

चन्दनं धान्यकं मुस्ता गडूची विश्वभेषजम् ।
पञ्चाह:सम्भवं हन्ति ज्वरं क्वाथो निषेवितः ॥८०॥
मुस्तापाठाशिवाक्वाथश्चातुर्थिकज्वरापहः ।
दुग्धेन त्रिफला पीता हन्ति चातुर्थिकं ज्वरम् ॥८१॥
यवासो हैवजादारु शुण्ठी वासा समं ततः ।
क्वाथो निषेवितो हन्ति ज्वरं षष्ठदिनोद्भवम् ॥८२॥
मुस्ता विश्वामृता धान्यं वालकं चन्दनं समः ।
क्वाथो मधुसितापीतो त्र्याहिकज्वरनाशनः ॥८३॥
सितामधुकणासर्पिस्तप्तदुग्धस्य पानतः ।
शाम्यन्ते श्वासहृद्रोगप्रलापविषमज्वराः ॥८४॥
शिरीषो लाङ्गली कुष्टं निम्बो दन्ती हरीतकी ।
मध्वाज्यभक्षितं चूर्णं विषमज्वरनाशनम् ॥८५॥
शिरीषो निम्बपत्राणि हिंगुः सर्पस्य कञ्चुकः ।
समांशं चूर्णमेतेषां वारिपिष्टं च नस्यतः ॥८६॥
ग्रहभूतपिशाचानां शाकिनीरक्षसामपि ।
दोषं हन्ति ज्वरं तीक्ष्णं तरणिस्तिमिरं यथा ॥८७॥
शिरीषं बिल्वजं चाम्रकपित्थार्जुनपल्लवैः ।
सपुरः शल्लकैर्धूपः सर्वग्रहज्वरापहः ॥८८॥
लशुनं पिप्पली राजी वचा पथ्या समांशतः ।
एतच्चूर्णं जलापिष्टं चक्षुस्थं ज्वरनाशनम् ॥८९॥

૧. બેઢું, ઉપલેટ, કડાછાલ અને નસોતરનો ક્વાથ પીવાથી તરસ અને દાહસહિત વિષમજ્વરને ત્વરાથી મટાડે છે.

૨. મહુડાની છાલ, ઉપલેટ, કમળ, રક્તચંદન, વજ, ત્રિફળા, દુલ્લરી (?), અરડૂસી, દ્રાક્ષ, સરસવૃક્ષની છાલ, પદ્મકાષ્ઠ, મોરવેલ, જેઠીમધ, એ ઔષધોનો ક્વાથ મધ સાથે પીવાથી દાહ, મૂર્છા, તરસ અને ભ્રમસહિત રક્તપિત્તથી ઉત્પન્ન થયેલો જ્વર નાશ થાય છે.

૩. જેઠીમધ, પહાડમૂળ, ત્રિફલા, તાલક (તાલીસપત્ર ?) ગળો, મોથ, એ ઔષધોનો ક્વાથ સાકર સાથે પીવાથી વિષમજ્વર નાશ પામે છે.

૪. મધ, દૂધ અને ઘી સાથે પક્વ કરેલું પીપરનું ચૂર્ણ સાકર સાથે પીવાથી શ્વાસ, દ્રોગ (છાતીની અમૂઝણ), અને વિષમજ્વર મટે છે.

૫. પટોળ, ઇંદ્રજવ, પાહાડમૂળ, ગળો, લીમડાનાં પાંદડાં, એ ઔષધોનો કવાથ પીવાથી ભ્રમ સહિત સતત જ્વર (હમેશાં સરખો આવનારો તાવ) નાશ પામે છે.

**૬.અંજન**–મનશીલ, તેલ, પીપર, મરી અને સિંધવ એ ઔષધોને બારીક વાટીને તેનું અંજન કરવાથી વિષમજ્વર દૂર થાય છે.

**૭. ધૂપ**–વજ, હરડે અને ઘીનો ધૂપ આપવાથી વિષમજ્વર દૂર થાય છે.

૮. ચંદન, ધાણા, મોથ, ગળો, શુંઠ, એ ઔષધોનો ક્વાથ પીવાથી દર પાંચમે દિવસે આવનારો તાવ નાશ પામે છે.

૯. મોથ, પાહાડમૂળ અને હરડેનો ક્વાથ ચોથિયા તાવને દૂર કરે છે.

૧૦. દૂધ સાથે ત્રિફળાનું ચૂર્ણ પીવાથી ચોથિયો તાવ નાશ પામે છે.

૧૧. ધમાસો, હૈવજ (હીમજ ?), દેવદાર, શુંઠ, અરડૂશી એ ઔષધો સમ ભાગે લઇને તેનો ક્વાથ પીવાથી છઠ્ઠે દિવસે ફરીને આવેલો તાવ મટી જાય છે.

૧૨. મોથ, શુંઠ, ગળો, ધાણા, વાળો, ચંદન, એ ઔષધો સમાન ભાગે લેઇને તેનો ક્વાથ મધ તથા સાકર નાખીને પીવાથી ત્રીજે દિવસે ફરીને આવનારો તાવ મટી જાય છે.

૧૩. સાકર, મધ, પીપર, ઘી અને ગરમ કરેલું દૂધ એ ઔષધો પીવાથી શ્વાસ, હૃદ્રોગ, લવરી અને વિષમજ્વર મટે છે.

૧૪. સરસ, લાંગલી (વઢવાડિયો ?), ઉપલેટ, લીમડાની છાલ, દંતીમૂળ, હરડે, એ ઔષધોનું ચૂર્ણ મધ તથા ઘી સાથે ખાવાથી વિષમજ્વર નાશ પામે છે.

**૧૫. નસ્ય**–સરસ,લીમડાનાં પાંદડાં, હીંગ, સાપની કાંચળી, એ સર્વે સમ ભાગે લેઇને તેનું ચૂર્ણ પાણી સાથે વાટવું. પછી તેને નાકમાં સુંઘવાથી ગ્રહ, ભૂત, પિશાચ, શાકિની અને રાક્ષસ, એ સૌના દોષને તથા તેમનાથી થયેલા તીવ્ર જ્વરને સૂર્ય જેમ અંધકારને નાશ કરે છે તેમ નાશ કરે છે.

**૧૬. ધૂપ**–સરસવ, બીલીનાં, આંબાનાં, કોઠીનાં તથા સાદડનાં પાંદડાં, ગુગળ, શાહુડીનાં સીસોળિયાં, એ સર્વેનો ધૂપ કરવાથી સઘળા ગ્રહોથી ઉત્પન્ન થયેલો જ્વર નાશ પામે છે.

**૧૭. અંજન**–લસણ, પીપર, રાઇ, વજ, હરડે, સમાન ભાગે લેઇને પાણીમાં બારીક વાટીને આંખે આંજવાથી જ્વર નાશ પામે છે.

## જ્વરાતીસારના ઉપાય

**गडूचीन्द्रयवाः शुण्ठी किरातातिविषा घनः ।**
**एतत्क्वाथः कृतः पीतः सर्वज्वरातिसारजित् ।।९०।।**
**चन्दनं कटुकी पाठा किरातोशीरपर्पटाः ।**
**ज्वरातीसारहृत्क्वाथो निपीतो मधुना सह ।।९१।।**
**पर्पटश्चन्दनं यष्टिः कुटजोऽतिविषामृता ।**
**मुस्तैषां समधुः क्वाथः पीतो ज्वरातिसारहृत् ।।९२।।**
**गोक्षुरश्चन्दनं यष्टि कुटजोतिविषामृता ।**
**मुस्तावालककुष्टानि लज्जरी समभागतः ।।९३।।**
**अष्टावशेषितः क्वाथो मधुना पीतमुल्बणं ।**
**ज्वरातिसारकं हन्ति कुक्षिशूलं च दारुणम् ।।९४।।**

૧. ગળો, ઇંદ્રજવ, શુંઠ, કરિયાતું, અતિવિષ, મોથ, એ ઔષધોના ક્વાથ કરીને પીવાથી સઘળા પ્રકારનો જ્વરસહિત અતિસાર (ઝાડો) મટે છે.

૨. રતાંજળી, કડાછાલ, પહાડમૂળ, કરિયાતુ, વીરણવાળો, પિત્તપાપડો,એ ઔષધોનો ક્વાથ મધ સાથે પીવાથી સર્વ પ્રકારનો તાવ અને અતિસાર (ઝાડો) મટે છે.

૩. પિત્તપાપડો, રતાંજળી, જેઠીમધ, ઇંદ્રજવ, અતિવિષ, ગળો, મોથ, એ ઔષધોનો ક્વાથ મધ સાથે પીવાથી અતિસાર સહિત તાવ મટે છે.

૪. ગોખરૂં, રતાંજળી, જેઠીમધ, ઇંદ્રજવ, ગળો, મોથ, વાળો, ઉપલેટ, લજ્જરી (લજાળું ?), એ ઔષધો સમાન ભાગે લેઇને તેનો ક્વાથ કરીને આઠમે ભાગે બાકી રહે ત્યારે તે ક્વાથ મધ સાથે પીવાથી અતિશય ભયાનક જ્વરાતીસાર અને કૂખમાંનું મહાકઠણ શૂળ નાશ પામે છે.

## જ્વરાદિ રોગમાં કુપથ્ય (વર્જ્ય)

**वर्जयेद्विदलं शूली कुष्टी मांसं ज्वरी घृतम् ।**
**मद्यपानमपस्मारी नेत्ररोगी च मैथुनम् ।।९५।।**

જે માણસને પેટમાં દૂખતું હોય-ચુંક આવતી હોય, તેણે કઠોળ ખાવું નહિ, કોઢવાળાએ માંસ ખાવું નહિ, તાવવાળાએ ઘી ખાવું નહિ, ફેફરૂના રોગવાળાએ દારૂ પીવો નહિ, અને આંખના રોગવાળાએ સ્ત્રીસંગ કરવો નહિ.

## જ્વરમાં પથ્ય

शालयो रक्तशाल्याद्याः शस्यन्ते षष्टिकास्तथा ।
पटोलपत्रवार्ताकः कर्कोटादीनि च ज्वरे ॥९६॥

રાતી સાળ તથા સાઠી ચોખા વગેરે ચોખા તથા પરવળની ભાજી, વંતાક અને કંટોલાં વગેરે શાક તાવવાળાને હિતકર છે.

## જ્વરમાં ભોજન (યવાગૂ)

पिप्पलीपिप्पलीमूलचव्यचित्रकनागरैः ।
यवागूः सेविता सिद्धा दीपनी पाचनी हिता ॥९७॥
कषायो भ्रष्टमुद्गानां लाजाः क्षौद्रयुताः सिताः ।
छर्द्यतीसारतृड्दाघं पित्तज्वरनिवारणम् ॥९८॥
भृष्टदालीकृतामुद्गा शाली लाजाश्च धान्यकम् ।
जीरकं सैन्धवं तोयमेभिः पेयं प्रशस्यते ॥९९॥
पटोली वास्तुवा मेथी तुण्डीरी शतपुष्पिका ।
शाली तंदुलजः शाकः ज्वरिणामुपकारकः ॥१००॥

૧. પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રો, શુંઠ, એ ઔષધનું ચૂર્ણ કરી તે નાખીને રાંધેલી યવાગૂ (નરમ ખીચડી) તાવવાળાના જઠરાગ્નિને પ્રદિપ્ત કરનારી, મળનું પાચન કરનારી તથા હિતકારક છે.

૨. શેકેલા મગનો ઉકાળો, મધ અને સાકર સહિત ડાંગરની ધાણી એ બન્ને ઔષધો ઉલટી, ઝાડો, તરસ અને દાહ સહિત પિત્તજ્વરનું નિવારણ કરે છે.

૩. મગને શેકીને તેની કરેલી દાળ, ચોખા, ડાંગરની ધાણી, ધાણા, જીરૂં, સિંધવ, એ ઔષધોથી તૈયાર કરેલું પીવાનું તાવવાળાને આપવું ફાયદાકારક છે.

૪. પરવળ, વથુઓ, મેથી ટીંડોરાં, સવાની ભાજી, શાલી (?), તાંદળજો, એ શાક તાવવાળાને ફાયદાકારક છે.

## અભિચાર વગેરે જ્વરની ઉત્પત્તિ અને પ્રતીકાર

मन्त्रौषधक्रियायन्त्रैरभिचारज्वरो भवेत् ।
वृक्षारामतडागेषु देवतायतनेषु च ॥१०१॥

गोब्राह्मणयतीनां च पीडां कुर्वन्ति ये नराः ।
तेषामेव प्रकोपेन विज्ञेयो दैविको ज्वरः ।।१०२।।
वातजाद्या ज्वराः साध्याश्चत्वारो भेषजैर्बुधैः ।
अपरेऽभीष्टदेवस्य सेवयेति प्रतिक्रिया ।।१०३।।

મંત્રસાધનથી, ઔષધીપ્રયોગથી અથવા કોઇ પ્રકારના ક્રિયામંત્રથી અભિચાર જ્વર ઉત્પન્ન થાય છે. વિશેષ કરીને વૃક્ષ, વાડી અને દેવાલય આદિક જગોએ ભૂતાદિજ્વર ઉત્પન્ન થાય છે. જે માણસો ગાય, બ્રાહ્મણ અને યતિને પીડા કરે છે, તેમને તે ગાય વગેરેના કોપથી જે જ્વર ઉત્પન્ન થાય છે તેને દૈવિક જ્વર જાણવો. પાછળ કહેલા વાતાદિક ચાર પ્રકારના તાવ જે જે તેમનાં ઔષધો બતાવ્યાં છે તે વડે ડાહ્યા વૈધે મટાડવા અને અભિચાર વગેરે તાવ અભીષ્ટ દેવની સેવા વડે મટાડવા એજ તેમનો ઉપાય છે.

## જ્વરાદિ રોગમાં ઔષધની માત્રા (માપ)

श्रेष्टामध्याधमा मात्रा पलमर्द्धं तदर्द्धतः ।
स्नेहे क्वाथौषधे सा तु द्विगुणार्धं विधीयते ।।१०४।।
औषधे कठिने मध्ये कोमले विहितं क्रमात् ।
क्वाथाय निर्मलं तोयं षोडशाष्टचतुर्गुणम् ।।१०५।।

૧. પાછળ જે ક્‌વાથ ચૂર્ણ વગેરે ખાવાનાં કહ્યાં છે તેનું માપ ત્રણ પ્રકારનું છે. શ્રેષ્ટ, મધ્યમ, અને અધમ. સ્નેહ (ઘી, તેલ, વગેરે) ઔષધ હોય તો શ્રેષ્ટ માત્રા ચાર તોલાની, મધ્યમ માત્રા બે તોલાની અને અધમ માત્રા એક તોલાની જાણવી. જો ક્વાથરૂપ ઔષધ હોય તો શ્રેષ્ઠ માત્રા આઠ તોલાની, મધ્યમ ચાર તોલાની અને અધમ માત્રા બે તોલાની જાણવી.

૨. ક્વાથ કરવામાં માપ–ઔષધ કઠણ હોય તો ક્વાથમાં નિર્મળ પાણી સોળઘણું મૂકવું, મધ્યમ હોય તો આઠ ગણું, અને કોમળ હોય તો ચારગણું મૂકવું. ક્વાથ કરવામાં ઔષધ ચાર તોલા કે (બાળક વગેરેને માટે) બે તોલા લેવું.)

।। इति परमजैनाचार्यश्रीकंठविरचिते वैद्यकसारसंग्रहे हितोपदेश-
नाम्नि ज्वरप्रतीकारनामा द्वितीयः समुद्देशः ।।२।।

# शिरोरोगाः

## માથાના રોગનું નિદાન

**अकालपलितं पीडा सूर्यावर्त्तार्द्धभेदकाः ।**
**इत्यादयः शिरोरोगास्तान्यथादोषमाहरेत् ।।१।।**
**पृथक्समस्तदोषासृक्कृमिभिश्च भवन्ति ते ।**
**तत्र वातप्रकोपेन निर्निमित्तं शिरोव्यथा ।।२।।**
**निशि तीव्रा तु पित्तेन वर्ष्मौष्ण्यं मूर्धधूमनम् ।**
**कफजात् कफपूर्णांगं सशूनाक्षिहिमं गुरु ।।३।।**
**सर्वजे सर्वरूपाणि रक्तोत्थः पित्तलक्षणः ।**
**स्पर्शासहत्वं शिरसो रुजस्तीव्रतरा तथा ।।४।।**

વૃદ્ધાવસ્થા થયા પહેલાં માથે પળિયાં આવવાં, માથામાં દરદ થવું, આધાસીસી ચઢવી, અરધું માથું દુખવું, ઇત્યાદિક માથાના રોગ છે. તેમને વાત પિત્ત અને કફનાં લક્ષણો પરથી ક્યો દોષ પ્રબળ છે તે નક્કી કરીને પછી તેના ઉપચાર કરવા. જો માથાના રોગમાં વાયુનો પ્રકોપ હોય તો વગર કારણે માથામાં પીડા થાય છે. જો પિત્તનો પ્રકોપ હોય તો રાત્રે તીવ્ર પીડા થાય છે, શરીર ગરમ થાય છે, અને માથામાં ખાંડકૂટ થાય છે. કફ પ્રબળ હોય તો માથું કફથી ભરેલું રહે છે, આંખોની ભમરો સૂજી જાય છે, માથું ઠંડું અને ભારે લાગે છે. બધા દોષથી માથાનો રોગ થયો હોય તો બધા દોષનાં લક્ષણો દેખાય છે. જો લોહીથી માથાનો રોગ થયો હોય તો પિત્તના જેવાં ચિહ્ન થાય છે તથા માથે કોઇ સ્પર્શ કરે તે સહન થઇ શકતો નથી, અને અત્યંત તીવ્ર વેદના થાય છે.

## માથાના રોગના ઉપાય

**मांसी महौषधं कुष्टं वचा गन्धर्वहस्तकः ।**
**पिष्ट्वा तुषोदकैर्लेपः सतैलो मस्तकार्तिहा ।।५।।**
**एरंडशिग्रुनिर्गुंडीविशाखानां दलानि च ।**
**उष्णानि मस्तके बध्वा शिरसोऽर्तिं विनाशयेत् ।।६।।**

गिरिकर्णीफलं मूलं सजलं नस्यमाचरेत् ।
मूलं वा बन्धयेत्कर्णे निहन्त्यर्द्धशिरोव्यथाम् ॥७॥
गुडः करञ्जबीजं च नस्यमुष्णजलैर्हितम् ।
मरिचैर्भृङ्गजैर्द्रावैर्लेपो वा हन्ति तां व्यथाम् ॥८॥
कुङ्कुमं मधुयष्टी च सिताघृतगुणोत्तरम् ।
सप्ताहेन कृते नस्ये दाहं हन्ति शिरोरुजम् ॥९॥
शिग्रुपत्ररसैर्मर्द्यं मरिचं मूर्ध्नि शूलजित् ।
मर्द्यं वातारितैलं वा हन्ति सद्यः शिरोव्यथाम् ॥१०॥
स्वेदनं घृतगोधूमैर्निर्गुंड्याः क्वथितेन वा ।
सन्निपातोद्भवां हन्ति पुराणघृतपानकैः ॥११॥
शुंठ्या नस्यमजाक्षीरं शिरोर्तिं नाशयेत्क्षणात् ।
कुङ्कुमं घृतसंयुक्तं नस्याद्धन्ति शिरोव्यथाम् ॥१२॥
पारदं मर्दयेन्निष्कं कृष्णधत्तूरकैर्द्रवैः ।
नागवल्लीद्रवैर्वाथ वस्त्रखण्डं प्रलेपयेत् ॥१३॥
तद्वस्त्रं मस्तके वेष्ट्यं धार्यं यामत्रयं ततः ।
यूका पतन्ति निःशेषा सलिक्षा नात्र संशयः ॥१४॥
जातीपुष्पदलं मूलं कृष्णा गोमूत्रपेषितम् ।
लेपोऽयं सप्तरात्रेण द्रढकेशकरः परः ॥१५॥
शृङ्गाटं त्रिफलाभृङ्गी नीलोत्पलमयोरजः ।
सूक्ष्मचूर्णं समं कृत्वा पचेत्तैलं चतुर्गुणम् ॥१६॥
तल्लेपाच्च द्रढा केशा कुटिला सरला अपि ।
भल्लातकं च बृहती गुञ्जामूलं फलं तथा ॥१७॥
मधुना सह लेपेन खालित्यं याति दुःसहम् ।
गुञ्जामूलफलश्चूर्णं कंटकारिफलद्रवैः ।
तेन लेपेन हन्त्याशुं इन्द्रलुप्तं सुदुःसहम् ॥१८॥

૧. જટામાંસી, શુંઠ, ઉપલેટ, દીવેલાનું મૂળ, એ સર્વને (પાછળ કહેલા) તુષોદકમાં વાટીને તેનો લેપ તેલ સહિત કરવાથી માથાની પીડા મટે છે.

૨. દિવેલો, સરગવો, નગોડ અને વિશાખા ? એ ઔષધીઓનાં પાંદડાં ગરમ કરી માથે બાંધવાથી માથાની પીડા નાશ પામે છે.

**૩. આધાસીસી** ગરણીનાં ફળ અને મૂળને પાણી સાથે વાટીને તે પાણીને સુંઘવાથી આધાસીસી મટી જાય છે. અથવા તેનું મૂળ લાવીને કાને બાંધી રાખે તો પણ આધાસીસી મટી જાય છે.

૪. ગોળ અને કરંજના બીજને ગરમ પાણીમાં વાટીને તેને સુંઘવાથી આધાસીસી મટે છે.

૫. ભાંગરાના રસમાં મરિયાં વાટીને તેનો લેપ કરવાથી આધાસીસી મટે છે.

૬. કેસર તો. ૧, જેઠીમધ તો. ૨, સાકર તો. ૪, ઘી તો. ૮, એ પ્રમાણે લેઇને વાટીને તેને સાત દિવસ લગી સુંઘવાથી માથામાં દાહ થતો હોય તે મટે તથા માથાની પીડા મટે છે.

૭. સરગવાનાં પાંદડાંના રસમાં મરિયાં વાટીને તે માથે મર્દન કરવાથી મસ્તકશૂલ મટે છે. અથવા માથે દીવેલનું મર્દન કરવાથી પણ માથું દૂખતું મટે છે.

૮. ઘી, ઘઉં અથવા નગોડના ક્વાથથી માથાને સ્વેદન આપવાથી અથવા જૂનું ઘી પીવાથી સન્નિપાતથી થયેલી માથાની પીડા મટે છે.

૯. શુંઠની સાથે બકરીનું દૂધ મેળવીને તેને સુંઘવાથી તરત જ માથાની પીડા નાશ પામે છે.

૧૦. કેસર અને ઘી એકત્ર કરી સુંઘવાથી માથાની પીડા નાશ પામે છે.

**૧૧. લીખો અને જૂઓ**–એક પૈસાભાર પારો લેઇને તેને કાળાધંતૂરાના રસમાં અથવા નાગરવેલના પાનના રસમાં મર્દન કરવો. પછી તે પારાવાળા રસને એક લૂગડાના કકડા ઉપર ચોપડવો, તે લૂગડું માથે વીંટવું અને ત્રણ પહોર સુધી રહેવા દેવું. એમ કરવાથી લીખો સહિત તમામ જૂઓ માથામાંથી ખરી પડે છે એમાં સંશય નથી.

૧૨. જાઇનાં ફૂલ, પાંદડાં, મૂળ તથા પીપર, એ સર્વને પીપર તથા ગાયના મૂત્ર સાથે વાટવાં, અને તેનો લેપ કરવો. આ લેપ સાત દિવસમાં માથાના કેશને મજબુત કરે છે.

૧૩. શીંગોડાં (?), ત્રિફળા, ભાંગરો, કાળુંકમળ, લોઢાનું ચૂર્ણ, એ સર્વને સમાન ભાગે લેઇને તેનું બારીક ચૂર્ણ કરીને તેમાં ચોગણું તેલ નાખીને પક્વ કરવું. એ તેલ ચોપડવાથી કેશ સીધા હશે તથાપિ વાંકા અને મજબૂત થશે.

૧૪. ભીલામાં, રીંગણી, ચણોઠીનું મૂળ, ચણોઠીનું ફળ, એ સર્વનું ચૂર્ણ કરી તેનો મધ સાથે લેપ કરવાથી માથે અસહ્ય તાલ પડી હોય તો તે મટી જાય છે.

૧૫. ચણોઠીનું મૂળ અને ફળ, એ બન્નેનું ચૂર્ણ કરીને ભોંયરીંગણીના ફળના રસમાં મેળવીને લેપ કરવાથી અત્યંત દુ:સહ એવી તાલ પડી ગઇ હોય તે તત્કાળ મટી જાય છે.

# कर्णरोगाः

## કાનના રોગનું નિદાન

**करोति विगुणो वायुर्मलं सङ्गृह्य कर्णयोः ।**
**सकफः पाकबाधीर्यशूलस्त्रावादिकान् गदान् ॥१९॥**

૧. જોઇએ તે કરતાં વત્તો કે ઓછો થયેલો કફસહિત વાયુ કાનના મેલને એકઠો કરીને કાનમાં પાક, બેહેરાપણું, શૂળ, પરૂ વહેવું, વગેરે રોગોને ઉત્પન્ન કરે છે.

## કાનના રોગના ઉપાય

**कर्णशूलहरः क्षिप्तो लवणार्द्रकयो रसः ।**
**दन्तैस्तु चर्वयेन्मूलं नन्द्यावर्तपलाशयोः ॥२०॥**
**तल्लालापूरिते कर्णे ध्रुवं गोमक्षिका व्रजेत् ।**
**अर्कपत्रद्रवैस्तैलपूरणात् कर्णशूलजित् ॥२१॥**
**लशुनस्य रसं कोष्णं पूरयेच्छब्दशान्तये ।**
**मेघनादरसैः पूर्णे कर्णे पूयं प्रणश्यति ॥२२॥**
**मुशली बाकुची चूर्णं खादेद्बाधीर्यशान्तये ।**
**कतकं शिग्रुलवणमारनालेन पेषयेत् ॥२३॥**
**कर्णमूलस्थितं स्फोटं सोष्णं लेपाद्विनाशयेत् ।**
**मुशलीकन्दचूर्णं च महिषीनवनीततः ॥२४॥**
**लोलयेद्रोधयेद्भाण्डे धान्यराशौ निवेशयेत् ।**
**सप्ताहादुधृतं लेपात्कर्णपालीं विवर्द्धयेत् ॥२५॥**

**अश्वगन्धावचाकुष्टं गजपिप्पलिका समम् ।**
**महिषीनवनीतेन लेपात्कर्णो विवर्द्धते ॥२६॥**
**गुञ्जामूलफलं चूर्णं महिषीक्षीरसंयुतम् ।**
**सृतं दधि ततः कुर्यान्नवनीतं तदुत्थितम् ॥२७॥**
**कर्णस्य लेपनान्नित्यं वर्द्धते नात्र संशयः ।**
**अश्वगन्धा समं लोध्रं तत्समा गजपिप्पली ॥२८॥**
**चतुर्भागमितं तोयं तिलतैलं च भागिकं ।**
**तैलशेषं पचेत्सर्वं तेन लेपे कृते सति ॥२९॥**
**स्तनयोः कर्णपाल्योश्च स्थूलता विस्तृता भवेत् ।**
**भल्लातं दाडिमीछल्लं रिङ्गिणीमूलिका त्रयम् ॥३०॥**
**पक्वं शिरीषतैलेन लेपनात्कर्णवृध्धिकृत् ।**
**कुष्टाश्वगन्धागजपिप्पलीनां चूर्णं महिष्या नवनीतपक्वम् ॥३१॥**
**कर्णप्रवृध्धिं स्तनतुङ्गतां च काठिन्यमुच्चैर्विदधाति लेपात् ।**
**रिङ्गणी दुल्लरी पिष्टा वारिणा वाजिगन्धया ॥३२॥**
**कर्णयोः स्तनयोर्वृध्धिं कुर्वन्त्येते प्रलेपतः ।**
**सतैलककपित्थेन सव्रणा कर्णपालिका ॥३३॥**
**लिप्ता पश्चाद्धवाचूर्णयुक्तासौ निर्व्रणा भवेत् ॥३४॥**
**शुण्ठीराजिकयोश्चूर्णं गृहधूमोऽर्कभाजने ।**
**घृतं तक्रान्वितं लेपान्निर्व्रणां कुरुते श्रुतिम् ॥३५॥**

૧. આદા(દુ)નો રસ અને સિંધવ કાનમાં મૂકવાથી કાનનું શૂળ મટે છે.

૨. નંદ્યાવર્ત (?) તથા ખાખરના મૂળને દાંતથી ચાવીને તેની લાળ કાનમાં મૂકવાથી કાનમાં બગવા પડ્યા હોય તે નાશ પામે છે.

૩. આકડાના પાનાંના રસમાં તેલ પક્વ કરીને કાનમાં મૂકવાથી કાનના ચસકા મટી જાય છે.

૪. કાનમાં અવાજ થતો હોય તો તે મટવા માટે લસણનો રસ કાઢીને તેને સહેવાય તેટલો ગરમ કરીને કાનમાં મૂકવો.

૫. તાંદળજાનો રસ કાનમાં પૂરવાથી કાનમાંનું પરૂ નાશ પામે છે.

૬. મુશલી તથા બાવચી સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ એક તોલો ખાવાથી બેહેરાપણું મટી જાય છે.

૭.નિર્મળીનાં ફળ, સરગવાનું છોડું તથા સિંધવ, એ સહુનું ચૂર્ણ કરીને તેને કાંજીમાં વાટવું, પછી તેને લગાર ગરમ કરીને કાનના મૂળ આગળ થયેલા ફોલ્લા ઉપર ચોપડવું, તેથી તે મટી જાય છે.

૮. મુશલીકંદનું ચૂર્ણ કરીને તેને ભેંશના માખણમાં મિશ્ર કરવું. પછી તેને એક માટીના વાસણમાં નાખી મુખ બંધ કરીને અનાજના ઢગલામાં મૂકી છાંડવું. સાત દિવસ વીત્યા પછી તે વાસણ કાઢીને તેમાંના ઔષધનો લેપ કરવાથી કાનની પાળો વધે છે.

૯. આસંધ, વજ, ઉપલેટ, ગજપીપળી, એ સર્વે સમભાગે લેઇ તેનું ચૂર્ણ કરી ભેંશના માખણમાં મેળવી તેનો લેપ કરવાથી કાનની બૂટો વધે છે.

૧૦. ચણોઠીનું મૂળ તથા ફળ લેઇને તેનું ચૂર્ણ કરી ભેંશના દૂધમાં નાખવું અને પછી તે દૂધને આધરકવું (નવસેકું ગરમ કરવું ?) પછી તેનું દહીં થાય તેને વલોવીને તેમાંથી માખણ કાઢવું. એ માખણનો નિત્ય કાને લેપ કરવાથી કાન વધે છે એમાં શક નથી.

૧૧. આસંધ, લોધર અને ગજપીપર, એ ત્રણે સમાન ભાગે લેવો. પછી તે ચૂર્ણથી ચોગણું પાણી લેઇને તેમાં એક ભાગ જેટલું તલનું તેલ નાખવું. પછી તેલ શેષ રહે ત્યાં સુધી દેવતા ઉપર મૂકી તેનો પાક કરવો. તે તેલ ગાળી લેઇને તેનો લેપ કરવાથી સ્તનની વૃદ્ધિ થઇ તે સ્થૂલ થાય છે, તથા કાનની બૂટો પણ મોટી થાય છે.

૧૨. ભીલામાં, દાડમની છાલ, તથા રીંગણીનાં મૂળ, એ ત્રણને સરસિયા તેલમાં પક્વ કરીને તે તેલનો લેપ કરવાથી કાનની બૂટો વધે છે.

૧૩. ઉપલેટ, આસંધ, અને ગજ પીપરનું ચૂર્ણ કરીને તેને ભેંશના માખણમાં પક્વ કરવું. પછી તે માખણને ગાળી લેઇને તેનો લેપ કરવાથી કાનની બૂટો ઘણી વધે છે તથા સ્તન કઠણ અને મોટા થાય છે.

૧૪. રીંગણી અને દુલ્લરી (ભોંયરીંગણી ?), એ બે સાથે આસંધ મેળવીને તે સહુને પાણીમાં વાટી તેનો લેપ કરવાથી કાન તથા સ્તનની વૃદ્ધિ થાય છે.

૧૫. કાનની પાળ પાકતી હોય તો તે ઉપર કોઠાના સૂકા ગર્ભનું ચૂર્ણ અને તેલ મેળવીને ચોપડવું અને પછી તે ઉપર ધવા (ધાવડી ?)નું ચૂર્ણ દાબવું. તેથી તે રૂઝાઇ જાય છે.

૧૬. શુંઠ અને રાઇનું ચૂર્ણ કરીને તેમાં ઘરનો ધૂમાસ મેળવી તે બધું આકડાના વાસણમાં નાખવું. પછી તેમાં ઘી અને છાશ મેળવીને તેનો લેપ કરવાથી કાન પાકતો મટે છે.

## नासारोगाः

### નાકના રોગના પ્રકાર

**अर्शोस्त्रस्त्रावपिडकाः पूयस्त्रावश्च पीनसः ।**
**प्रतिश्यायश्छलिकाश्चेत्याद्या नासामयाः स्मृताः ।।३६।।**

૧. નાકમાં અર્શના અંકુર થાય છે, નાકમાંથી લોહી નીકળે છે, નાકમાં ફોલ્લીઓ થાય છે, નાકમાંથી પરૂ વહે છે, નાકમાં પીનસ થાય છે, સળેખમ થાય છે, અને છલિકા (છોડ ?) થાય છે, ઇત્યાદિક નાકના રોગ કહેલા છે.

### નાકના રોગના ઉપાય

**वारिपिष्टं त्रयं दूर्वाकुसुम्भं दाडिमीफलम् ।**
**नस्यतो नासिकारक्तं स्तम्भयेत्प्रवहद्द्रुतम् ।।३७।।**
**कटुतुम्बीलताकन्दरसो दूर्वारसान्वितः ।**
**नस्यतो नासिकारक्तं स्तम्भयेत्प्रहराद्ध्रुवम् ।।३८।।**
**कटुतुम्बीलताकन्दो घृष्टः शीतेन वारिणा ।**
**नस्यतो हन्ति नासाया रक्तवाहं न संशयः ।।३९।।**
**जम्बुपत्रयुतो दूर्वारसो दाडिमपुष्पयुक् ।**
**नासाया नस्यतो रक्तं पतद्वारयतेऽनिशम् ।।४०।।**
**व्याघ्रीदन्तीवचाशिग्रुसुरसाव्योषसैन्धवैः ।**
**पाचितं नावनात्तैलं पूतिनासागदं हरेत् ।।४१।।**
**निपतद्वारयेद्रक्तं नासाया गोघृतान्विता ।**
**शर्करा नस्यतो वश्यमापदं कालिका यथा ।।४२।।**

शय्यारूढो जलं शीतं निद्राकालेऽपि यः पिबेत् ।
तस्य पीनसजं दुःखं शमं याति दिनत्रयात् ॥४३॥
त्रिफलापिप्पलीचूर्णं मधुना लीढमाशु तत् ।
पीनसं वा महाश्वासं सशोफं शमयेद्द्रुतम् ॥४४॥
विगतघननिशीथे प्रातरुत्थाय नित्यं ।
पिबति खलु नरो यो घ्राणरन्ध्रेण वारि ।
स भवति मतिपूर्णश्चक्षुषा तार्क्ष्यतुल्यो ।
वलिपलितविहीनो रोगमुक्तश्चिरायुः ॥४५॥
मरिचं दधिमिश्रेण गुडौषधेन शाम्यति ।
पीनसो याति गोधूमक्षिप्राभोजनतोऽथवा ॥४६॥
शङ्खगोकर्णयोः कल्कौ धातुक्या मधुकस्य च ।
घ्राणास्त्रावे सृजि प्रोक्तो योषित्क्षीरेण योजितः ॥४७॥
नस्यं दाडिमपुष्पोत्थरसो दूर्वोद्भवोऽथवा ।
आम्रास्थिजः पलांडोर्वा नासिकास्त्रुतिरक्तनुत् ॥४८॥
गृहधूमकणादारुक्षारनक्ताह्वसैन्धवैः ।
सिद्धं शिखरिबीजैश्च तैलं नासागदापहम् ॥४९॥
अभया दाडिमीपुष्पलाङ्गलं पिष्टमम्भसा ।
नस्यतो हन्ति नासाया रक्तस्त्रावमिति श्रुतम् ॥५०॥

૧. દરો, કસુંબીનાં ફૂલ અને દાડમ, એ ત્રણને પાણીમાં વાટીને સુંઘવાથી નાકમાંથી વહેતું લોહી જલદીથી બંધ થાય છે.

૨. કડવી તુંબડીના વેલાના કંદનો રસ અને દરોનો રસ મિશ્ર કરીને સુંઘવાથી નાકમાંથી વહેતું લોહી એક પ્રહરમાં નિશ્ચય અટકી જાય છે.

૩. કડવી તુંબડીના વેલાના કંદને ઠંડા પાણીમાં ઘસીને સુંઘવાથી નાકમાંથી નીકળતો લોહીનો પ્રવાહ જરૂર બંધ થાય છે.

૪. જાંબુડાનાં પાનાં તથા દરોનો રસ દાડમના ફૂલ સાથે ઘુંટીને તે રસ ગાળી લેઇને નાકમાં સુંઘવાથી નાકમાંથી જે નિરંતર લોહી નીકળ્યા કરતું હોય છે, તે બંધ થાય છે.

૫. રીંગણી, દંતીમૂળ, વજ, સરગવો, તુળસી, શુંઠ, પીપર, મરી, સિંધવ, એ સર્વનું કલ્ક (પાણીમાં વાટી ચટણી) કરીને તેમાં તલનું તેલ નાખી તેલ પક્વ કરવું. એ તેલનાં ટીપાં નાકમાં નાખવાથી પરૂ વહેતું હોય તે બંધ થાય છે.

૬. જેમ દેવી કાલિકા આપત્તિને હરે છે, તેમ, ગાયના ઘી સાથે સાકર વાટીને સુંઘવાથી નાકમાંથી પડતું લોહી અવશ્ય બંધ કરે છે.

૭. જે માણસ ઊંઘવાને વખતે પણ બિછાનામાં બેસીને ઠંડું પાણી પીએ છે, તેનું પીનસનું દુઃખ પણ ત્રણ દિવસમાં શાંત થાય છે.

૮. જે માણસ ત્રિફળા અને પીપરનું ચૂર્ણ મધ સાથે ચાટે છે, તેનું પીનસ જલદી મટી જાય છે, તેમજ એજ ઔષધ સોજાને અને મહાશ્વાસને પણ જલદી મટાડે છે.

૯. મધ્યરાત્રી વીતી ગયા પછી સવારમાં ઊઠીને નિત્ય જે માણસ નાકનાં છિદ્ર દ્વારા પાણી પીએ છે, તે માણસ બુદ્ધિમાન થાય છે, તેની દ્રષ્ટિ ગરૂડ જેવી દીર્ઘ થાય છે, તેના શરીર પર વૃદ્ધાવસ્થાની કરચલીઓ પડી હોય તથા પળિયાં આવ્યાં હોય, તો તે પણ મટી જાય છે, અને તે રોગથી નિર્મુક્ત થઇને લાંબો આયુષ્ય ભોગવે છે.

૧૦. દહીં સાથે મરીનું ચૂર્ણ ચાટવાથી, ગોળ સાથે શુંઠ ખાવાથી અથવા ગહુંની ખીચડી ખાવાથી પીનસ રોગ દૂર થાય છે.

૧૧. શંખ, ગોકર્ણ ( ?), ધાવડી, જેઠીમધ, એ ઔષધીઓનું કલ્ક કરીને તેને સ્ત્રીના દૂધમાં નાખીને જેને નાકમાંથી લોહી નીકળતું હોય તેને સુંઘાડવું.

૧૨. દાડમના ફૂલનો રસ, અથવા દરોનો રસ, અથવા કેરીની ગોટલીનો રસ અથવા ડુંગળીનો રસ, એમાંથી કોઇપણ એક રસ સુંઘવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થાય છે.

૧૩. ઘરનો ધૂમાસ, પીપર, દેવદાર, જવખાર, હળદર, કરંજ, સિંધવ, અઘાડાનાં બીજ, એ ઔષધોથી સિદ્ધ કરેલું તેલ નાકમાં મૂકવાથી નાકનો રોગ દૂર થાય છે.

૧૪. હરડે, દાડમનાં ફૂલ, લાંગળ જાતની ડાંગરના ચોખા, એ સર્વને પાણીમાં વાટીને તેને સુંઘવાથી નાકમાંથી લોહી વહેતું બંધ થાય છે એમ સાંભળ્યું છે.

# मुखरोगः

## મુખરક્તના ઉપચાર

पिष्ट्वा तन्दुलतोयेन कुस्तुम्बरशिफा मुखात् ।
स्तम्भयेन्निपतद्रक्तं प्रातः पीतं तु वेगतः ॥५१॥
उदुम्बरशिफा पिष्ट्वा पीता तन्दुलवारिणा ।
पतद्रक्तं मुखान्नूनं वारयत्यतिवेगतः ॥५२॥
आटरूषकपत्राणां रसो मधुसमन्वितः ।
शोणितं स्तम्भयेदास्यात्प्रातः पीतं पतद्ध्रुवम् ॥५३॥

૧. ધાણાનાં મૂળને ચોખાના ધોવણમાં વાટીને સવારમાં પીવાથી, મુખમાંથી જે ઘણા વેગથી લોહી પડતું હોય તે અટકે છે.

૨. ઉમૈડાનાં મૂળને ચોખાના ધોવણમાં વાટીને પીવાથી મુખમાંથી પડતા લોહીને ઝપાટા સાથે જરૂર અટકાવી દે છે.

૩. અરડૂસાનાં પાંદડાંનો રસ મધ સાથે પ્રાતઃકાળમાં પીવાથી મુખમાંથી પડતું લોહી નિશ્ચય અટકે છે.

## સ્વરભંગના ઉપચાર

बिभीत सैन्धवं कृष्णा चूर्णं पीतं वराम्भसा ।
स्वरभङ्गं तथा कृच्छ्रशब्दोच्चारं च वारयेत् ॥५४॥
कृच्छ्रशब्दं स्वरभङ्गं शिवाचूर्णं निवारयेत् ।
गोक्षीरसंयुतं पीतं शीतं वारि यथा तृषाम् ॥५५॥

૧. બહેડાના ફળની છાલ, સિંધવ અને હરડે, એ ત્રણ ઔષધોનું ચૂર્ણ કરીને ત્રિફળાના પાણીમાં પીવાથી ઘાંટો બેસી ગયો હોય તે ઉઘડે છે તથા મહામહેનતે બોલાતું હોય તે મટીને સહેલાઇથી અવાજ નીકળે છે.

૨. જેમ ઠંડા પાણીથી તરસ મટે છે, તેમ આમળાનું ચૂર્ણ ગાયના દૂધ સાથે પીવાથી, શબ્દ મુશ્કેલીથી બોલાતો હોય તે રોગ તથા ઘાંટો બેસી જવાનો રોગ મટે છે.

## મુખપાકના ઉપચાર

गुडो लवणसिद्धार्थहरिद्रामरिचं कणा ।
चूर्णमुष्णाम्भसा वक्त्रे धृतं तद्रोगनाशनम् ॥५६॥

**तिलतैलान्वितः पक्वो कटुबिम्बीदलोद्भवः ।**
**रसो हन्ति मुखान्तस्थः पक्वतुण्डमसंशयम् ॥५७॥**
**जातीपत्रामृताद्राक्षादेवदारुफलत्रिकैः ।**
**क्वाथः क्षौद्रयुतः पीतो गण्डूषो मुखपाकजित् ॥५८॥**
**वालकद्वितयं कृष्णं बुब्बुलं शतपत्रकम् ।**
**एतल्लेपेन नश्यन्ति स्फोटका रसनोद्भवाः ॥५९॥**
**मुखरोगं निहन्त्याशु निशाक्वाथो मुखे धृतः ।**

૧. ગોળ, સિંધવ, સરસવ, હળદર, મરી, પીપર, એ ઔષધોનું ચૂર્ણ કરીને તેને ગરમ પાણી સાથે મુખમાં રાખવાથી મુખરોગ મટે છે.

૨. કડવી ઘિલોડીનાં પાંદડાંના રસમાં તલનું તેલ નાખીને પક્વ કરીને તે રસસહિત તેલ મુખમાં રાખવાથી મુખપાક જરૂર મટી જાય છે.

૩. જાઇનાં પાંદડાં, ગળો, દ્રાક્ષ, દેવદાર, ત્રિફળા, એ ઔષધોનો ક્વાથ કરીને મધ સાથે તેના કોગળા ભરવાથી મુખપાક મટે છે.

૪. કાળો તથા પીળો વાળો, બાવળનો કાળો રસ, કમળ, એ સૌને વાટીને તેનો લેપ કરવાથી જીભ ઉપરના ફોલ્લા મટી જાય છે.

૫. હળદરનો ક્વાથ કરીને મુખમાં કોગળા ભરવાથી મુખરોગ જલદીથી મટી જાય છે.

## દાંતના રોગના ઉપાય

**चर्विता दन्तसंलग्ना गडूची दन्तशूलहृत् ॥६०॥**
**चर्विते विधृते वक्त्रे जातीपत्रे विनश्यति ।**
**मुखरुक् केसरोद्भूतैर्बीजैः स्युर्दशना दृढाः ॥६१॥**
**शृङ्गबेररसोपेतं केसरं दन्तचर्वितम् ।**
**दन्तजन्तून् निहन्त्याशु करोति दशनान् दृढान् ॥६२॥**
**चर्वित्वा विधृतं हन्ति दन्तकीटकवेदनाम् ।**
**गुञ्जावराहकर्णीयं मूलमेकैकमुद्धृतम् ॥६३॥**
**नीलीमूलं स्नुहीमूलमेकैकं दन्तचर्वितम् ।**
**विधृतं हन्ति दन्तानां कीटं वेदनया सह ॥६४॥**

खदिरो जातिपत्राणि छल्लिर्हैवजवृक्षजा ।
टिंटुबीजैः कृतं तैलं गडूषो दन्तदार्ढ्यकृत् ॥६५॥
गडूची वारिणा पिष्टा जलैर्मुखधृतैर्व्रजेत् ।
दन्तशूलं दृढास्ते स्युः स्वेदिता द्युमणेर्दलैः ॥६६॥
आटरूषरसापिष्टकसेरुरसपूरिते ।
कर्णे दन्तस्थिता यान्ति कृमयो निखिला द्रुतम् ॥६७॥
सिन्दुवारविडङ्गार्कक्षीरं लवणसंयुतम् ।
यावकापिष्टमेतच्च कृमिहृद्दन्तलेपनम् ॥६८॥

૧. ગળોના વેલાને ચાવીને દાંતે દબાવી રાખવાથી દાંત દુઃખતા મટે છે.

૨. જાઇનાં પાંદડાં ચાવીને મુખમાં રાખવાથી મોંઢાનો રોગ મટે છે, તેમજ નાગકેસરનાં બીજને ચાવીને મુખમાં રાખવાથી દાંત મજબુત થાય છે.

૩. આદુના રસમાં નાગકેસર નાખીને તેને દાંતથી ચાવવું, તેથી દાંતમાંના જંતુ તરત નાશ પામે છે તથા દાંત મજબૂત થાય છે.

૪. ચણોઠીનું મૂળ અથવા આસંધનું મૂળ ઉપાડીને બેમાંથી ગમે તે એક મૂળને દાંત આગળ રાખવાથી જંતુની વેદના નાશ પામે છે.

૫. ગળીનું મૂળ કે થોરનું મૂળ, એમાંથી હરકોઇ એકને દાંતે ચાવીને મુખમાં રાખવાથી દાંતની પીડા તથા દાંતના જંતુને નાશ કરે છે.

૬. ખેર, જાઇનાં પાંદડાં, હૈવજ (?) વૃક્ષની છાલ, લોધરનાં બીજ, એ ઔષધોથી સિદ્ધ કરેલા તેલના કોગળા કરવાથી દાંત દૃઢ થાય છે.

૭. ગળોને પાણીમાં વાટીને તે પાણીના મુખમાં કોગળા ભરવાથી દાંતનું શૂળ મટીને તે દૃઢ થાય છે. તેમજ આકડાંનાં પાંદડાંનો બાફ દાંતને આપવાથી પણ તે દૃઢ થાય છે.

૮. અરડૂસાના રસમાં ભદ્રમોથને વાટીને તે રસ કાનમાં ભરવાથી દાંતમાં રહેલા સઘળા જીવડા જલદીથી નાશ પામે છે.

૯. નગોડ, વાવડીંગ, આકડાનું દૂધ અને સિંધવ એ સર્વને લાખના અળતામાં વાટીને દાંતે ચોપડવાથી દાંતના કૃમિ નાશ પામે છે.

## ઓઠના રોગ

गैरिकाम्भोधृतं तैलं सज्जिसैन्धवसिक्थकम् ।
वरुणाम्भःसृतं पक्वमोष्ठपाकव्रणापहम् ॥६९॥

**सिक्थकं यावकोपेतं कटुतैलेन पाचितम् ।**
**ओष्ठे विपादिकां हन्ति लेपतो वेगतोऽखिलाम् ॥७०॥**
**सिद्धार्थतैलसंलिप्ततापिताम्रस्य पल्लवैः ।**
**अधरे स्वेदिते शीघ्रं शमं याति विपादिका ॥७१॥**

૧. ગેરૂનું પાણી, ઘી, તેલ, સાજીખાર, સિંધવ અને મીણ, એ સર્વેને વરણાના ક્વાથમાં નાખી પાક કરવો. એ પાકથી થયેલો મલમ ઓઠ ઉપર ચોપડવાથી ઓઠ પાકીને ચાંદાં પડે છે તે મટી જાય છે.

૨. મીણ, લાખનો અળતો, એ બેમાં સરસીયું તેલ મેળવીને પાક કરવો. એ મલમ ઓઠ ઉપર ચોપડવાથી ઓઠ ફાટીને ચાંદાં પડી જાય છે તે સઘળાં જલદીથી મટી જાય છે.

૩. ઓઠ ફાટતા હોય તેણે આંબાનાં પાંદડાં પર સરસિયું તેલ ચોપડીને તેને અગ્નિ ઉપર ગરમ કરીને તે વતી ઓઠને બાફ આપવો એટલે ઓઠ ફાટતા મટી જાય છે.

## મુખદૌર્ગંધ્ય

**वालाह्वं मदनं जातीफलं मरुकषाभिधम् ।**
**गुटिकास्ये धृता हन्ति पूतिगन्धं सुदारुणम् ॥७२॥**
**जातीपत्राणि जातेश्च फलं सम्पीड्य वारिणा ।**
**तस्य लेपे कृते याति मुखदौर्गन्ध्यलाञ्छनम् ॥७३॥**
**इङ्गुदीफलमज्जा वा पिष्टा शीतेन वारिणा ।**
**प्रलेपो नाशयत्येव मुखदौर्गन्ध्यलाञ्छनम् ॥७४॥**

૧. વાળો, મીંઢળ, જાયફળ, મરૂકષા (?), એ ઔષધોની ગોળી કરીને મુખમાં રાખવાથી મોમાંથી નઠારો ગંધાતો વાસ નીકળતો હશે તે મટી જશે.

૨. જાવંતરી અને જાયફળને પાણીમાં વાટીને તેનો લેપ કરવાથી દુર્ગંધથી મોઢું ગંધાતું હોય તે મટી જાય છે.

૩. અથવા હીંગોરાના ફળની મીજને ઠંડા પાણીમાં વાટીને તેનો લેપ કરવાથી મુખની દુર્ગંધ મટી જાય છે.

## પાનચૂનાથી પડેલા ફોલ્લા

**ताम्बूली तीव्रचूर्णेन दग्धेऽन्तर्वदने सति ।**
**तैलस्य काञ्जिकस्याथ गण्डूषो हन्ति वेदनाम् ॥७५॥**

પાનમાં ચૂનો અતિશય પડવાથી મુખની અંદર ફોલ્લા થયા હોય કે ભાઠો પડી હોય તો તેલ કે કાંજીના કોગળા ભરવાથી તે મટી જાય છે.

## સુસ્વરનો ઉપાય

**जातीपत्रं कणा लाजा मातुलुङ्गदलं मधु ।**
**एषां लेहे भवेन्नादः किन्नरस्वरतोऽधिकः ॥७६॥**

જાવંતરી, પીપર, ડાંગરની ધાણી, બીજોરાનાં પાંદડાં, મધ, એ સર્વનું ચાટણ કરીને ચાટવાથી કિન્નર નામના દેવો કરતાં પણ વધારે સારો સ્વર નીકળે છે.

## મુખવ્યંગનો ઉપાય

**सिद्धार्थतिलजीराणां चूर्णं पिष्टं समांशतः ।**
**दुग्धेन लेपतस्तस्य मुखव्यङ्गं विनश्यति ॥७७॥**
**बदरीफलबीजानि पिष्टानि मधुनाऽथवा ।**
**गुडेन नवनीतेन तल्लेपो मुखरोगहृत् ॥७८॥**
**वरुणस्य त्वचं पिष्ट्वा छागीदुग्धेन तत्त्वचा ।**
**मुखलेपे कृते याति कार्ष्ण्यं वा व्यङ्गलाञ्छनम् ॥७९॥**

૧. સરસવ,તલ અને કાળી જીરી એ ઔષધો સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરી દૂધમાં કાલવી તેનો લેપ કરવાથી મુખ ઉપર જે જુવાનીની ફોલ્લીઓ થાય છે તે મટી જાય છે.

૨. બોરડીનાં ફળની મીજને મધ સાથે અથવા ગોળ સાથે અથવા માખણ સાથે વાટીને તેનો લેપ કરવાથી મુખરોગ મટે છે.

૩. વરણાની છાલને બકરીના દૂધમાં વાટીને તેનો લેપ મુખ ઉપર કરવાથી, મોં ઉપર કાળા ડાઘા પડે છે તે છાયા અથવા જુવાની ખીલ મટી જાય છે.

## ગળાના રોગ

**श्वेतापराजितामूलमुद्धृतं सह सर्पिषा ।**
**पीतं वा कन्धराबद्धं गण्डमालोपशान्तिकृत् ॥८०॥**
**श्वेतापराजितामूलं विशालायाः शिफाऽथवा ।**
**गोमूत्रसंयुता चैव गण्डमालाविनाशिनी ॥८१॥**
**छछुन्दरीयुतं तैलं पाचितं तस्य लेपतः ।**
**गण्डमालाऽतिघोराऽपि लेपभीताऽपसर्पति ॥८२॥**

वल्लास्तैलयुता भुक्ता गण्डमालाविनाशिना: ।
चित्रोद्धृतं गले बद्धं कुन्दमूलं निहन्ति ताम् ॥८३॥
ब्रह्मदण्डीशिफासार्द्रा पिष्टा तन्दुलवारिणा ।
स्फुटितां हन्ति वेगेन गण्डमालामतिद्रुतम् ॥८४॥
निर्गुण्डीमूलिका पिष्टा वरातोयेन सर्पिषा ।
किंवाऽपराजितामूलं घृतपीतं निहन्ति ताम् ॥८५॥
शेफालीमूलिका मुक्ता गलशुण्डीनिवारिणी ।
उपजिह्वा शमं याति तच्छिराशोणिते गते ॥८६॥
तन्दुलोदकसम्पिष्टभारङ्गीमूललेपत: ।
गलगण्डं शमं याति यथा दुष्टोऽतिपीडित: ॥८७॥
अजाम्भ: कटुतैलं च तक्रसैन्धवसंयुतम् ।
एतल्लेपो निहन्त्येव गलगण्डमसंशयम् ॥८८॥
हयमाररसो बीजं देवदारो: सुपाचित: ।
निहन्ति नस्यत: स्वैरं गलरोगमसंशयम् ॥८९॥
द्वौ क्षारौ त्रिफलाव्योष विडङ्गं लवणान्वितम् ।
चित्रकश्चेति चूर्णानि गोमूत्रे लेहवत्पचेत् ॥९०॥
एषा गोमूत्रिकावर्तीर्गलरोगविनाशिनी ।
शस्त्रसाध्यानपि व्याधीन्निहन्त्येव न संशय: ॥९१॥
वत्सकातिविषादारुपाठातिक्तांबुदा: सह ।
गोमूत्रक्वथिता: पेया गलरोगे समाक्षिका: ॥९२॥

૧. ધોળી અપરાજિતાનું મૂળ ઉપાડી લાવીને તેને ઘીની સાથે પીવાથી અથવા ગળે બાંધવાથી ગંડમાળા મટે છે.

૨. ધોળી અપરાજીતાનું મૂળ અથવા ઇંદ્રવારણીનું મૂળ, ગાયના મૂત્ર સાથે ઘસીને ચોપડે તો ગંડમાળાનો વિનાશ કરે છે.

૩. છછુંદરી નામની વનસ્પતીને તેલમાં કકડાવીને તે તેલનો લેપ કરવાથી મહાભયાનક ગંડમાળા પણ એ લેપના ભયથી બીહીને (ડરીને) જતી રહે છે.

૪. તેલ અને વાલ ખાય તો તે ગંડમાળાનો વિનાશ કરે છે.

૫. ડોલરનું મૂળ ચિત્રા નક્ષત્રમાં આણીને ગળે બાંધવાથી ગંડમાળા મટે છે.

૬. બ્રહ્મદંડીનાં લીલાં મૂળને ચોખાના ધોવણમાં વાટીને ફાટેલી ગંડમાળા ઉપર ચોપડવાથી તેને જલદીથી મટાડી દે છે.

૭. નગોડનું મૂળ ત્રિફળાના પાણીમાં વાટીને ઘી સાથે પીવાથી ગંડમાળા મટે છે. તેમજ અપરાજિતાનું મૂળ ઘી સાથે પીવાથી પણ ગંડમાળા મટે છે.

૮. શેફાલીનું મૂળ વાટીને પાણી સાથે પીવાથી ગળસુંડાં મટે છે.

૯. પડજીભમાં વિકાર થયો હોય તો તેની શિરામાંથી લોહી કઢાવવું એટલે તેનો ઉપદ્રવ મટી જાય છે.

૧૦. જેમ દુષ્ટને ઘણી પીડા કરવાથી તે શાંત પડે છે, તેમ ચોખાના ધોવણમાં ભારંગનું મૂળ વાટીને તેનો લેપ કરવાથી ગળા ઉપર થયેલાં ગૂમડાં મટે છે.

૧૧. બકરીનું મૂત્ર, સરસિયું તેલ, છાશ, સિંધવ, એ સઘળું એકત્ર કરીને તેનો લેપ કરવાથી ગળાનાં ગૂમડાં જરૂર મટી જાય છે.

૧૨. કરેણનો રસ અને દેવદારનાં બીજ એ બંને એકત્ર પક્વ કરીને તેનો નાસ આપવાથી ગળાના રોગ એની મેળે નિશ્ચય મટી જાય છે.

૧૩. જવખાર, સાજીખાર, હરડે, બેઢાં, આમળાં, શુંઠ, પીપર, મરી, વાવડીંગ, સિંધવ, ચિત્ર, એ સર્વેને સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને ગાયના મૂત્રમાં લેહની પેઠે તેનો પાક કરવો. આ પાક કઠણ થાય એટલે તેની ગોળીઓ બનાવવી. એ ગોળી ગળાના રોગને મટાડનારી છે. જે રોગો શસ્ત્રથી કાપ્યા વિના મટે જ નહિ, એવા રોગોને પણ આ ગોળી મટાડે છે.

૧૪. કડાછાલ, અતિવિખની કળી, દારૂહળદર, પહાડમૂળ, કડુ, મોથ, એ સર્વે સમાન ભાગે લેઇને ગાયના મૂત્રમાં ક્વાથ કરીને તેમાં મધ નાખીને પીવાથી ગળાના રોગ મટે છે.

## ગળાનો શોષ

**पटोलीमूलिका सार्दा तूबरी मधुयष्टिका ।**
**क्रमुकं चिक्कणं निंबुछल्ली च खदिरान्विता ।।९३।।**
**कटुकी तवराजौथ क्वाथोऽमीषां सुशीतलः ।**
**गण्डूषकरणाद्धन्ति गलशोषं सुदारुणम् ।।९४।।**

श्रीखण्डं पद्मकं मुस्ता धान्यकं निम्बुवल्कलम् ।
कुष्माण्डं खदिरो दूर्वामूलं च तवराजकम् ॥९५॥
अष्टावशेषितोऽमीषां क्वाथः शीतलतां गतः ।
गण्डूषकरणाद्धन्ति रोगिणः शोषमुल्बणम् ॥९६॥
कणाजीरं सितानागकेसरं दाडिमीफलम् ।
मधुना भक्षणादेषां शोषः शाम्यति सत्वरम् ॥९७॥
वटपादाः शिवा कृष्णा मधुकं मधुना सह ।
अवलेहे कृतेऽमीषां तृषारोगो विनश्यति ॥९८॥
वटपादोत्पलं कुष्टं लाजा धान्यकमम्भसा ।
पिष्टिरेतैर्गुटी वक्त्रे समधुः शोषहृद्गता ॥९९॥
अर्धावर्द्धितपानीये सलाजे शीतले मधु ।
तवराजयुतां द्राक्षां क्षिप्त्वा पीते तृषा व्रजेत् ॥१००॥
कुष्टं कासोद्भवं मूलं पद्मकं पिष्टमम्भसा ।
भक्षितं तद्ध्रुवं हन्ति पिपासां चिरकालजाम् ॥१०१॥
जलं मलयजं रक्तचन्दनं पद्मकं समम् ।
उशीरेणान्वितो लेपो मस्तके तृट्निवारणः ॥१०२॥
लेहो तृष्णाजयीकृष्णा मधुक्षीरद्रुमाङ्कुरैः ॥
तप्तलोहोदकं वारि लाजाक्षौद्रसितायुतम् ॥१०३॥
वटश्टङ्गमधुकुष्टलाजानीलोत्पलैः कृता ।
गुटिकैका मुखन्यस्ता तृषामाशु निरस्यति ॥१०४॥
गोस्तनीक्षुरसक्षीरयष्टीमधुमधूत्पलैः ।
निश्चितं पाननस्याभ्यां तृषा शाम्यति दारुणा ॥१०५॥

૧. પટોલીનાં લીલાં મૂળ, તુવરી, જેઠીમધ, ચીક્કણસોપારી, લીંબુની છાલ, ખેરસાર, કુટકી, યવાસશર્કરા, એ સર્વનો ક્વાથ કરીને તે અતિશય શીતળ થાય એટલે તેના કોગળા કરવાથી અતિ કઠણ એવો ગળામાં શોષ પડતો હશે તો તે મટશે.

૨. સુખડ, કમળકાકડી, મોથ, ધાણા, લીંબુની છાલ, કોહોળું (ભૂરૂં), ખેરસાર, દુર્વાનાં મૂળ, તવરાજ (યવાસશર્કરા) એ ઔષધોનો ક્વાથ કરીને તે

આઠમે ભાગે બાકી રહે ત્યારે તેને ઠંડો કરીને કોગળા કરવાથી રોગીને અતિ ભયાનક શોષ પડતો હોય તો તે પણ મટે.

૩. પીપર, જીરૂ, સાકર, નાગકેસર, દાડમનું ફળ, એ સર્વને સમાન ભાગે લેઇને તેને મધ સાથે ચાટવાથી તરતજ શોષ મટી જાય છે.

૪. વડવાઇનાં અંકુર, આમળાં, પીપર, જેઠીમધ, એ ઔષધોનું ચૂર્ણ મધની સાથે ચાટવાથી તૃષા રોગ મટે છે.

૫. વડવાઇના અંકુર, કમળ, ઉપલેટ, ડાંગરની ધાણી, ધાણા, એ સર્વને પાણીમાં વાટીને તેમાં ખડીસાકર નાખીને તેની ગોળી મધ સાથે બાંધવી. એ ગોળી મુખમાં રાખવાથી શોષ રોગને મટાડે છે.

૬. દોઢ શેર પાણીમાં ડાંગરની ધાણી નાખીને ઉકાળી તેને શીતળ કરવું. પછી તેમાં યવાસશર્કરા તથા દ્રાક્ષ નાખીને પલળવા દેઇ ચોળી નાખી પાણી ગાળી લેવું. એ પાણી પીવાથી તૃષા રોગ મટે છે.

૭. ઉપલેટ, કાસનું મૂળ, કમળકાકડી, ત્રણને પાણી સાથે વાટીને ખાવાથી ઘણા કાળથી ઉત્પન્ન થયેલી તરસ જરૂર મટે છે.

૮. મલયાગરૂ, રતાંજળી, કમળકાકડી, વીરણવાળો, એ સર્વે સમાન ભાગે લેઇને તેને પાણીમાં વાટીને તેનો લેપ માથે કરવાથી તરસ મટે છે.

૯. પીપર, મધ, જેમાંથી દૂધ નીકળે એવા વડ, પીપર, રાયણ, વગેરે ઝાડના અંકુર, એ સહુને એકત્ર વાટી તેનું ચાટણ કરવાથી તૃષા મટે છે.

૧૦. લોઢાને લાલચોળ તપાવીને પાણીમાં નાખવું. તે પાણી ઠંડુ થાય ત્યારે તેમાં વીરણવાળો, ડાંગરની ધાણી, મધ અને સાકર નાખીને તેને ગાળીને પીવાથી તૃષા રોગ મટે છે.

૧૧. વડની ટીશીઓ, મધ, ઉપલેટ, ડાંગરની ધાણી, કાળું કમળ, એ સર્વે ઔષધોવડે બનાવેલી એક ગોળી મુખમાં રાખવાથી તરસ તરત જ મટી જાય છે.

૧૨. દ્રાક્ષ, શેરડીનો રસ, દૂધ, જેઠીમધ, મધ, કમળ, એ ઔષધોનું પાન કરવાથી તથા તેનાં નાકમાં ટીપાં નાખવાથી મહાદારૂણ તરસ પણ મટે છે.

**।। इति जैनाचार्यश्रीकंठविरचिते हितोपदेशनाम्नि नासिकामुखगलरोग प्रतीकारस्तृतीयः समुद्देशः ।।३।।**

# नेत्ररोगाः

## નેત્ર રોગના પ્રકાર

**वातेन पित्तेन तथा कफेन रक्तप्रकोपेण च नेत्ररोगाः ।**
**तद्धेतुमल्पं कथयामि येन स्पष्टो भवेन्नेत्रविकारदोषः ॥१॥**

નેત્રના રોગ વાયુથી, પિત્તથી, કફથી તથા રક્તના પ્રકોપથી થાય છે, એ રોગના હેતુઓ હું થોડાકમાં કહું છું કે જેથી કરીને આંખના વિકારને ઉત્પન્ન કરનારા દોષ સ્પષ્ટ માલમ પડી આવે.

## વાતનેત્રરોગનાં લક્ષણ

**शीतत्वमश्रुपातो वा संतापस्तीव्रवेदना ।**
**नेत्रयोर्वातरोगाणां लक्षणं समुदाहृतम् ॥२॥**

આંખમાં ઠંડું લાગે અને આંસુ નીકળે, અગર બળતરા બળે અને તીવ્રવેદના થાય, ત્યારે બન્ને આંખોમાં વાયુના રોગ થયા છે એમ જાણવું, કેમકે એવું તેનું લક્ષણ કહેલું છે.

## પિત્તનેત્રરોગનાં લક્ષણ

**उष्णत्वं पीतता पीडा दाघस्तीव्रोऽतिरक्तता ।**
**नेत्रयोः पित्तदोषस्य चिह्नमूचुर्विचक्षणाः ॥३॥**

આંખમાં પિત્તનો વિકાર હોય ત્યારે વિચક્ષણ વૈદ્યોએ તેનાં એવાં ચિન્હ કહ્યાં છે કે, આંખમાં ગરમી લાગે, પીળાશ દેખાય, પીડા થાય, અતિશય બળતરા બળે, અને આંખ ઘણીજ રાતી થઇ જાય.

## કફ તથા રક્ત નેત્રરોગનાં લક્ષણ

**कण्डूः शोफोऽश्रुपातश्च पिच्छलत्वं च शीतता ।**
**नेत्रयोः कफदोषोऽयं रक्तदोषेतिरक्तता ॥४॥**

જ્યારે આંખમાં ચેળ આવે, સોજો થાય, આંસુ નીકળે, આંખમાંથી ચીપડાં નીકળે, ઠંડક લાગે, ત્યારે બન્ને આંખોમાં કફનો દોષ છે એમ જાણવું, જો લોહીના વિકારથી આંખો દુઃખવા આવી હોય ત્યારે તે ઘણીજ રાતી હોય છે.

## વાતનેત્રનો પ્રતીકાર

सैंधवं तवराजश्च लोध्रं शीतेन वारिणा ।
पिष्टं नेत्रभृतं हन्ति वातरोगमसंशयम् ॥५॥
मधुकं तवराजश्च कुरण्टफलमूलिका ।
नागरं नवनीतेन पिष्टं हन्त्यक्षिमारुतम् ॥६॥
लवणं सैन्धवं शुण्ठी मधुकं सहसर्पिषा ।
पूरितं नैत्रयोर्हन्ति वातरोगमसंशयम् ॥७॥
मधुकं देवदारुश्च सैन्धवं निम्बपल्लवाः ।
श्रीखण्डं वारिणा पिष्ट्वा मुक्तं हन्त्यक्षमारुतम् ॥८॥

૧. સિંધવ, તવરાજ (યવાસશર્કરા), લોધર, એ ત્રણને ઠંડા પાણી સાથે વાટીને આંખમાં ભરવાથી આંખના વાયુના રોગને જરૂર મટાડે છે.

૨. જેઠીમધ, યવાસશર્કરા, ધોળાકાંટાસલિયાનાં ફળ તથા મૂળ, અને શુંઠ, એ સર્વને માખણમાં વાટીને આંખે ચોપડવાથી નેત્રના વાયુ રોગને મટાડે છે.

૩. મીઠું, સિંધવ, શુંઠ, જેઠીમધ, એ સર્વને ઘીમાં ઘુંટીને બન્ને આંખોમાં ભરવાથી વાયુથી થયેલા નેત્ર રોગને નિશ્ચય મટાડે છે.

૪. જેઠીમધ, દેવદાર, સિંધવ, લીંબડાનાં પાંદડાં, સફેદ ચંદન એ સર્વને પાણી સાથે વાટીને આંખમાં મુકવાથી વાયુ સંબંધી આંખના રોગ મટે છે.

## પિત્તનેત્રરોગના પ્રતીકાર

पद्मकं केलिपत्रं च तुत्थं मधुकमिश्रितम् ।
पुटपक्वं जलमिश्रं नेत्रस्थं पित्तरोगहृत् ॥९॥
शिला दारुनिशा लोध्रं मधुकं च रसाञ्जनम् ।
छागलीपयसा पक्वं नेत्रस्थं पित्तरोगहृत् ॥१०॥

૧. કમળકાકડી, કેળનાં પાંદડાં, મોરથુથુ, જેઠીમધ, એ સર્વને મિશ્ર કરીને તેનો પુટપાક કરવો. પછી તેને જળમાં મિશ્ર કરીને આંખમાં નાખવાથી પિત્ત સંબંધી નેત્ર રોગને મટાડે છે.

૨. મનશિલ, દારૂહળધર, લોધર, જેઠીમધ અને રસાંજન એ ઔષધોને બકરીના દૂધમાં પક્વ કરીને આંખમાં નાખવાથી પિત્ત સંબંધી નેત્ર રોગ મટે છે.

## કફનેત્રરોગના પ્રતીકાર

गालितं वारिणा पिष्टं निम्बपत्रं महौषधम् ।
नेत्रयोः पूरितं हन्ति श्लेष्मरोगमसंशयम् ॥११॥
लोध्रचूर्णसमं निम्बपत्रचूर्णमनेन वा ।
बद्ध्वा पुट्टलिनी नीरे क्षिप्त्वा तामथ पीडयेत् ॥१२॥
तद्रसो निर्मलो नेत्रपूरितः क्षणमात्रतः ।
श्लेष्मरोगं निहन्त्याशु नैर्मल्यं कुरुते तयोः ॥१३॥
घृतपक्वामलं पिष्टं शिलालोघ्रं च लेपतः ।
हन्ति श्लेष्मोद्भवां पीडां नेत्रयोरतिवेगतः ॥१४॥
धातुर्दारु निशापथ्या सैन्धवं च रसाञ्जनम् ।
वारिपिष्टं प्रलेपेन हन्त्यक्ष्णोः श्लेष्मजां रुजम् ॥१५॥
तवराजोऽब्धिफेनं च वारिपिष्टं समांशतः ।
हन्ति नेत्रोद्भवां पीडां रतौ व्रीडां यथाङ्गना ॥१६॥
लवणं सैन्धवं तक्रं मरिचं कांस्यभाजने ।
निघृष्टं नेत्रयोर्दत्तं हन्ति रोगं कफोद्भवम् ॥१७॥

૧. લીમડાનાં પાદડાં અને શુંઠને પાણી સાથે વાટીને કપડાથી ગાળી લેવું. પછી તે રસને આંખોમાં ભરવાથી કફ સંબંધી નેત્ર રોગ નિશ્ચય મટે છે.

૨. લોધરનું ચૂર્ણ કરીને તેની બરોબર લીમડાનાં પાંદડાંનું ચૂર્ણ કરવું. તે બન્નેની એક પોટલી બાંધીને તેને પાણીમાં નાંખીને પછી દબાવવી. એ રીતે કરવાથી જે ચોખ્ખો રસ નીકળે તે આંખોમાં ભરવાથી એક ક્ષણ વારમાં કફ સંબંધી નેત્રરોગનો નાશ કરે છે તથા બંને આંખોને નિર્મળ કરે છે.

૩. આમળાને ઘીમાં શેકીને વાટવાં તથા તે સાથે મનશીલ અને લોધર પણ વાટવો. એ ત્રણને પાણીમાં મેળવી તેનો લેપ કરવાથી આંખોને થયેલી કફની પીડા જલદીથી નાશ પામે છે.

૪. મનશીલ, દારૂહળદર, હરડે, સિંધવ, રસાંજન, એ સર્વને પાણીમાં વાટીને તેનો લેપ કરવાથી કફથી ઉત્પન્ન થયેલી આંખોની પીડા નાશ થાય છે.

૫. યવાસશર્કરા, સમુદ્રફેન, એ બંને સમાન ભાગે લેઇને પાણીમાં

વાટવાં. એનો લેપ કરવાથી, જેમ રતિસમયમાં સ્ત્રીની લજ્જા નાશ પામે છે તેમ, આંખની પીડા નાશ પામે છે.

૬. મીઠું, સિંધવ, મરી, એ સર્વને સમાન ભાગે લેઇને કાંસાના વાસણમાં છાશ રેડી તેમાં ઘસવું. પછી તે આંખે આંજવાથી કફથી થયેલી નેત્રની પીડા નાશ પામે છે.

## નેત્રપીડાના સામાન્ય ઉપચાર

**स्त्रीपयो यावको हिङ्गु त्रयं नेत्रभृतं ध्रुवम् ।**
**दहत्यक्ष्णोः स्थितं दुःखं शुष्कं दारु यथाऽनलः ।।१८।।**
**जप्तेनारुणमन्त्रेण वारिणा लोचनद्वये ।**
**क्षालिते शाम्यति क्षिप्रमक्षिपीडाऽतिदुःसहा ।।१९।।**
**ओम् अरुणाय हुं फट् स्वाहा ।।इतिमंत्रः।।**
**श्वेताश्वमारपत्रोत्थरसपूरितचक्षुषोः ।**
**द्रुतं पीडा शमं याति यथा क्रीडाऽतिवार्द्धके ।।२०।।**
**सूतकं गन्धकोपेतं चाङ्गेरीरसमर्दितम् ।**
**अञ्जनं दृष्टिदं नृणां नेत्रामयविनाशनम् ।।२१।।**
**अपामार्गशिफा घृष्टा मधुना सैन्धवेन च ।**
**ताम्रपात्रे भृता नेत्रे हन्ति पीडां तदुद्भवाम् ।।२२।।**
**रसेन्द्रभुजगौ तुल्यौ तयोर्द्विगुणमञ्जनम् ।**
**ईषत्कर्पूरसंयुक्तमञ्जनं नयनामृतम् ।।२३।।**
**प्रत्यहं जलसम्पूर्णमुखं क्षालयतेऽक्षिणी ।**
**प्रातर्यो मुच्यते रोगैर्लोचनोत्थैः सुनिश्चितम् ।।२४।।**
**मधुशिग्रुदलोद्भूतरसपूरितलोचनम् ।**
**विमुञ्चत्यक्षजा पीडा नरं वेश्येव निर्द्धनम् ।।२५।।**
**तरुस्थितनखोद्भिन्नपक्वामलकवारिणा ।**
**नेत्रयुग्मे भृते पीडा शीघ्रं शाम्यति देहिनः ।।२६।।**

૧. કલથી અને હિંગને સ્ત્રીના દૂધમાં એકત્ર કરીને એ ત્રણે વાનાં આંખમાં ભરવાથી, સૂકા લાકડાને જેમ અગ્નિ બાળે છે તેમ, આંખમાંની પીડા નાશ પામે છે.

૨. ''ओम् अरुणाय हुं फट् स्वाहा'' એ અરૂણના મંત્રનો જપ કરતાં પાણીથી બંને આંખો ધોવી. એ રીતે કરવાથી અત્યંત દુ:સહ એવી આંખની પીડા જલદીથી નાશ પામે છે.

૩. જેમ વૃદ્ધાવસ્થામાં રતિ-ક્રીડા જલદીથી શમી જાય છે તેમ, ધોળી કરણનાં પાનાનો રસ આંખોમાં ભરવાથી આંખની પીડા પણ જલદીથી શમી જાય છે.

૪. ગંધક અને પારાની કાજળી કરીને તેનું લૂણીના રસમાં મર્દન કરવું. એ રસનું અંજન કરવાથી મનુષ્યોની દ્રષ્ટિ નિર્મળ થાય છે તથા આંખોના રોગ નાશ પામે છે.

૫. ત્રાંબાના વાસણમાં મધ તથા સિંધવ નાખીને તેમાં અંઘેડાનું મૂળ ઘસીને આંખોમાં ભરવાથી તેમાં થયેલી પીડા નાશ પામે છે.

૬.પારો અને સીસું સમાન ભાગે લેઇને તે બન્નેથી બમણો કાળો સુરમો તેમાં નાખવો, અને તેમાં લગારેક કપૂર મેળવવું. એ રીતે તૈયાર કરેલું અંજન આંખના રોગને અમૃતની પેઠે ગુણ કરે છે, માટે તેને નયનામૃત અંજન કહે છે.

૭. દરરોજ સવારમાં મોંઢામાં પાણીનો કોગળો ભરીને જે માણસ પોતાની બંને આંખોને ધુએ છે, તે માણસ નિશ્ચય આંખના રોગથી મુક્ત થાય છે.

૮. જેમ ધનરહિત થયેલા માણસને વેશ્યા છોડી દે છે તેમ, મધ અને સરગવાનો રસ આંખોમાં ભરનારને નેત્ર રોગની પીડા છોડી દે છે, અર્થાત્ એ ઔષધોથી આંખના રોગ મટે છે.

૯. જે માણસ આંમળાંના ઝાડ ઉપર પાકી ગયેલા આંમળાને નખથી ફાડીને તેનો રસ કાઢી બંને આંખોમાં ભરે, તેની આંખની પીડા તરતજ શમી જાય છે.

## તિમિર રોગના લક્ષણ

**अच्छिद्रमसितं सर्वं पश्यन् वै यस्तु पश्यति ।**
**तिमिरे वातजे ज्ञेयं लक्षणं सुविचक्षणैः ॥२७॥**
**सुस्निग्धं पाण्डुरं सर्वं पश्यत्यक्षमलान्वितः ।**
**क्षणे क्षणेऽबला दृष्टिस्तिमिरे श्लेष्मणो भवेत् ॥२८॥**
**पीतं नीलं तथा रक्तं नरः पश्यति पित्तजे ।**
**त्रिदोषतिमिरे तानि मिश्ररूपाणि पश्यति ॥२९॥**

જે માણસ પોતાની આંખેથી જોતો થકો સર્વ કાંઇ કેવલ અંધકારમય દેખે–તેમાં છિદ્ર પણ દેખે નહિ ત્યારે ડાહ્યા વૈદ્યોએ તેના નેત્રરોગને વાયુથી ઉપજેલો તિમિર રોગ જાણવો. પણ જ્યારે આંખના રોગવાળો માણસ અતિશય ગાઢા ધોળા રંગનું સર્વ કાંઇ દેખે અને ક્ષણે ક્ષણે તેની દ્રષ્ટિ નિર્બળ થતી જાય ત્યારે તેને કફથી થયેલો તિમિર રોગ જાણવો. જો પિત્તથી થયેલો તિમિર રોગ હોય તો તે માણસ સર્વ કાંઇ પીળું, લીલું તથા રાતું દેખે છે. ત્રિદોષથી ઉત્પન્ન થયેલા તિમિર રોગમાં એ સઘળાં રૂપ મિશ્ર જોવામાં આવે છે.

## તિમિર રોગના ઉપાય

अशीति तिलपुष्पाणि षष्टि पिप्पलितन्दुलाः ।
द्वात्रिंशज्जातिकलिका मरिचानि च षोडश ॥३०॥
तोयेन तिमिरं हन्ति मधुना हन्ति पुष्पकम् ।
अजाक्षीरेण रात्र्यांध्यं गौमूत्रेण च चिप्पटम् ॥३१॥
बिभीतफलजं बीजं मधुकं मरिचं शिबा ।
तुत्थमेतद्गुटी हन्ति तिमिरं चक्षुरञ्जनात् ॥३२॥
समुद्रफेनत्रिफलाविडङ्गं रसाञ्जनं नूतनशङ्खनाभिः ।
शिला सुवर्णस्य फलं समांशं कटुत्रयं कुर्कुटिकाण्डखण्डं ॥३३॥
सुपिष्टं कारयेदेतैर्गुटीभागैस्तदञ्जनात् ।
तिमिरं वातकण्डूश्च पटलाश्रु द्रुतं व्रजेत् ॥३४॥
सैन्धवं वारिणा पिष्टं त्रिकटु त्रिफलान्वितम् ।
जलपिष्टे बहिर्लेपः सर्वनेत्रामयापहः ॥३५॥
शिवा निशा कणा कायफलं त्रिकटुकं समम् ।
तैलपक्वं जलापिष्टं तच्चक्षुस्तिमिरापहम् ॥३६॥
आयसे ताम्रपात्रे वा सैन्धवं दधिमर्दितम् ।
कांस्यघृष्टे निशाकृष्णे त्वञ्जनं चाक्षिशूलहृत् ॥३७॥
रसाञ्जनाभयादारुगैरीकं सैन्धवान्वितम् ।
जलपिष्टैर्बहिर्लेपः सर्वनेत्रामयापहः ॥३८॥
अक्षास्थिसारयष्ट्याह्व धात्री मरिचतुत्थकैः ।
जलपिष्टैः कृता वर्तिस्तिमिराणि व्यपोहति ॥३९॥

**व्योषं सञ्चूर्ण्य सिन्धूत्थत्रिफलाञ्जनसंस्थितम् ।**
**गुटिका जलपिष्टेयमञ्जनात्तिमिरापहा ॥४०॥**

૧. તલનાં ફૂલ એંશી, પીપરના દાણા સાઠ, જાઇના ફૂલની કળીઓ બત્રીશ, મરિયાં દાણા સોળ, એ સર્વને લેઇને બારીક વાટી તેની ગોળી બાંધવી. એ ગોળી પાણીમાં ઘશીને આંજવાથી તિમિર રોગ મટે છે. મધમાં ઘશીને આંજવાથી આંખમાં પડેલું ફૂલ મટે છે. બકરીના દૂધમાં ઘશીને આંજવાથી રતાંધળ મટે છે, અને ગાયના મૂત્રમાં ઘશીને આંજવાથી ચીપડાં મટે છે.

૨. બેઢાંના બીયાની મીજ, જેઠીમધ, મરિયાં, હરડે, મોરથુથુ, એ ઔષધો સમાન લેઇને તેની ગોળી કરવી. આ ગોળી પાણીમાં ઘશીને આંખે આંજવાથી તિમિર રોગ મટે છે.

૩. સમુદ્રફેન, ત્રિફલા, વાવડીંગ, રસાંજન, નવીન શંખની નાભિ, મનશીલ, ધંતુરાનાં જીંડવાં, શુંઠ, પીપર, મરી, કૂકડીનાં ઇંડાનાં ફોતરાં, એ સર્વે સમાન ભાગે લેઇ તેને સારી પેઠે બારીક વાટીને ગોળી બનાવવી. એ ગોળી આંખે આંજવાથી તિમિર રોગ, વાત નેત્ર રોગ અને તેથી ઉપજેલી ચેળ, પડળ, આંખમાંથી નિરંતર પાણી નીકળ્યા કરતું હોય તે રોગ, એ સર્વ જલદીથી મટી જાય છે.

૪. સિંધવ, શુંઠ, પીપર, મરી, હરડે, બેઢાં, આંમળાં, એ ઔષધોને પાણીમાં બારીક વાટીને આંખોની બહાર તેનો લેપ કરવાથી સઘળા પ્રકારના નેત્ર રોગ દૂર થાય છે.

૫. હરડે, દારુહળદર, પીપર, કાયફળ, શુંઠ, મરી એ સર્વેને તેલમાં શેકીને પછી પાણીમાં વાટવું, એ લેપ આંખો પર કરવાથી તિમિર નામનો રોગ દૂર થાય છે.

૬. લોઢાના કે ત્રાંબાના પાત્ર ઉપર દહીં, દારૂહળદર, પીપર અને સિંધવ નાખીને કાંસાના પાત્રથી ઘુંટવું. એ છેક બારીક ઘુંટ્યા પછી તેનું અંજન કરવાથી નેત્રશૂલ મટે છે.

૭. રસાંજન, હરડે, દારૂહળદર, ગેરૂ, સિંધવ, એ સર્વ એકત્ર કરીને પાણીમાં વાટીને તેનો લેપ આંખોની બહાર કરવાથી સઘલા પ્રકારના નેત્ર રોગ મટે છે.

૮. બેઢાંની મીજ, જેઠીમધ, આંમળાં, મરી, મોરથુથુ, એ સર્વને પાણીમાં

બારીક વાટીને તેની વર્તિ (વાટ) બનાવવી. એ વર્તિથી અંજન કરવાથી બધા પ્રકારના તિમિર રોગ દૂર થાય છે.

૯. શુંઠ, પીપર, મરી એ ઔષધોનું બારીક ચૂર્ણ કરવું. તેમાં સિંધવ, હરડે, બેઢાં, આંમળાં, કાળો સૂરમો, એ ઔષધોનું ચૂર્ણ મેળવવું. પછી તેમાં પાણી નાખી ઘુંટીને ગોળી બનાવવી. એ ગોળી આંખે આંજવાથી તિમિર રોગ મટે છે.

## નેત્રરોગના સામાન્ય ઉપચાર

**हरिद्रामलकी कृष्णा कतकं श्वेतसर्षपाः ।**
**व्योषं नारीपयोवर्त्तिः सर्वनेत्रामयापहा ॥४१॥**
**चन्दनं गैरिकालाक्षा मालती कलिकासमैः ।**
**चक्षुश्चक्रहरीवर्त्ति शोणितस्य प्रसादनी ॥४२॥**
**रसाञ्जनं विडङ्गानि तुत्थकं मधुकं निशा ।**
**त्रिफला व्योषसिन्धूत्थं पुण्डरीकं जलोद्भवम् ॥४३॥**
**आज्येन पयसा पिष्टा वर्त्तिश्छाया विशोषिता ।**
**नेत्ररोगहरी प्रोक्ता नागाख्येन तु भिक्षुणा ॥४४॥**
**निशाद्वयाभयामांसी कुष्टचूर्णावचूर्णितम् ।**
**सर्वनेत्रामयान् हन्यादेतत्सौगतमञ्जनम् ॥४५॥**
**कुङ्कुमागरुकुष्टैलाः पिष्ट्वा शीतेन वारिणा ।**
**नाशयन्ति समस्तानि तिमिराण्यक्षिपूरिताः ॥४६॥**
**निशाद्वयं सैन्धवशङ्खनाभि करञ्जबीजं कटुकत्रयं च ।**
**शिफा सितैरण्डभवा समांशमजापयः पिष्टमथाक्षिसंस्थं॥४७॥**
**तिमिरं दूरमासन्नं पुष्पे रात्र्यन्धकामलम् ।**
**सर्पादिगरलं हन्ति ग्रहभूतादिकानपि ॥४८॥**
**कणा करञ्जबीजानि त्रिफला च रसाञ्जनम् ।**
**लोध्रं स्वर्णफलं शुण्ठी काञ्जिकेनातिपेषयेत् ॥४९॥**
**छायाशुष्कस्य तस्याशु वटिका वारिचूर्णिता ।**
**निशांध्यं तिमिरं हन्ति कण्डूं चासृजि संस्थिता ॥५०॥**

૧૦. દારૂહળદર, આમળાં, પીપર, નિર્મળીનું ફળ, ધોળા સરસવ, શુંઠ, મરી, એ સર્વનું ચૂર્ણ કરીને સ્ત્રીના દૂધમાં તેની વર્ત્તિ કરવી. એ વર્તિ સઘળા પ્રકારના નેત્રરોગને મટાડનારી છે.

૧૧. સુખડ, ગેરૂ, લાખ, જાઇનાં ફૂલની કળીઓ, એ સર્વને સમાન ભાગે લેઇને તેની વર્તી કરીને આંખે આંજવાથી તે આંખમાં પડેલા મોતિયાને મટાડે છે તથા આંખના લોહીને નિર્મળ કરે છે.

૧૨. રસાંજન, વાવડીંગ, મોરથુથુ, જેઠીમધ, દારૂહળદર, હરડે, બેઢાં, આંમળાં, શુંઠ, પીપર, મરી, સિંધવ, પાણીમાં થયેલું ધોળું કમળ, એ ઔષધોને ઘી તથા દૂધમાં વાટીને તેની વર્તિ બનાવવી તથા તેને છાંયડામાં સૂકવવી. આ વર્તિ આંખના રોગોને હરે છે. આ ઉપાય નાગભિક્ષુ નામે આચાર્યે કહેલો છે.

૧૩. હળદર, હરડે, જટામાંસી, ઉપલેટનું ચૂર્ણ, એ સર્વને એકત્ર કરી તેનું ચૂર્ણ કરી અંજન બનાવવું. આ અંજનને સૌગત અંજન કહે છે. તે સર્વ પ્રકારના નેત્રરોગને મટાડે છે.

૧૪. કેસર, અગર, ઉપલેટ, એલચી, એ સર્વને ઠંડા પાણીમાં વાટીને આંખોમાં ભરવાથી સઘળા પ્રકારના તિમિર રોગને મટાડે છે.

૧૫. હળદર, દારુહળદર, સિંધવ, શંખની નાભિ, કરંજનાં બીજ, શુંઠ, પીપર, મરી, ધોળા દિવેલાનાં મૂળ, એ સર્વે ઔષધો સમાન ભાગે લઇને બકરીના દૂધમાં તેમને બારીક વાટવાં. પછી તેને આંખમાં ભરવાથી તિમિર રોગ, દૂરદ્રષ્ટિનો રોગ, ટુંકી દ્રષ્ટિનો રોગ, ફૂલ, રતાંધળાપણું, કમળો, સાપ વગેરેનું ઝેર તથા ગ્રહ અને ભૂતાદિકનો વલગાડ, એ પણ મટી જાય છે.

૧૬. પીપર, કરંજનાં બીજ, ત્રિફળા, રસાંજન, લોધર, ધંતૂરાનાં જીંડવાં, શુંઠ, એ સર્વને કાંજીમાં સારી રીતે વાટીને ગોળી કરી છાંયડામાં સૂકવવી. એ ગોળીને પાણીમાં વાટીને આંખે આંજવાથી રતાંધળ, તિમિર અને લોહીના બગડવાથી ઉત્પન્ન થયેલી ચેળ નાશ પામે છે.

## ચીપડાં વગેરેના ઉપાય

**निशास्वर्णफलं कृष्णा घृष्टं वा रक्तचन्दनम् ।**
**एतद्वटीजलं चक्षु:पूरितं तिमिरापहम् ।।५१।।**
**सैन्धवं पिप्पली त्र्येकभागतोऽजापयोऽंभसा ।**
**सम्पिष्टं तद्गुटीतोयं कंड्वश्रुचिपिटापहम् ।।५२।।**
**छगलीदुग्धमूत्राभ्यां पिष्टा गुञ्जाशिफा तथा ।**
**नेत्रयोः पूरणाद्याति तिमिरं वेगतः पुरम् ।।५३।।**

तवक्षीरं कणा सिन्धुर्मधुकं त्रिफला पलम् ।
पलानि तवराजस्य सप्तैकत्र प्रपेषयेत् ॥५४॥
रात्रौ तद्भक्षणाद्याति शमं कष्टान्यनेकधा ।
तिमिरं चिपिटं कण्डूरश्रुपातोऽतिवेगतः ॥५५॥
त्रिफला लोहचूर्णं च पटोली मधुयष्टिका ।
सर्वमेकांशतः पथ्या बिभीतामलकं क्रमात् ॥५६॥
द्वित्र्यब्धिभागिकं रुद्रभागाः स्युस्तवराजकैः ।
सर्पिषा भक्षिते यान्ति तच्चूर्णेऽक्षिरुजोऽखिलाः ॥५७॥
विडङ्गं सैन्धवं कृष्णा समांशं च रसाञ्जनम् ।
त्रिभागं काञ्जिकापिष्टं कंड्वश्रुचिपिटापहम् ॥५८॥
अश्वगन्धोद्भवे चूर्णे त्रिफलोदकभक्षिते ।
तिमिरं दन्तरोगाश्च पटलं वा विनश्यति ॥५९॥
शङ्खनाभि वचा पथ्या मरिचं कुषकोद्भवा ।
मज्जैला समभागेन संपिष्टा नरवारिणा ॥६०॥
वटिकां कारयेत्तेन छायाशुष्कां तदञ्जनात् ।
तिमिरं चिपिटं पुष्पं पटलं च प्रशाम्यति ॥६१॥

૧૭. હળદર, ધંતૂરાનાં ફળ, પીપર, એ સર્વનું ચૂર્ણ કરીને તેમાં ઇચ્છા હોય તો રતાંજળીનુ ચંદન ઘશીને મેળવવું. એ સર્વની ગુટિકા કરવી. એ ગોળીને પાણીમાં ઘશીને તેનું પાતળું પાણી આંખમાં ભરવાથી તિમિર રોગ મટે છે.

૧૮. સિંધવ ત્રણ ભાગ અને પીપર એક ભાગ લેઇને બકરીના દૂધમાં કે પાણીમાં વાટીને તેની ગોળી કરવી. એ ગોળી પાણીમાં ઘશીને આંજવાથી આંખમાં થતી ચેળ, તેમાંથી નીકળતાં અશ્રુ અને ચીપડાં નાશ પામે છે.

૧૯. બકરીનું દૂધ તથા મૂત્ર એકત્ર કરીને ચણોઠીનું મૂળ તેમાં વાટીને આંખોમાં પૂરવાથી મોટો તિમિર રોગ પણ જલદીથી મટી જાય છે.

૨૦. તવખીર, પીપર, સિંધવ, જેઠીમધ, હરડે, બેઢાં, આમળાં, એ સર્વ ચાર ચાર તોલા લેવાં. યવાસશર્કરા અઠ્ઠાવીસ તોલા લેવી. પછી એ સર્વને એકત્ર વાટી ચૂર્ણ કરવું. એ ચૂર્ણ રાત્રે ખાવાથી તિમિર, ચીપડાં, ચેળ, આંસુ નીકળ્યા કરવાનો રોગ, એવી અનેક પ્રકારની નેત્રરોગની પીડા ઘણી જલદીથી મટી જાય છે.

૨૧. હરડે, બેઢાં, આમળાં, લોહભસ્મ, પટોલ, જેઠીમધ, એ સર્વમાંથી હરડે બે ભાગ લેવી, બેઢાં ત્રણ ભાગ લેવાં, આમળાં ચાર ભાગ લેવાં, બાકીની વસ્તુઓ એક એક ભાગ લેવી. અને યવાસશર્કરા અગિયાર ભાગ લેવી. એ સર્વનું ચૂર્ણ કરીને તે ચૂર્ણ ઘી સાથે પીવાથી આંખના તમામ રોગ નાશ પામે છે.

૨૨. વાવડીંગ, સિંધવ, પીપર, એ સર્વે એક એક ભાગ લેવું. રસાંજન ત્રણ ભાગ લેવું. એ સર્વને કાંજીમાં વાટીને લેપ કરવાથી આંખે ચીપડાં વળવાનો રોગ, આંસુ ગળવાનો રોગ અને ચેળ, એ સર્વે મટે છે.

૨૩. આસંધનું ચૂર્ણ ત્રિફળાના ક્વાથની સાથે પીવાથી તિમિર, પડળ અને દાંતના રોગ પણ મટે છે.

૨૪. શંખની નાભિ, વજ, હરડે, મરિયાં, બેઢાંની મીજ, એલચી, એ સર્વે સમ ભાગે લેઇને મનુષ્યના મૂત્રમાં વાટીને તેની ગોળી કરી છાંયડે સૂકવવી. એ ગોળી આંજવાથી તિમિર, ચીપડાં, ફૂલ અને પડળ નાશ પામે છે.

## રતાંધળાના ઉપાય

**गोगोमयरसापिष्टपिष्पलीमूलचूर्णतः ।**
**निशान्ध्यं नश्यति क्षिप्रं व्यसनेन यथा खलः ॥६२॥**
**जातीपत्ररसापिष्टं निशायुग्मं रसाञ्जनम् ।**
**निशान्ध्यं नाशयत्येव यथा पापं जिनस्मृतिः ॥६३॥**
**मरीचं नील्यपामार्गः कासमर्दः पुनर्नवा ।**
**एतच्छिफात्रयं घृष्ट्वा छागलीपयसा सह ॥६४॥**
**ताम्रपात्रे भृतं नेत्रे निशांध्यं घ्नन्ति वेगतः ।**
**बिभीतफलमज्जायाश्चूर्णं मधुसमन्वितम् ।**
**प्रातर्नेत्रभृतं हन्ति निशान्ध्यं चिरकालजम् ॥६५॥**

૧. ગાયના છાણનો રસ કાઢી તેમાં પીપરીમૂળનું ચૂર્ણ નાખી બારીક વાટવું. એનું અંજન કરવાથી, જેમ ખળ પુરૂષ વ્યસનથી નાશ પામે છે તેમ, રતાંધળ જલદી નાશ પામે છે.

૨. જાઇનાં પાંદડાંના રસમાં હળદર, દારૂહળદર તથા રસાંજન વાટીને અંજન કરવાથી, જેમ જિનના સ્મરણથી પાપ નાશ પામે છે, તેમ, રતાંધળ જરૂર નાશ પામે છે.

૩. મરિયાં, ગળી, એ બેનું બારીક ચૂર્ણ કરીને ત્રાંબાના પાત્રમાં નાખવું અને તેમાં બકરીનું દૂધ નાખી તેમાં અઘાડાનું મૂળ, કાસોદરાનું મૂળ તથા સાટોડીનું મૂળ–એ ત્રણ મૂળ ઘસવાં. પછી તે બધું આંગળી પર ચઢાવી આંખમાં ભરવાથી રતાંધળ જલદી મટી જાય છે.

૪. બેઢાંના ફળની મીજ વાટીને મધમાં મેળવીને સવારના પહોરમાં આંખમાં ભરવાથી ઘણા દહાડાનું રતાંધળ હોય તો તે પણ મટે છે.

## આંખમાં પડેલા ફૂલના ઉપાય

**काचचन्दनपक्ष्यण्डत्वक्शिलाशङ्खसैन्धवैः ।**
**वारिपिष्टैः समैर्नेत्रे पुष्पादिहरमञ्जनम् ॥६६॥**
**शिलाजिच्छङ्खनाभिश्च तुत्थं कायफलं मधु ।**
**मरिचं कुकुटाण्डं च फेनं चाब्धिभवं समम् ॥६७॥**
**पिष्टं पुष्पं हरत्येव किंवा श्वेतापराजिता ।**
**मूलं पुष्पहरं पिष्टं वारिणा नेत्रपूरितम् ॥६८॥**
**काञ्जिके प्रक्षिपेत्तप्तामिष्टिकां तद्भवेन च ।**
**बाष्पेण स्वेदयेच्चक्षुर्द्रुतं पीडानिवृत्तये ॥६९॥**
**त्रिफला सैन्धवं लोहचूर्णं त्रिकटुकं समम् ।**
**छागलीपयसापक्वं छायाशुष्कं च तद्गुटी ॥७०॥**
**दुग्धघृष्टा भृता नेत्रे पुष्पहृत्काञ्जिकेन सा ।**
**तिमिरं मधुना हन्ति पटलं च शिवाम्भसा ॥७१॥**
**निशान्ध्यं कामलं हन्ति काकमाचीरसेन च ।**
**रम्भाम्भसाऽश्रुपातं च गुटी चन्द्रप्रभाभिधा ॥७२॥**
**अश्वमूत्रेण संघृष्टकारवल्लीशिफाञ्जनात् ।**
**लोचनस्था शमं याति नीली धूलिर्यथाम्भसा ॥७३॥**

૧. બંગડીખાર, સુખડ, કૂકડાનાં ઇંડાંના ફોતરાં, શિલાજિત્, શંખ, સિંધવ, એ સર્વને સમાન ભાગે લેઇ પાણીમાં વાટીને તેનું અંજન આંખમાં કરવાથી આંખમાં ફૂલ પડેલું વગેરે મટે છે.

૨. શિલાજીત, શંખની નાભિ, મોરથુથુ, કાયફળ, મધ, મરી, કૂકડાનાં ઇંડાંના ફોતરાં, સમુદ્રફીણ, એ સર્વે સમાન લેઇને પાણીમાં વાટીને આંખમાં ભરવાથી આંખમાં પડેલું ફૂલ મટે છે.

૩. અથવા ધોળી અપરાજીતાનું મૂળ પાણીમાં ઘશીને આંખે આંજવાથી આંખમાં પડેલું ફૂલ મટે છે.

૪. ઇંટને તપાવીને કાંજીમાં નાખવી, અને તેની વરાળ વડે આંખને બાફ આપવો એટલે જલદીથી આંખની પીડા મટે છે.

૫. હરડે, બેઢાં, આંમળાં, લોહચૂર્ણ, શુંઠ, પીપર, મરી, એ ઔષધો સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને બકરીના દૂધમાં રાંધવું. પછી તેની ગોળી બનાવી છાંયડે સૂકવવી. પછી તેને દૂધમાં ઘશીને આંખે આંજવાથી આંખનું ફૂલ મટે છે, કાંજીમાં ઘશીને આંજવાથી તિમિર રોગ મટે છે, મધમાં ઘશીને આંજવાથી પડળ મટે છે, આમળાંના પાણીમાં ઘશીને આંજવાથી રતાંધળ મટે છે, કાકમાચી (પિલુડી ?) ના રસમાં આંજવાથી કમળો મટે છે. કેળના પાણીમાં આંજવાથી આંસુ ગળવાનો રોગ મટે છે. એ ગોળીને ચંદ્રપ્રભા કહે છે.

૬. ઘોડાના મૂત્રમાં કારેલીનું મૂળ ઘશીને આંખે આંજવાથી આંખમાં ગળીના રંગનો કાચ બંધાઇ જાય છે તે, જેમ પાણીથી ધૂળ ધોવાઇ જાય છે તેમ, જતો રહે છે.

## ચીપડાં વગેરેના ઉપાય

**छागमूत्रेणसम्भिन्नदेवदारुरजो भृशम् ।**
**पक्ष्मलं नयनद्वन्द्वं जायते गतचिप्पटम् ।।७४।।**
**शिलारसेन सम्पिष्टहरिद्राकतकं कणाः ।**
**धात्रीफलं च तद्वर्त्तिरक्षिरोगविनाशिनी ।।७५।।**
**श्वेतैरण्डशिफापत्रयुतं छागीपयोऽग्निना ।**
**तापितं स्वेदितं चक्षुर्वातमूलं शमं नयेत् ।।७६।।**
**चन्दनं सैन्धवं पथ्या रसो ब्रह्मतरूत्थितः ।**
**क्रमवृद्ध्याञ्जनं हन्ति पटलं पुष्पनीलिकाम् ।।७७।।**
**पलाशरससम्भिन्नकरञ्जतरुबीजजा ।**
**वर्त्तिरक्षिप्रयुक्तासौ हन्ति पुष्पं चिरन्तनम् ।।७८।।**
**छागमूत्रेण सङ्घृष्टभद्रमुस्ताञ्जनेन सा ।**
**चिरकालोद्भवं पुष्पं रक्तत्वं वा व्यपोहति ।।७९।।**
**तन्दुलोदकसङ्घृष्टकुब्जमूलस्य नस्यतः ।**
**पटलं क्षीयते क्षिप्रमभ्रं वातहतं यथा ।।८०।।**

भृङ्गराज शिफातैलं लवणेन तुषाम्भसा ।
ताम्रघृष्टं हरत्याशु भृता नेत्रेतिचिप्पटम् ॥८१॥
मांस्या निम्बस्य पत्राणां निर्यासः शोणितापहः ।
निशान्ध्यं भ्रमरीपत्ररसेऽक्षिणपूरिते व्रजेत् ॥८२॥
अपामार्गशिफागव्यमस्तु सैन्धवरोचनः ।
ताम्रे घृष्ट्वा भृता कुर्यात् पक्ष्मलं नयनद्वयम् ॥८३॥
कटुतुण्डीरिकापत्ररसो मरिचसंयुतः ।
निशान्ध्यं नाशयत्यक्ष्णोः प्रदोषे पूरितो यदि ॥८४॥

૧. દેવદારના લાકડાને બકરાના મૂત્રમાં ઘશીને તે આંખે આંજવાથી (અથવા દેવદારનું ચૂર્ણ બકરાના મૂત્રમાં સારી પેઠે પલાળી મૂકીને તે ચૂર્ણ આંખે આંજવાથી) આંખની બે પાંપણોએ ચીપડાં બાઝતાં હોય તે મટી જાય છે.

૨. હળદર, નિર્મળીનું ફળ, પીપર, આમળાં–એ ઔષધોને શિલારસમાં વાટીને તેની વાટ બનાવવી. એ વાટનું અંજન કરવાથી નેત્રના રોગ મટે છે.

૩. ધોળા દિવેલાનાં મૂળ તથા પાંદડાં બકરીના દૂધમાં નાંખી તે દૂધને અગ્નિ ઉપર ગરમ કરી તેના વડે આંખને બાફ આપવાથી વાયુ સંબંધી આંખની પીડા શમે છે.

૪. ચંદન એક તોલો, સિંધવ બે તોલા, હરડે ત્રણ તોલા, અને પારસ પીંપળાનો રસ ચાર તોલા, એ પ્રમાણે લેઇને તેનું અંજન આંખમાં આંજવાથી પડળ, ફૂલ, નીલી નાશ પામે છે.

૫. ખાખરના રસમાં કરંજનાં બીજ વાટીને તેની વર્તિ બનાવી આંજવાથી ઘણા કાળથી આંખમાં પડેલું ફૂલ નાશ પામે છે.

૬. બકરાના મૂત્રમાં ભદ્રમોથ ઘશીને આખે આંજવાથી ઘણા કાળનું આંખમાંનું ફૂલ અથવા રતાશને દૂર કરે છે.

૭. ધોળા અઘાડાનું મૂળ, ચોખાના ધોવણમાં ઘશીને તેને સુંઘવાથી જેમ વાયુથી વાદળું વિખેરાઇ જાય છે તેમ, આંખમાંનું પડળ તરતજ જતું રહે છે.

૮. ભાંગરાનાં મૂળને તેલમાં કકડાવીને તે તેલ ગાળી લેવું. એ તેલ, સિંધવ અને તુષોદક ❋એ ત્રણને ત્રાંબાના વાસણમાં ઘશીને આંખમાં ભરવાથી આંખે ઘણાં ચીપડાં બાઝતાં હોય તે મટી જાય છે.

---

❋ છોડા સહિત જવને કચરીને પાણીમાં આથી મૂકવા. આ આથેલા પાણીને તુષોદક કહે છે.

૯. જટામાંશી તથા લીમડાનાં પાંદડાંનો રસ મેળવીને આંખે આંજવાથી આંખમાં બાઝી ગયેલા લોહીને તોડે છે.

૧૦. ભીમરી (જેને માલવા દેશમાં રંગબાશા કહે છે)નાં પાંદડાનો રસ આંખે ભરવાથી રતાંધળાપણું મટી જાય છે.

૧૧. અઘાડાનાં મૂળ, ગાયના દહીંનું પાણી, સિંધવ, ગોરોચન, એ સર્વને ત્રાંબાના વાસણમાં ઘશીને આંખે ભરવાથી પાપણો ખરી જતી હોય તે મટીને નવી પાપણો આવે છે.

૧૨. કડવી ઘિલોડીનાં પાંદડાંના રસમાં મરીનું ચૂર્ણ નાખીને પ્રદોષ કાળે જો તે રસ આંખમાં પૂર્યો હોય તો આંખોનું રતાંધળ નાશ પામે છે.

## કાચ તિમિર પડળ વગેરે

**अक्षिप्रहारजं दुःखं छागचर्म सुकोमलम् ।**
**चूर्णितं पूरितं नेत्रे शमयत्यतिवेगतः ॥८५॥**
**शिलासैन्धवकासीसशङ्खव्योषरसाञ्जनैः ।**
**सक्षौद्रैः काचशुक्रोर्मतिमिरघ्नी रसक्रिया ॥८६॥**
**प्रत्यग्रजातिपत्राणि यावको रक्तचंदनम् ।**
**गुटिका हन्ति काचान्ध्यं तिमिरं पटलं तथा ॥८७॥**
**तमतिमिरकाचकण्डूं नीलीसुस्त्रावकुसुमपटलं च ।**
**गोमूत्रसीसकोत्थं मञ्जनमेतत्समस्तरोगहरम् ॥८८॥**
**तमतिमिरकाचकण्डूं नीली सुस्त्रावकुसुमपटलं च ।**
**अपहन्ति नेत्ररोगान् गडूचिरससैन्धवं मधुना ॥८९॥**
**बिल्वमूलरसो बालमूत्रयुक्तोऽतिवेगतः ।**
**पटलं नीलिका हन्ति कुभृत्यः स्वामिनं यथा ॥९०॥**
**तारेण कनकेनाथ घृष्ट्वा सूर्येण नश्यति ।**
**अञ्जनी भूधरस्यापि कणाक्षौद्रोक्षतेन वा ॥९१॥**

૧. જો આંખમાં કાંઇ વાગવાથી પીડા થતી હોય તો બકરાનું સારૂં કોમળ ચામડું લેઇને તેનો બારીક ભૂકો કરીને આંખમાં ભરવાથી તે પીડા જલદીથી શમી જાય છે.

૨. મનશીલ, સિંધવ, હીરાકસી, શંખ, શુંઠ, પીપર, મરી, રસાંજન, એ સર્વનું ચૂર્ણ કરી મધમાં મેળવીને તે આંખે આંજવાથી આંખમાં કાચ બંધાયો

હોય, ફૂલ પડ્યું હોય, આંખનો લોચો બાઝી ગયો હોય, કે તિમિર રોગ થયો હોય, તે સર્વ મટી જાય છે.

૩. કૂમળાં જાઇનાં પાંદડાં, લાખનો અળતો, રતાંજળી, એ ત્રણની ગોળી કરીને તે પાણીમાં ઘશીને આંખે આંજવાથી બંધાયેલા કાચ, અંધાપો, તિમિર અને પડળ મટે છે.

૪. જો આંખે અંધારાં આવતાં હોય, અંધકાર દેખાતો હોય, કાચ બંધાયો હોય, ચેળ આવતી હોય, આંખમાં નીલું પડ બંધાયું હોય, આંખોમાંથી પાણી ઝર્યા કરતું હોય, આંખમાં ફૂલ પડ્યું હોય કે પડળ બંધાયું હોય તો સીસું અને ગાયના મૂત્રનું અંજન કરવાથી સઘળા રોગ દૂર થાય છે.

૫. ઉપરના શ્લોકમાં કહેલા તમામ નેત્રરોગ ગળોનો રસ, સિંધવ અને મધ મિશ્ર કરી આંખે આંજવાથી મટે છે.

૬. જેમ નઠારો સેવક સ્વામીનો નાશ કરે છે તેમ, બીલીના મૂળનો રસ નાના બાળકના મૂત્રમાં મેળવીને તે આંખે આંજવાથી તે પડળ અને નીલીનો જલદીથી નાશ કરે છે.

**૭. આંજણીનો ઉપાય**–રૂપાથી, સોનાથી કે સૂર્યકાંતથી ( ?) આંજણી ઘસવાથી પર્વતને આંજણી થઇ હોય તો તે પણ મટી જાય છે, તો મનુષ્યની આંખ ઉપર થયેલી આંજણી મટે એમાં શું આશ્ચર્ય ? વળી પીપર અને મધ એકત્ર કરી આંજણી ઉપર લગાવવાથી આંજણી મટે છે.

## કમળાના ઉપાય

**द्रोणपुष्पीरसैर्नेत्रे पूरिते यान्ति कामलाः ।**
**हिंगुर्वा लोचनन्यस्तं कामलोन्मूलनक्षमम् ।।९२।।**
**कामलार्त्तस्य चैरंडपिष्पल्यौ नयनाञ्जने ।**
**लाङ्गलीपत्रचूर्णं वा पिबेत्तक्रेण कामली ।।९३।।**
**गुडार्द्रकयुता हन्ति कामलं त्रिफलाशिता ।**
**जालिनीपत्रमाघ्रातं नस्यं वा तन्दुलाम्भसा ।।९४।।**
**त्रिफलाया गडूच्या वा दार्व्या निम्बस्य वा रसः ।**
**प्रातः क्षौद्रेण संयुक्तो निपीतः कामलापहः ।।९५।।**
**हरीतकी वचा कुष्टं पिप्पल्यो मरिचानि च ।**
**बिभीतकस्य मज्जानि शङ्खनाभिर्मनःशिला ।।९६।।**

एतानि समभागानि अजाक्षीरेण पेषयेत् ।
बादरास्थिसमावर्तिश्छाया शुष्का च धारयेत् ॥९७॥
नाशयेत्तिमिरं कण्डूं पटलान्यर्मदान्यपि ।
अधिकानि च मांसानि पुष्पं वर्षशतादपि ॥९८॥
वटी चन्द्रोदया नाम नृणां दृष्टिप्रसादिनी ।
मासमात्रप्रयोगेन नेत्ररोगाननेकधा ॥९९॥
एरण्डमूलिका पीता मधुना हन्ति कामलम् ।
द्रोणपुष्पिरसोपेता रोचना लोचनाञ्जनात् ॥१००॥
अपामार्गशिफा पीता सतक्रा कामलापहा ।
विष्णुकान्ताशिफातक्रपीता वा तद्विनाशकृत् ॥१०१॥
सुश्वेतपाटलामूले मधुक्षीरयुतेऽथवा ।
धात्रीमूले सुतक्रेण पीते नश्यति कामलः ॥१०२॥
जालिनीफलमध्यास्थि श्यामा सर्षपनस्यतः ।
किं वा तोयेन सम्पिष्टः कुमारीकन्दनस्यतः ॥१०३॥
क्षीयते कामला पित्तात्पीतनेत्राङ्गलक्षणः ।
वन्ध्याकर्कोटिकामूलनस्यं काचोपशाकं ॥१०४॥

૧. દ્રોણપુષ્પી (કુંભા)નો રસ આંખોમાં ભરવાથી કમળો મટે છે.

૨. અથવા હીંગ આંખોમાં નાંખવાથી (આંજવાથી) તે કમળાને મટાડી શકે છે.

૩. જે માણસ કમળાથી પીડાતો હોય તેની આંખોમાં દીવેલ અને પીપરનું ચૂર્ણ આંજવું (અથવા દીવેલાનું મૂળ તથા પીપર ઘશીને તેનું અંજન કરવું.)

૪. અથવા કમળાવાળાએ (લાંગલી વઢવાડિયા)નાં પાંદડાનું ચૂર્ણ કરીને તે છાશ સાથે પીવું.

૫. હરડે, બેઢાં, આમળાં, એ સૌનું ચૂર્ણ કરીને તેમાં ગોળ અને આદું નાખીને તે ખાવાથી કમળો મટે છે.

૬. અથવા કડવી દોડકીનાં પાનાંનો રસ સુંઘવાથી અથવા ચોખાના ધોવણ સાથે તેનાં પાંદડાંના રસનાં નાકમાં ટીપાં નાખવાથી કમળો મટે છે.

૭. ત્રિફળાનો અથવા ગળોનો અથવા દારૂહળદરનો અને લીંબડાનો રસ સવારમાં મધ સાથે યુક્ત કરીને પીવાથી કમળો દૂર થાય છે.

**૮. ચંદ્રોદયા વટી**–હરડે, વજ, ઉપલેટ, પીપર, મરી, બેઢાંની મીજો, શંખની નાભિ, મનશીલ, એ ઔષધો સમાન ભાગે લેઇને બકરીના દૂધમાં વાટવાં. પછી તેની વર્તિ બોરના ઠળિયા જેવી કરવી અને તેને છાંયડામાં સૂકવવી. એ વર્તિનું અંજન કરવાથી તિમિર રોગ, આંખમાં ચેળ આવ્યા કરે છે તે કંડુ રોગ, જેમાંથી અર્મ નામે આંખનો રોગ થાય છે તે પડળ, આંખના ડોળામાં માંસનો ભાગ વધી ગયો હોય છે તે રોગ, અને આંખમાં ફૂલ પડ્યું હોય તથા તેને સો વર્ષ થયાં હોય તો પણ તે રોગ, એ સર્વ રોગ મટી જાય છે. આ ગોળીને ચંદ્રોદયા નામે વટી કહે છે, તથા તે મનુષ્યોની આંખોને નિર્મળ કરનારી છે. એક માસ પર્યંત એ ગોળી આંજવાથી અનેક પ્રકારના નેત્ર રોગ એથી દૂર થાય છે.

૯. મધ સાથે દીવેલાનું મૂળ ઘશીને પીવાથી કમળો મટે છે.

૧૦. દ્રોણપુષ્પી (કુંભા)ના રસમાં ગોરોચન મેળવીને અંજન કરવાથી કમળો મટે છે.

૧૧. અઘાડાનું મૂળ છાશમાં ઘશીને તે છાશ સાથે પીવાથી કમળો મટે છે.

૧૨. વિષ્ણુક્રાંતાનાં મૂળ છાશમાં ઘશીને છાશ સાથે પીવાથી કમળો મટે છે.

૧૩. ધોળા પાડળનું મૂળ મધ તથા દૂધ સાથે પીવાથી કમળો મટે છે.

૧૪. આમળાનું મૂળ છાશની સાથે પીવાથી કમળો નાશ પામે છે.

૧૫. દોડકીનાં ફલની વચ્ચે બીજ હોય છે તે બીજ, પીપર અને સરસવ, એ ત્રણનું નસ્ય લેવાથી કમળો મટે છે.

૧૬. અથવા કુંવારના કંદને પાણીમાં વાટીને તેનું નસ્ય લેવાથી પિત્ત વડે ઉત્પન્ન થયેલો અને જેમાં આંખોનો ભાગ પીળો થઇ ગયો હોય એવો કમળો મટે છે.

**૧૭. કાચ**–વાંઝણી કંટોલીના મૂળનું નસ્ય આપવાથી આંખમાંનો કાચ શમી જાય છે.

## નિદ્રા-તંદ્રાના ઉપાય

**सैन्धवं वारिणा पिष्टं मधुकं दुल्लरीफलम् ।**
**निहन्त्येतद्रसो नस्यान्निद्रां घूर्मिं च वेगतः ॥१०५॥**
**शिग्रुबीजोत्पलं नागकेसरं पिष्टमम्भसा ।**
**नेत्रयोर्निहितं हन्ति निद्रां वेगेन रोगिणः ॥१०६॥**

**अश्वलाला तिला पिष्टा मधुना मरिचान्यथ ।**
**हरन्ति लोचनस्थानि निद्रां घूर्मिसमन्विताम् ॥१०७॥**
**त्रिफलासैन्धवं वारिपिष्टं मधुकमिश्रितम् ।**
**निद्रां निहन्ति नस्येन महतीमपि वेगतः ॥१०८॥**
**तुरङ्गलालासहिता मनःशिला निहन्ति तंद्रीं नयनाञ्जनेन ।**
**ताम्बूलपत्राणि हरीतकी च सुकुट्टिता नेत्रविकारहंत्री ॥१०९॥**
**काकमाचीशिफा शीर्षे बद्धा निद्रापहा तथा ।**
**मूलिका काकजंघाया नरस्याक्षिप्रसादिनी ॥११०॥**

૧. સિંધવ, જેઠીમધ અને દુલ્લરીનું ફળ, એ ઔષધોને પાણીમાં વાટીને તેનો રસ કાઢી નાકમાં તેનાં ટીપાં નાંખવાથી નિદ્રા અને ઘેન જલદીથી મટી જાય છે.

૨. સરગવાનાં બીજ, કમળ, નાગકેસર, એ ઔષધોને પાણીમાં વાટીને આંખમાં નાખવાથી રોગીની ઉંઘ જલદીથી નાશ પામે છે.

૩. ઘોડાની લાદમાં તલ વાટવા અને મધમાં મરિયાં વાટવાં. પછી તે બેને એકત્ર કરીને આંખે અંજન કરવાથી ઘેન સહિત ઉંઘને મટાડે છે.

૪. ત્રિફળા અને સિંધવને પાણીમાં વાટીને તેમાં જેઠીમધ મેળવીને તેનું નસ્ય આપવાથી ગમે તેવી ભારે ઉંઘ હોય તથાપિ તેનો જલદીથી નાશ કરે છે.

૫. ઘોડાની લાદમાં મનશીલ વાટીને આંખે આંજવાથી તંદ્રા (ઘેન)નો નાશ થાય છે.

૬. નાગરવેલનાં પાન તથા હરડે એ બંનેને સારી રીતે બારીક ઘુંટીને પછી તેનું અંજન કરવાથી નેત્રના નિદ્રાદિક વિકાર નાશ પામે છે.

૭. કાકમાચી (પીલુડી ?) નાં મૂળ માથે બાંધવાથી તે ઉંઘને દૂર કરે છે.

૮. કાકજંઘા ( ?)નાં મૂળિયાં પણ મનુષ્યની આંખોને નિર્મળ કરનારાં છે.

**॥ इति परमजैनाचार्यश्रीकंठविरचिते वैद्यकसारसंग्रहे**
**हितोपदेशनाम्नि नेत्ररोगप्रतीकारनामा चतुर्थः समुद्देशः ॥४॥**

# હૃદયના રોગ

## હૃદયમાં થનારા રોગની ગણના

**वातपित्तकफोद्भूताः कासो हृच्छूलमुध्वसी ।**

**क्षयरुग्गुल्महिष्काश्च रोगाः सप्तैव हृद्गताः ॥१॥**

ખાંસી, હૃદયના રોગ, શૂળ, ઉધ્વસી (ઉધાન) નામે રોગ, ક્ષય રોગ, ગુલ્મ અને હિક્કા, એ સાત રોગ વાત, પિત્ત અને કફથી હૃદયમાં થાય છે માટે તેને હૃદયના રોગ કહે છે.

## વાતકાસનું લક્ષણ

**शूलं हृत्कुक्षिशीर्षेषु स्वरभङ्गोऽथ कासति ।**

**शुष्कमत्युच्चशब्देन वातकासस्य लक्षणम् ॥२॥**

વાયુથી થયેલી ખાંસીના રોગમાં રોગીને હૃદય, કૂખો અને માથામાં શૂળ થાય છે, સ્વર ખોખરો થઇ જાય છે, તથા ઘણા મોટા અવાજ સાથે સૂકી ખાંસી થાય છે. એ લક્ષણો વાતકાસનાં છે.

## વાતકાસના ઉપાય

**शुंठी दुरालभा द्राक्षा कर्चूरं तवराजकम् ।**

**वातकासं निहन्त्येषां तिलयुक्तं सुचूर्णकम् ॥३॥**

**शुंठी दुरालभैरण्डमूलं कर्कटश्रृगिकं ।**

**कर्चूरो देवदारुश्च चूर्णमेषां समांशतः ॥४॥**

**उष्णेन वारिणा किं वा तैलेनालोड्य भक्षितम् ।**

**वातजं श्लेष्मजं कासं नाशयत्यतिवेगतः ॥५॥**

૧. શુંઠ, ધમાસો, દ્રાક્ષ, ષડકચુરો, શર્કરા અને તલ એ ઔષધોનું ચૂર્ણ ખાવાથી વાયુની ખાંસી મટે છે.

૨. શુંઠ, ધમાસો, દીવેલાનું મુળ, કાકડાસીંગ, ષડકચુરો, દેવદાર, એ ઔષધો સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરી તેને ગરમ પાણીમાં અથવા તેલમાં અડવાલીને પીવાથી વાયુથી થયેલી કે કફથી થયેલી ખાંસી જલદી મટી જાય છે.

## પિત્તકાસનું લક્ષણ

**दाघो भ्रमस्तथा छर्दिः पित्तनिष्ठीवमल्पकम् ।**
**पीतवर्णं शिरःशूलं पित्तकासस्य लक्षणम् ॥६॥**

પિત્તની ખાંસીમાં રોગીની છાતીમાં દાહ બળે છે, તેને ફેર આવે છે, ઉલટી થાય છે, પિત્ત સાથે મળેલા થોડા પીળા ગળફા પડે છે અને માથામાં શૂળ થાય છે. એ લક્ષણો પિત્તની ખાંસીનાં છે.

## પિત્તકાસના ઉપાય

**पिप्पली तवराजश्च तवक्षीरं त्रयं समम् ।**
**मधुसर्पिर्युतं भुक्तं पित्तकासविनाशनम् ॥७॥**
**मधुकं पिप्पलीमूलं दूर्वा द्राक्षा कणा समम् ।**
**घृतेन मधुना भुक्तं पित्तकासविनाशकृत् ॥८॥**
**मातुलुङ्गरसो हिंगु त्रिफला शर्करा मधु ।**
**सौवर्चलं समं भुक्तं पित्तकासनिवारणम् ॥९॥**

૧. પીપર, સાકર, વાંસકપૂર, એ ત્રણે સમાન ભાગે લેઇને મધ તથા ઘી સાથે ખાવાથી પિત્તની ખાંસીનો નાશ થાય છે.

૨. જેઠીમધ, પીપરીમૂળ, દરો, દ્રાક્ષ, પીપર એ સર્વે સમાન લેઇને તેને બારીક વાટીને ઘી તથા મધ સાથે ખાવાથી પિત્તની ખાંસી નાશ પામે છે.

૩. બીજોરાનો રસ, હીંગ, ત્રિફળા, સાકર અને સંચળ, એ સર્વે સમાન લેઇને મધમાં ચાટવાથી પિત્તની ખાંસી દૂર થાય છે.

## કફકાસનું લક્ષણ

**अरुचिर्भूरि निष्ठीवं रोमांचो जडता हृदि ।**
**सशब्दं च गलं ज्ञेयं श्लेष्मकासस्य लक्षणम् ॥१०॥**

રોગીને અન્ન ખાવા પર રૂચિ ન થાય, ગળફા ઘણા પડે, રૂવાં ઊભાં થાય, છાતી જડ લાગે, ગળામાં અવાજ નીકળે, એ લક્ષણો કફની ખાંસીનાં છે.

## કફકાસના ઉપાય

**भद्रमुस्ताकणाचूर्णं समांशं मधुना सह ।**
**निहन्ति भक्षितं शीघ्रं श्लेष्मकासमसंशयम् ॥११॥**

पथ्या कणा विश्वमुस्ता देवदारु समांशतः ।
एतच्चूर्णं मधूपेतं श्लेष्मकासविनाशकृत् ॥१२॥
चित्रकः पिष्पलीमूलं पिष्पली गजपिष्पली ।
एतच्चूर्णं समं भुक्तं मधुना श्लेष्मकासनुत् ॥१३॥
शिला व्योषाभया हिंगु विडङ्गं सैन्धवं समैः ।
लेहोऽयं समधुः कासहिक्काश्वासेषु शस्यते ॥१४॥

૧. ભદ્રમોથ અને પીપર સમાન લેઇને તેનું ચૂર્ણ કરીને મધ સાથે ખાવાથી કફની ખાંસી નિશ્ચય જલદી મટે છે.

૨. હરડે, પીપર, શુંઠ, મોથ, દેવદાર, એ ઔષધો સમાન લેઇને તેનું ચૂર્ણ મધ સાથે ખાવાથી કફની ખાંસીને મટાડે છે.

૩. ચીત્રો, પીપરીમૂળ, પીપર, ગજપીપર, એ ઔષધોનું ચૂર્ણ સમાન ભાગે લેઇને મધ સાથે ખાવાથી કફની ખાંસી મટે છે.

૪. શિલાજિત, શુંઠ, પીપર, મરી, હરડે, હિંગ, વાવડીંગ, સિંધવ, એ ઔષધો સમાન લેઇને મધ સાથે તેનું ચાટણ કરવાથી ખાંસી, હિક્કા અને શ્વાસ મટે છે.

## હૃદયના શૂળના ઉપાય

पीतमुष्णाम्भसा चूर्णं गडूची-मरिचोद्भवम् ।
हृच्छूलं वातशूलं च हन्ति पथ्याशिनोऽचिरात् ॥१५॥
मातुलुङ्गरसश्चूर्णं गडूची मरिचोद्भवम् ।
हृच्छूलं हन्ति वेगेन पीतमुष्णेन वारिणा ॥१६॥
सुपक्वबीजपूरस्य रसः सैन्धवमिश्रितः ।
पीतः पथ्याशिनो हन्ति हृच्छूलमतिवेगतः ॥१७॥
उशीरं पिष्पलीमूलं चूर्णं कृत्वा समांशतः ।
गोघृतेन समं पीतं हन्ति हृच्छूलमुल्बणम् ॥१८॥

૧. ગળો અને મરીનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીએ અને ખાવાપીવામાં પથ્ય પાળે તો હૃદયનું શૂળ તથા વાયુનું શૂળ થોડા વખતમાં મટી જાય છે.

૨. ગળો અને મરીના ચૂર્ણમાં બીજોરાનો રસ મેળવીને ગરમ પાણી સાથે પીવાથી હૃદયના શૂળને તત્કાળ મટાડે છે.

૩. સારા પાકા બીજોરાના રસમાં સિંધવ મેળવીને પીવાથી પથ્ય ભોજન કરનારનું હૃદયશૂળ ઝપાટા સાથે મટી જાય છે.

૪. વીરણવાળો અને પીપરીમૂળ, એ બેને સમાન ભાગે લેઇ તેનું ચૂર્ણ કરીને ગાયના ઘી સાથે પીવાથી ઘણું કોપેલું હૃદયનું શૂળ મટી જાય છે.

## વાયુના શૂળના ઉપાય

**सुवर्चलाभयाहिंगुरजमोदा च सैन्धवम् ।**
**सज्जी यवोद्भवः क्षारः पयोभुक्तं च शूलहृत् ॥१९॥**
**सुवर्चलाजीरकमाम्लवेतसं समं त्रयं द्व्यंशमरीचचूर्णकम् ।**
**सुपक्वपूरस्य रसेन भावितं जलेन पीतं खलु वातशूलहृत् ॥२०॥**
**एरण्डमूलतुम्बरुबिडलवणसुवर्चलासहाहिंगु ।**
**एतैरम्बुनिपीतैर्नश्यति शूलं च गुरुगुल्मम् ॥२१॥**
**सौवर्चलाम्लवेतसबिडलवणयुताससैन्धवातिविषा ।**
**त्रिकटुकपूररसान्वितमशितं गुरुगुल्मशूलहरम् ॥२२॥**
**सितैरण्डशिफा हिंगु सैन्धवं समचूर्णितम् ।**
**तप्तेन वारिणा भुक्तं वातशूलहरं परम् ॥२३॥**
**उशीरं सैन्धवं हिंगु मूलमेरण्डसम्भवम् ।**
**वातशूलं निहन्त्येव भुक्तं तप्तेन वारिणा ॥२४॥**
**मन्दारमूलिकाचूर्णं भुक्तं दुग्धेन निश्चितम् ।**
**वातशूलहरं देवि शूलं वा कर्णगं रवौ ॥२५॥**

૧. સંચળ, હરડે, હિંગ, અજમોદ, સિંધવ, સાજીખાર, જવખાર, એ સર્વને સમાન લેઇ તેનું ચૂર્ણ કરી પાણી સાથે ફાકવાથી શૂળ મટે છે.

૨. સંચળ, જીરૂ, આમ્લવેતસ, એ ત્રણ ઔષધો એક એક તોલો લેવાં, મરીનું ચૂર્ણ બે તોલા લેવું, પછી એ સર્વને સારા પાકા બીજોરાના રસમાં ભાવના આપવી. એ ચૂર્ણ પાણી સાથે પીવાથી વાયુનું શૂળ મટે છે.

૩. દીવેલાનું મૂળ, ધાણા, બીડલવણ, સંચળ, સહા (?) હીંગ, એ ઔષધોનું ચૂર્ણ પાણી સાથે પીવાથી શૂળ અને ભારે ગુલ્મ (ગોળો) ચઢતો હોય તો તે પણ મટી જાય છે.

૪. સંચળ, આમ્લવેતસ, બિડલવણ, સિંધવ, અતિવિખ, શુંઠ, પીપર,

મરી, એ સર્વ સમાન લેઇ તેનું ચૂર્ણ કરીને બીજોરાના રસમાં નાખીને ખાવાથી ભારે ગોળો તથા શૂળ મટે છે.

૫. ધોળા એરંડાનું મૂળ, હિંગ અને સિંધવ, એ સર્વને સમાન લેઇ તેનું ચૂર્ણ કરીને ગરમ પાણી સાથે ખાવું. એ ઔષધ વાયુનું શૂળ મટાડવામાં શ્રેષ્ઠ છે.

૬. વીરણવાળો, સિંધવ, હિંગ, દીવેલાનું મૂળ, એ ઔષધોનું ચૂર્ણ ગરમ પાણી સાથે ખાવાથી વાયુનું શૂળ ખસૂસ મટે છે.

૭. મહાદેવ પાર્વતીને કહે છે કે હે દેવી, રવિવારે આકડાનું મૂળ લાવીને તેનું ચૂર્ણ કરીને દૂધ સાથે પીવાથી વાયુનું શૂળ મટે છે તથા કાનનું શૂળ પણ નિશ્ચય મટે છે.

## પિત્તશૂળનું લક્ષણ

**नाभिमूले खरं शूलं दाघो देहे हृदि व्यथा ।**
**पित्तशूलस्य विज्ञेयं लक्षणं सुविचक्षणैः ॥२६॥**

નાભિના મૂળ આગળ તીવ્ર શૂળ થાય, શરીરે દાહ થાય, હૃદયમાં પીડા થાય, તો સારા ડાહ્યા વૈદ્યોએ તેને પિત્તશૂળનું લક્ષણ જાણવું.

## પિત્તશૂળના ઉપાય

**त्रायमाणं सिता द्राक्षा कूष्माण्डं च शिवारसः ।**
**एतद्भक्षणतो यान्ति पित्तशूलान्यनेकधा ॥२७॥**
**धात्रीफलोद्भवं चूर्णं भक्षितं मधुसंयुतम् ।**
**पित्तशूलं तथा दाघं नाशयत्यतिवेगतः ॥२८॥**
**त्रायमाणं कणामूलं त्रिवृता मधुकं मधु ।**
**किरमालसिताद्राक्षा कुरंटः पित्तशूलहृत् ॥२९॥**
**कटुकी निम्बयष्टी च त्रिफला किरिमालजम् ।**
**बीजमेतैः कृतः क्वाथो निपीतो दाघशूलहृत् ॥३०॥**

૧. ત્રાયમાણ, સાકર, દ્રાક્ષ, કોહોળું, આમળાનો રસ, એ ઔષધોનું ભક્ષણ કરવાથી અનેક પ્રકારે ઉત્પન્ન થયેલાં પિત્તશૂળ નાશ પામે છે.

૨. આમળાનું ચૂર્ણ અને મધ મિશ્ર કરીને ખાવાથી પિત્તશૂળ અને તે સંબંધી દાહ તરત જ નાશ પામે છે.

૩. ત્રાયમાણ, પીપરીમૂળ, નસોતર, જેઠીમધ, મધ, કિરમાળ (ગરમાળો ?) સાકર, દ્રાક્ષ, કાંટાસળિયો, એ ઔષધો પિત્તનું શૂળ મટાડે છે.

૪. કુટકી, લીમડાની છાલ, જેઠીમધ, ત્રિફળા, ગરમાળાનાં બીજ (?), એ ઔષધોનો ક્વાથ કરીને પીવાથી દાહ અને શૂળ મટે છે.

## કફશૂળનું લક્ષણ

**लक्षणं श्लेष्मशूलस्य हृदये शूलमुल्बणम् ।**
**जडत्वं सर्वगात्रस्य न निद्रा न रुचिस्तथा ॥३१॥**

કફશૂળનું લક્ષણ એવું છે કે રોગીને છાતીમાં અતિશય શૂળ થાય છે, આખે શરીરે જડતા થાય છે, ઉંઘ આવતી નથી, તથા રૂચિ પણ થતી નથી.

## કફશૂળના ઉપાય

**चूर्णं पथ्यावचावह्निकटुरोहिणीजं समम् ।**
**श्लेष्मशूलं हरत्याशु पीतं गोमूत्रसंयुतम् ॥३२॥**
**बीजपूररसोपेतो गुडः श्लेष्मसमुद्भवम् ।**
**हृद्रोगं नाभिशूलं च गुल्मं वा हन्ति निश्चितम् ॥३३॥**
**रिङ्गिणी दुल्लरी बिल्व बीजपूराङ्घ्रयोऽश्मभित् ।**
**गोक्षीरेणान्वितैरेतैः कृतः क्वाथोऽतिशीतलः ॥३४॥**
**एलाहिंगुयवक्षारसैन्धवप्रतिवापतः ।**
**पीतमेरण्डतैलेन कटिहृद्गुदमेढ्रजम् ॥३५॥**
**जाठरं नाभिशूलं पृष्टकुक्षिगतं च वा ।**
**शिरःकर्णाक्षिशूलं च नाशयत्यतिवेगतः ॥३६॥**

૧. હરડે, વજ, ચિત્રો, કડાછાલ, એ ઔષધો સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને ગાયના મૂત્ર સાથે પીવાથી તત્કાળ શૂળને મટાડે છે.

૨. બીજોરાના રસમાં ગોળ મેળવીને ખાવાથી કફથી ઉત્પન્ન થયેલું શૂળ, હૃદયનો રોગ, નાભિનું શૂળ અને ગુલ્મ, એ રોગ નિશ્ચય મટે છે.

૩. રીંગણી, દુલ્લરી (?), બીલી, બીજોરાનાં મૂળ, પાષાણભેદ, એ ઔષધોમાં ગાયનું દૂધ નાખીને તેનો ક્વાથ કરી તે ઠંડો થયા પછી તેમાં એલચી, હિંગ, જવખાર અને સિંધવ પાવલી ભાર નાખીને તથા દીવેલ વયના પ્રમાણમાં બે તોલા નાખીને પીવાથી કટિનું શૂળ, ગુદાનું શૂળ, લિંગમાંનું

શૂળ, જઠરનું શૂળ, નાભિનું શૂળ, પીઠનું શૂળ, કૂખોમાંનું શૂળ તેમજ માથું-આંખ-કાનનાં શૂળ તરત જ મટાડે છે. (આ ઔષધથી વિરેચન થાય છે).

## સઘળા પ્રકારનાં શૂળના ઉપાય

शुण्ठीसुवर्चलाहिङ्गुयुतमुष्णं जलं पिबेत् ।
क्षणेन नाशयत्येतत्सर्वं शूलानि देहिनः ।।३७।।
अजमोदा वचा हिङ्गु लवणं बिडपूर्णकं ।
शुण्ठी सुवर्चला कृष्णा दुल्लरी रिङ्गिणी तथा ।।३८।।
बीजपुरस्य बीजानि तुम्बरः समभागिनः ।
एतत्क्वाथस्य पानेन यान्ति शूलान्यनेकधा ।।३९।।
वचा सुवर्चला हिङ्गु कुष्टमिन्द्रयवाः समम् ।
चूर्णमुष्णाम्भसा पीतं सर्वशूलनिकृन्तनम् ।।४०।।
अजमोदा वचा कुष्टमम्लवेतससैन्धवैः ।
सर्जिक्षारस्तथा पथ्या त्रिकटुब्रह्मदण्डिका ।।४१।।
मुस्ता सुवर्चला विश्वा लवणं बिडपूर्वकम् ।
पीतं तक्रान्वितं चूर्णममीषां सर्वशूलहृत् ।।४२।।
यवानी सैन्धवं दारु यवक्षारः सुवर्चलः ।
विश्वैरण्डशिफा हिङ्गु लवणं बिडपूर्वकम् ।।४३।।
एतच्चूर्णं समं श्लक्ष्णं गडूची पक्वपायसैः ।
निपीतं सर्वशूलानि नाशयत्यतिवेगतः ।।४४।।
अम्लवेतसनिर्यासः सैन्धवं शुण्ठीरामठम् ।
सुवर्चलाजमोदा च देवदारुः समांशकम् ।।४५।।
स्थाल्यां प्रक्षिप्य तत्सर्वं वह्निं प्रज्वालयेदधः ।
क्षारः स्यादिति सम्पिष्ट्वा तत्पीतं तीव्रशूलनुत् ।।४६।।
टिण्टुकं शिग्रुमूलं च मयूरः सैन्धवं समम् ।
मूलाजीर्णोद्भवं शूलं यात्येतच्चूर्णभक्षणात् ।।४७।।
शुण्ठी सुवर्चला हिङ्गु मूलं पाडलजं समम् ।
तच्चूर्णमम्भसापानात् यान्ति शूलान्यनेकधा ।।४८।।
अजमोदा तथा पाठा त्रिकटुः समचूर्णकम् ।
भुक्तमुष्णाम्भसा पानात् यान्ति शूलान्यनेकधा ।।४९।।

૧. શુંઠ, સંચળ અને હિંગનું ચૂર્ણ કરીને ગરમ પાણી સાથે પીવાથી મનુષ્યનાં સઘળા પ્રકારનાં શૂળ એક ક્ષણમાં નાશ પામે છે.

૨. અજમોદ, વજ, હિંગ, બિડખાર, શુંઠ, સંચળ, પીપર, દુલ્લરી ( ?) રીંગણી, બીજોરાનાં બીજ અને તુંબરબીજ, એ સર્વે સમભાગે લેઇને તેનો ક્વાથ કરીને પીવાથી અનેક પ્રકારનાં શૂળ મટે છે.

૩. વજ, સંચળ, હિંગ, ઉપલેટ, ઇંદ્રજવ, એ સર્વે સમભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને ગરમ પાણી સાથે પીવાથી બધા પ્રકારનાં શૂળ નાશ પામે છે.

૪. અજમોદ, વજ, ઉપલેટ, અમ્લવેતસ, સિંધવ, સાજીખાર, હરડે, શુંઠ, પીપર, મરી, બ્રહ્મદંડી (ખાખરનાં બીજ ?), મોથ, સંચળ, શુંઠ,⁕ બીજલવણ, એ ઔષધો સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને છાશ સાથે પીવાથી સઘળા પ્રકારનાં શૂળ મટે છે.

૫. યવાન, સિંધવ, દેવદાર, જવખાર, સંચળ, શુંઠ, દીવેલાનું મૂળ, હિંગ, બિડલવણ, એ ઔષધો સમાન લાગે લેઇને તેનું ચૂર્ણ ઘણું બારીક કરીને તે, ગળો નાખીને પક્વ કરેલા દુધ સાથે પીવાથી સઘળા પ્રકારનાં શૂળ જલદીથી મટી જાય છે.

૬. આમ્લવેતસનો રસ, સિંધવ, શુંઠ, હિંગ, સંચળ, અજમોદ અને દેવદાર, એ ઔષધો સમાન લેઇને તે સઘળાંને લોઢાની કઢાઇમાં નાખીને નીચે અગ્નિ કરીને બાળી નાખવું. એમ કરવાથી જે ક્ષાર થશે તેને બારીક વાટીને તે પાણી સાથે પીવાથી તીવ્ર એવા શૂળનો નાશ કરે છે.

૭. અલવાનું મૂળ, સરગવાનું મૂળ, મોરમાંસી, સિંધવ, એ ઔષધો સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને ખાવાથી પ્રથમ અજીર્ણ થઇને પછી તેથી જે શૂળ ઉત્પન્ન થયું હોય તે નાશ પામે છે.

૮. શુંઠ, સંચળ, હિંગ, પાડળનું મૂળ, એ ઔષધોનું ચૂર્ણ કરીને તેને પાણી સાથે પીવાથી અનેક પ્રકારનાં શૂળ નાશ પામે છે.

૯. અજમોદ, પાહાડમૂળ શુંઠ, પીપર, મરી, સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને ગરમ પાણી સાથે પીવાથી અનેક પ્રકારનાં શૂળ માટે છે.

---

⁕ આ યોગમાં શુંઠ બે વાર આવેલી છે માટે બમણી લેવી કેમકે પ્રાચીન વૈદ્યોને એવો સંકેત છે.

# પરિણામ શૂળના ઉપાય

**परिणामोद्भवं शूलं त्रिफला लोहचूर्णकम् ।**
**भक्षितं मधुना सार्धं नाशयत्यतिवेगतः ।।५०।।**
**भृष्टदालीकृता मुद्‌गु शालिलाजाश्च सैन्धवम् ।**
**धान्यं जीरं जले स्विन्ना यवागूरिति कथ्यते ।।५१।।**
**पाचिनी क्षुत्करी शूलनाशिनी च त्रिदोषहृत् ।**
**गुर्विणी क्षतवृद्धानां बालानां च हितावहा ।।५२।।**
**पिप्पलीपिप्पलीमूलचव्यचित्रकनागरैः ।**
**यवागूः सेविता सिद्धा दीपनी पाचनी हिता ।।५३।।**

૧. ત્રિફળા (હરડે, બેડાં, આમળાં), લોહભસ્મ, એ ઔષધોનું ચૂર્ણ કરીને મધ સાથે ખાવાથી પરિણામશૂળ (ખાધા પછી અન્ન પાચન થતાં જે શૂળ થાય છે તે) જલદીથી મટી જાય છે.

૨. મગને શેકીને તેની દાળ કરવી, ડાંગરને શેકીને તેની ધાણી કરવી, એ બેને ઘણા પાણીમાં નાખીને રાંધવી, તથા તેમાં સિંધવ અને ધાણા, જીરૂં નાખવાં. એને યવાગૂ કહે છે. એ યવાગૂ અન્નને પાચન કરનારી, ભૂખને ઉઘાડનારી, શૂળને નાશ કરનારી તથા વાતાદિ ત્રણે દોષને મટાડનારી છે. ગર્ભવતી સ્ત્રીને, જેને ક્ષત થયું હોય એટલે વ્રણ થઇને નિર્બળ થઇ ગયો હોય તેને, વૃદ્ધ માણસને અને બાળકને એ યવાગૂ ફાયદાકારક છે.

૩. એવી જ યવાગૂ કરીને તેમાં પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રો, અને શુંઠ એ પાંચનું ચૂર્ણ કરીને નાખવું. એ યવાગૂ ખાવાથી તે જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે, મળનું પાચન કરે છે, તથા હિતકારક છે.

# ઉધ્વસીનો ઉપાય

**कर्षार्द्धप्रमितं चूर्णं बिभीतफलसम्भवम् ।**
**भोजनानन्तरं हन्ति मधुना लीढमुध्वसी ।।५४।।**

૧. બેઢાંની છાલનું ચૂર્ણ અરધો તોલો લેઇને જમ્યા પછી તેને મધ સાથે ચાટવાથી ઉધ્વસી નામે રોગ નાશ પામે છે.

## ક્ષય રોગનું લક્ષણ

श्वासकासौ बलं हीनं जडताङ्गेऽग्निमन्दता ।
ज्वरोऽरुचिरतीसारो वान्ति दाहोऽङ्घ्रिपाणिषु ।।५५।।
दौर्गन्ध्यं वदने पीडा शिरसः कुक्षिवेदना ।
पूतिनिष्ठीवनं शोफः क्षयरोगस्य लक्षणम् ।।५६।।

ક્ષય રોગમાં રોગીને શ્વાસ તથા ખાંસી થાય છે, તેનું બળ નાશ પામે છે, શરીર જડ થઇ જાય છે, જઠરાગ્નિ મંદ પડી જાય છે, તાવ આવે છે, અરૂચિ થાય છે, અતીસાર થાય છે, ઉલટી થાય છે, હાથે પગે દાહ બળે છે, મુખમાંથી દુર્ગંધ નીકળે છે, માથે પીડા થાય છે, કૂખોમાં વેદના થાય છે, પરૂના ગળફા પડે છે, અને સોજો આવે છે, એ લક્ષણો ક્ષય રોગનાં છે.

## ક્ષયરોગના ઉપાય

कणाद्राक्षासितालेहः क्षयहृन्मधुतैलवान् ।
मधुसर्पिर्युतो वाऽश्वगन्धाकृष्णासितोद्भवः ।।५७।।
शर्करामधुसंयुक्तं नवनीतं लिहन् क्षयी ।
क्षीराशी लभते पुष्टिं तत्तुल्ये चाज्यमाक्षिके ।।५८।।
शर्करा पिप्पली द्राक्षा तिलभुक्तं समं त्रयम् ।
श्वासं कासं तथा छर्दिं क्षयरोगं च हन्ति वै ।।५९।।
लवङ्गं पिप्पली शुण्ठी वाहगन्धा सिताशितैः ।
हन्ति श्वासं तथा कासं क्षयरोगं च चूर्णकम् ।।६०।।
तवराजकणाद्राक्षाखर्जूरं मधुकं त्रुटिः ।
लवङ्गं पत्रकं नागकेसरं च समांशतः ।।६१।।
मधुना भक्षितं चूर्णमेतेषां हन्ति निश्चितम् ।
भ्रमं दाघं शिरःपीडां क्षयरोगं तथोल्बणम् ।।६२।।
तवराजकणाद्राक्षास्तिलाः सर्वं समांशतः ।
भक्षितं मधुना हन्ति क्षयरोगमपि ध्रुवम् ।।६३।।
तवराजकणावाहगन्धा मधुघृतान्विताः ।
भक्षिता घ्नन्ति दुर्वारं क्षयरोगमसंशयम् ।।६४।।

विडङ्गं पिप्पलीमूलमुशीरं नागकेसरम् ।
लवङ्गः पद्मकं पत्रं त्रिफला च कटुत्रयम् ॥६५॥
रास्नाश्वगन्धिका दारु स्नुही च ब्रह्मदण्डिका ।
द्विभागशर्करायुक्तं चूर्णमेषां हि भक्षितम् ॥६६॥
श्वासं कासं भ्रमं छर्दिं हृद्रोगं विषमज्वरम् ।
क्षयरोगं तथा गुल्मं नाशयत्यतिवेगतः ॥६७॥
शुण्ठी दुरालभा द्राक्षा कणा कर्कटशृङ्गिका ।
शतपुष्पा शवा जीरं वह्निर्मधुगुडान्वितम् ॥६८॥
भक्षितं क्षयरोगघ्नं आटरूषरसेन वा ।
गव्येन नवनीतेन पाचितं तत्फलोद्भवम् ॥६९॥
तेनैव सर्पिषा चूर्णं भक्षितं हन्ति निश्चितम् ।
क्षयरोगं तथा कासं श्वासं शोणितमारुतम् ॥७०॥

૧. પીપર, દ્રાક્ષ અને સાકરનું ચૂર્ણ કરીને તેને મધ તથા તેલ સાથે ચાટવાથી ક્ષયરોગ મટે છે.

૨. આસંધ, પીપર અને સાકરનું ચૂર્ણ કરીને તેને મધ તથા ઘી સાથે ચાટવાથી ક્ષય મટે છે.

૩. સાકર અને મધ સાથે માખણ ખાઇને તે ઉપર દૂધ પીવાથી ક્ષયરોગ વાળાને પુષ્ટિ થાય છે. અથવા ઘી અને મધ ખાવાથી પણ એજ ગુણ થાય છે.

૪. સાકર, પીપર અને દ્રાક્ષ એ ત્રણે વાનાં સમાન લેઇને તલ સાથે ખાવાથી શ્વાસ, ખાંસી, ઉલટી તથા ક્ષયરોગને નિશ્ચય મટાડે છે.

૫. લવંગ, પીપર, શુંઠ, આસંધ, સાકર એ ઔષધોનું ચૂર્ણ ખાવાથી શ્વાસ, ખાંસી તથા ક્ષયરોગ મટે છે.

૬. સાકર, પીપર, દ્રાક્ષ, ખજૂર, જેઠીમધ, એલચી, લવંગ, તમાલપત્ર, નાગકેસર, એ ઔષધોને સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને મધ સાથે ખાવાથી તે ભ્રમ, દાહ, માથાની પીડા તથા વધી પડેલા ક્ષયરોગને નિશ્ચય હણે છે.

૭. સાકર, પીપર, દ્રાક્ષ, તલ, એ સર્વને સમાન ભાગે લેઇને મધ સાથે ખાવાથી ક્ષયરોગને પણ નિશ્ચય મટાડે છે.

૮. સાકર, પીપર અને આસંધને મધ તથા ઘી સાથે ખાવાથી દુઃસાધ્ય એવો ક્ષયરોગ પણ નિશ્ચય મટે છે.

૯. વાવડીંગ, પીપરીમૂળ, વાળો, નાગકેસર, લવંગ, પદ્મકાષ્ટ, તમાલપત્ર, ત્રિફળા (હરડે, બેઢાં, આમળાં), શુંઠ, પીપર, મરી, રાસ્ના, આસંધ, દેવદાર, થોરનું મૂળ, બ્રહ્મદંડી (ખાખરના બીજ ?), એ ઔષધો એક એક તોલો લેવાં તથા તે બધાથી બમણી સાકર લેવી, એ ચૂર્ણ ખાવાથી શ્વાસ, ખાંસી, ભ્રમ, ઉલટી, હૃદયનો રોગ, વિષમજ્વર, ક્ષયરોગ અને ગુલ્મરોગ, એટલા રોગ જલદીથી મટી જાય છે.

૧૦. શુંઠ, ધમાસો, દ્રાક્ષ, પીપર, કાકડાસીંગ, વરિયાળી, સવા, જીરૂં, ચિત્રો, એ ઔષધોનું ચૂર્ણ મધ તથા ઘી સાથે ખાવાથી અથવા અરડૂસીના રસ સાથે ખાવાથી ક્ષયરોગ મટે છે.

૧૧. ગાયના માખણમાં અરડૂસીનાં ફળને નાખીને પક્વ કરી તે માખણનું ઘી થાય તેમાં ઉપર કહેલું ચૂર્ણ ખાવાથી ક્ષયરોગ, ખાંસી, શ્વાસ અને વાતરક્ત નિશ્ચય મટે છે.

## ક્ષયકાસનું લક્ષણ

**उरःस्तम्भं सपीडं च पीतं निष्ठीवनं घनम् ।**
**ज्वरः कम्पस्तृषा पीडा कुक्षौ दुर्बलताऽरुचिः ।।७१।।**
**सघर्घरं गलं भेदो वैवर्ण्यं बलहीनता ।**
**भुक्ताजीर्णं ज्वरश्चेति क्षयकासस्य लक्षणम् ।।७२।।**

છાતી સ્તબ્ધ થઇ જાય તથા તેમાં પીડા થાય, ગળફા પીળા અને ઘાડા પડે, તાવ આવે, કંપ થાય, તરસ લાગે, કૂખમાં પીડા થાય, શરીર દુબળું થાય, અરૂચિ થાય, ગળામાં ઘર્ઘર અવાજ બોલે, મુખનો વર્ણ બદલાઇ જાય, શક્તિ કમી થાય, ખાધેલું પચે નહિ, તાવ આવે, એ લક્ષણો ક્ષયની ખાંસીનાં છે.

## ક્ષયકાસનો ઉપાય

**पाठाकणानिशावह्निर्मधुरी च रसाञ्जनम् ।**
**मञ्जिष्ठाया रजोभुक्तं क्षयकासनिवारणम् ।।७३।।**

૧. પહાડમૂળ, પીપર, હળદર, ચિત્રો, મધુરી, રસાંજન, મજીઠ એ ઔષધોનું ચૂર્ણ ખાવાથી ક્ષયની ખાંસી મટે છે.

## ગુલ્મરોગના લક્ષણો

अरुचिर्वातशीर्षी च रोधो मूत्रपुरीषयोः ।
उत्फुल्लमुदरं शूलं नाभौ कुक्षिशिरोव्यथा ॥७४॥
सर्वगुल्मेषु सामान्यं निदानं कथितं बुधैः ।
वातपित्तादिभेदेन कथ्यन्ते ते तु हेतुभिः ॥७५॥

ગુલ્મરોગમાં વાયુ પ્રધાન હોય છે, એ રોગવાળાને અન્ન ઉપર અરૂચિ થાય છે, મૂત્ર અને ઝાડાનો કબજો થાય છે, પેટ ફૂલે છે, નાભિમાં શૂળ થાય છે, અને કૂખમાં તથા માથામાં પીડા થાય છે, બધા પ્રકારના ગુલ્મરોગમાં એ લક્ષણો સામાન્ય છે એમ વિદ્વાન વૈદ્યોએ કહેલું છે. પછી જુદા જુદા હેતુઓથી વાયુ, પિત્ત, કફ વગેરે કોપીને વાતગુલ્મ, પિત્તગુલ્મ વગેરે રોગ ઉત્પન્ન કરે છે, તે ગુલ્મના ભેદ કહેવાય છે.

## વાતગુલ્મના લક્ષણ

उत्फुल्लमुदरं शूलं पीडा वा मस्तकेऽसकृत् ।
उदुम्बरफलाकारो वातगुल्मः प्रजायते ॥७६॥

વાયુનો ગુલ્મ ઉંબરાના ફળના આકારનો થાય છે, તથા તેમાં પેટ ફૂલે છે, તેમાં દુઃખે છે, અને વારંવાર માથામાં પીડા થાય છે.

## વાતગુલ્મના ઉપાય

मरिचं पिप्पली शुण्ठी कटुकं हेमवह्निजः ।
सुवर्चला वचा क्षारः प्रत्येकं कर्षमात्रकं ॥७७॥
पलानि षोडशाज्यस्य सुपक्वं मृदुवह्निना ।
वातगुल्मं कृमीन् हन्ति भुक्तं श्वासमसंशयम् ॥७८॥
बीजपूररसो हिंगु सैन्धवं बिडपूर्वकम् ।
लवणं दाडिमं भुक्तं शिवया वातगुल्महृत् ॥७९॥
तुम्बरः सैन्धवं हिङ्गु पथ्या पुष्करमूलिका ।
सुवर्चलाऽशितं वातगुल्महृत् क्षारवारिणा ॥८०॥
विङ्गत्रिफला व्योषचव्यधान्याग्निकल्कितम् ।
घृतं क्षीरेण संसिद्धं पानात्पवनगुल्महृत् ॥८१॥

**स्नेहादष्टगुणं क्षीरं क्षीरादम्भश्चतुर्गुणम् ।**
**घृतशेषं च कर्त्तव्यं घृतपाके त्वयं विधिः ॥८२॥**

૧. મરી, પીપર, શુંઠ, કડુ, હીમજો, ચિત્રો, સંચળ, વજ, જવખાર, એ પ્રત્યેક ઔષધિ એક એક તોલો લેવી. ઘી ચોસઠ તોલા લેવું. એ ઔષધોનું કલ્ક કરી ઘીમાં નાખીને ધીમે તાપે ઘીને પક્વ કરવું. એ ઘી ખાવાથી વાયુનો ગુલ્મ મટે છે, કૃમિ નાશ પામે છે, અને શ્વાસનો રોગ પણ નિશ્ચય નાશ પામે છે.

૨. બીજોરાનો રસ, હિંગ, સિંધવ, બિડલવણ, દાડિમ, હરડે, એ ઔષધોનું કલ્ક કરીને ખાવાથી વાયુનો ગુલ્મ મટે છે.

૩. તુંબરબીજ, સિંધવ, હિંગ, હરડે, પુષ્કરમૂળ, સંચળ, એ સર્વને જવખારના પાણી સાથે પીવાથી વાયુનો ગુલ્મ મટે છે.

૪. વાયવિડંગ, ત્રિફલા, શુંઠ, પીપર, મરી, ચવક, ધાણા, ચિત્રો, એ ઔષધોનું કલ્ક કરી તેમાં ચારગણું ઘી તથા દૂધ નાખી તેને પક્વ કરી ઘી માત્ર શેષ રહે ત્યારે ગાળી લેઇ તે દરરોજ બે તોલા પ્રમાણે પીવાથી વાયુનો ગુલ્મ મટે છે.

ઘી પક્વ કરવાનો વિધિ આ પ્રમાણે છેઃ–ઘી કરતાં દૂધ આઠગણું લેવું, અને દૂધ કરતાં પાણી ચારગણું લેવું. પછી ઘી માત્ર શેષ રહે ત્યાં સુધી પક્વ કરવું.

## પિત્તગુલ્મનું લક્ષણ

**स्वेदः श्वासो भ्रमो वक्त्रं कटुकं च जलान्वितम् ।**
**तृषा दाघ इति ज्ञेयं पित्तगुल्मस्य लक्षणम् ॥८३॥**

રોગીને પરસેવો થાય, શ્વાસ ચઢે, ફેર આવે, મોઢું કડવું થઇ જાય, તેમાં પાણી આવે, તરસ લાગે, દાહ થાય, ત્યારે તે રોગીને પિત્તથી ગુલ્મ થયો છે એમ જાણવું. મતલબ કે એ લક્ષણો પિત્તગુલ્મના છે.

## પિત્તગુલ્મના ઉપાય

**भेषजस्य बिभीतस्य शिवायाः समचूर्णकम् ।**
**पित्तगुल्मं हरत्याशु भुक्तं शर्करया सह ॥८४॥**

શુંઠ, બેઢાં તથા આમળાનું ચૂર્ણ સમાન ભાગે કરીને તેને સાકર સાથે ખાવાથી પિત્તગુલ્મ તરત મટી જાય છે.

## કફગુલ્મનાં લક્ષણ

**अन्तर्दाहो बहिः शीतमास्यं स्निग्धं जलान्वितम् ।**
**श्वासोऽरुचिरिति ज्ञेयं श्लेष्मगुल्मस्य लक्षणम् ॥८५॥**

શરીરની અંદર દાહ થાય, બહાર શીતળતા લાગે, મોંઢું ચીકણું તથા પાણીવાળું થાય, શ્વાસ ચઢે અને અરૂચિ થાય, એ લક્ષણો કફ ગુલ્મનાં છે.

## કફગુલ્મના ઉપાય

**वचाविश्वाकणामूलं क्षाराग्नीनां पलं पलम् ।**
**द्विषट् पलं घृतं पक्त्वा भक्षितं श्लेष्मगुल्मनुत् ॥८६॥**

વજ, શુંઠ, પીપરીમૂળ, જવખાર, ચિત્રો, એ દરેક ઔષધિ ચાર ચાર તોલા લેવી. એ ઓષધોનું કલ્ક કરીને તે ૨૪૮ તોલા ઘીમાં નાખીને ઘી તેમાં પક્વ કરવું. એ ઘી ખાવાથી તે કફના ગુલ્મનો નાશ કરે છે.

## ત્રિદોષગુલ્મના લક્ષણ

**अन्तर्दोषोऽतिमन्दाग्निः कृशताऽङ्गगताः शिराः ।**
**कृष्णास्त्रिदोषगुल्मस्य चिह्नमेतदसंशयम् ॥८७॥**

શરીરની અંદર વાતાદિક દોષનો પ્રકોપ હોય, જઠરાગ્નિ છેક જ મંદ પડી ગયો હોય, શરીર સૂકાઇ ગયું હોય અને શરીરની શિરાઓ (નસો) કાળી થઇ ગઇ હોય, તો એ લક્ષણો નિશ્ચય ત્રિદોષ ગુલ્મના સમજવાં.

## હિક્કાના ઉપાય

**मातुलुङ्गरसैर्लाजा सैन्धवैः पाचितं घृतम् ।**
**हृद्दोषदायिनी हिक्का तस्मिन् भुक्ते निवर्त्तते ॥८८॥**
**श्वासावरोधिनी हिक्का शमं यात्यतिवेगतः ।**
**चुलुकैर्वा जले पीते धृत्वा श्वासं निवर्तते ॥८९॥**
**मधुकं मधुसंयुक्तं पिप्पली शर्करान्वितम् ।**
**नागरं गुडसंयुक्तं हिक्काघ्नं नावनत्रयम् ॥९०॥**
**स्तन्येन मक्षिकाविष्टा नस्यं वाऽलक्तकाम्बुना ।**
**योज्यं हिक्कानिरासाय स्तन्यं वा चन्दनान्वितम् ॥९१॥**
**नेपाल्या गोविषाण्या वा कुष्टात् सर्जरसस्य वा ।**
**धूमं कुशस्य वा साज्यं पिबेद्धिक्कोपशान्तये ॥९२॥**

**अजाया लिण्डिकाचूर्णं कर्षैकं तोयपाचितम् ।**
**पीतं दिनत्रयं यावद्वातहिक्कोपशान्तये ॥९३॥**
**कृष्णामलकशुण्ठीनां चूर्णं मधुसिताघृतम् ।**
**मुहुर्मुहुः प्रयोक्तव्यं हिक्काश्वासनिवारणम् ॥९४॥**

૧. હૃદયને દોષ (દુઃખરૂપી) ઉત્પન્ન કરનારો હિક્કાનો રોગ, બીજોરાનો રસ, ડાંગરની ધાણી, અને શિંધવ વડે પક્વ કરેલું ઘી ખાવાથી મટે છે.

૨. જે હિક્કા શ્વાસનો અવરોધ કરે છે, તે ખોબાથી પાણી પીવા વડે અથવા શ્વાસ રોકવાથી તરત જ મટી જાય છે.

૩. મધ અને જેઠી મધ, સાકર અને પીંપર, અથવા ગોળ અને શુંઠ, એ ત્રણમાંથી ગમે તે એકને સુંઘવાથી હિક્કાનો નાશ થાય છે.

૪. સ્ત્રીના ધાવણ સાથે માખોની હગાર, અથવા અળતાનો રસ, અથવા સ્ત્રીનું ધાવણ અને ચંદન, એ ત્રણમાંથી ગમે તે એક હિક્કા મટાડવા માટે સુંઘાડવું. મતલબકે એ ત્રણમાંથી હર કોઇ એકનું નસ્ય હિક્કાને મટાડે છે.

૫. નેપાળીનો (?) ગોવિષાણીનો (?) ઉપલેટનો, રાળનો, અથવા ઘી અને દર્ભનો ધૂમાડો પીવાથી હિક્કા શભી જાય છે.

૬. એક તોલો બકરીની લીંડીઓ લેઇને સોળ તોલા પાણીમાં ઉકાળીને તે પાણી બે તોલા શેષ રહે ત્યારે પી જવું. એ રીતે ત્રણ દિવસ કરવાથી વાયુની હિક્કા શમી જાય છે.

૭. પીપર, આમળાં અને શુંઠનું ચૂર્ણ મધ, ઘી તથા સાકર સાથે વારંવાર ખાવાથી હિક્કા તથા શ્વાસ મટે છે.

## હૃદ્રોગના ઉપાય

**भल्लातं पिष्पलीमूलं क्वाथोऽयं हन्ति पानतः ।**
**हृद्रोगं गुडसंयुक्तो बीजपूररसोऽथवा ॥९५॥**
**लवणाम्बुयुतं तैलं हृद्रोगे वातिके पिबेत् ।**
**सिद्धं वा मूत्रविड्गुल्मशूलानाहनिवारणम् ॥९६॥**
**पञ्चादशाभयाकल्कं सौवर्चलपलद्वयम् ।**
**घृतप्रस्थं जले सिद्धं हृद्रोगश्वासगुल्मनुत् ॥९७॥**
**पिष्पली बीजपूरं च नवनीतयुतं द्वयम् ।**
**हृच्छूलं विनिहन्त्येव हृद्रोगं चातिदारुणम् ॥९८॥**

**शुण्ठी सुवर्चला हिंगु दाडिमं साम्लवेतसम् ।**
**चूर्णमुष्णाम्भसा पेयं श्वासहृद्रोगशान्तये ॥९९॥**

૧. ભીલામાં અને પીપળીમૂળના ક્વાથમાં ગોળ મેળવીને તે પીવાથી હૃદયના રોગ મટે છે. અથવા બીજોરાના રસમાં ગોળ મેળવીને પીવાથી પણ હૃદયનો રોગ મટે છે.

૨. અથવા તેલમાં સિંધવ અને પાણી નાખીને તે તેલ પક્વ કરીને વાયુના હૃદ્રોગમાં પીવું. એ તેલ હૃદ્રોગ મટાડવા ઉપરાંત મૂત્ર, ઝાડો, ગુલ્મ, શૂળ અને આફરો એ રોગને પણ મટાડે છે.

૩. પંદર હરડેનું કલ્ક કરવું, તેમાં આઠ તોલા સંચળ મેળવવો, પછી ચોસઠ તોલા ઘીમાં આઠગણું પાણી નાખીને તેમાં ઉપર કહેલું કલ્ક નાખી ઘી સિદ્ધ કરવું. એ ઘી હૃદ્રોગ, શ્વાસ અને ગુલ્મને મટાડે છે.

૪. પીપરનું ચૂર્ણ અને બીજોરાનો ગર્ભ એ બન્નેને માખણમાં મેળવીને ખાવાથી હૃદયમાંનું શૂળ મટે છે તથા મહાકઠણ એવો હૃદયનો રોગ પણ મટે છે.

૫. શુંઠ, સંચળ, હિંગ, દાડિમ, આમ્લવેતસ, એ ઔષધોનું ચૂર્ણ કરીને તેને ગરમ પાણી સાથે પીવું તેથી શ્વાસ અને હૃદયનો રોગ મટે છે.

**॥ इति श्री परमजैनाचार्य श्रीकंठविरचिते वैद्यकसारसंग्रहे**
**हितोपदेशनाम्नि हृदयरोगप्रतीकारनामा पंचमः समुद्देशः ॥४॥**

# उदरना रोग

## ઉદરના રોગના નામ

**छर्दिर्जलोदरं श्वासं शूलं प्लीहाहिजम्बुकः ।**
**उदरस्था अमी रोगाः प्राणिप्राणापहारिणः ।।१।।**

ઉલટી, જળોદર, શ્વાસ, શૂળ, બરોળ, અહિજંબુક ( ?) એવા મનુષ્યનો જીવ લેનાર રોગ ઉદરમાં થાય છે.

## વાયુની ઉલટીનું લક્ષણ

**ईषदुष्णा सफेना च सशूलाऽथ पुनः पुनः ।**
**छर्दिर्भवति लक्ष्मैतद्वातछर्दिः प्रकीर्तिता ।।२।।**

જે ઉલટી લગાર ગરમ તથા ફીણવાળી, જે ઉલટી થતાં પેટમાં દુખતું હોય અને જે વારંવાર થતી હોય, તો એ ચિહ્ન ઉપરથી તે ઉલટી વાયુની છે, એમ કહેવાય છે.

## વાયુની ઉલટીના ઉપાય

**कृत्वा विरेचनं पश्चान्मधुना सह भक्षितम् ।**
**पथ्या चूर्णं कृतं हन्ति वातच्छर्दिमसंशयम् ।।३।।**
**सुवर्चला विङ्गानि सैन्धवं कटुकत्रयम् ।**
**वातच्छर्दिहरं चूर्णं भक्षितं तद्विनाशनम् ।।४।।**
**सैन्धवं सर्पिषा पीतं वातच्छर्दिविनाशनम् ।**
**किंवा जवानिकाचूर्णं भक्षितं तद्विनाशनम् ।।५।।**

૧. પ્રથમ ઉલટીના રોગવાળાને વિરેચન આપવું. પછી મધ સાથે હરડેનું ચૂર્ણ ખાવું. એમ કરવાથી વાયુની ઉલટી જરૂર નાશ પામશે.

૨. સંચળ, વાવડીંગ, સિંધવ, શુંઠ, પીપર, મરી એ ઔષધોનું ચૂર્ણ વાયુની ઉલટીને હરનારૂં છે, માટે તેને ખાવાથી વાયુની ઉલટી નાશ પામે છે.

૩. ઘી સાથે સિંધવ પીવાથી વાયુની ઉલટી મટી જાય છે, અથવા જવાન (એ જાતનો અજમો) ખાવાથી પણ વાયુની ઉલટી મટે છે.

## પિત્તની ઉલટીનાં લક્ષણ

**सदाहा लोहिता पीता हरिता साऽथवा भवेत् ।**
**छर्दिरित्युच्यते लक्ष्म पित्तछर्दिरसंशयम् ।।૬।।**

જે ઉલટી દાહયુક્ત, રાતી, પીળી, કે લીલી થાય, તો તે ચિહ્ન ઉપરથી તે ઉલટીને પિત્તની ઉલટી કહે છે.

## પિત્તની ઉલટીના ઉપાય

**पित्तछर्दिर्व्रजेद्दुर्वातन्दुलोदकपानतः ।**
**धात्रीरसेन वा पीतं शिवामूलं च हन्ति ताम् ।।૭।।**
**विडङ्गं त्रिफला शुण्ठी चूर्णमेषां समांशतः ।**
**मधुना भक्षितं हन्ति पित्तच्छर्दिमसंशयम् ।।૮।।**

૧. પિત્તની ઉલટી દરો અને ચોખાનું ધોવણ પીવાથી મટે છે. અથવા આમળાના રસમાં આમળાનું મૂળ પીવાથી પણ તે મટે છે.

૨. વાવડિંગ, ત્રિફળા અને શુંઠ, એ ઔષધોનું ચૂર્ણ સમાન ભાગે લેઇને મધ સાથે ખાવાથી પિત્તની ઉલટી નિઃસંશય મટે છે.

## કફ ઉલટીનાં લક્ષણ

**स्निग्धा घना विशुद्धा च मधुरा साऽथवा भवेत् ।**
**छर्दिरित्युच्यते लक्ष्म कफछर्दिरसंशयम् ।।૯।।**

જે ઉલટી ચીકણી, ઘાડી, સફેદ અને મધુર હોય તો તે ચિહ્ન ઉપરથી તે ઉલટી કફની છે, એમ જાણવું.

## કફની ઉલટીના ઉપાય

**जातीपत्ररसं कृष्णा मरिचं शर्करासमम् ।**
**एतानि भक्षणाद् घ्नन्ति कफछर्दिं चिरोद्भवाम् ।।૧૦।।**
**बीजपूररसो लाजा हरिद्रा पिप्पली मधु ।**
**हरन्त्येतानि युक्तानि वान्तिं कफसमुद्भवाम् ।।૧૧।।**

૧. જાવંતરીને પાણીમાં વાટી તેનો રસ, પીપર, મરી, સાકર, એ સઘળાં સમાન લેઇને તેને ખાવાથી ઘણા કાળથી ઉત્પન્ન થયેલી કફની ઉલટી મટે છે.

૨. બીજોરાનો રસ, ડાંગરની ધાણી, હલદર, પીપર અને મધ, એ ઔષધોયુક્ત કરીને ખાવાથી કફથી થયેલી ઉલટી મટે છે.

## ઉલટીના સામાન્ય ઉપચાર

**नागकेसरमालास्थिलवङ्गैला कणा मधु ।**
**कपित्थं चूर्णमेतेषां भक्षितं वमनापहम् ।।१२।।**
**कुलीरगर्भपानीयं पीतं स्वच्छं हिमोपमम् ।**
**वमनं धारयत्याशु यथा शीतं हुताशनः ।।१३।।**
**कपित्थं मरिचं बिल्वं शिला लाजा कणा समम् ।**
**एलारसेन मुक्तानि वमनं वारयन्ति च ।।१४।।**

૧. નાગકેસર, આંબલીના કચુકા, લવંગ, એલચી, પીપર, મધ, કોઠાનો ગર્ભ, એ ઔષધોનું ચૂર્ણ કરીને ખાવાથી ઉલટી બંધ થાય છે.

૨. પાણીમાં કાકડાસીંગ નાખી મૂકીને (અથવા કાકડાસીંગને પાણીમાં ઉકાળીને પછી તે ઠંડું થવા દેઇને) તે પાણી ગાળી લેઇને સ્વચ્છ હિમ સરખું કરી પીવાથી જેમ અગ્નિ ટાઢને અટકાવે છે તેમ તે ઉલટીને અટકાવે છે.

૩. કોઠાનો ગર્ભ, મરી, બીલી, શિલાજીત, ડાંગરની ધાણી, પીપર, એ સમાન ભાગે લેઇને તેને એલચીના પાણીમાં ખાવાથી ઉલટી બંધ થાય છે.

## વાતોદરનાં લક્ષણ

**हस्तयोः पादयोर्वक्त्रे शोफः शूलं च गर्हितम् ।**
**लक्ष्म वातोदरे ज्ञेयं शिराः कृष्णाः कलेवरे ।।१५।।**

વાતોદર નામે રોગનાં ચિહ્‌ન એવાં છે કે તે રોગમાં પગ અને મોઢા ઉપર સોજો થાય છે, ઘણું પીડાકારી શૂળ થાય છે, તથા શરીર ઉપરની નસો કાળી પડી જાય છે.

## પિત્તોદરનાં લક્ષણ

**स्वेदो दाघो भ्रमो मन्दो ज्वरः कृष्णाः शिरास्तृषा ।**
**नीलः पीतो मलश्चिह्नमिदं पित्तोदरे भवेत् ।।१६।।**

રોગીને પરસેવો થાય છે, દાહ થાય છે, ચક્કર આવે છે, ઝીણો તાવ રહે છે, નસો કાળી પડી જાય છે, તરસ લાગે છે અને મળ કાળો કે પીળો થાય છે, આ ચિહ્‌ન પિત્તથી થયેલા ઉદર રોગનાં છે.

## કફોદરનાં લક્ષણ

**कासः श्वासोऽरुचिर्निद्रा ज्वरः स्वेदोऽतिपाण्डुराः ।**
**शिराः श्लेष्मोदरे चिह्नं मिश्रं स्यात्सन्निपातजे ।।१७।।**

કફોદરમાં રોગીને ખાંસી થાય છે, શ્વાસ થાય છે, અરૂચિ થાય છે, ઉંઘ આવે છે, તાવ આવે છે, પરસેવો થાય છે અને શરીરની નસો ધોળી થાય છે. ઉદર રોગમાં બધા દોષ કોપ્યા હોય ત્યારે તેનાં ચિહ્ન મિશ્ર જોવામાં આવે છે.

## જઠરના રોગીએ શું વર્જવું ?

**अम्बुपानं दिवास्वापमहितं गुरुभोजनम् ।**
**व्यायामं मधुरान्नं च जठरी परिवर्जयेत् ।।१८।।**

જઠરના રોગવાળાએ બહુ પાણી પીવું નહિ, દિવસે ઉંઘવું નહિ, અહિતકારક તથા ભારે અન્ન ખાવું નહિ, કસરત કરવી નહિ અને મધુર પદાર્થો ખાવા નહિ.

## ઉદરના રોગના ઉપાય

**गवाक्षी शङ्खिनी दन्ती नीलीतिक्तकसंयुतम् ।**
**सर्वोदरविनाशाय गोमूत्रपानमाचरेत् ।।१९।।**
**क्षारो वचालनलव्योष नीली लवणपञ्चकम् ।**
**चूर्णितं सर्पिषा पेयं सर्वगुल्मोदरापहम् ।।२०।।**
**शिग्रुमूलं रसो वह्निः सैन्धवं ब्रह्मवृक्षकः ।**
**क्षारो भक्षणतोऽमीषां याति सर्वोदरं शमम् ।।२१।।**
**गोमूत्रं मधुपथ्या च छल्ली रोहेडवृक्षजा ।**
**एतैरुष्णाम्भसा पीतैर्याति सर्वं जलोदरम् ।।२२।।**
**सर्जिक्षारो यवक्षारः सैन्धवं दधि गोभवम् ।**
**एतच्चतुष्टयं भुक्तं हन्ति दुष्टं जलोदरम् ।।२३।।**
**पथ्या वा सैन्धवं कृष्णा पीता हन्ति जलोदरम् ।**
**कुटजाङ्घ्रियुता किंवा कटुरोहिणी मूलयुक् ।।२४।।**
**तिलाश्चैरण्डतैलेन पथ्या तत्समसैन्धवम् ।**
**कणागोमूत्रपीतानि नाशयन्ति जलोदरम् ।।२५।।**

पथ्या पुनर्नवा दारु गडूची गुग्गुलुः समम् ।
घ्नन्ति गोमूत्रपीतानि पाण्डुरोगं जलोदरम् ।।२६।।
नीली सुवर्चलं वह्निः सैन्धवं विडपूर्वकम् ।
लवणं जलधेस्तस्य सज्जीक्षारकटुत्रयम् ।।२७।।
एतच्चूर्णं समं श्लक्ष्णं पीतं गोसर्पिषा सह ।
हन्ति सर्वोदरं श्वासं गुल्मं शूलं सुदारुणम् ।।२८।।
सप्ताहं माहिषं मूत्रं तत्पयो वाऽम्बुवर्जितम् ।
पीतमौष्ट्रं पयोमासं श्वयथूदरनाशनम् ।।२९।।
सेव्या जठरिणा कृष्णा स्नुहिक्षीरेण भाविता ।
पयो वा चव्यदन्त्यग्निविडङ्गव्योषकल्कितम् ।।३०।।

૧. ઇંદ્રવારણી, શંખાવળી, દંતીમૂળ, ગળીનાં મૂળ, કરિયાતું, એ સર્વનું ચૂર્ણ કરીને ગાયના મૂત્ર સાથે પીવાથી બધા પ્રકારના ઉદરરોગ નાશ પામે છે.

૨. જવખાર, વજ, ચિત્રો, શુંઠ, પીપર, મરી, ગળીનાં મૂળ, સિંધવ, સંચળ, કાચલવણ, બિડલવણ અને વરાગડું, એ સર્વનું ચૂર્ણ કરીને તેને ઘી સાથે પીવાથી બધા પ્રકારના ઉદરરોગ મટે છે.

૩. સરગવાના મૂળનો રસ, ચિત્રો, સિંધવ, ખાખરનાં મૂળની છાલ, જવખાર, એ ઔષધો ખાવાથી સઘળા પ્રકારના ઉદર રોગ શમી જાય છે.

૪. ગાયનું મૂત્ર, મધ, હરડે, રોહિડા નામે ઝાડની છાલ, એ સર્વને ગરમ પાણી સાથે (?) પીવાથી સઘળા પ્રકારનાં જળોદર જાય છે.

૫. સાજીખાર, જવખાર, સિંધવ, ગાયનું દહી, એ ચાર વાનાં ખાવાથી દુષ્ટ એવા જળોદરના રોગને મટાડે છે.

૬. હરડે, સિંધવ અને પીપર સાથે ઇંદ્રજવનો મૂળ અથવા કડૂનાં મૂળ મેળવીને તે ચૂર્ણ ગરમ પાણી સાથે પીવાથી જળોદર મટી મટે છે.

૭. તલ, હરડે, સિંધવ, પીપર, એ સર્વે સમાન લેઇને તેને ગાયના મૂત્રમાં દીવેલ નાખીને પીવાથી જળોદર મટે છે.

૮. હરડે, સાટોડી, દેવદાર, ગળો, ગુગળ, એ સર્વે સમાન લેઇને ગાયના મૂત્ર સાથે પીવાથી પાંડુરોગ તથા જળોદર મટે છે.

૯. ગળીનાં મૂળ, સંચળ, ચિત્રો, સિંધવ, બિડલવણ, સમુદ્ર લવણ, સાજીખાર, શુંઠ, પીપર, મરી, એ સઘળાંને સમ ભાગે લેઇને બારીક ચૂર્ણ કરીને ગાયના ઘી સાથે ખાવાથી સઘળા પ્રકારના ઉદર, શ્વાસ, ગુલ્મ અને અત્યંત કઠણ શૂળને મટાડે છે.

૧૦. સાત દહાડા સુધી ભેંશનું મૂત્ર પીવાથી, અથવા પાણી પીધા સિવાય ભેંશનું દૂધ પીવાથી, અથવા એક માસ લગી ઊંટડીનું દૂધ પીવાથી સોજો અને ઉદર રોગ મટી જાય છે.

૧૧. જઠર રોગવાળાએ થોરના દૂધમાં ભાવના આપેલી પીપરો ખાવી, અથવા ચવક, દંતીમૂળ, ચિત્રો, વાવડીંગ, શુંઠ, પીપર, મરી, એ ઔષધોનું કલ્ક કરીને તે દૂધ સાથે ખાવું.

## શ્વાસ તથા ખાંસીના ઉપાય

**दुल्लरी सैन्धवं मांसी लवणं च सुवर्चला ।**
**त्रिकटु ब्रह्मदण्डी च त्रिफलैरण्डमूलिका ॥३१॥**
**बिडादि लवणं सर्वं समांशं श्लक्ष्णचूर्णितम् ।**
**पीतमुष्णाम्भसा कासमूर्ध्वश्वासं च वारयेत् ॥३२॥**
**शुण्ठी दारुकणाचूर्णं पीतमुष्णाम्भसा समम् ।**
**उर्ध्वश्वासहरं किंवा गोपयः पीतभार्ङ्गिका ॥३३॥**
**चूर्णमुष्णाम्भसा पीतं शुण्ठीभारङ्गकोद्भवम् ।**
**ऊर्ध्वश्वासहरं किंवा शुण्ठी पिप्पलीचूर्णकम् ॥३४॥**
**स्वरसः शृङ्गवेरस्य माक्षिकेण समन्वितः ।**
**पाययेत् श्वासकासघ्नं प्रतिश्याय कफापहम् ॥३५॥**
**गडूची गुग्गुलं दारु विदुला च हरीतकी ।**
**गोमूत्रेण सहैतेषां पानं श्वासनिवर्त्तनम् ॥३६॥**
**शिवाद्राक्षाकणाचूर्णं समांशं तैलसंयुतम् ।**
**भक्षितं दारुणं श्वासं निवर्त्तयति वेगतः ॥३७॥**

૧. દુલ્લરી (?), સિંધવ, જટામાંસી, સંચળ, શુંઠ, પીપર, મરી, ખાખરનાં બીજ, ત્રિફળા, દીવેલાનાં મૂળ, બિડલવણ, એ સર્વે સમ ભાગે લેઇને બારીક ચૂર્ણ કરવું. એ ચૂર્ણ ગરમ પાણી સાથે પીવાથી ખાંસી અને ઉર્ધ્વશ્વાસને મટાડે છે.

૨. શુંઠ, દેવદાર અને પીપરનું ચૂર્ણ સમાન ભાગે લેઇને ગરમ પાણી સાથે પીવાથી અથવા ગાયના દૂધમાં ભારંગનું ચૂર્ણ પીવાથી ઉર્ધ્વશ્વાસ મટે છે.

૩. શુંઠ અને ભારંગનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીવાથી ઉર્ધ્વશ્વાસને મટાડે છે, અથવા શુંઠ અને પીંપરનું ચૂર્ણ પણ એજ ફાયદો આપે છે.

૪. આદા(દુ)નો સ્વરસ મધ સાથે પાવાથી શ્વાસ, ખાંસી, સળેખમ અને કફને દૂર કરે છે.

૫. ગળો, ગુગળ, દેવદાર, વિદુલા (નેતર ?), હરડે, એ ઔષધોનું ચૂર્ણ ગાયના મૂત્ર સાથે પીવાથી શ્વાસ મટે છે.

૬. આમળાં, દ્રાક્ષ અને પીપરનું ચૂર્ણ સમાન ભાગે લેઇને તેલમાં મેળવીને ખાવાથી મહાદારૂણ શ્વાસને પણ તત્કાલ મટાડે છે.

## બરોળના ઉપાય

**वज्रीक्षीरेण सम्भिन्नकणाचूर्णं त्रिसप्तकम् ।**
**भक्षितं नाशयेत्प्लीहं (?) मधुरान्नाशिनोऽचिरात् ॥३८॥**
**यस्याभिधानमुच्चार्य दारयित्वैन्द्रवारणम् ।**
**मूलमुत्क्षिप्यते दूरं तस्य प्लीहा विनश्यति ॥३९॥**
**चिरस्य बाणपुङ्खाया मूलिका दन्तचर्विता ।**
**गिलिता नाशयेत्प्लीहां (?) यवागूभोजने ध्रुवम् ॥४०॥**
**लवणेनार्कपत्राणि वह्निनान्तरधूमितं ।**
**दग्धानि मधुलीढानि प्लीहा नश्यति दारुणः ॥४१॥**
**विडङ्गं त्रिफलाव्योष चव्यपाठाग्निकल्कितम् ।**
**घृतं क्षीरेण संसिद्धं गुल्मप्लीहोदरापहम् ॥४२॥**
**पातव्यो युक्तितः क्षारः क्षीरेणोदधिशुक्तिजः ।**
**पयसा च प्रयोक्तव्या पिप्पल्यः प्लीहशान्तये ॥४३॥**
**सहस्त्रं पिप्पलीनां च स्नुहीक्षीरेण भावितम् ।**
**जठराणां निवृत्यर्थं क्षीराशी वा शिलाजिता ॥४४॥**

૧. થોરના દૂધમાં પીપરના ચૂર્ણને ભાવના આપવી, એ ચૂર્ણ એકવીશ દહાડા ખાય, અને મધુર અન્નનું ભોજન કરે, તો તેની બરોળ મટી જાય છે.

૨. જેનું નામ બોલીને ઇંદ્રવારણીનું મૂળ ચીરીને દૂર નાખી દેવામાં આવે, તે માણસની બરોળ મટી જાય છે.

૩. શરપુંખાનાં મૂળ ઘણીવાર સુધી દાંતે ચાવ્યા કરે તો તેની બરોળ મટી જાય છે. આ ઉપાય કરનારે યવાગૂનું ભોજન કરવું જોઇએ.

૪. આકડાનાં પાંદડાં લાવીને તેમાં સિંધવ મૂકવો. પછી તેનો ધૂમાડો બહાર નીકળે નહિ એવી રીતે અગ્નિવતી તેને બાળી નાખવાં. એ રીતે બાળેલાં આકડાનાં પાંદડાં અને સિંધવનું ચૂર્ણ મધ સાથે ચાટવાથી ગમે તેવી મોટી બરોળ હશે તો પણ તે મટી જશે.

૫. વાવડીંગ, ત્રીફળા, શુંઠ, પીપર, મરી, યવક, પહાડમૂળ, ચિત્રો, એ ઔષધોનું કલ્ક કરીને તેમાં ઘી તથા તેથી આઠગણું દૂધ અને તેથી ચોગણું પાણી નાખીને ઘી પક્વ કરવું. એ ઘી ખાવાથી ગુલ્મ, બરોળ અને ઉદરનો રોગ મટે છે.

૬. સમુદ્રની છીંપનો ખાર કાઢીને તે દૂધ સાથે યુક્તિથી પાવો તેથી બરોળ મટે છે.

૭. દૂધ અને પીંપરો ખવરાવવી તેથી બરોળ મટે છે.

૮. એક હજાર પીંપરોને થોરના દૂધમાં ભાવના દેઇને પછી તે તમામ પ્રકારના જઠરના વ્યાધિવાળાને યુક્તિથી ખવરાવવી, તેથી પેટના રોગ મટે છે.

૯. અથવા શિલાજિત અને દૂધ ખાવું. તેથી પણ પેટના રોગ મટે છે.

## કૃમિનું લક્ષણ

**ज्वरो विवर्णता शूलं भ्रमः छर्दिर्जलं मुखे ।**
**अतीसारोऽरुचिश्चेति विज्ञेयं कृमिलक्षणम् ।।४५।।**

જ્યારે રોગીને તાવ આવે, મોંઢાનો વર્ણ બદલાઇ જાય, પેટમાં દૂખે, ચકરી આવે, ઉલટી થાય, મોઢામાં પાણી છૂટે, જાડો થાય, અન્ન પર અરૂચિ થાય, ત્યારે તેના પેટમાં કૃમિ થયા છે એમ જાણવું.

## કૃમિના ઉપાય

**पलाशबीजमापिष्य मधुना लेह्यमाचरेत् ।**
**अध ऊर्ध्वं गतान् जन्तून् पातयत्युदरोद्भवान् ।।४६।।**
**विडङ्गं सैन्धवं चूर्णं कृमिहृन्मधुनाशितम् ।**
**चूर्णं वा निम्बपत्राणां जन्तुहृन्मधुभक्षितम् ।।४७।।**

त्रिफला बहुपर्णी च शिग्रुमुस्ता समांशतः ।
क्वाथः कणाविडङ्गाभ्यां युक्तः पीतोऽथ जन्तुहृत् ।।४८।।
शालि पिष्टं कणां सिन्धुं विडङ्गं चाखुकर्णिकां ।
सुपक्त्वा पोलिका जन्तुन् पातयेन्मधुभक्षिताः ।।४९।।
जन्तुहृद्गोजलापीतं चूर्णं कुष्टविडङ्गयोः ।
निंबारग्वधयोर्वापि विडङ्गमधुमिश्रितम् ।।५०।।

૧. ખાખરનાં બીજોને વાટીને મધ સાથે તેનું ચાટણ કરવું. એથી પેટમાં નીચે તથા ઉપર (મલાશયમાં તથા પક્વાશયમાં) રહેલા જંતુઓ પડી જાય છે.

૨. વાવડીંગ અને સિંધવનું ચૂર્ણ મધ સાથે ખાવાથી કૃમિને મટાડે છે.

૩. લીંબડાનાં પાંદડાંનું ચૂર્ણ મધ સાથે ખાવાથી કૃમિનો નાશ કરે છે.

૪. હરડે, બેઢાં, આમળાં, બહુપર્ણી ( ?), સરગવાની છાલ, મોથ એ સર્વ ઔષધો સમાન ભાગે લેઇને તેનો ક્વાથ કરીને તેમાં પીપર તથા વાવડીંગનું ચૂર્ણ પાવલી ભાર નાખીને પીવાથી કૃમિ રોગ દૂર થાય છે.

૫. ચોખાનો લોટ, પીપર, સિંધવ, વાવડીંગ, ઉંદરકરની, એ સર્વને બારીક વાટી એકત્ર કરી તેની રોટલી બનાવી સારી રીતે શેકીને પછી તે રોટલી મધ સાથે ખાવાથી બધા કૃમિ નીકળી પડે છે.

૬. ઉપલેટ અને વાવડીંગનું ચૂર્ણ ગાયના મૂત્ર સાથે પીવાથી તે કૃમિને દૂર કરે છે.

૭. લીમડાનું અને ગરમાળાનું ચૂર્ણ ગાયના મૂત્ર સાથે પીવાથી કૃમિ મટે છે.

૮. મધ સાથે એકલા વાવડીંગનું ચૂર્ણ ખાવાથી પણ કૃમિ મટે છે.

## પૃષ્ટ-કટિ-નાભિ-કુક્ષિ શૂળના ઉપાય.

स्थालीमध्यगतं दुग्धं वह्निनान्तरधूमितं ।
शृङ्गमैणं गवाज्येन निपीतं पृष्टशूलहृत् ।।५१।।
पीतमुष्णाम्बुना कुक्षिपृष्टशूलविनाशनम् ।
शुण्ठी सुवर्चलाहिङ्गुरेतच्चूर्णं समांशतः ।।५२।।
शुण्ठी सुवर्चलाहिङ्गुमूलं पाटलजं समम् ।
एतत्क्वाथस्य पानेन कटिशूलं शमं व्रजेत् ।।५३।।
क्षीरेण प्रस्तरी पीता कटिगृध्रविनाशिनी ।
शाखोटकशिफाचाशुक्षीरपीता निहन्ति तत् ।।५४।।

**कुरण्टमूलिकाक्षीरं कटिगृध्रविनाशनम् ।**

**जालिनी गोजलापीता द्रुतं तद्विनिहन्ति वा ॥५५॥**

**वचा सुवर्चला हिंगु कुष्टमिन्द्रयवा अमी ।**

**वान्तिशूलहराः किंवा गुडः पूररसान्वितः ॥५६॥**

૧. કડાઇમાં દૂધ નાખીને તેમાં હરણનું શીંગડું નાખીને ધૂમાડો બહાર ન નીકળે એ રીતે બાળવું. પછી તે શીંગડાનું ચૂર્ણ ગાયના ઘી સાથે પીવાથી પીઠનું શૂળ મટે છે.

૨. શુંઠ, સંચળ અને હીંગનું સમાન ભાગે ચૂર્ણ કરીને ગરમ પાણી સાથે પીવાથી કૂખનું તથા પીઠનું શૂળ મટે છે.

૩. શુંઠ, સંચળ, હિંગ, પાહાડમૂળ, એ સર્વે સમાન લેઇને તેનો ક્વાથ કરીને પીવાથી કટિનું શૂળ મટી જાય છે.

૪. દૂધ સાથે પ્રસ્તરી ( ?) પીવાથી તે કટિશૂળને મટાડે છે.

૫. શાખોટક (સાગ ?)નું મૂળ દૂધ સાથે પીવાથી કટિશૂળ મટે છે.

૬. કાંટાસળિયાનું મૂળ દૂધ સાથે પીવાથી કટિશૂળ મટે છે.

૭. અથવા જાલિની ગાયના મૂત્ર સાથે પીવાથી કટિશૂળ જલદીથી મટે છે.

૮. વજ, સંચળ, હિંગ, ઉપલેટ, ઇંદ્રજવ, એ ઔષધો ઉલટી તથા શૂળને મટાડે છે. અથવા ગુગળના રસ સાથે ખાવાથી પણ એજ ગુણ થાય છે.

## નાલગુલ્મના ઉપાય

**वन्ध्याकर्कोटिकामूलं रवौ लात्वा दिनत्रयम् ।**

**शीतेन वारिणा पीतं नालगुल्मं प्रशाम्यति ॥५७॥**

**एरण्डमूलपुष्पाणां पक्वानामथ सर्पिषा ।**

**भक्षणान्नालगुल्मस्य प्रशमो जायते ध्रुवम् ॥५८॥**

**भल्लातस्य प्रदानेन किंवा शीतेन वारिणा ।**

**धारापाताच्छमं याति नालगुल्ममसंशयम् ॥५९॥**

૧. વાંઝણી કંટોલીનું મૂળ રવિવારે લાવીને ત્રણ દહાડા સુધી ઠંડા પાણી સાથે પીવાથી નાલગુલ્મ (નળબંધ વાયુ) મટી જાય છે.

૨. દીવેલાનું પાકું મૂળ તથા ફૂલ લાવીને તેને બારીક વાટીને ઘી સાથે ખાવાથી નાલગુલ્મ નિશ્ચય શમી જાય છે.

૩. ભીલામાં મારવાથી અથવા ઠંડા પાણીની ધાર કરવાથી ગુલ્મ નિશ્ચય શમી જાય છે.

## મૂત્રેંદ્રિયમાં થનારા રોગ

**प्रमेहो मूत्रकृच्छ्रं वा नृरोगो मूत्रशर्करा ।**
**मूत्ररोधोष्णवाताश्च रोगाः षट् मेहनोद्भवाः ॥६०॥**

પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, નર રોગ (ચાંદી-ટાંકી), મૂત્રશર્કરા (પથરી), મૂત્ર રોધ, ઉષ્ણવાત (ઉનવા) એ છ રોગ મૂત્રેંદ્રિયમાં ઉત્પન્ન થનારા છે.

## વાતપ્રમેહનું લક્ષણ

**सफेनं लोहितं स्निग्धं पाण्डुरं चाम्बुसन्निभम् ।**
**शुक्रे श्लेष्महते मूत्रं प्रमेहे वातजे भवेत् ॥६१॥**

વાયુના પ્રમેહમાં વીર્ય કફથી દૂષિત થાય છે અને તેથી રોગીનું મૂત્ર ફીણવાળું, રાતું, સ્નિગ્ધ (ચીકાશવાળું), ધોળું કે પાણી જેવું હોય છે.

## પિત્તપ્રમેહનું લક્ષણ

**नीलं पीतं भवेन्मूत्रं पेयाभं वासमिश्रितम् ।**
**इदं पित्तप्रमेहस्य चिह्नमूचुर्विचक्षणा ॥६२॥**

જ્યારે મૂત્રનો રંગ લીલો, પીળો, કે કાંજીના જેવો થાય અને તેમાંથી વાસ આવતી હોય, ત્યારે ચતુર વૈદ્યો તેને પિત્તપ્રમેહનું ચિહ્ન કહે છે.

## કફપ્રમેહનું લક્ષણ

**मधुवद्घृतवद्वाऽथ मूत्रं स्याद्वा समोपमम् ।**
**श्लेष्मप्रमेहजं लक्ष्म वर्णयन्ति विपश्चितः ॥६३॥**

જ્યારે મૂત્ર મધ કે ઘીના સરખું થાય ત્યારે પંડિત વૈદ્યો તેને કફપ્રમેહનું ચિહ્ન કહે છે.

## પ્રમેહના ઉપાય

**निम्बपत्रामलं मुस्ता गडूची देवडङ्गरी ।**
**क्वाथ एषां मधूपेतः पीतः पित्तप्रमेहजित् ॥६४॥**
**अगुरूशीरपङ्केजलोध्रश्रीखण्डसम्भवः ।**
**क्वाथो मधुयुतः पीतः प्रमेहं हन्ति पित्तजम् ॥६५॥**

निशाद्वयं विडङ्गानि पथ्या शुण्ठी समांशतः ।
श्लेष्मप्रमेहनाशः स्यादेतत्क्वाथस्य पानतः ॥६६॥
श्रीखण्डं दारुखण्डं च पथ्यागुरुसमांशतः ।
क्वाथ एषां मधूपेतः पीतः श्लेष्मप्रमेहहृत् ॥६७॥
मुस्ताद्वयं निशा पाठा गडूची देवडङ्गरी ।
खदिरः कुष्टमेतानि सम्पिष्य त्रिफलाम्भसा ॥६८॥
एतद्रसो मधूपेतः पीतोऽनेकप्रमेहहृत् ।
त्रिफला वा मधूपेता भुक्ताऽनेकप्रमेहजित् ॥६९॥
अरणिर्मधुपीता वा प्रमेहं पीडया सह ।
मधुपीतोऽश्मभेदो वा प्रमेहं हन्ति दारुणम् ॥७०॥
गुडूच्या स्वरसः पेयो मधुना सर्वमेहहृत् ।
निशापथ्यायुतो धात्र्या रसो वा माक्षिकान्वितः ॥७१॥
प्रायेण वातप्रमेहोऽसाध्यः अतो न कथितः ।

૧. લીંબડાનાં પાંદડાં, આમળાં, મોથ, ગળો, દેવડંગરી (?) એ ઔષધોનો ક્વાથ મધ સાથે પીવાથી પિત્તપ્રમેહ મટે છે.

૨. અગર, વીરણવાળો, કમળ, લોધર, સફેદ ચંદન, એ ઔષધોનો ક્વાથ મધ સાથે પીવાથી પિત્તપ્રમેહ નાશ પામે છે.

૩. હળદર, દારૂહળદર, વાવડીંગ, હરડે, શુંઠ, એ સર્વે સમાન લેઇને તેનો ક્વાથ કરીને પીવાથી કફ પ્રમેહ મટી જાય છે.

૪. સફેદચંદન, દેવદાર, હરડે, અગર, એ ઔષધો સમાન લેઇને તેનો ક્વાથ મધ સાથે પીવાથી કફપ્રમેહ મટે છે.

૫. મોથ, ભદ્રમોથ, હળદર, પાહાડમૂળ, ગળો, દેવડંગરી (?) ખેર, ઉપલેટ, એ સર્વને ત્રિફલાના પાણીમાં વાટીને તેનો રસ કાઢીને તેમાં મધ નાખીને પીવાથી અનેક પ્રકારના પ્રમેહ નાશ પામે છે.

૬. અથવા એકલી ત્રિફળા લેઇને તેને મધ સાથે પીવાથી અનેક પ્રકારના પ્રમેહ મટે છે.

૭. અથવા મધ સાથે અરણિનો રસ પીવાથી પીડા સહિત પ્રમેહ મટે છે.

૮. અથવા મધ સાથે પાષાણભેદ પીવાથી દારૂણ એવા પ્રમેહને મટાડે છે.

૯. મધ સાથે ગળોનો રસ પીવાથી સઘળા પ્રકારના પ્રમેહ મટે છે.

૧૦. અથવા હળદર અને હરડેની સાથે આમળાંનો રસ મેળવીને તેમાં મધ નાખીને પીવાથી સઘળા પ્રમેહ મટે છે.

બહુધા વાતપ્રમેહ અસાધ્ય છે, માટે તેના ઉપાય આ ગ્રંથમાં લખ્યા નથી.

## મૂત્રકૃચ્છ્રનું લક્ષણ

**वातशीर्षेन्द्रिये शूलं मूत्रं स्वल्पं पुनः पुनः ।**
**वातोत्थमूत्रकृच्छ्रस्य लक्षणं कथितं बुधैः ॥७२॥**
**रक्तं पीतं भवेन्मूत्रं पीडा दाघश्च शेफसि ।**
**पित्तोत्थमूत्रकृच्छ्रस्य लक्षणं कथितं बुधैः ॥७३॥**
**वातशीर्षेन्द्रिये पीडा शोफो मूत्रं च पिच्छलम् ।**
**श्लेष्मले मूत्रकृच्छ्रे स्याच्चिह्नं मिश्रं त्रिदोषजे ॥७४॥**

વાયુથી ઉત્પન્ન થયેલા મૂત્રકૃચ્છ્રનું લક્ષણ પંડિત વૈદ્યોએ એવું કહ્યું છે કે, તેમાં બસ્તિમાં તથા લિંગમાં શૂળ થાય છે અને પિશાબ વારંવાર તથા થોડો થોડો થાય છે. પિત્તના મૂત્રકૃચ્છ્રનું લક્ષણ પણ પંડિતોએ એવું કહ્યું છે કે, મૂત્રનો રંગ રાતો કે પીળો હોય છે તથા મૂત્રેંદ્રિયમાં પીડા અને દાહ થાય છે. કફના મૂત્રકૃચ્છ્રમાં બસ્તિમાં તથા મૂત્રેંદ્રિયમાં પીડા થાય છે, મૂત્રેંદ્રિય પર સોજો આવે છે, અને મૂત્ર પિચ્છા(જરપટાં)વાળું હોય છે. ત્રિદોષના મૂત્રકૃચ્છ્રમાં બધા દોષનાં ચિહ્ન દેખાય છે.

## મૂત્રકૃચ્છ્રના ઉપાય

**दुरालभाश्मभित् पथ्या व्याघ्री शुण्ठी च धान्यकम् ।**
**व्याधिघातफलोद्भूतसारमेतैः समांशतः ॥७५॥**
**कृतः क्वाथः सितापीतो मूत्रकृच्छ्रनिबर्हणः ।**
**दाघं शूलं निहन्त्येव यथाऽघं जिनचिन्तनम् ॥७६॥**
**पिष्पल्येला शिलाभेदशिलाजित्तन्दुलाम्भसा ।**
**पीतैरेतैः शमं याति मूत्रकृच्छ्रमसंशयम् ॥७७॥**
**पाषाणभेदो मधुयष्टिरेलाकृष्णासितैरण्डशिफाटरूषः ।**
**भालाश्वदंष्ट्रा च सितासमेतैः क्वाथो हरेद्दुःसहमूत्रकृच्छ्रम् ॥७८॥**
**गोक्षीरेण गुडः पीतो मूत्रकृच्छ्रविनाशकृत् ।**
**एला दध्यम्भसा पीता मूत्रकृच्छ्रहरी मता ॥७९॥**
**यवक्षारः पलं द्वे च सितायाः शीतवारिणा ।**
**सर्वं कर्षं च तत्पीतं निःशेषं मूत्रकृच्छ्रहृत् ॥८०॥**

यवक्षारवचा हिङ्गुस्तेषां चूर्णं समांशतः ।
भक्षितं वेगतो हन्ति मूत्रकृच्छ्रमसंशयम् ॥८१॥

૧. ધમાસો, પાષાણભેદ, હરડે, ભોંયરીંગણી, શુંઠ, ધાણા, ઉપલેટના ફળનો ગર્ભ, એ સર્વે સમાન ભાગે લેઇને તેનો ક્વાથ કરીને સાકર સાથે પીવાથી મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે, વળી જેમ જિનનું ચિન્તન પાપનો નાશ કરે છે તેમ એ ક્વાથ મૂત્રકૃચ્છ્રમાં થતા દાહ અને શૂળનો નાશ કરે છે.

૨. પીપર, એળચી, પાષાણભેદ, શિલાજીત, એ સર્વેનું ચૂર્ણ કરીને ચોખાના ધોવરામણ સાથે પીવાથી મૂત્રકૃચ્છ્ર નિશ્ચય શાંત થાય છે.

૩, પાષાણભેદ, જેઠીમધ, એલચી, પીપર, ધોળાં એરંડાનાં મૂળ, અરડૂસી, ભાલા (?), ગોખરૂં, એ ઔષધો સમાન ભાગે લેઇ તેનો ક્વાથ કરી તેમાં સાકર નાખી પીવાથી ઘણું કષ્ટકારી એવું મૂત્રકૃચ્છ્ર પણ મટે છે.

૪. ગાયના દૂધ સાથે ગોળ પીવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

૫. દહીંના પાણી સાથે એલચી પીવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

૬. ચાર તોલા જવખાર અને આઠ તોલા સાકર મિશ્ર કરીને તેમાંથી એક તોલો ઠંડા પાણી સાથે પીવાથી તે મૂત્રકૃચ્છ્રને મૂળમાંથી મટાડી દે છે.

૭. જવખાર, વજ, હીંગ–એ ઔષધોને સમાન ભાગે લેઇ તેનું ચૂર્ણ કરીને ખાવાથી મૂત્રકૃચ્છ્ર જલદીથી મટે છે, એમાં શંકા લાવવી નહિ.

## નરરોગના ઉપાય

पथ्या रसाञ्जने पिष्ट्वा वारिणा तेन लेपतः ।
नृरोगः क्षीयते किंवा नृकपालस्य लेपतः ॥८२॥
बुब्बुलदाडिमीछल्लीचूर्णं शुष्कमनेन वा ।
उद्धूलने तु विहिते नृरोगो याति सत्वरम् ॥८३॥
घुंटपूगीफलं घृष्ट्वा वारिणा तेन लेपतः ।
नररोगः शमं याति किंवा कारीषभस्मना ॥८४॥
प्रक्षिप्य त्रिफलां स्थाल्यां मध्येऽग्नौ क्षेपिते भवेत् ।
क्षारस्योद्धूलनाच्छान्तिं नररोगो व्रजत्यहो ॥८५॥
रसाञ्जनं शिरीषेण पथ्यया वा समन्वितम् ।
सक्षौद्रं लेपने योग्यं सर्वलिङ्गगदापहम् ॥८६॥

जातीपत्रं निशा दन्ती विशाला मधुयष्टिका ।
पक्वमेभिर्युतं तैलं तत्तैलं नररोगहृत् ।।८७।।
इन्द्रवारुणिकामूलं बीजपूर्णदलान्यथ ।
सिन्दुरचूर्णयोगाच्च नररोगो विनश्यति ।।८८।।
अथवोदुम्बरक्वाथ जलेनाक्षाल्यलेपतः ।
तस्य घृष्टत्वचो वेगान्नररोगः प्रशाम्यति ।।८९।।
दाडिमीपत्रचूर्णेन भृशमुद्धूलने कृते ।
नरव्याधिर्व्रजत्येव सम्भोगसुखनाशनः ।।९०।।

૧. હરડે તથા રસાંજનને પાણીમાં બારીક વાટીને તેનો લેપ કરવાથી નરરોગ મટે છે. અથવા માણસના કપાલાસ્થિનો લેપ કરવાથી પણ મટે છે.

૨. બાવળની તથા દાડમની સૂકી છાલ લેઇને તેનું ચૂર્ણ કરીને તે કોરૂં ભભરાવવાથી નરરોગ જલદીથી મટી જાય છે.

૩. ઘોંટા જાતનું સોપારી પાણીમાં ઘસીને તેનો લેપ કરવાથી અથવા અડાયાંની રાખોડી ભભરાવાથી નરરોગ મટી જાય છે.

૪. ત્રિફલાના ભૂકાને કડાઇમાં નાખીને તેમાં અગ્નિ નાખવાથી તે બળીને રાખોડી થઇ જશે. એ રાખોડી ભભરાવવાથી નરરોગ શાંત થાય છે, એ આશ્ચર્ય જેવું જ છે.

૫. સરસવૃક્ષની છાલ સાથે અથવા હરડે સાથે રસાંજન મેળવી તેમાં મધ નાખીને લેપ કરવાથી સઘળા પ્રકારના લિંગના વ્યાધિઓ મટે છે.

૬. જાઇનાં પાંદડાં, હળદર, દંતીમૂળ, ઇંદ્રવારણી, જેઠીમધ, એ ઔષધોથી પક્વ કરેલું તેલ નરરોગને મટાડે છે.

૭. ઇંદ્રવારણીનું મૂળ, બીજોરાનાં પાંદડાં અને સિંદૂર એ સર્વનું ચૂર્ણ કરી તેનો લેપ કરવાથી નરરોગ નાશ પામે છે.

૮. અથવા ઉમૈડાની છાલનો ક્વાથ કરીને તે ક્વાથથી ચાંદી ધોઇને તેની જ છાલને પાણીમાં ઘશીને તેનો લેપ કરવાથી નરરોગ શમી જાય છે.

૯. દાડમનાં પાંદડાંનું ચૂર્ણ કરીને તે વારંવાર ભભરાવવાથી સંભોગ સુખનો નાશ કરનારો નરવ્યાધિ જરૂર મટી જાય છે.

## પથરીના ઉપાય

शीतेन वारिणा घृष्टा बीजपूरस्य मूलिका ।
पीता पाचयते वेगान्मेहनान्मूत्रशर्कराम् ।।९१।।

गोमूत्रेण भृशं घृष्टा समूलं लघुटुल्विका ।
सा पातयति वेगेन निपीता मूत्रशर्कराम् ॥९२॥
सुराः सुवर्चला मिश्रा किंवा मधुपयोऽन्विताः ।
विभूतिस्तिलनालानां पीताऽश्मव्याधिनाशिनी ॥९३॥
कर्कोटीमूलिका पीता दशाहं पयसा सह ।
भित्त्वा वै शर्करा शीघ्रं शमयत्येव मेहनात् ॥९४॥
ग्रीष्मे समुद्धृतं मूलं मालत्या रक्षितं पशोः ।
दुग्धं पीतं हरेन्मूत्ररोधं चैव सशर्करम् ॥९५॥
देवदार्वभयामुस्तामूर्वाणां मधुकस्य च ।
पिबेच्चाब्भिः समं कल्कं मूत्रदोषनिवारणम् ॥९६॥
शतावरीकाशकुशश्वदंष्ट्रा विदारिशालीक्षुकसेरुकाणाम् ।
क्वाथं सुशीतं मधुशर्कराभ्यां युक्तं पिबेच्छाम्यति मूत्रकृच्छ्रम्॥९७॥
श्वदंष्ट्राफलचूर्णं तु शिशोर्दद्यान्मधुप्लुतम् ।
मूत्रकृच्छ्रापहं क्षीरं मातुस्तन्मूलसाधितम् ॥९८॥
शर्करा सयवक्षारा सर्वकृच्छ्रप्रभेदिनी ।
क्वाथश्च शिग्रुमूलोत्थः कवोष्णोऽश्मरिपातकृत् ॥९९॥

૧. બીજોરાનાં મૂળ ઠંડા પાણીમાં ઘશીને પીવાથી મૂત્રઇંદ્રિયમાં થયેલી પથરીને પક્વ કરીને કાઢે છે.

૨. મૂળસહિત લઘુ ટુલ્વિકા (?) લાવીને તેને ગાયના મૂત્રમાં ખૂબ ઘશીને પીવાથી મૂત્રશર્કરા (પથરી)ને જલદીથી પાડે છે.

૩. સુરા(દારૂ)માં સંચળ નાખીને અથવા મધ અને દૂધમાં તલનાં તલસરાંની રાખોડી નાખીને પીવાથી પથરીનો રોગ મટી જાય છે.

૪. કંટોલીના મૂળને દૂધમાં ઘશીને દશ દિવસ પીવાથી મૂત્રેંદ્રિયમાંની પથરીને તત્કાળ તોડીને તેને જરૂર શમાવી દે છે.

૫. ઉનાળામાં માલતીનું મૂળ કાઢી લાવીને તે મૂળને રાખી મૂકવું. પછી જે માણસને પથરી થવાથી પિશાબ અટકતો હોય તેને પાવું. તેથી તેની પથરી તથા મૂત્રરોધ મટી જાય છે.

૬. દેવદાર, હરડે, મોથ, મોરવેલ, જેઠીમધ, એ ઔષધો સમાન લેઇને તેનું કલ્ક (ચટણી) પાણી સાથે પીવાથી મૂત્રદોષ મટે છે.

૭. શતાવરી, કાસ, દર્ભ, ગોખરૂ, વિદારીકંદ, ડાંગરનાં મૂળ, શેરડીનાં મૂળ, કસેરૂ (નખલા ?)નાં મૂળ, એ સર્વનો ક્વાથ કરીને સારી રીતે ઠંડો પડવા દેઇને મધ-સાકર સાથે પીવાથી મૂત્રકૃચ્છ્ર મટે છે.

૮. બાળકને મૂત્રકૃચ્છ્ર થયો હોય તો ગોખરૂનાં ફળનું ચૂર્ણ કરીને મધ સાથે આપવું તેથી મટી જશે, અથવા ગોખરૂનાં મૂળનો ક્વાથ કરી તેમાં સિદ્ધ કરેલું માતાનું ધાવણ બાળકને પાવાથી તેનો મૂત્રકૃચ્છ્ર મટી જશે.

૯. જવખાર સાથે સાકર આપવાથી સઘળા પ્રકારનાં મૂત્રકૃચ્છ્ર મટી જાય છે.

૧૦. સરગવાના મૂળનો ક્વાથ લગાર ગરમ હોય તેવો પાવાથી પથરી મટી જાય છે.

## મૂત્રરોધના ઉપાય

**एलादुरालभैरण्डपथ्यापाषाणभित् समम् ।**
**गोक्षुरः कर्कटीबीजं तथा बीजं कुरण्टकम् ।।१००।।**
**एतत्क्वाथस्य पानेन मूत्ररोधो निवर्त्तते ।**
**पीतो दारुनिशाक्वाथः समधुः मूत्ररोधहृत् ।।१०१।।**
**त्रिफला कर्कटीबीजं सैन्धवं समभागतः ।**
**चूर्णमुष्णाम्भसा पीतं रुद्धं मूत्रं प्रवर्त्तते ।।१०२।।**
**क्षीरेण मधुना पीता विभूतिस्तिलनालजा ।**
**मूत्ररोधं तथा दाघं निवर्त्तयति वेगतः ।।१०३।।**
**शर्कराजापयः पीताशोकवृक्षस्य मूलिका ।**
**मूत्ररोधं तथा दाघं निवर्त्तयति वेगतः ।।१०४।।**
**तैलपक्वोऽब्जिनीकन्दः पीतो गोतक्रसंयुतः ।**
**निहन्ति दुःसहं दाघं मूत्ररोधमसंशयम् ।।१०५।।**
**वारिणा पिष्य बीजानि कर्कट्याः सितया सह ।**
**भुक्त्वा निशमयत्युग्रं मूत्ररोधं सवेदनम् ।।१०६।।**
**एलाश्मभेदकशिलाजतुपिष्पलीनां ।**
**चूर्णानि तन्दुलजलैर्लुलितानि पित्वा ।**
**यद्वा गुडेन सहितानि विलोड्यमाना–**
**न्यासन्नमृत्युरपि जीवति मूत्रकृच्छ्री ।।१०७।।**

૧. એલચી, ધમાસો, દીવેલાનું મૂળ, હરડે, પાષાણભેદ, ગોખરૂં,

કાકડીનાં બીજ, કાંટા સળિયાનાં બીજ એ ઔષધોનો ક્વાથ પીવાથી પિશાબ રોકાયેલો છૂટે છે.

૨. દારૂહળદરનો ક્વાથ મધ સાથે પીવાથી મૂત્રરોધ મટે છે.

૩. ત્રિફળા, કાકડીનાં બીજ, સિંધવ, એ સર્વે સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને ગરમ પાણી સાથે પીવાથી રોકાયેલું મૂત્ર છૂટે છે.

૪. તલનાં તલસરાંની રાખોડી કરીને તેને દૂધ તથા મધ સાથે પીવાથી પિશાબ અટકયો હોય તે તથા પિશાબે અગન બળતી હોય તે તત્કાળ મટી જાય છે.

૫. આસોપાલવનાં મૂળની છાલ બકરીના દૂધમાં ઘશીને તેમાં સાકર નાખીને તે પીવાથી મૂત્રરોધ તથા દાહને જલદીથી મડાડે છે.

૬. કમળનો કંદ તેલમાં તળીને ગાયની છાશ સાથે પીવાથી ન સહન થાય એવા દાહને તથા મૂત્રના અટકાવને દૂર કરે છે.

૭. કાકડીનાં બીજ પાણીમાં વાટીને તેમાં સાકર નાખીને ખાવાથી વેદના સહિત મૂત્રરોધને શમાવી દે છે.

૮. એલચી, પાષાણભેદ, શિલાજિત, પીપર, એ ઔષધોનું ચૂર્ણ કરીને તેને ચોખાના ધોવણમાં અડવાળીને પીવાથી અથવા ગોળ સાથે અડવાળીને પીવાથી મરવાને તત્પર થયેલો મૂત્રકૃચ્છ્રના રોગવાળો પણ જીવે છે.

## ઉષ્ણવાતના ઉપાય

**साम्बरजलमध्यस्थमृत्तिकालेपमात्रतः ।**
**उष्णवातः शमं याति यथाऽघं नेमिचिन्तनात् ॥१०८॥**
**तापयित्वेष्टिकामस्य ऊर्ध्वं मूत्रे कृते भवेत् ।**
**बाष्पन्तेनेन्द्रियस्वेदादुष्णवातो विनश्यति ॥१०९॥**

૧. જ્યાં નિરંતર પાણી ભરાઇ રહેતું હોય એવી તલાવડીમાંની માટી લાવી તેમાં કપડું રગદોળી તેનો લેપ મૂત્રેંદ્રિય ઉપર કરવાથી જેમ નેમીશ્વરના ચિંતનથી પાપ શમી જાય છે તેમ, ઉનવા શમી જાય છે.

૨. એક ઇંટ તપાવીને તે ઉપર પિશાબ કરીને તેમાંથી નીકળતી વરાળનો બાફ મૂત્રેંદ્રિયને આપવાથી ઉનવા નાશ પામે છે.

**॥ इतिश्री परमजैनाचार्य श्रीकंठविरचिते वैद्यकसारसंग्रहे हितोपदेशनाम्नि उदररोगप्रतीकारनामा षष्ठः समुद्देशः ॥६॥**

# ગુદ તથા પગ વગેરેના રોગ

## અંડવૃદ્ધિના ઉપાય

त्रिफला टिण्टुकादन्ती त्रिकटुर्नीलिका वृषा ।
भुक्तमेरण्डतैलेन चूर्णमेषां कुरण्डहृत् ।।१।।
गोमयस्य रसोन्मिश्रं काञ्जिकेनातिमर्दितम् ।
कुष्टं जीरं प्रलेपेन कुरण्डं हन्ति दुर्वहम् ।।२।।
गोधूममूलिकाचूर्णं मेषीदुग्धेन मर्दितम् ।
उष्णेन तेन लिप्तो वा कुरण्डो नश्यति ध्रुवम् ।।३।।
पलानि दश तैलस्य हिङ्गुसैन्धवजीरकम् ।
प्रत्येकं चपलं पक्वमेतल्लेपोऽण्डवृद्धिहृत् ।।४।।
श्वेतैरण्डशिफामूलं टिण्टुकां त्रिफला वचा ।
काञ्जिकापिष्टमेतस्य लेपोऽयं मुष्कशूलहृत् ।।५।।
कुरण्डमपचीं पित्तग्रन्थिं च हरति क्रमात् ।
मधुमिश्रसितैरण्डतैलं पीतं च मात्रया ।।६।।
विडङ्गं मधुकं व्योषं सैन्धवं देवदारु च ।
तैलमेभिः सृतं पश्य प्रयुक्तमपचीं जयेत् ।।७।।
पथ्याचूर्णैः सितैरण्डतैलं पक्वं निवारयेत् ।
कम्पं वृषणवृद्धिं च पीतं गोमूत्रसंयुतम् ।।८।।
मर्दयित्वाऽर्कपत्रैस्तु तापितं चारु सैन्धवम् ।
तेन लिप्तं शमं याति कुरण्डं न पुनर्भवेत् ।।९।।
सैन्धवे सर्पिषा पक्वे क्षिप्त्वा उग्रां च धारयेत् ।
सप्ताहमेतयोर्लेपात् कुरण्डो गच्छति ध्रुवम् ।।१०।।
आखुकर्णीश्वरीमूलं मूलमेरण्डमम्भसा ।
सुपिष्य लेपतः शूलं कुरण्डं हन्ति वेगतः ।।११।।
आटरूषशिफादारु रास्ना विश्वाग्निमूलिका ।
पटोली सैन्धवं कुष्ट एतल्लेपोऽण्डवृद्धिहृत् ।।१२।।

विशालायाः शिफाचूर्णमेरण्डतैलमर्दितम् ।
गव्याज्यपयसा पीतं कुरण्डं हन्ति दारुणम् ॥१३॥
त्रिफलाचूर्णकं प्रातः पीतं गोमूत्रसंयुतम् ।
कफवातोद्भवं हन्ति श्वयथुं वृषणोद्भवम् ॥१४॥
सुपिष्ट्वैरण्डतैलेन कासीसं सैन्धवं समम् ।
लिप्त्वा तेनाम्बराबद्धं कुरण्डः क्षीयते क्रमात् ॥१५॥

૧. હરડે, બેઢાં, આમળાં, અરલુ, દંતીમૂળ, શુંઠ, પીપર, મરી, ગળીનાં મૂળ, અરડૂસી, એ સર્વનો ક્વાથ કરીને તેમાં બે તોલા દીવેલ નાખીને પીવાથી અંડવૃદ્ધિ મટે છે.

૨. ગાયના છાણનો રસ કાઢીને તેમાં કાંજી મેળવીને તેમાં ઉપલેટ અને જીરૂં ઘુંટવું, પછી તેનો લેપ કરવાથી ભારે અંડવૃદ્ધિ પણ મટી જાય છે.

૩. ગહુંનાં મૂળ લાવીને તેને ઘેટીના દૂધમાં વાટી ગરમ કરી તેનો લેપ કરવાથી જરૂર અંડવૃદ્ધિ મટી જાય છે.

૪. એક શેર તેલ લેઇને તેમાં ચાર તોલા હીંગ, ચાર તોલા સિંધવ અને ચાર તોલા જીરૂં નાખીને તેલ પક્વ કરવું અને પછી તેનો લેપ કરવો, એથી અંડવૃદ્ધિ મટે છે.

૫. ધોળા દિવેલાનાં મૂળ, અરલુનાં મૂળ, હરડે, બેઢાં, આમળાં, વજ, એ સર્વને કાંજીમાં વાટીને લેપ કરવો. તેથી અંડમાં શૂળ મારતું હશે, તે મટી જશે.

૬. ધોળા એરંડાનું એરંડીઉં મધમાં મેળવીને ઘટે તે પ્રમાણે વજન લેઇને પીવાથી અંડવૃદ્ધિ, ન પાકે એવાં ગૂમડાં, પિત્તની ગાંઠ, એ સર્વને મટાડે છે.

૭. વાવડીંગ, જેઠીમધ, શુંઠ, પીપર, મરી, સિંધવ, એ ઔષધિઓથી સિદ્ધ કરેલું તેલ યોજવાથી અપચી (ન પાકે એવાં ગૂમડાં)ને મટાડે છે એમ જાણવું.

૮. હરડેના ચૂર્ણમાં ધોળા દિવેલાનું દિવેલ પક્વ કરીને ગાયના મૂત્ર સાથે પીવાથી કંપ અને વૃષણવૃદ્ધિને મટાડે છે.

૯. આકડાનાં પાનાં સાથે શુદ્ધ સિંધવને વાટીને ગરમ કરવો, પછી તેનો લેપ કરવાથી અંડવૃદ્ધિ શમી જાય છે, તે ફરીને થતી નથી.

૧૦. સિંધવને ઘીમાં પક્વ કરવો અને તેમાં ત્રિફળાનું ચૂર્ણ નાખીને રાખી મૂકવું, પછી તે બેનો લેપ સાત દિવસ સુધી કરવાથી અંડવૃદ્ધિ નિશ્ચય મટે છે.

૧૧. ઉંદરકની, શિવલિંગીનું મૂળ, અને દિવેલાનું મૂળ, એ ત્રણને પાણીમાં સારૂં બારીક વાટીને તેનો લેપ કરવાથી શૂલ સહિત અંડવૃદ્ધિ જલદી મટી જાય છે.

૧૨. અરડૂસીનાં મૂળ, દેવદાર, રાસ્ના, શુંઠ, ચિત્રાનાં મૂળ, પટોલી, સિંધવ, ઉપલેટ, એ ઔષધોનો લેપ અંડવૃદ્ધિને મટાડે છે.

૧૩. ઇંદ્રવારણીનાં મૂળનું ચૂર્ણ કરીને તેને દીવેલમાં ઘુંટવું. પછી તેને ગાયના ઘી તથા દૂધ સાથે પીવું. એથી ગમે તેવી કઠણ અંડવૃદ્ધિ હશે તો તે પણ મટશે.

૧૪. ત્રિફળાના ચૂર્ણને સવારમાં ગાયના મૂત્ર સાથે પીવાથી કફ તથા વાયુથી થયેલા વૃષણના સોજાને મટાડે છે.

૧૫. દીવેલ સાથે હીરાકસી તથા તેટલોજ સિંધવ લેઇને સારીપેઠે વાટીને અંડ ઉપર તેનો લેપ કરવો અને વસ્ત્રથી તેને બાંધી રાખવું. આ ઉપાયથી ધીમે ધીમે અંડવૃદ્ધિ કમી થઇ જાય છે.

## અર્શનું લક્ષણ

**शूलं दाघोऽतिविष्टम्भो वाते पित्ते कफे क्रमात् ।**
**सरक्तश्च मलो ज्ञेयं सर्वेष्वर्शःसु लक्षणम् ॥१६॥**

અર્શના રોગમાં વાયુ બળવાન હોય તો રોગીને અર્શની જગોએ શૂળ અથવા કળતર થાય છે, જો પિત્ત બળવાન હોય તો દાહ થાય છે, અને કફ બળવાન્ હોય તો ઝાડો કબજ થાય છે. વળી બધા પ્રકારના અર્શમાં મળ સાથે લોહી પડે છે. એવું અર્શનું લક્ષણ જાણવું.

## અર્શના ઉપાય

**हन्त्यश्वमारकासीसविडङ्गैलाग्निसैन्धवैः ।**
**सार्कक्षीरैः सृतं तैलमभ्यङ्गात्पायुकीलकान् ॥१७॥**
**मागधी मरिचं शुण्ठी वह्निः सूरणकन्दकम् ।**
**एकद्विचतुरष्टौ च षोडश क्रमतो युतैः ॥१८॥**
**भागैः सद्गुटिका कार्या गुडेनाक्षप्रमाणिका ।**
**भक्षिता प्रसभं हन्ति गुदजातानसंशयम् ॥१९॥**
**सूरणं मुशली तक्रं कुटजस्य त्वचायुतम् ।**
**अर्शांसि हन्ति पानेन यथा बिल्वस्य भक्षणम् ॥२०॥**

निम्बेन्द्रवारुणीदेवदालीपीजगुडैः कृता ।
वर्तिर्गुदे च निक्षिप्ता ह्यर्शांसि हन्ति मूलतः ॥२१॥
अम्लकाञ्जिकसम्पिष्टा सबीजं कटुदुग्धिका ।
सगुडा हन्ति लेपेन ह्यर्शांस्यामूलतो ध्रुवम् ॥२२॥
पलाशभस्मतोयेन त्रिगुणेन तु गोधृतम् ।
पक्वं कटुत्रयोपेतं भुक्तमर्शोविनाशकृत् ॥२३॥
नवनीतान्वितान् कृष्णान् तिलान् भुक्त्वा निवारयेत् ।
अर्शांसि मासमात्रेण यथा सूरणभक्षणात् ॥२४॥
शृङ्गस्याङ्कुरकानां च धूमतोऽपानमार्गकः ।
धूपितो दिनसप्तकं चेदर्शांसि हन्ति वेगतः ॥२५॥
मुशलीमूलचूर्णं वा गोमूत्रेण नरः पिबेत् ।
तक्राशी तस्य नश्यन्त्यर्शांसि मासेन निश्चितम् ॥२६॥
गव्यं दुग्धं सुधाकाण्डं कटुका निम्बपल्लवाः ।
करञ्जो बस्तमूत्रेण लेपनं श्रेष्ठमर्शसाम् ॥२७॥
लवणेनारनालेन पिष्ट्वा निम्बस्य पल्लवाः ।
गुदव्याधिहरा भुक्ता करञ्जो गोजलान्वितः ॥२८॥
कुर्क्कुटस्य बिलोद्भूतमृत्तिकाशौचतोऽथवा ।
नारिङ्गमूलिका बद्धा कटावर्शोविनाशिनी ॥२९॥
शिरीषबीजकुष्टाह्वः क्षारः पिष्पलीसैन्धवैः ।
लाङ्गलीमूलगोमूत्रसज्जिकादन्तचित्रकैः ॥३०॥
गोमूत्रदक्षविट्गुञ्जानिशाकृष्णाभिरुत्तमम् ।
लेपत्रयमिदं योज्यं शीघ्रमर्शोविनाशनम् ॥३१॥
सपद्मकेसरं क्षौद्रं नवनीतं नवं लिहन् ।
सिताकेसरयुक्तं वा शोणितार्शी (?) सुखी भवेत् ॥३२॥
मृल्लिप्तं शोणितं कन्दं पक्त्वाऽग्नौ पुटपाकवत् ।
भक्षयेत्तैललवणं दुर्नामविनिवृत्तये ॥३३॥

૧. કરેણનાં મૂળ, હીરાકસી, વાવડીંગ, એળચી, ચિત્રો, સિંધવ અને આકડાનું દૂધ, એ ઔષધોથી સિદ્ધ કરેલું તેલ ચોપડવાથી ગુદામાંના અર્શના અંકુરને મટાડે છે.

૨. પીપર એક તોલો, મરી બે તોલા, શુંઠ ચાર તોલા, ચિત્રો આઠ તોલા, અને સૂરણ સોળ તોલા, એ પ્રમાણે લેઇને તેની ગોળમાં બેઢાના ફળ જેવડી એક તોલાની ગોળી કરવી. એ ગોળી ખાવાથી તે અર્શને જરૂર મટાડે છે, એમાં શક નથી.

૩. સૂરણ, મુસલી અને કડાછાલનું ચૂર્ણ છાશ સાથે પીવાથી જેમ અર્શ મટે છે તેમ બીલીનું ચૂર્ણ છાશ સાથે પીવાથી પણ મટે છે.

૪. લીમડાની લીંબોળિયો, ઇંદ્રવરણીનાં બીજ અને કૂકડવેલાનાં બીજ, એની વાટ ગોળમાં કરીને ગુદામાં નાખે તો અર્શને મૂળમાંથી નાશ કરે છે.

૫. બીજ સહિત કડવી તુમડીને ખાટી કાંજીમાં ગોળસહિત વાટીને તેનો લેપ કરવાથી મૂળમાંથી અર્શને નિશ્ચય મટાડે છે.

૬. ખાખરની રાખોડીનું પાણી ઘી કરતાં ત્રણગણું લેઇને તેમાં શુંઠ, પીપર અને મરી નાખીને તે પક્વ કરવું. એ ઘી ખાવાથી અર્શ નાશ પામે છે.

૭. માખણની સાથે કાળા તલ એક મહિનો ખાવાથી જેમ અર્શ મટે છે તેમ સૂરણ ખાવાથી અર્શ મટે છે.

૮. શીંગડાના અંકુરનો ધૂમાડો સાત દિવસ સુધી ગુદાએ આપવાથી અર્શ જલદી મટી જાય છે.

૯. મૂશળીનાં મૂળનું ચૂર્ણ ગાયના મૂત્ર સાથે જે માણસ પીએ અને છાશ ખાય તો એક માસમાં તેના અર્શ નિશ્ચય નાશ પામે છે.

૧૦. ગાયનું દૂધ, થોરનું ડીંગલું, કડાછાલ, લીમડાનાં પાંદડાં, કરંજની છાલ, એ સર્વેને બોકડીના મૂત્રમાં વાટીને લેપ કરવાથી અર્શને સારો ફાયદો થાય છે.

૧૧. લીમડાનાં પાંદડાં સિંધવ તથા કાંજીમાં વાટીને ખાવાથી અથવા ગાયના મૂત્રમાં કરંજ વાટીને ખાવાથી અર્શનો વ્યાધિ નાશ પામે છે.

૧૨. કૂકડાના અખાડાની માટી અથવા તેની હગાર પાણીમાં વાટી ચોપડવાથી અર્શ મટે છે.

૧૩. નારંગીનું મૂળ કટિએ બાંધવાથી અર્શ નાશ પામે છે.

૧૪. સરસવનાં બીજ, ઉપલેટ, જવખાર, પીપર, સિંધવ, એ ઔષધોનો લેપ કરવો, અથવા–

૧૫. વઢવાડિયાનું મૂળ, સાજીખાર, દંત (દંતીમૂળ ?), ચિત્રો, એ ઔષધોનો ગોમૂત્ર સાથે લેપ કરવો અથવા–

૧૬. કૂકડાની હગાર, ચણોઠીનું મૂળ, હળદર, પીપર, એ ઔષધોનો લેપ ગોમૂત્ર સાથે કરવો-ઉપરના ત્રણે લેપ તત્કાળ અર્શને મટાડે એવા છે.

૧૭. કમળનું કેસર, મધ, તાજું માખણ, સાકર, કેસર, એ ઔષધોનું ચાટણ કરવાથી ખૂની અર્શવાળો સુખી થાય છે.

૧૮. રતાળુના કંદને માટીનો લેપ કરીને પુટપાકની પેઠે દેવતામાં પક્વ કરવો, પછી તેમાં તેલ અને મીઠું મેળવીને ખાવું તેથી અર્શ નાશ પામે છે.

## વાયુના અતીસારનું લક્ષણ

**शूलं शब्दो गुदे गात्रे शैथिल्यं गात्रवेदना ।**
**अल्पोऽल्पश्च मलो ज्ञेयो वातातीसारलक्षणम् ॥३४॥**

જે અતિસારના રોગવાળાને ગુદામાં કળતર થાય તથા ઝાડો થતી વખતે અવાજ થાય, શરીર ઢીલું પડી જાય તથા વેદના થાય, વળી મળ થોડો થોડો નીકળે, તેને વાયુનો અતિસાર જાણવો.

## વાતાતીસારના ઉપાય

**पथ्या दारु वचा शुण्ठी मुस्ता चातिविषामृता ।**
**क्वाथ एषां हरेत्पीतो वातातीसारमुल्बणम् ॥३५॥**
**वचापाठा कणामूलं चव्यकः कटुरोहिणी ।**
**अभयेन्द्रयवाः शुण्ठी श्लक्ष्णपिष्टानि कारयेत् ॥३६॥**
**एतानि घ्नन्ति पीतानि वातातीसारमुल्बणम् ।**
**अत्युग्रमामशूलं च रोगिणः पथ्यभोजिनः ॥३७॥**
**हेमजाति विषामुस्ता दारु विश्वा सवातजं ।**
**अतीसारमथैतेषां क्वाथः पीतो निहन्ति च ॥३८॥**
**सुवर्चला वचा हिङ्गु हेमजातिविषासमम् ।**
**वातातीसारहृद्भुक्तं सकटुत्रयमम्भसा ॥३९॥**

૧. હરડે, દેવદાર, વજ, શુંઠ, મોથ, અતિવિખ, ગળો, એ ઔષધોનો ક્વાથ કરીને પીવાથી ઘણા જોરવાળા વાયુના અતિસારને પણ મટાડે છે.

૨. વજ, પાહાડમૂળ, પીપરીમૂળ, ચવક, કડાછાલ, હરડે, ઇંદ્રજવ, શુંઠ એ સર્વનું અતિ બારીક ચૂર્ણ કરીને પીવાથી પથ્ય ભોજન કરનારા રોગીના ઘણા જોરાવર વાતાતીસારને તથા અતિ અયંકર આમશૂળને મટાડે છે.

૩. હીમજો, અતિવિખની કળી, મોથ, દેવદાર, શુંઠ, એ ઔષધોનો ક્વાથ પીવાથી વાતાતીસાર મટે છે.

૪. સંચળ, વજ, હિંગ, હિમજો, અતિવિખની કળી, શુંઠ, પીપર, મરી, એ સર્વને સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને પાણીમાં પીવાથી વાતાતીસાર મટે છે.

## પિત્તના અતીસારનું લક્ષણ

**अन्तर्दाहो मलः पीतो नीलो वाऽतितृषारुचिः ।**
**भ्रमोऽतीवेति विज्ञेयं पित्तातीसारलक्षणम् ।।४०।।**

જો ઝાડાના રોગવાળાને અંદરથી દાહ થાય, ઝાડો પીળો કે લીલો થાય, તરસ ઘણી લાગે, ફેર બહુ આવે, તો તે લક્ષણો પિત્તાતીસારનાં જાણવાં.

## પિત્તાતીસારના ઉપાય

**शुण्ठी सुवर्चला हिङ्गु अभयेन्द्रयवावचा ।**
**पित्तातिसारहृत् क्वाथो निपीतो मधुना सह ।।४१।।**
**मधुयष्टिसितालोध्रमुत्पलं समभागतः ।**
**मधुरेण समं पीतं रक्तपित्तातिसारहृत् ।।४२।।**
**जम्बूचूतफलस्यास्थि द्राक्षा पथ्या च पिप्पली ।**
**खर्जूरशाल्मली बिल्वी बोध्युदुम्बरवल्कलम् ।।४३।।**
**एतच्चूर्णं समं श्लक्ष्णं मधुना सह भक्षितम् ।**
**रक्तपित्तोद्भवं हन्यादतिसारमथोल्बणम् ।।४४।।**
**शल्लरी बदरी जम्बूचारुचूतार्जुनत्वचः ।**
**पीताः क्षीरेण मध्वाढ्या पृथक् शोणितवारणाः ।।४५।।**
**कल्कं कृष्णतिलोद्भूतं शर्कराचूर्णमिश्रितम् ।**
**आज्येन पयसा पीतं सद्यो रक्तं नियच्छति ।।४६।।**

૧. શુંઠ, સંચળ, હિંગ, હરડે, ઇંદ્રજવ, વજ–એ ઔષધોનો ક્વાથ મધ સાથે પીવાથી પિત્તાતીસાર મટે છે.

૨. જેઠીમધ, સાકર, લોધર, કમળ–એ ઔષધોનું ચૂર્ણ કરીને તેને કોઇ પણ મધુર રસવાળા પદાર્થ સાથે પીવાથી રક્તાતીસાર અને પિત્તાતીસાર મટે છે.

૩. જાંબુડાના ઠળિયા, આંબાની ગોટલી, દ્રાક્ષ, હરડે, પીપર, ખજૂર, શીમળાની છાલ, બીલી, પીપળાની છાલ, ઉમૈડાની છાલ–એ ઔષધો સમાન ભાગે લેઇને તેનું બારીક ચૂર્ણ કરીને મધ સાથે ખાવાથી રક્તથી તથા પિત્તથી ઉત્પન્ન થયેલો મોટો અતિસાર મટે છે.

૪. શલ્લરી (?), બોરડી, જાંબુડો, પીંપરનું વૃક્ષ (?), આંબો, સાદડ, એમાંથી હર કોઇ એકની છાલ કચરીને દૂધ તથા મધ સાથે પીવાથી રક્તાતીસાર મટે છે, કેમકે તેમાંનું દરેક ઔષધ રક્તને અટકાવનારૂં છે.

૫. કાળા તલનું ચૂર્ણ કરીને તેમાં સાકર નાખીને ઘી તથા દૂધ સાથે પીએ તો તત્કાળ રક્તને અટકાવે છે.

## કફના અતીસારનું લક્ષણ

**दुर्गन्धः शीतलः पाण्डुः पिच्छलो मन्दवेदनः ।**
**मलः स्यादिति विज्ञेयं श्लेष्मातीसारलक्षणम् ।।૪૭।।**

કફાતીસારનું લક્ષણ એવું જાણવું કે, તેમાં ઝાડાના રોગીનો મળ દુર્ગંધિવાળો, ઠંડો, ધોળો અને ચીકણો થાય તથા રોગીને પીડા થોડી થાય.

## કફના અતીસારના ઉપાય

**अभयातिविषा विश्वा वचासिन्धुसुवर्चलः ।**
**चूर्णमुष्णाम्भसा पीतमिदं श्लेष्मातिसारहृत् ।।૪૮।।**
**पथ्या पाठा वचा कुष्टं चित्रकः कटुरोहिणी ।**
**चूर्णमुष्णाम्भसा पीतं श्लेष्मातीसारनाशनम् ।।૪૯।।**
**अभयातिविषा हिङ्गु सौवर्चलकटुत्रयम् ।**
**एतच्चूर्णे सुतप्ताम्भः पीतं श्लेष्मातिसारहृत् ।।૫૦।।**
**किंवा कुष्टं वचा पाठा चित्रकः कटुरोहिणी ।**
**चूर्णमुष्णाम्भसा पीतं श्लेष्मातीसारनाशनम् ।।૫૧।।**
**रोहिण्यतिविषापाठावचाकुष्टसमुद्भवः ।**
**क्वाथः पीतो निहन्त्येव श्लेष्मातीसारमुल्बणम् ।।૫૨।।**

૧. હરડે, અતિવિખ, શુંઠ, વજ, સિંધવ, સંચળ–એ ઔષધોનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીવાથી કફાતીસાર મટે છે.

૨. હરડે, પાહાડમૂળ, વજ, ઉપલેટ, ચિત્રો, કડાછાલ–એ ઔષધોનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીવાથી કફાતીસારનો નાશ કરે છે.

૩. હરડે, અતિવિખ, હિંગ, સંચળ, શુંઠ, પીપર, મરી–એ ઔષધોનું ચૂર્ણ ગરમપાણી સાથે પીવાથી કફાતીસાર મટે છે.

૪. અથવા ઉપલેટ, વજ, પહાડમૂળ, ચિત્રો, કડાછાલ–એ ઔષધોનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીવાથી કફના અતીસારનો નાશ કરે છે.

૫. હરડે, અતિવિખ, પાહાડમૂળ, વજ, ઉપલેટ–એ ઔષધોનો ક્વાથ પીવાથી ભારે એવા કફાતીસારને પણ જરૂર મટાડે છે.

## અતીસારના સામાન્ય ઉપાય

**शाल्मलीशुष्कनिर्यासो यवानी धातुकीशिफा ।**
**शुण्ठी पीतानि तक्रेण घ्नन्त्यतीसारमुल्बणम् ।।५३।।**
**मुस्ता चेन्द्रयवा वह्निः कटुकी च कटुत्रयम् ।**
**किरायतमिति द्वौ द्वौ भागावेषां च षोडश ।।५४।।**
**भागाः कुटजकल्कस्य चूर्णं तन्दुलवारिणा ।**
**पीतं शोफमतीसारं ग्रहणीं हन्ति सज्वराम् ।।५५।।**
**रिङ्गिणी धातुकीमूलं दाडिमी कुटजत्वचः ।**
**लोध्रं च हन्त्यतीसारं पीतं तन्दुलवारिणा ।।५६।।**
**किरातं कटुकी मुस्ता शुण्ठी च मरिचं कणा ।**
**एकैकांशमितं सर्वं द्वावग्नेः कुटजत्वचः ।।५७।।**
**दशभागा गुडस्याम्भः पीतं शोफं च कामलम् ।**
**ग्रहणीं पाण्डुरोगं च हन्त्यतीसारमुल्बणम् ।।५८।।**
**सज्जी कुटजकल्कं च द्वयोश्चूर्णं समांशतः ।**
**घृतेन भक्षितं शीघ्रं हन्त्यतीसारमुल्बणम् ।।५९।।**
**बिल्वाब्दधातुकी पाठा शुण्ठी मोचरसः समाः ।**
**पीता रुन्धन्त्यतीसारं गुडतक्रेण दुर्जयम् ।।६०।।**

यवानी धातुकी पुष्पमार्द्रकं शाल्मलीरसः ।
मथितेन समं भुक्तं दघ्नाऽतीसारनाशनम् ।।६१।।
अङ्कुल्यमूलं कर्षं वा पिष्ट्वा तन्दुलवारिणा ।
तत्पीतं ग्रहणीं हन्ति सर्वातीसारनाशनम् ।।६२।।

૧. શીમળાનો સૂકો ગુંદર, જવાન ધાવડીનાં મૂળ, શૂંઠ, એ ઔષધોનું ચૂર્ણ છાશ સાથે પીવાથી મોટા અતીસારને પણ મટાડે છે.

૨. મોથ, ઇંદ્રજવ, ચિત્રો, કડુ, શુંઠ, પીપર, મરી, કરિયાતું–એ દરેકના બે બે ભાગ લેવા, અને ઇંદ્રજવના સોળ ભાગ લેવા, એ સર્વનું ચૂર્ણ કરીને તેને ચોખાના ધોવરામણ સાથે પીવાથી સોજો, અતિસાર, સંગ્રહણી અને જ્વર મટે છે.

૩. રિંગણીનાં મૂળ, ધાવડીનાં મૂળ, દાડમની છાલ, કડાછાલ, લોધર, એ ઔષધો ચોખાના ધોવણ સાથે પીવાથી અતિસાર મટે છે.

૪. કરિયાતું, કડુ, મોથ, શુંઠ, મરી, પીપર, એ સર્વે એક એક ભાગ લેવાં, ચિત્રો અને કડાછાલના બે બે ભાગ લેવા, દશ ભાગ ગોળના લેવા, પછી બધાને એકત્ર કરીને તે પાણી સાથે પીવાથી સોજો, કમળો, સંગ્રહણી, પાંડુ રોગ અને મોટો અતિસાર, એ સર્વે મટે છે.

૫. સાજીખાર અને ઇંદ્રજવ સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને તેને ઘી સાથે ખાવાથી મોટા અતિસારને પણ તરત જ મટાડે છે.

૬. બીલી, મોથ, ધાવડીનાં ફૂલ, પાહાડમૂળ, શુંઠ, મોચરસ, એ સર્વે સમાન લેઇને તેનું ચૂર્ણ કરીને ગોળ અને છાશ સાથે પીવાથી કષ્ટસાધ્ય અતિસાર મટે છે.

૭. (અજમો) જવાન, ધાવડીનાં ફૂલ, આદું, શીમળાનો રસ, એ સર્વેનું કલ્ક (ચટણી) કરીને તેને દહીંના મઠા સાથે પીવાથી અતિસાર મટે છે.

૮. અથવા આંકોલીનું મૂળ એક તોલો લેઇને તેને ચોખાના ધોવરામણમાં વાટીને પીવાથી સંગ્રહણી તથા સઘળા પ્રકારના અતિસાર મટે છે.

## ગ્રહણીનું સામાન્ય લક્ષણ

भ्रमस्तृषाऽरुचिश्छर्दिर्मुखं च विरसं श्रुतिः ।
सनादा चेति सामान्यं ग्रहणीलक्षणं भवेत् ।।६३।।

**मुहुर्मुञ्चति गृह्णाति विमुञ्चति मुहुर्मुहु: ।**
**ग्रहणी चेति विज्ञेया वातपित्तादिदोषत: ॥६४॥**

સંગ્રહણીના રોગવાળાને ફેર આવે છે, તરસ લાગે છે, અરૂચિ થાય છે, ઉલટી થાય છે, મોઢું લૂખું થઇ જાય છે, કાનમાં અવાજ થયા કરે છે, એ પ્રમાણે ગ્રહણીરોગનાં સામાન્ય ચિહ્નો થાય છે. વળી જે રોગમાં વાત, પિત્ત વગેરે દોષોના કારણથી વારંવાર ઝાડો થાય છે, તે રોગને ગ્રહણી રોગ જાણવો.

## વાતગ્રહણીનું લક્ષણ

**हस्तयो: पादयो: कम्पस्तालुकम्प: शिरोव्यथा ।**
**श्वासो मूर्छा गुदे कुक्षौ जठरे चाऽतिवेदना: ॥६५॥**
**मल: श्याम: सफेनश्च जायते च पुन: पुन: ।**
**वातोत्थग्रहणी चिह्नमिदमूचुर्विचक्षणा: ॥६६॥**

ગ્રહણીના રોગવાળાને જ્યારે હાથ-પગમાં કંપ થાય, તાળવામાં કંપ થાય, માથું દૂખે, શ્વાસ ચઢે, બેભાનપણું થાય, ગુદામાં, કૂખમાં અને પેટમાં ઘણી વેદના થાય, ઝાડો કાળો અને ફીણવાળો થાય, અને તે વારંવાર થાય, તો તેવા રોગને જોઇને ચતુર વૈદ્યો 'આ વાયુની ગ્રહણીનાં ચિહ્ન છે' એમ કહે છે.

## વાતગ્રહણીના ઉપાય

**रामठातिविषापाठा वचेन्द्रयवचूर्णकम् ।**
**वारिपीतं निहन्त्येव ग्रहणीं वातसम्भवाम् ॥६७॥**
**रिङ्गिणी दुल्लरी कृष्णा काकोलीन्द्रयवा वचा ।**
**कर्चूरं सैन्धवं पाठा काचोऽब्धिबिडपूर्वकम् ॥६८॥**
**लवणं चित्रकं चूर्णमेषां सौवर्चलान्वितम् ।**
**आध्मानवातजां हन्ति ग्रहणीं वारिणाऽशितम् ॥६९॥**
**शालीपर्णीवचा शुण्ठी बिल्वधान्यकचूर्णितम् ।**
**पीतमुष्णाम्भसा हन्ति ग्रहणीं वातसम्भवाम् ॥७०॥**

૧. હીંગ, અતિવિખ, પહાડમૂળ, વજ, ઇંદ્રજવ–એ ઔષધોનું ચૂર્ણ પાણી સાથે પીવાથી વાયુથી ઉત્પન્ન થયેલી સંગ્રહણી મટે છે.

૨. રીંગણી, દુલ્લરી (?), પીપર, કાકોલી, ઇંદ્રજવ, ષડકચુરો, સિંધવ,

પહાડમૂળ, કાચલવણ, સમુદ્રલવણ, બિડલવણ, ચિત્રો, સંચળ–એ ઔષધોનું ચૂર્ણ પાણી સાથે પીવાથી વાયુની સંગ્રહણીને મટાડે છે.

૩. શાલીપર્ણી, વજ, શુંઠ, બીલી, ધાણા–એ ઔષધોનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીવાથી વાયુથી ઉત્પન્ન થયેલી ગ્રહણીને મટાડે છે.

## પિત્તગ્રહણીનાં લક્ષણ

**नीलः पीतोऽथ दुर्गन्धो मलः पीडा गुदे हृदि ।**
**दाघो हृदिस्तृषा चिह्नं पित्तग्रहणिकोद्भवम् ॥७१॥**

પિત્તની ગ્રહણીમાં રોગીનો મળ લીલો કે પીળો હોય છે, તેમાંથી દુર્ગંધ નીકળે છે, ગુદામાં તથા હૃદયમાં પીડા થાય છે, છાતીમાં બળતરા બળે છે, તરસ ઘણી લાગે છે. એ લક્ષણો પિત્તગ્રહણીનાં છે.

## પીત્તગ્રહણીના ઉપાય

**कटुकेन्द्रयवा पाठा कटुकत्वक् रसाञ्जनम् ।**
**धातुक्यतिविषा शुण्ठी मुस्ता पिष्टा सुवारिणा ॥७२॥**
**विष्टम्भमरुचिं रक्तं दाघं च गुदवेदनाम् ।**
**पित्तोत्थग्रहणीं हन्ति मधुना सह भक्षिता ॥७३॥**
**कुटजोऽतिविषा शुण्ठी मधुकं धातुकी फलम् ।**
**शाल्मली शुष्कनिर्यासः कणामुस्ता समांशतः ॥७४॥**
**सुश्लक्ष्णं चूर्णमेतेषां मधुना सह भक्षितम् ।**
**हन्त्यामरक्तपित्तोत्थग्रहणीमतिवेगतः ॥७५॥**

૧. કડુ, ઇંદ્રજવ, પહાડમૂળ, કડાછાલ, રસાંજન, ધાવડી, અતિવિખ, શુંઠ, મોથ–એ સર્વને પાણીમાં વાટી કલ્ક કરીને મધ સાથે ખાવાથી ઝાડાની કબજિયાત, અરૂચિ, લોહી પડવું, દાહ થવો, ગુદામાં પીડા થવી, એ સર્વે ઉપદ્રવો સહિત પિત્તગ્રહણી નાશ પામે છે.

૨. ઇંદ્રજવ, અતિવિખ, શુંઠ, જેઠીમધ, ધાવડીનાં ફળ, શીમળાનો સૂકો ગુંદર, પીપર, મોથ–એ સર્વે સમાન ભાગે લેઇને તેનું અતિ બારીક ચૂર્ણ કરી મધ સાથે ખાવું, તેથી આમ(જરસ) અને લોહી સહિત પિત્તગ્રહણી ઘણી ઉતાવળે મટી જાય છે.

## કફ ગ્રહણીના લક્ષણ

**श्वासोऽरुचिर्जलं वक्रो रोमाञ्चोऽतिगुरूदरम् ।**
**श्लेष्मग्रहणिकाचिह्नं मिश्रं तत्स्यात्त्रिदोषजम् ।।७६।।**

ગ્રહણીના રોગવાળાને શ્વાસ ચઢે, અન્ન પર અરૂચિ થાય, મોઢામાં પાણી છૂટે, રૂવાંટાં ઉભાં થાય, પેટ ભારે લાગે, ત્યારે તે ચિહ્‌ન કફ સંગ્રહણીનાં જાણવાં. જ્યારે વાયુ વગેરે ત્રણે દોષનાં ચિહ્‌ન મિશ્ર હોય ત્યારે તેને ત્રિદોષ ગ્રહણી જાણવી.

## કફગ્રહણીના ઉપાય

**अभयातिविषा शुण्ठी वचामुस्ता कणाशिफा ।**
**बिडादिलवणं वह्निः कुष्टं दारु समांशतः ।।७७।।**
**सुश्लक्ष्णचूर्णमेतेषां भक्षितं तप्तवारिणा ।**
**श्लेष्मजां ग्रहणीं हन्ति रक्तामाभ्यां सहाचिरात् ।।७८।।**
**कणामूलं कणाजीरं चव्यशुण्ठी च चूर्णकम् ।**
**पीतमुष्णाम्भसा हन्ति ग्रहणीं श्लेष्मसम्भवाम् ।।७९।।**
**पथ्या शुण्ठी कणा वह्निश्चूर्णमेषां समांशतः ।**
**तक्रपीतं ध्रुवं हन्ति ग्रहणीं श्लेष्मसम्भवाम् ।।८०।।**
**शाल्मलीशुष्कनिर्यासो हिङ्गु पथ्या समं त्रयम् ।**
**तक्रपीतं निहन्त्याशु ग्रहणीं श्लेष्मसम्भवाम् ।।८१।।**

૧. હરડે, અતિવિખ, શુંઠ, વજ, મોથ, પીપરીમૂળ, બિડલવણ, ચિત્રો, ઉપલેટ, દેવદાર–એ સર્વે સમાન ભાગે લેઇને તેનું અતિ બારીક ચૂર્ણ કરીને ગરમ પાણી સાથે પીવાથી રક્ત અને આમ સહિત કફગ્રહણી જલદી નાશ પામે છે.

૨. પીપરીમૂળ, પીપર, જીરૂ, ચવક, શુંઠ–એ ઔષધોનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીવાથી કફથી ઉત્પન્ન થયેલી ગ્રહણી નાશ પામે છે.

૩. હરડે, શુંઠ, પીપર, ચિત્રો–એ ઔષધોને સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ છાશ સાથે પીવાથી કફગ્રહણીનો નિશ્ચય નાશ કરે છે.

૪. શીમળાનો સૂકો ગુંદર, હીંગ, હરડે–એ ત્રણ ઔષધો સરખાં લેઇને છાશ સાથે પીવાથી કફથી ઉત્પન્ન થયેલી ગ્રહણીને તરતજ હણે છે.

## પગના રોગ

**श्लीपदं रिङ्गिणीवात ऊरूस्तम्भो विचर्चिका ।**
**तुर्वलं चेतिपादस्था रुजोऽङ्घ्रिगतिनाशना: ॥८२॥**

શ્લીપદ, રીંગણી વાત (રાંગણ), ઉરૂસ્તંભ, વિચર્ચિકા અને તુર્વલ, એવા પગના રોગ થાય છે અને તે પગની ગતિનો નાશ કરે છે.

## શ્લીપદના ઉપાય

**शतमूली शिफातैलं तैलमेरण्डसम्भवम् ।**
**द्वयमेतत्प्रलेपेन श्लीपदं हन्ति कोमलम् ॥८३॥**
**धत्तूरैरण्डनिर्गुण्डी वर्षाभूशिग्रुसर्षपै: ।**
**प्रलेप: श्लीपदं हन्ति चिरोत्थमतिदारुणम् ॥८४॥**

૧. શતાવરીનાં મૂળનું તેલ તથા એરંડિઉં તેલ–એ બન્ને તેલ મિશ્ર કરીને પગે લેપ કરવાથી કોમળ એવું શ્લીપદ નાશ પામે છે.

૨, ધંતૂરો, દીવેલો, નગોડ, સાટોડી, સરગવો, સરસવ–એ સર્વેનો લેપ કરવાથી ઘણા કાળથી થયેલું મહાદારૂણ શ્લીપદ પણ નાશ પામે છે.

## રાંગણનો ઉપાય

**बहुकालीननिम्बस्य मूलं शीतेन वारिणा ।**
**निर्घृष्टं रिङ्गिणीवातं पीतं हन्ति प्रलेपत: ॥८५॥**
**तगरस्य शिफा शुण्ठ्या मरिचेनार्द्रकान्विता ।**
**रिङ्गिण्या वारिणा पिष्टा पीता हन्ति रुजं तत: ॥८६॥**

૧. ઘણા જૂના લીમડાના મૂળને ઠંડા પાણીમાં ઘશીને પીવાથી તથા ચોપડવાથી રાંગણવાયુ મટે છે.

૨. તગરનાં મૂળ, શુંઠ, મરી, આદુ એ સર્વેને પાણીમાં વાટીને પીવાથી રાંગણવાયુની પીડા નાશ પામે છે.

## વાળાનો ઉપાય

**वारुणाङ्कुल्लमूलानां पिष्टमात्रप्रलेपत: ।**
**वालो विनश्यति क्षिप्रं कटुतिक्ताशनेषु स: ॥८७॥**

૧. વાયવરણાનાં તથા આંકોલનાં મૂળ વાટીને તેનો લેપ કરવાથી, જે

વાળાના રોગીઓ તીખું તથા કડવું ભોજન કરનારા છે તેમનો વાળો તત્કાળ નાશ પામે છે.

## ઉરૂસ્તંભનો ઉપાય

**भल्लातपिप्पलीमूलपिष्पलीक्वथितं जलम् ।**
**उरुस्तम्भं हरत्याशु पीतं पथ्याशिनोऽनिशं ॥८८॥**
**पिष्पली पिष्पलीमूलं भल्लातकफलानि च ।**
**कल्के मधुयुते पीते ऊरस्तम्भाद्विमुच्यते ॥८९॥**
**मधुना सर्पिषा चैव वल्मीकस्य मृदा युतैः ।**
**कृतं विलेपनं शीघ्रमूरुस्तम्भनिवारणम् ॥९०॥**
**वृद्धिर्महौषधं दारुचूर्णमेषां समांशतः ।**
**पीतमुष्णाम्भसा शीघ्रमूरुस्तम्भनिवारणम् ॥९१॥**

૧. ભીલામાં, પીપરીમૂળ અને પીપરનો ક્વાથ કરીને હમેશ પીવો તથા પથ્ય ભોજન કરવું, તેથી ઉરૂસ્તંભ રોગ જલદી નાશ પામે છે.

૨. પીપર, પીપરીમૂળ, ભીલામાં–એ ઔષધોની ચટણી કરીને મધ સાથે પીવાથી ઉરૂસ્તંભ મટી જાય છે.

૩. મધ અને ઘી તથા રાફડાની માટી એ ત્રણને એકત્ર કરીને લેપ કરવાથી ઉરૂસ્તંભ જલદીથી દૂર થાય છે.

૪. વૃદ્ધિ (એ નામની વનસ્પતિ હિમાલયમાં થાય છે, પણ કેટલાક વૈદ્યો એમ કહે છે, આ જગોએ 'વૃદ્ધિ' શબ્દથી 'વધારો' લેવો), શુંઠ, દેવદાર, એ ઔષધો સમાન લેઇ તેનું ચૂર્ણ કરીને ગરમ પાણી સાથે પીવાથી ઉરૂસ્તંભ જલદીથી મટે છે.

## વિચર્થિકાનો ઉપાય

**त्रिकटु सैन्धवं दुर्वा तालकं समभागतः ।**
**गोमूत्रेण समं पिष्टं हन्ति लेपाद्विचर्चिकाम् ॥९२॥**
**यवक्षारः शिलातालं सिन्दूरं शङ्खगन्धकौ ।**
**कासीसं तैलमर्कांशुतप्तं हन्ति विचर्चिकाम् ॥९३॥**
**अत्यम्लतक्र-गोमूत्रं सैन्धवं क्वथितं त्रयम् ।**
**चिरकालोद्भवां हन्ति लेपनाद्वा विचर्चिकाम् ॥९४॥**

**शिलातालनिशाकुष्टं लाङ्गली वह्निचूर्णकम् ।**

**समभागं गोमूत्रेण हन्ति लेपाद्विचर्चिकाम् ॥९५॥**

૧. શુંઠ, પીપર, મરી, સિંધવ, દરો, હરતાળ–એ સર્વે સમાન ભાગે લેઇને ગાયના મૂત્ર સાથે તેનો લેપ કરવાથી વિચર્ચિકા રોગ મટે છે.

૨. જવખાર, મનશિલ, હરતાળ, સિંદૂર, શંખ, ગંધક, હીરાકસી અને સર્વેના ચૂર્ણમાં તેલ નાખીને સૂર્યના તાપથી તેને તપાવવું. એ તેલ ચોપડવાથી વિચર્ચિકા મટી જાય છે.

૩. ઘણી ખાટી છાશ, ગાયનું મૂત્ર અને સિંધવ, એ ત્રણને સારી પેઠે ઉકાલીને લેપ કરવાથી ઘણા દિવસની વિચર્ચિકા મટી જાય છે.

૪. મનશિલ, હરતાળ, હળદર, ઉપલેટ, વઢવાડિયાનાં મૂળ, ચિત્રો–એ ઔષધોનું સમાન ભાગે ચૂર્ણ કરીને ગાયના મૂત્ર સાથે લેપ કરવાથી વિચર્ચિકા નાશ પામે છે.

**सर्पिश्छागीपयोमिश्रं सप्तभिर्लेपमात्रतः ।**

**शतावरीशिफाफेनलेपो वह्निप्रतापहृत् ॥९६॥**

૧. બકરીના દૂધમાં ઘી મેળવીને તેનો સાત ફેરા લેપ કરવાથી અગ્નિથી દાઝેલું મટી જાય છે.

૨. શતાવરીનાં મૂળનું ફીણ ચોપડવાથી અગ્નિથી દાઝેલાની બળતરા મટે છે.

**सैन्धवं मरिचोशीरं सर्पिर्मधुगुडः पुरः ।**

**गैरिकं स्फुटितौ पादौ लिप्तौ वै पङ्कजोपमौ ॥९७॥**

**मदनान्वितसामुद्रलवणं महिषीभवं ।**

**मृक्षणं तापितं लेपात्पादौ स्यातां कजोपमौ ॥९८॥**

૧. સિંધવ, મરી, વાળો, ઘી, મધ, ગોળ, ગેરૂ–એ સર્વેનો મલમ કરીને ફાટેલા પગે લેપ કરવાથી પગ કમળ જેવા થાય છે.

૨. મીંઢળ, સિંધવ અને ભેંસનું માખણ–એ ત્રણને ગરમ કરીને તેનો પગે લેપ કરવાથી પગ કમળ જેવા થાય છે.

**॥ इतिश्री परमजैनाचार्य श्रीकंठविरचिते वैद्यकसारसंग्रहे हितोपदेशनाम्नि कुरंडमूल-व्याधि-अतीसारग्रहणी-श्लीपदरिंगिणी-वालकऊरुस्तंभ विचर्चिकापादरोगप्रतीकारनामा सप्तमः समुद्देशः ॥७॥**

# सर्वांगरोग

## લૂતા રોગનું લક્ષણ

**वातपित्तादिदोषेण चतुर्धोत्पद्यते तनौ ।**
**लुनाति सर्वगात्राणि तेन लूताः प्रकीर्तिता ।।१।।**

વાયુ, પિત્ત, કફ અને ત્રિદોષ, એ દોષ વડે શરીર ઉપર ચાર પ્રકારનો લૂતા રોગ ઉત્પન્ન થાય છે. તે બધા અંગને કાપી નાખે છે માટે તેને લૂતા કહે છે.

## લૂતા રોગના ઉપાય

**अगस्तिपत्रनिर्यासलेपो लूताविषापहः ।**
**गोजिह्वामूलिकासर्पिर्लेपो वा तद्विनाशनः ।।२।।**

૧. અગથિયાનાં પાંદડાંના રસનો લેપ કરવો તે લૂતાના ઝેરને દૂર કરે છે.

૨. અથવા ગળજીભીનાં મૂળિયાં તથા ઘીનો લેપ કરવો તે પણ લૂતાના ઝેરનો નાશ કરે છે.

## વાતલૂતાનાં લક્ષણ

**श्वेताख्या दक्षिणे हस्ते वामे कृष्णाकरी तथा ।**
**कपिला नासिकामध्ये पीता चिबुकनाशिनी ।।३।।**
**त्रिमण्डला दक्षिणाङ्गे वामे वामाङ्गभेदिनी ।**
**दक्षस्कन्धगता लूता विषा वामे विषापहा ।।४।।**
**ताम्रवर्णा कृकाटिस्थेत्येवं वातसमुद्भवा ।**
**आभिर्दुष्टस्य चिह्नानि भवन्त्येतानि देहिनः ।।५।।**
**हिक्काऽपस्मारदुःस्वप्नं तालुशोषोऽङ्गकम्पनम् ।**
**कषायत्वं च दन्तानां निद्रानाशोद्गमो भृशम् ।।६।।**

જમણા હાથની લૂતા શ્વેતા કહેવાય છે, ડાબા હાથની કૃષ્ણાકરી કહેવાય છે, નાસિકામાંની કપિલા કહેવાય છે, હડપચીને નાશ કરનારી પીતા (પીળી) કહેવાય છે, જમણા અંગમાં ત્રિમંડળા અને ડાબા અંગમાં વામાંગભેદિની કહેવાય છે, જમણા ખભાની લૂતા 'વિષા' અને ડાબા ખભાની 'વિષાપહા' કહેવાય છે, અને બોચીમાંની લૂતા તામ્રવર્ણ (લાલરંગની) કહેવાય છે. એ

પ્રમાણે વાયુથી ઉત્પન્ન થયેલી લૂતાઓ જાણવી. એ લૂતાઓથી દૂષિત થયેલા માણસને આવાં ચિહ્ન થાય છેઃ–તેને હેડકીઓ આવે છે, અપસ્માર (વાઇ) થાય છે, નઠારાં સ્વપ્ન આવે છે, તાળવામાં શોષ થાય છે, શરીર કંપે છે, દાંત કસાણા થઇ જાય છે, ઉંઘ આવતી નથી અને રૂવાંટાં બહુ ઉભા થાય છે.

## વાતલૂતાના ઉપાય

**उत्पलं चन्दनं कुष्टं जीवन्ती शुण्ठिपाटले ।**
**बालबिल्वं च निर्गुण्डी मदनो ब्रह्मदण्डिका ॥७॥**
**मदनो वेतसश्चैव तगरो वरुणत्वचः ।**
**तरणाल्लेपना चैषां लूतादष्टं विनश्यति ॥८॥**

૧. કમળ, ચંદન, ઉપલેટ, જીવંતી, શુંઠ, પાડળ, બાલબીલી, નગોડ, મીંઢળ, ખાખર, મીંઢળ, નેતર, તગર, વરણાની છાલ, એ સર્વેને પાણીમાં વાટીને ઘસવાથી કે લેપ કરવાથી લૂતાનો દંશ નાશ પામે છે.

## પિત્તની લૂતાનાં લક્ષણો

**कसना करमध्यस्था वामे रक्तवती करे ।**
**वीरक्षेत्रगवा दक्षे वामाङ्गे मेचकाभिधा ॥९॥**
**कर्कटी दक्षपार्श्वेषु पिंगला पृष्टतो मता ।**
**एताः पित्तोद्भवा लूता आभिर्दष्टस्य लक्षणम् ॥१०॥**
**ज्वरश्चित्तभ्रमो दाघस्तप्तगात्राणि बाह्यतः ।**

(જમણા) હાથના મધ્યમાં કસના નામની લૂતા જાણવી, ડાબા હાથમાં રક્તવતી લૂતા જાણવી, જમણા અંગમાં વીરક્ષેત્રગવા નામની અને ડાબા અંગમાં મેચકા નામની લૂતા જાણવી, જમણા પાસામાં કર્કટી અને પીઠમાં પિંગલા નામની લૂતા માનેલી છે. એ સઘળી પિત્તથી ઉત્પન્ન થયેલી લૂતાઓ જાણવી. એ લૂતાઓનો જેમને દંશ થયો હોય તેનાં લક્ષણ આ પ્રમાણે છેઃ–તેને તાવ આવે છે, ચિત્ત ભમે છે, દાહ થાય છે, તથા બહારનાં અંગ ગરમ થઇ જાય છે.

## પિત્તની લૂતાનાં ઉપાય

**उत्पलं चन्दनं मुस्ता लाङ्गली त्रुटिरेणु च ॥११॥**
**वालकं मधु नागस्य वल्कलं कुसुमान्वितम् ।**
**एतत्तरणलेपाभ्यां पित्तलूता प्रशाम्यति ॥१२॥**

૧. કમળ, ચંદન, મોથ, વાવડીંગ મૂળ, એલચી, પિત્તપાપડો, વાળો, મધ, નાગવૃક્ષની છાલ તથા ફૂલ, એ સર્વેને વાટીને ઘસવાથી અથવા લેપ કરવાથી પિત્તની લૂતા શમી જાય છે.

## કફ લૂતાનાં લક્ષણ

**दक्षकर्णस्थिता रक्ता वामस्था पांशुवर्णिका ।**
**असिता वामकक्षायां दक्षिणायां सितास्थिताः ॥१३॥**
**दक्षकुक्षिस्थिता श्यामा वामा लूताश्रितोदरे ।**
**वरदा नाभिदेशस्था जिह्वायां जलदाम्बुके ॥१४॥**
**कासः श्वासस्तथा कम्पो गलगण्डोपजिह्वके ।**
**निद्राऽऽलस्यं प्रमेहश्च श्लेष्मलूताविचेष्टितम् ॥१५॥**

જમણા કાનમાં રાતી લૂતા હોય છે, ડાબે કાને ધૂળના રંગ જેવી લૂતા હોય છે, ડાબી કાખમાં કાળી અને જમણી કાખમાં ધોળી લૂતા હોય છે, શ્યામા નામની લૂતા જમણી કૂખમાં અને વામા નામની લૂતા ઉદરમાં રહેલી હોય છે. નાભિમાં વરદા અને જીભમાં જલદા અથવા અંબુકા નામની લૂતા થાય છે, કફની લૂતાનાં ચિહ્નઃ-ખાંસી, શ્વાસ, કંપ, ગળામાં ગૂમડાં, અપજિવ્હક નામે વ્યાધિ, નિદ્રા, આળસ અને પ્રમેહ.

## કફ લૂતાનાં ઉપાય

**वरुणः सारिवा सेलुः नागपुष्पं सुवल्कलम् ।**
**चित्रकं पाटला पाठा बिभीतो वंशवल्कलम् ॥१६॥**
**श्लेष्मलूतादिदष्टस्य हितान्येतानि रोगिणः ।**
**भोजनानि कषायाणि तिक्तानि कटुकानि च ॥१७॥**
**वर्जयेच्छीतवीर्याणि तीक्ष्णवीर्याणि दापयेत् ।**

૧. વરણો, સારિવા, સેલુ, નાગપુષ્પ, નાગવૃક્ષની છાલ, ચિત્રો, પાટલા, પાહાડમૂળ, બેઢું, વાંસની છાલ, એ ઔષધો કફની લૂતા વગેરેથી દૂષિત થયેલા રોગીને હિતકર્ત્તા છે. વળી તૂરાં, કડવા અને તીખા ભોજન કરવાં, ઠંડા (શીતળતા ઉત્પન્ન કરે એવા) ભોજન તજવા અને તીક્ષ્ણવીર્ય (ગરમ) પદાર્થોનાં ભોજન કરવા.

## સર્વ પ્રકારની લૂતાના ઉપાય

पारापतमलो वंशवल्कलं तालकः शिला ॥१८॥
हिंगुः कुर्कुटविष्टा च कर्णिकारेणुसंयुता ।
मदनेनान्वितैर्लेपः सर्वलूताविषापहः ॥१९॥
चन्दनं पद्मकं कुष्टं टिंडूरी वेत्रपाटला ।
निर्गुण्डी सारिवा सेलुर्लूताविषहरो गणः ॥२०॥
कपित्थं पाटला सेलुः शिरीषो द्विपुनर्नवा ।
द्विनीशा च वचा चैव सर्वलूतानिवारणः ॥२१॥
महाशोणितलूतानां विस्फोटानां च नाशकृत् ।
चक्राङ्का वारिणा पीता निहन्ति च विषद्वयम् ॥२२॥

૧. કબૂતરની હગાર, વાંસની છાલ, હરતાલ, મનશિલ, હિંગ, કૂકડાની હગાર, કર્ણિકા, પિત્તપાપડો, મીંઢળ–એ સર્વનો લેપ સઘળા પ્રકારની લૂતાના ઝેરને મટાડનારો છે.

૨. ચંદન, પદ્મકાષ્ટ, ઉપલેટ, ટીંડોરી, નેતર, પાડળ, નગોડ, સારિવા, સેલુ (સેવલઢ), સરસવૃક્ષ, રાતી અને ધોળી સાટોડી, હળદર અને દારૂહળદર, વજ–એ ઔષધો સઘળા પ્રકારની લૂતાને દૂર કરનારાં છે. વળી ઘણું રક્ત વેહેવરાવનારી લૂતાઓ તથા ફોલ્લાઓનો નાશ કરનારાં છે.

૩. ગળો ( ?) પાણી સાથે પીવાથી સ્થાવર જંગમ બન્ને પ્રકારનાં વિષને મટાડે છે.

## અસાધ્ય લૂતા

भ्रुवोर्मध्ये गले हस्ते स्तने गण्डे च मूर्द्धनि ।
हृदि पृष्टे च लूतानां मर्मस्थानानि लक्षयेत् ॥२३॥
एषु स्थानेषु ये दष्टा न ते जीवन्ति मानवाः ।
सन्निपातोद्भवा लूताः कथ्यन्ते नामपूर्वकम् ॥२४॥
मालाङ्गुली शिरोदेशे ललाटे तालुकर्णिका ।
कालकर्णी भ्रुवोर्मध्ये जिह्वायां जलदा स्थिता ॥२५॥
मणिपत्नी च तालुस्था हिक्कायां तप्तवर्णिका ।
वैदेही च गले ज्ञेया हृदये वह्निकर्णिका ॥२६॥

**एताः साधयितुं शक्या न मन्त्रैर्नाऽपि भेषजैः ।**
**भ्रमं दाघं ज्वरं श्वासं मूर्छां गुल्मं च कम्पनम् ॥२७॥**
**क्षयरोगं च शूलं च देहे कुर्वन्ति देहिनः ।**
**पक्वजम्बूफलाकारा दंशाः स्त्रवन्ति शोणितम् ॥२८॥**
**दन्तौष्टाः श्यामला यस्य नासौ जीवति मानवः ।**
**पाण्डुरत्वं च पीतत्वं वक्त्रे दाघो महाज्वरः ॥२९॥**
**कराङ्घ्री शिथिलौ यस्य ग्रीवाभङ्गोऽविचेष्टनम् ।**
**एतच्च शम्भुदेवोक्तमाकलय्य मयोदितम् ॥३०॥**

લૂતાઓના દંશનાં મર્મસ્થાન બે ભમરની વચ્ચે, ગળામાં, હાથમાં, સ્તન ઉપર, ગાલ ઉપર, માથામાં, છાતીમાં અને પીઠમાં છે એમ જાણવું. એ સ્થાન પર જેમને દંશ થયો હોય તે માણસો જીવતા નથી.

હવે સન્નિપાતથી ઉપજેલી લૂતાઓ નામપૂર્વક કહીએ છીએ. માથામાં માલાંગુલી નામની, કપાળમાં તાલુકર્ણિકા નામની, બે ભ્રમરની વચ્ચે કાળકર્ણી, જીભમાં જલદા, તાળવામાં મણીપત્ની, હિક્કામાં તપ્તવર્ણિકા, ગળામાં વૈદેહી અને હૃદયમાં વહ્નિકર્ણિકા છે, એ સ્થળની લૂતાના દંશ મંત્ર વડે કે ઔષધ વડે પણ મટી શકતા નથી. સન્નિપાતની લૂતાઓ મનુષ્યના શરીરમાં ભ્રમ, દાહ, તાવ, શ્વાસ, મૂર્છા, ગુલ્મ, કંપારી, ક્ષયરોગ, શૂળ ઉત્પન્ન કરે છે, જે લૂતાના દંશ પાકા જાંબુના ફળના આકારના થઇને તેમાંથી લોહી ઝરતું હોય તથા જે રોગીના દાંત અને ઓઠ કાળા પડી ગયા હોય, તે માણસ જીવતો નથી. વળી જેનું શરીર ધોળું કે પીળું પડી ગયું હોય, મુખમાં દાહ થતો હોય, તાવ ભારે હોય, હાથ પગ ઢીલા થઇ ગયા હોય, ડોકી ભાંગી ગઇ હોય, હાલ-ચાલ કરી શકતો ન હોય, તે રોગી પણ જીવતો નથી. એ સર્વે શ્રીમહાદેવે કહેલું છે તે ગ્રહણ કરીને મેં કહ્યું છે.

## ભગંદરનું લક્ષણ

**वृषणासनयोर्मध्ये प्रदेशो भग उच्यते ॥**
**तमेव दारयत्यस्मात् भगन्दर इति स्मृतः ॥३१॥**

વૃષણ અને ગુદાની બેસણીના મધ્ય પ્રદેશને ભગ કહે છે. તે જગોને ફાડી નાખે છે માટે આ રોગ ભગંદર કહેવાય છે.

## ભગંદરના ઉપાય

**मालती वटपत्राणि गडूची विश्वभेषजम् ।**
**सैन्धवं तक्रपिष्टानि लेपो हन्ति भगन्दरम् ।।३२।।**
**दन्तवह्निनिशालेपो भगन्दरविनाशकृत् ।**
**त्रिफला वारिणा पिष्टा गुग्गुलुर्वा प्रयत्नतः ।।३३।।**
**शुनोऽस्थिभूलताचूर्णं तक्रं रासभशोणितम् ।**
**एतल्लेपाच्छमं याति कुपितोऽपि भगन्दरः ।।३४।।**
**त्रिफला वारिणा घृष्टा मार्जारास्थिविलेपतः ।**
**जलौकापहृते रक्ते याति भिन्नो भगन्दरः ।।३५।।**
**पृष्टयानाङ्गनायुद्धं व्यायामो गुरुसेवनम् ।**
**रूढे व्रणे प्रयत्नेन त्यजेत्संवत्सरं नरः ।।३६।।**

૧. માલતીનાં પાંદડાં, વડનાં પાંદડાં, ગળો, શુંઠ, સિંધવ એ સર્વને છાશમાં વાટીને લેપ કરવાથી ભગંદર મટે છે.

૨. હાથીદાંતનો ભૂકો, ચિત્રો અને હળદર એ ઔષધોનો લેપ ભગંદરનો નાશ કરે છે.

૩. અથવા ત્રિફળા અને ગુગળ સારી રીતે પાણીમાં વાટીને તેનો લેપ કરવાથી ભગંદર મટે છે.

૪. કૂતરાનું હાડકું, ભૂલતા (ભોંયવેલ ?)નું ચૂર્ણ, છાશ, ગધેડાનું લોહી, એ ઔષધોના લેપથી વકરેલું ભગંદર પણ મટી જાય છે.

૫. ભગંદર ઉપર જળો મૂકાવીને લોહી ખેંચાવી કાઢવું અને તેમ કરતાં ભગંદર ફાટે તો તે ઉપર ત્રિફળા અને બિલાડાનું હાડકું પાણીમાં ઘશીને તેનો લેપ કરવો, એટલે ભગંદર મટી જાય છે.

૬. જે માણસે ભગંદર થઇને રૂઝાઇ ગયો હોય તેણે એક વરસ લગી ઘોડા વગેરે વાહનની પીઠ પર બેસીને સ્વારી કરવી નહિ, મૈથુન કરવું નહિ, કસરત કરવી નહિ, અને ભારે પદાર્થો ખાવા-પીવા નહી. એ પથ્ય પ્રયત્નથી પાળવું.

## જ્વાલાગર્દભ રોગ

**गौरपिङ्गलकृष्णास्य सौम्यदृक् कलहप्रियः ।**
**पृष्टे शीर्षे हृदि घ्राणे जङ्घायां च स्थिताः क्रमात् ।।३७।।**
**विजयः कुम्भकर्णश्च कपिलः प्रियदर्शनः ।**
**हस्तायोरासने कुक्षौ पार्श्वयोर्गर्दभाः श्रिताः ।।३८।।**
**ज्वालागर्दभरोगस्य सर्वसामान्यलक्षणम् ।**
**सुपीतं मंडलं दाघस्तत्र तत्रार्दिते भवेत् ।।३९।।**

જ્વાલાગર્દભ રોગમાં સર્વ સામાન્ય લક્ષણ એવું છે કે તે રોગની જ્યાં જ્યાં પીડા થઇ આવે ત્યાં ત્યાં ઘણા પીળા રંગનાં મંડળ થઇ આવે છે તથા તેમાં દાહ થાય છે, એ મંડળને ગર્દભ કહે છે, જે ગર્દભ પીઠ પર થાય છે તેને ગૌર કહે છે, માથામાં થાય છે તેને પિંગલ, છાતીમાં થાય છે તેને કૃષ્ણાસ્ય, નાકમાં થાય છે તેને સૌમ્યદક્, અને જંઘામાં થાય છે તેને કલહપ્રિય કહે છે. વળી બન્ને હાથમાં વિજય, ગુદામાં કુંભકર્ણ, કૂખમાં કપિલ અને બન્ને પાસાંમાં પ્રિયદર્શન નામે ગર્દભ અનુક્રમે રહેલા છે.

## ઉપાય

**गर्दभाण्डो वचाकुष्टं गर्दभस्य च शोणितम् ।**
**एषां लेपः प्रयोक्तव्यो देशे तद्विषशान्तये ।।४०।।**
**नीली पटोलमूलानि जलपिष्टानि लेपतः ।**
**हरन्ति घृतयुक्तानि ज्वालागर्दभवेदनाम् ।।४१।।**

૧. જે જગોએ ગર્દભનું મંડળ થયું હોય તે જગોએ વિષની શાંતિ થવાને માટે પારસ પીપળાની છાલ, વજ, ઉપલેટ અને ગધેડાનું લોહી, એ ઔષધોનો લેપ કરવો.

૨. ગળીનાં મૂળ અને પટોલનાં મૂળને પાણીમાં વાટીને તેમાં ઘી મેળવીને તેનો લેપ કરવાથી જ્વાલાગર્દભની વેદના મટી જાય છે.

## (ફોલ્લા) વિસ્ફોટકના ઉપાય

**रक्तचन्दनकर्पासमूलिका त्रिफलामृता ।**
**खदिरो वारिपिष्टानि विस्फोटान् हन्ति लेपतः ।।४२।।**

मूलबीजान्विता पिष्टा काञ्जिकेन प्रलेपतः ।

हलिनी देवदाली च दुग्धिका स्फोटनाशिनी ॥४३॥

૧. રતાંજળી, કપાસનાં મૂળ, ત્રિફળા, ગળો, કાથો–એ સર્વેને પાણીમાં વાટીને લેપ કરવાથી વિસ્ફોટક મટી જાય છે.

૨. મૂળાનાં બીજ, વઢવાડિયાનાં મૂળ, કૂકડવેલો, નાગલાદૂધેલી-એ સર્વને કાંજીમાં વાટીને તેનો લેપ કરવાથી વિસ્ફોટક મટી જાય છે.

करञ्जतरुबीजानि यवानी तिलसर्पिषा ।

एरण्डफलयुक्तानि दन्तिनी स्फोटनाशिनी ॥४४॥

कटुतैलान्वितैर्लेपात् सर्पकञ्चुकभस्मना ।

रयः शाम्यति गण्डस्य प्रकोपात् स्फुटति ध्रुवम् ॥४५॥

કરંજવૃક્ષનાં બીજ, જવાન, તલ, ઘી, એરંડાનાં બીજ, લઘુદંતી (નેપાળો), એ સર્વને બારીક વાટી મલમ કરી ચોપડવાથી ફોલ્લા નાશ પામે છે.

સાપની કાંચળીની ભસ્મ કરીને તેને સરસિયા તેલમાં મેળવીને લેપ કરવાથી ગૂમડું આગળ વધતું અટકીને વેરાઇ જાય છે. અથવા તે પાકવા પર આવ્યું હોય તો જરૂર ફાટે છે.

## ઓરી અછબડાનો ઉપાય

कुष्टोशीरसमं वारिपिष्टं तेनाङ्गलेपतः ।

निपीते खदिरक्वाथे सदाघो याति गोबरः ॥४६॥

ઉપલેટ અને વીરણવાળો સમાન ભાગે લેઇને પાણીમાં વાટીને શરીર ઉપર લેપ કરવો, તથા ખેરનો ક્વાથ કરીને પીવો, તેથી દાહ સહિત ઓરી અછબડા મટી જાય છે.

## શીતળા (બળિયા)નો ઉપાય

उपसर्गे प्रवृत्ते वा निशा बिम्बीफलान्विता ।

निराकरोति संयुक्ता पिष्ट्वा पीता च वारिणा ॥४७॥

शीतलीदोषसन्तापे जाते मधुविमिश्रितम् ।

निवृत्तिं कुरुते क्षिप्तं पीतं पर्युषितं जलम् ॥४८॥

आदाय सेलुपत्राणि शीतली सङ्ख्ययान्वितैः ।

छिन्नैरातुरनाम्ना च यान्ति शीतलिका शमम् ॥४९॥

૧. જ્યારે શીતળાનો વ્યાધિ ચાલતો હોય ત્યારે હળદર અને ગિલોડાં એકઠા કરીને વાટીને પાણી સાથે પીવાથી તે રોગ દૂર થાય છે.

૨. શીતળાના વ્યાધિમાં જ્યારે રોગીને શરીરે બળતરા બળતી હોય ત્યારે મધ સાથે ઠંડું કરી રાખેલું પાણી ગાળીને પીવાથી તરતજ શાન્તિ થાય છે.

સેલવટનાં પાંદડાં શીતળાના જેટલી સંખ્યામાં લેઇને તેને રોગીના નામથી કાપ્યા હોય તો શીતળા શમી જાય છે.

## સોજાનું નિદાન

**ससङ्कोचं सरोमाञ्चं कृष्णं खरमथारुणम् ।**
**शरीरं वातशोफस्य लक्षणं परिकीर्तितम् ।।५०।।**
**दाघस्तृष्णा ज्वरो मन्दो भ्रमः स्वेदश्च ताम्रता ।**
**रोमाञ्चो वपुषि ज्ञेयं पित्तशोफस्य लक्षणम् ।।५१।।**
**काठिन्यं पाण्डुता कण्डु रोमाञ्चो वह्निमन्दता ।**
**निद्रा छर्दिर्गुरुत्वं च श्लेष्मशोफस्य लक्षणम् ।।५२।।**
**त्रिदोषे तानि सर्वाणि शोफः सर्वाङ्गिको भवेत् ।**
**एको द्विदोषजः साध्यो न साध्यः सन्निपातजः ।।५३।।**
**मुखतो जायते शोफः स्त्रीणां पुंसां च पादतः ।**
**असाध्यौ द्वाविमौ ज्ञेयौ तयोः पुण्यं निवर्तकम् ।।५४।।**

વાયુના સોજાવાળાનું લક્ષણ એવું કહેલું છે કે તે સોજામાં શરીર સંકુચિત હોય છે, રૂવાં ઉભા થાય છે, સોજાનો રંગ કાળો કે રાતો હોય છે અને સ્પર્શ કરતાં તે ભાગ કરકરો લાગે છે.

જે સોજાના રોગમાં-અંગમાં દાહ થાય, તરસ લાગે, ઝીણો તાવ આવે, ફેર આવે, પરસેવો થાય, સોજાનો રંગ રાતો દેખાય, શરીર પર રૂવાં ઉભા થાય, ત્યારે તે પિત્તના સોજાનાં લક્ષણ છે એમ જાણવું.

જે સોજો કઠણ અને ધોળો હોય, તેમાં ચેળ આવતી હોય, રૂવાં ઉભા થતા હોય, અગ્નિ મંદ રહેતો હોય, રોગીને ઉંઘ આવતી હોય અને ઉલટી થતી હોય, અને સોજો ભારે લાગતો હોય ત્યારે તે લક્ષણ કફના સોજાનાં જાણવાં.

ત્રિદોષના સોજામાં ઉપર કહેલાં ત્રણે દોષનાં લક્ષણો જણાય છે અને સોજો આખે શરીરે થાય છે. એક દોષવાળો કે બે દોષવાળો સોજો સાધ્ય છે,

પણ ત્રણે દોષથી ઉપજેલો સોજો અસાધ્ય છે. જ્યારે પુરૂષને મુખથી સોજો થઇને પગ તરફ ઉતરવા લાગે અને સ્ત્રીઓને પગથી શરૂ થઇને મુખ તરફ જવા માંડે, ત્યારે તે બન્નેના સોજા અસાધ્ય સમજવા, તેઓ તો તેમનું પુણ્ય હોય તોજ બચે.

## સોજાના ઉપાય

त्रिफलापटुकृष्णानां त्रिपश्चैकांशिकल्किता ।
गुटिकाशोफगुल्मार्शे भगन्दरवधे मता ॥५५॥
त्रिफलाक्वाथपानं तु महिषीसर्पिषा सह ।
हन्ति शोफं प्रमेहं च नाडीव्रणभगन्दरान् ॥५६॥
शुण्ठीहरीतकीदेवदारुचूर्णं समांशतः ।
पीतमुष्णाम्भसा शोफं निवर्त्तयति वेगतः ॥५७॥
विडङ्गातिविषा विश्वा कणेन्द्रयवदारु च ।
एतच्चूर्णं समं तप्ततोयं पीतं च शोफहृत् ॥५८॥
त्रिकटुर्लोहचूर्णं च द्वयमेतत्समांशकम् ।
पीतमुष्णाम्भसा हन्ति शोफरोगमसंवरम् ॥५९॥
न्यग्रोधोदुम्बराश्वत्थप्लक्षवेतसवल्कलैः ।
सर्पिः पक्वं प्रलेपः स्याच्छोफनिर्वापणः परः ॥६०॥
एरण्डोतिविषादार्वी मरिचेन्द्रयवाः समम् ।
सदारुचूर्णमुष्णाम्भो निपीतं शोफहृन्मतम् ॥६१॥
गुडविश्वाबलाव्याघ्रीश्वदंष्ट्राभिः सृतं पयः ।
श्वयथुज्वरविण्मूत्रविबन्धादीन् शमं नयेत् ॥६२॥
यवस्वर्जिकयोः क्षारो विश्वा च मरिचं कणा ।
त्रिफलाक्वाथसंपीतमेतच्चूर्णं हि शोफहृत् ॥६३॥
दारुमङ्कु पुरं विश्वा वृषा कृष्णा कुरण्टकः ।
रिङ्गणी चूर्णमेतेषां दुग्धं पीतं च शोफहृत् ॥६४॥
गडूचीन्द्रयवाः सर्पिः पटोली च वचा समम् ।
क्वाथः सर्वाङ्गजं शोफं पाण्डुरोगं निहन्ति वै ॥६५॥
कुटजार्ककरञ्जानां चन्द्रलैरण्डनिम्बजैः ।
पत्रैर्युक्तं जलं तप्तं तत्स्वेदोऽनेकशोफहृत् ॥६६॥

क्षीरं शोफहरं दारुवर्षाभूनागरैः सृतम् ।
पयो वा चित्रकव्योषवृषादारुप्रसाधितम् ॥६७॥
अजमोदा कणा विश्वा मरिचं दारुचित्रकम् ।
विडङ्गं पिप्पलीमूलं सितपुष्पी च सैन्धवम् ॥६८॥
एकैकांशमितं सर्वं पञ्चभागा हरीतकी ।
वृद्धिर्दशांशका जीर्णो गुडः स्याज्जिनभागतः ॥६९॥
मोदकः क्रियतेऽमीभिर्भुक्त्वाऽन्ते यो जलं पिबेत् ।
उष्णं तस्य विनश्यन्ति सशोफा भ्रममारुताः ॥७०॥

૧. ત્રિફળા, સિંધવ, પીપર–એ ઔષધો અનુક્રમે ત્રણ, પાંચ અને એક ભાગ પ્રમાણે લેઇને તેને વાટીને તેની ગોળી કરવી. આ ગોળી સોજાને, ગુલ્મને, અર્શને અને ભગંદરને નાશ કરવામાં ઉત્તમ માનેલી છે.

૨. ભેંસના ઘી સાથે ત્રિફળાનો ક્વાથ કરીને પીવાથી સોજો, પ્રમેહ, નાડીવ્રણ અને ભગંદર નાશ પામે છે.

૩. શુંઠ, હરડે અને દેવદાર સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને ગરમ પાણી સાથે પીવાથી સોજાને જલદીથી મટાડે છે.

૪. વાવડીંગ, અતિવિખ, શુંઠ, પીપર, ઇંદ્રજવ, દેવદાર–એ ઔષધો સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને ગરમ પાણી સાથે પીવાથી સોજો મટે છે.

૫. શુંઠ, પીપર, મરી–એ ત્રણ મળીને એક ભાગ, તથા લોહચૂર્ણ એક ભાગ, એ બન્ને ભાગનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીવાથી ન મટે એવો સોજાનો રોગ પણ મટે છે.

૬. વડ, ગુલ્લર (ઉમૈડો), પીપળો, પીપર, નેતર–એ વૃક્ષોની છાલનું કલ્ક કરીને તેમાં ઘી પકવીને તેનો લેપ કરવો. એ ઔષધ સોજો મટાડવામાં ઉત્તમ છે.

૭. એરંડાનું મૂળ, અતિવિખ, દારૂહળદર, મરી, ઇંદ્રજવ, દેવદાર–એ ઔષધો સમાન લેઇ તેનું ચૂર્ણ ગરમ પાણી સાથે પીવાથી સોજો મટે છે.

૮. ગોળ, શુંઠ, બલબીજ, રીંગણી, ગોખરૂ–એ ઔષધોથી ઉકાળેલું પાણી (ક્વાથ) સોજાને, તાવને, ઝાડા તથા પિશાબના રોકાણ વગેરેને શમાવી દે છે.

૯. જવખાર, સાજીખાર, શુંઠ, મરી, પીપર–એ ઔષધોનું ચૂર્ણ ત્રિફળાના ક્વાથ સાથે પીવાથી સોજો મટે છે.

૧૦. દેવદાર, મંકુ (?), ગુગળ, શુંઠ, અરડૂસી, પીપર, કાંટાસળિયો, રીંગણી–એ ઔષધોનું ચૂર્ણ કરી તેને દૂધ સાથે પીવાથી સોજાને મટાડે છે.

૧૧. ગળો, ઇંદ્રજવ, ઘી, પટોળ, વજ–એ સર્વે સમાન લેઇ તેનો ક્વાથ પીવાથી સઘળે અંગે થયેલો સોજો તથા પાંડુરોગ મટે છે.

૧૨. ઇંદ્રજવ, આકડો, કરંજ, ચાંદવેલ (?), એરંડો, અને લીમડો એ સર્વનાં પાંદડાં પાણીમાં બાફીને તેનો સ્વેદ આપવાથી અનેક પ્રકારના સોજા મટી જાય છે.

૧૩. દેવદાર, સાટોડી અને શુંઠથી સિદ્ધ કરેલું દૂધ, અથવા ચિત્રો, શુંઠ, પીપર, મરી, અરડૂસી અને દેવદાર–એ ઔષધોથી સિદ્ધ કરેલું દૂધ સોજાને મટાડે છે.

૧૪. અજમોદ, પીપર, શુંઠ, મરી, દેવદાર, ચિત્રો, વાવડીંગ, પીપરીમૂળ, ધોળી ગરણી, સિંધવ–એ સર્વે એક એક ભાગ લેવાં, હરડે પાંચ ભાગ લેવી, વૃદ્ધિ નામની વનસ્પતિ દશ ભાગ લેવી, જૂનો ગોળ ચોવીશ ભાગ લેવો, એ સર્વેના મોદક (એક એક તોલાની ગોળી) બનાવી તે ખાઇને પછી છેવટે જે ગરમ પાણી પીએ તેનો સોજો, ભ્રમ અને વાયુ નાશ પામે છે.

## ભિલામાના સોજાના ઉપાય

**शिरीषोमेघनादश्च नवनीतसमन्वितः ।**
**भिल्लातसम्भवं शोफं हन्ति लेपेन देहिनाम् ।।७१।।**
**माहिषं मृक्षणं दुग्धं सुपिष्टं तिलसंयुतम् ।**
**शोफं हन्ति प्रलेपेन भिल्लातकभवं क्षणात् ।।७२।।**

૧. સરસ વૃક્ષનાં પાંદડાં અને તાંદળજો, એ બેને માખણમાં વાટીને તેનો લેપ કરવાથી ભિલામાં ઉડવાથી થયેલો મનુષ્યનો સોજો મટી જાય છે.

૨. ભેંસનું માખણ, દૂધ અને તલ, એ સર્વેને સારી રીતે વાટીને લેપ કરવાથી ભિલામાનો સોજો તરત ઉતરી જાય છે.

**।। इति परमजैनाचार्य श्रीकंठविरचिते वैद्यकसारसंग्रहे हितोपदेशनाम्नि लूताभगंदरज्वालागर्दभस्फोटगोर्वरशीतलीशोफरोगप्रतीकारनामा अष्टमः समुद्देशः ।।८।।**

# कुष्टरोग

**एनांसि रोगा वपुषस्तमांसि यद्दर्शनाद्दूरत एव यान्ति ।**
**वन्दे तमेकं जगतामधीशं तेजोमयं सूरमदूरविश्वम् ॥१॥**

જેના દર્શનવડે શરીરના રોગ, પાપ અને અંધકાર આઘેથી જ ભાગી જાય છે તથા વિશ્વમાં જેનાથી કાંઇ દૂર રહી શકતું નથી, એવા જગતના એકજ અધીશ્વર તેજોમય સૂર્યનારાયણને પ્રણામ કરૂં છું. (કુષ્ટરોગના આરંભમાં આ મંગળાચરણ કરીને ગ્રંથકાર એમ સૂચવે છે કે કુષ્ટરોગીઓએ સૂર્યની ઉપાસના કરવી, એ કુષ્ટરોગ મટવાનો મુખ્ય ઉપાય છે.)

### ૭ પ્રકારના મુખ્ય કોઢનાં નામ તથા લક્ષણ

**उदुम्बरं तथा श्वित्रं विपादी गजचर्म च ।**
**मण्डलं चेति कुष्टानि षष्टं चर्मदलं भवेत् ॥२॥**
**सकुष्टं कर्कशं कुष्टं गजचर्मेति कीर्तितम् ।**
**वसारक्तं स्त्रवत्यङ्गादन्यथा वदनं भवेत् ॥३॥**
**उदुम्बरफलाकारा ग्रन्थयः स्युरुदुम्बरे ।**
**पाण्डुरं श्वित्रमित्युक्तं विपादी शीर्णपादतः ॥४॥**
**ईषद्रक्तैः स्थिरैः स्निग्धैस्तिलकैर्मण्डलं मतम् ।**
**कर्णयोः करयोः सादाद्भवेच्चर्मदलाभिधम् ॥५॥**

ઉદુંબર, શ્વિત્ર, વિપાદી, ગજચર્મ, મંડળ અને છઠ્ઠો ચર્મદલ, એ પ્રકારના છ કોઢ બધા કોઢમાં મુખ્ય છે.

જે માણસને શરીરે થયેલા કોઢનો સ્પર્શ કરતા તે ખરબચડા લાગે તે કોઢને **ગજચર્મ** કહે છે. **ઉદુંબર** નામના કોઢમાં રોગીના શરીરમાંથી ઉમૈડાના ફળના જેવી ગાંઠો ઉત્પન્ન થાય છે તથા તેમાંથી વસા અને લોહી વહે છે. વળી રોગીના મુખનો વર્ણ પણ બદલાઇ જાય છે. ધોળા કોઢને **શ્વિત્ર** કોઢ કહે છે. જે કોઢમાં પગ ખવાઇ જાય છે–ગળી પડે છે, તેને **વિપાદી** કહે છે. જે કોઢમાં કાળા તલ જેવાં ચીકણાં, સ્થિર અને લગાર લોહી ઝરતાં ચકામાં થાય છે તેને **મંડળ** કહે છે. બન્ને કાન અને બન્ને હાથ જેમાં ક્ષીણ થઇ જાય તેને **ચર્મદલ** નામે કોઢ કહે છે.

## કુષ્ટની ઉત્પત્તિના હેતુ તથા તેના નામ

वातपित्तादिदोषेण तथा पापवशेन च ।
भवन्ति तान्यनेकानि दुःखभोगाय देहिनाम् ॥६॥
कपालं काकणं श्वित्रं मंडलं किटिभालसम् ।
दद्रू चर्मदलं पामा पुण्डरीकं शतव्रणम् ॥७॥
विस्फोटोदुम्बरं सिध्मा चर्मकुष्टं विपादिका ।
ऋष्यजिह्वो विचर्चिश्च कुष्टान्यष्टादशाङ्गिनाम् ॥८॥

વાયુ, પિત્ત વગેરે દોષથી તથા પાપથી મનુષ્યને દુઃખરૂપી ફળનો ભોગ આપવાને ઉપર કહ્યા તેવા અનેક પ્રકારના કોઢ થાય છે.

તે કોઢ મનુષ્યોને અઢાર પ્રકારના થાય છે. તેનાં નામ (૧) કપાળ, (૨) કાકણ, (૩) શ્વિત્ર, (૪) મંડળ, (૫) કિટિભ, (૬) અલસ, (૭) દદ્રૂ, (૮) ચર્મદલ, (૯) પામા, (૧૦) પુંડરીક, (૧૧) શતવ્રણ, (૧૨) વિસ્ફોટ, (૧૩) ઉદુંબર, (૧૪) સિધ્મ, (૧૫) ચર્મકુષ્ટ, (૧૬) વિપાદિકા, (૧૭) ઋષ્યજિહ્વા અને (૧૮) વિચર્ચિ.

## કુષ્ટના ઉપાય

कुष्टेऽल्पे प्रस्रुतं कुर्याच्छृङ्गादस्त्रं जलौकया ।
वमनं च बलं ज्ञात्वा विधेयं सुविरेचनम् ॥९॥
नृपाढ्यबालवृद्धानां भीरूणामपि योषिताम् ।
सुखाय स्यादुपायोऽयं रक्ताकृष्टिर्जलौकया ॥१०॥
पथ्या करञ्जबीजानां निशासैन्धवकल्कितैः ।
विडङ्गसहितैः पिष्टैर्लेपो मूत्रेण कुष्टहृत् ॥११॥
कुष्ट सैन्धवसिद्धार्थकृमिघ्नैर्गुण्डकैः समैः ।
दद्रुमण्डलकुष्टघ्नं लेपनं काञ्जिकान्वितम् ॥१२॥
स्नुह्यमारार्कत्वग्भिर्लवणोशीरवह्निभिः ।
समूत्रं तैलमभ्यङ्गात्पक्वं कुष्टविनाशनम् ॥१३॥
विडङ्गानि सिता तैलं पथ्यायोगजपिप्पली ।
प्रलिह्य सर्वकुष्टानि जयन्त्यतिगुरूण्यपि ॥१४॥

विडङ्गत्रिफलाकृष्णाचूर्णं लीढं समांशकम् ।
हन्ति कुष्टं कृमीन् मेहान् नाडीव्रणभगन्दरान् ॥१५॥

૧. કોઢની જો શરૂઆત જ હોય તો શીંગડા વડે કે જળો વડે બગડેલું લોહી વહેવરાવી મૂકવું, અને રોગીના બળ ઉપર વિચાર કરીને તેને વમન તથા વિરેચન આપવું. રાજા, શ્રીમંત, બાળક, વૃદ્ધ, બીકણ, સ્ત્રી–એવાં માણસોને જળો મૂકીને લોહી ખેંચાવવાનો ઉપાય સુખકારક છે.

૨. હરડે, કરંજનાં બીજ, હળદર, સિંધવ, વાવડીંગ–એ સર્વને ગાયના મૂત્રમાં એકઠાં વાટીને લેપ કરવાથી કોઢ મટે છે.

૩. ઉપલેટ, સિંધવ, સરસવ, વાવડીંગ–એ સર્વે સમાન લેઇને તેનું ચૂર્ણ કરીને કાંજીમાં વાટીને તેનો લેપ કરવાથી દાદર (દરાઝ) અને મંડલ કુષ્ટ (જેમાં ચકામા પડે છે તે કોઢ) મટે છે.

૪. થોર, કરેણ અને આકડો–એ ઔષધોની છાલમાં સિંધવ તથા ચિત્રો મેળવીને તેનું કલ્ક ગાયના મૂત્રમાં કરી તે કલ્ક ગાયના મૂત્રમાં તેલ નાખીને પક્વ કરવું. એ તેલ શરીરે ચોળવાથી કોઢ મટે છે.

૫. વાવડીંગ, સાકર, તેલ, હરડે, લોહચૂર્ણ, ગજપીપર–એ સર્વનું ચાટણ કરવાથી ઘણા ભારે કોઢ હોય તો પણ તે સઘળા મટે છે.

૬. વાવડીંગ, ત્રિફળા, પીપર–એ સર્વે સમાન લેઇ તેનું ચૂર્ણ કરીને તેનું ચાટણ કરવાથી કોઢ, પ્રમેહ, નાડીવ્રણ અને ભગંદર નાશ પામે છે.

## કુષ્ટવાળાનું પથ્ય.

शालिकोद्रवगोधूमयवमुद्गादयो हिताः ।
पुराणाः कुष्टिनामुक्ताः शाकजाङ्गलवर्जिताः ॥१६॥

૭. ડાંગર, કોદરા, ગહું, જવ, મગ વગેરે અનાજ જૂનાં હોય તે કુષ્ટવાળાને હિતકારક કહેલાં છે. માત્ર શાક અને જંગલી પશુઓનાં માંસ વગેરે અહિતકારક છે.

## વાતાદિ દોષથી થયેલા કોઢના લક્ષણ

सकण्डू वेदनं श्यामं कुष्टं स्याद्वातदोषतः ।
सदाघं लोहितं कुष्टं पित्तदोषसमुद्भवम् ॥१७॥

गौरं सुशीतलं स्निग्धं नीलं वा श्लेष्मसम्भवम् ।
त्रिदोषजं त्रिभिर्दोषैरसाध्यं तत्प्रकीर्तितम् ॥१८॥

વાયુના કોપથી જે કોઢ થાય છે તેમાં ચેળ આવે છે, વેદના થાય છે અને કાળા હોય છે. પિત્તના બિગાડથી જે કોઢ થાય છે તે રાતા હોય છે તથા તેમાં દાહ બળે છે. કફથી ઉત્પન્ન થયેલા કોઢ ધોળા, ઠંડા, ચીકણા અને નીલા રંગના હોય છે. ત્રણે દોષથી ઉત્પન્ન થયેલા કોઢમાં ત્રણે દોષનાં લક્ષણો હોય છે, અને તે અસાધ્ય છે.

## કુષ્ટ ઉપર ચિંતામણિ યોગ

शिवापथ्यावृषानिम्बवल्कलव्याधिघातका: ।
पटोलापाटलाराजी शाल्मली चित्रकामृता ॥१९॥
तुम्बर: कटुकी दन्ती करञ्जोऽथ बिभीतक: ।
भार्गी वरुण इत्येषां क्वाथ: पेयस्त्रिसप्तकम् ॥२०॥
प्रथमं प्रथमे यामे घर्म: सेव्योऽथ भोजनम् ।
शालितक्रेण कर्त्तव्यं नाह्नि निद्रा विधीयते ॥२१॥
एवंकृते विनश्यन्ति सर्वकुष्टानि देहिन: ।
चिन्तामणिरितिख्यातो योगोऽयं तत्ववेदिभि: ॥२२॥

આમળાં, હરડે, અરડૂસી, લીમડાની છાલ, ઉપલેટ, પટોલ, પાડળ, બાવચી, શીમળાની છાલ, ચિત્રો, ગળો, તુંબરૂ, કુટકી, દંતીમૂળ, કરંજ, બેહેડાં, ભારંગ, વરણાની છાલ–એ ઔષધોનો ક્વાથ એકવીશ દિવસ પીવો. દરરોજ સવારમાં પ્રથમ પરસેવો કાઢવો. પછી છાશ અને ભાત ખાવો. દિવસે ઊંઘવું નહિ. એ પ્રમાણે કરવાથી મનુષ્યોના સઘળા કોઢ નાશ પામે છે. વૈદ્યકશાસ્ત્રના તત્વને જાણનાર પુરૂષોએ આ યોગને ચિંતામણિ એવું નામ આપેલું છે.

## કુષ્ટના સામાન્ય ઉપચાર

बाकुची त्रिफला वह्निर्भिल्लातं च शतावरी ।
सिन्दुवारोऽश्वगन्धा च निम्ब: पञ्चाङ्गसम्भव: ॥२३॥
मासैकं भक्षितं हन्ति चूर्णमेषां समांशकम् ।
सर्वकुष्टानि वाताश्च रोगिणो नाऽत्र संशय: ॥२४॥

मुस्ताग्नित्रिकटूशीरं विऽङ्गं त्रिफला सह ।
त्रिसप्तमशितं चूर्णं मध्वाज्याभ्यां च कुष्टजित् ॥२५॥
विडङ्गं त्रिफला कृष्णा भिल्लातं शङ्खपुष्पिका ।
ब्राह्मी च बाकुची मङ्कुः चूर्णमेषां समांशकम् ॥२६॥
मध्वाज्यभक्षितं हन्ति सर्वकुष्टानि देहिनः ।
आयुर्वृद्धिं बलं पूजां विदधाति न संशयः ॥२७॥
चक्रमर्दस्य पत्राणि लाङ्गली चन्द्रराजिकाः ।
अर्काश्वमारमूलानि शिरीषस्तुलसीजटा ॥२८॥
मूलापानसयोर्बीजं मूलमङ्कोलसम्भवम् ।
मङ्कुस्तीक्ष्णः समं चूर्णं तक्रपीतं प्रलेपतः ॥२९॥
काञ्जिकेन द्रुतं हन्ति कुष्टं दद्रूं च सिध्मकम् ।
कुष्टहृच्चेङ्गुदीचूर्णं तैलगोमूत्रसंयुतम् ॥३०॥
चक्रमर्दो निशायुग्मं विडङ्गं दन्ति सैन्धवम् ।
तृवृता बालकं निम्बः पञ्चाङ्गो बृहतीशिफा ॥३१॥
त्रिफला कङ्गुणीमूलं करञ्जकुटजाविति ।
सर्वकुष्टहरं चूर्णं लेपादेषां गवाम्भसा ॥३२॥
राजीवनालबीजानि विडङ्गं दन्ति सैन्धवम् ।
शिरीषो बाकुची वह्निस्तुलसी च निशाद्वयम् ॥३३॥
गृहधूमो वृषामूलं त्रिफलाश्वारिमूलिका ।
सर्वकुष्टहरं लेपाच्चूर्णं पिष्टं तुषाम्भसा ॥३४॥
गुञ्जामूलं निशामङ्कुर्बाकुची चक्रमर्दकः ।
कुटजोश्वारि एतेषां समांशं सूक्ष्मचूर्णकं ॥३५॥
सप्ताहं तु स्थितं तच्च गोमूत्रे तस्य लेपतः ।
सिध्मानि सर्वकुष्टानि तिलकानि च यान्ति वै ॥३६॥
यवक्षारः शिलाशङ्खस्तालकासीसगन्धकम् ।
सिन्दूरं चूर्णमेतेषां समाशं तैलसंयुतम् ॥३७॥
तापितं सूर्यरोचिर्भिर्लेपादस्य विनश्यति ।
कण्डू विचर्चिका कुष्टं शिरः कुष्टं च दारुणम् ॥३८॥

तालकं लाङ्गली मङ्कुः क्षीरं स्नुह्यर्कसम्भवम् ।
कुष्टं हयारिमूलं च चूर्णमेषां समांशकम् ।।३९।।
पक्वं गोमूत्रतैलाभ्यामभ्यङ्गादस्य नश्यति ।
कण्डू विचर्चिका कुष्टं शिरः कुष्टं च दारुणम् ।।४०।।
त्रिकटुः सैन्धवं दूर्वा तालं गोमूत्रसंयुतम् ।
कुष्टं विचर्चिकां कण्डूं दद्रुं हन्ति प्रलेपतः ।।४१।।
चक्रमर्दं विडङ्गं च द्वयं गोमूत्रसंयुतम् ।
पिष्टं प्रलेपतो हन्ति कुष्टं स्वल्पदिनोद्भवम् ।।४२।।
लाङ्गली निम्बपत्राणि विडङ्गं व्याधिघातकः ।
दन्त्यग्निः काञ्जिकापिष्टं चूर्णकं श्वेतकुष्टहृत् ।।४३।।
श्वेताद्रिकर्णिकामूलं पिष्टं पर्युषिताम्भसा ।
प्रलेपान्नाशयत्येव श्वेतकुष्टं चिरोद्भवम् ।।४४।।
गुञ्जावह्निर्वचाकुष्टं निम्बपर्णं सकाञ्जिकम् ।
सम्पिष्टं चूर्णमेतेषां प्रलेपाच्छ्वेतकुष्टहृत् ।।४५।।
चारु बीजान्ययश्चूर्णं त्रिफला च कटुत्रयम् ।
तवराजोऽशितः सर्पिर्मधुना श्वेतकुष्टहृत् ।।४६।।
पञ्चाङ्गीकणवीरस्य सिद्धं तैलं च कुष्टहृत् ।
शीर्यन्ति हस्तपादाश्च कृमिदोषेण कुष्टिनः ।।४७।।
राजकोशातकीबीजं तिक्तनिम्बमहौषधम् ।
एभिस्तैलेन पक्वेनाभ्यञ्जयेत् कुष्टरोगिणः ।।४८।।

૧. બાવચી, ત્રિફળા, ચિત્રો, ભિલામાં, શતાવરી, નગોડ, આસંધ, મૂળ-પાંદડાં-ફૂલ-ફળ-છાલ એ પાંચે અંગ સહિત લીમડો, એ સર્વે સમાન ભાગે લેઇને એક મહિનો ખાવાથી રોગીના સઘળા પ્રકારના કોઢ તથા વાયુ મટે છે એમાં સંશય નથી.

૨. મોથ, ચિત્રો, શુંઠ, પીપર, મરી, વાળો, વાવડીંગ, ત્રિફળા–એ ઔષધોનું ચૂર્ણ એકવીશ દહાડા સુધી મધ અને ઘી સાથે ખાવાથી કોઢ મટે છે.

૩. વાવડીંગ, ત્રિફળા, પીપર, ભીલામાં, શંખાવળી, બ્રાહ્મી, બાવચી, મંકુ ( ?)–એ ઔષધોનું સમાન ભાગે ચૂર્ણ કરીને મધ તથા ઘી સાથે ખાવાથી

મનુષ્યના બધા પ્રકારના કોઢ મટે છે. વળી આ ઔષધ આયુષ્યની વૃદ્ધિ કરે છે, શરીરમાં બળ આપે છે તથા શરીરનો વર્ણ સન્માન લાયક બનાવી દે છે, એમાં કશો સંશય નથી.

૪. કુંવાડિયાનાં પાંદડાં, વઢવાડિયાનાં મૂળ, બાવચી, આકડાનાં મૂળ, કરેણનાં મૂળ, સરસ, તુલસીનાં મૂળ, મૂળાનાં બીજ, ફણસનાં બીજ, આકોલનું મૂળ, મંકુ (?), મરી–એ ઔષધોનું સમાન ભાગે ચૂર્ણ કરીને છાશમાં પીવું તથા તેજ ચૂર્ણને કાંજીમાં મેળવીને તેનો લેપ કરવો. એથી કરીને કોઢ, દરાઝ તથા સિધ્મ નામે કોઢ રોગ જલદીથી મટે છે.

૫. હીંગોરાંની મીજનું ચૂર્ણ કરીને તેને તેલ તથા ગાયના મૂત્રમાં મેળવી શરીરે ચોળવાથી કોઢ મટી જાય છે.

૬. કુંવાડિયો, હળદર, દારૂહળદર, વાવડિંગ, દંતી મૂળ, સિંધવ, નસોતર, વાળો, મૂળ-છાલ-પાંદડાં-ફૂલ-ફળ એ પાંચે અંગ સહિત લીમડો, રીંગણીનાં મૂળ, હરડે, બેઢાં, આમળાં, માલકાંકણીનું મૂળ, કરંજ, કડુ–એ સર્વે ઔષધો સમાન લેઇ તેનું ચૂર્ણ કરી ગાયના મૂત્ર સાથે તેનો લેપ કરવાથી બધા પ્રકારના કોઢ મટે છે.

૭. કમળબીજ, વાવડીંગ, દંતીમૂળ, સિંધવ, સરસવૃક્ષની છાલ, બાવચી, ચિત્રો, તુલસી, હળદર, દારૂહળદર, ઘરનો ધૂમાસ, અરડૂસીનું મૂળ, ત્રિફળા, કરેણનું મૂળ, એ સર્વનું ચૂર્ણ કરીને તેને તુષોદકમાં (આથેલા જવના પાણીમાં) વાટીને લેપ કરવાથી બધા પ્રકારના કોઢ મટે છે.

૮. ચણોઠીનું મૂળ, હળદર, મંકુ, બાવચી, કુંવાડિયો, કડુ, કરેણનું મૂળ, એ ઔષધો સમાન લેઇને તેનું બારીક ચૂર્ણ કરીને સાત દહાડા ગાયના મૂત્રમાં રાખી મૂકવું. પછી તેનો લેપ કરવાથી સર્વ પ્રકારના કોઢ, સિધ્મ, તલના જેવાં ચાઠાં–એ સર્વે મટી જાય છે.

૯. જવખાર, મનશિલ, શંખ, હરતાળ, હીરાકસી, ગંધક, સિંદૂર–એ ઔષધો સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરી તેમાં તેલ મેળવવું. પછી સૂર્યના તડકામાં તેને તપાવવું, એનો લેપ કરવાથી ખસ, વિચર્ચિકા, કોઢ અને દારૂણ એવા માથાના કોઢ નાશ પામે છે.

૧૦. હરતાળ, વઢવાડિયાનાં મૂળ, મંકુ, થોરનું દૂધ, આકડાનું દૂધ, ઉપલેટ, કરેણનું મૂળ–એ ઔષધો સમાન લેઇ તેનું ચૂર્ણ કરી તેલ તથા ગાયના મૂત્રમાં તેને પક્વ કરવું. તેલ માત્ર શેષ રહે ત્યારે તેને ગાળી લેઇ તે તેલ શરીરે ચોળવાથી લૂખસ, વિચર્ચિકા, કોઢ અને દારૂણ એવા માથાના કોઢ નાશ પામે છે.

૧૧. શુંઠ, પીપર, મરી, સિંધવ, દરો, હરતાળ–એ સર્વને ગાયના મૂત્રમાં યુક્ત કરીને લેપ કરવાથી કોઢ, વિચર્ચિકા, ખસ અને દરાઝ મટે છે.

૧૨. કુંવાડિયાનાં બીજ તથા વાવડીંગ, એ બેને ગાયના મૂત્રમાં વાટીને લેપ કરવાથી થોડા દહાડાથી થયેલો કોઢ મટી જાય છે.

૧૩. વઢવાડિયાનાં મૂળ, લીમડાનાં પાંદડાં, વાવડીંગ, ઉપલેટ, દંતીમૂળ, ચિત્રો–એ સર્વને કાંજીમાં વાટીને લેપ કરવાથી ધોળો કોઢ મટે છે.

૧૪. ધોળી ગરણીનાં મૂળ વાસી પાણીમાં વાટીને લેપ કરવાથી ઘણા કાળથી થયેલો ધોળો કોઢ જરૂર મટે છે.

૧૫. ચણોઠી, ચિત્રો, વજ, ઉપલેટ, લીમડાનાં પાંદડાં–એ સર્વનું ચૂર્ણ કરીને કાંજીમાં વાટી લેપ કરવાથી ધોળો કોઢ મટે છે.

૧૬. કમળબીજ, લોહચૂર્ણ, હરડે, બેઢાં, આમળાં, શુંઠ, પીપર, મરી, સાકર, એ સર્વનું ચૂર્ણ કરી મધ તથા ઘી સાથે ખાવાથી ધોળો કોઢ મટે છે.

૧૭. કરેણનાં મૂળ, છાલ, પાંદડાં, ફૂલ અને ફળ લેઇને તે વડે સિદ્ધ કરેલું તેલ ચોળવાથી કોઢ મટે છે.

૧૮. કોઢના રોગવાળાને જીવડા પડીને તેથી હાથ–પગ તૂટી પડે છે. એવા કોઢરોગવાળાએ દોડકીનાં બીજ, કડવા લીંબડાનાં પાંદડાં અને શુંઠ, એ ઔષધોથી પક્વ કરેલું તેલ ચોળવું.

## ખસના ઉપાય

**माहिषं नवनीतं च सिन्दूरं मरिचान्वितम् ।**
**पामां हन्ति प्रलेपेन पापं वीरो यथा स्मृतः ॥४९॥**
**शिलातालककुष्टानि निशालाङ्गलिकोद्भवम् ।**
**चूर्णं गोमूत्रसम्पिष्टं पामां हन्ति प्रलेपतः ॥५०॥**
**जयिनीमधुनिर्यासं हरीतकी मरिचगन्धसिन्दूरम् ।**
**वचया सह दधिसारं निहन्ति खर्जूं च पामां च ॥५१॥**

**कनकभुजगवल्ली मालतीपत्रदूर्वा,**
**रसगदकुनटीभिर्मर्दितस्तैलयुक्तः ।**
**अपहरति रसेन्द्रो कुष्टकण्डूं विचर्चिं,**
**स्फुटितचरणरन्ध्रं श्यामलत्वं त्वचायाः ॥५२॥**

૧. જેમ મહાવીરસ્વામીનું સ્મરણ કરવાથી પાપ નાશ પામે છે તેમ, ભેંશનું માખણ, સિંદૂર અને મરીનો લેપ કરવાથી ખસ મટે છે.

૨. મનશિલ, હરતાળ, ઉપલેટ, હળદર, વઢવાડિયાનું મૂળ–એ ઔષધોનું ચૂર્ણ ગાયના મૂત્રમાં વાટીને ચોપડવાથી ખસ મટે છે.

૩. જયિની (લાજાલુ કે કુંવાડીયાનાં બીજ ?), મહુડાનો રસ, હરડે, મરી, ગંધક, સિંદૂર, વજ એ સૌનું ચૂર્ણ દહીંની તર અથવા માખણમાં મેળવીને લેપ કરવાથી લૂખસ તથા ખસ મટે છે.

૪. ધંતૂરનાં પાંદડાં, નાગરવેલનાં પાન, માલતીનાં પાંદડાં, દરો–એ સર્વને વાટીને તેનો રસ કાઢવો, તથા તેમાં ઉપલેટ, મનશીલ, પારો તથા તેલ નાખીને ઘુંટવું. એ ઔષધ ચોપડવાથી કોઢ, લૂખસ, વિચર્ચિકા અને ત્વચાનું કાળાપણું એ સઘળું મટી જાય છે. તેમજ પગ ફાટીને તેમાં છેદ પડ્યા હોય તે પણ મટી જાય છે.

## સિધ્મ કોઢના ઉપાય

**करञ्जककलिबीजे विडङ्गं हैवजस्तथा ।**
**शिरीषं काञ्जिकापिष्टं चूर्णं लेपेन सिध्महृत् ॥५३॥**
**कुष्टपत्रककासीसशिलामरिचचूर्णकं ।**
**शिरीषतैलमिश्रं वा ताम्रपात्रे धृतं त्र्यहम् ॥५४॥**
**लेपनं सिध्महृच्चैतत् किं वा शीतेन वारिणा ।**
**सगन्धकयवक्षारचूर्णं पिष्टं निहन्ति तत् ॥५५॥**
**रम्भाक्षीरं निशाचूर्णं द्वयमेतत्प्रलेपतः ।**
**सर्वाङ्गसम्भवं सिध्मं नाशयत्यतिवेगतः ॥५६॥**

૧. કરંજનાં બીજ, ધંતૂરાનાં બીજ, વાવડીંગ, હીમજ, સરસવૃક્ષનાં બીજ–એ સર્વનું ચૂર્ણ કાંજીમાં વાટીને તેનો લેપ કરવાથી સિધ્મ કોઢ મટે છે.

૨. ઉપલેટ, ખાખરનાં બીજ, હીરાકશી, મનશીલ, મરી–એ સૌનું

ચૂર્ણ કરી સરસિયા તેલમાં નાખીને તે સઘળું ત્રણ દિવસ સુધી ત્રાંબાના વાસણમાં રહેવા દેવું. પછી તેનો લેપ કરવાથી સિધ્મ કોઢ મટે છે.

૩. અથવા ઠંડા પાણી સાથે ગંધક અને જવખારનું ચૂર્ણ વાટીને ચોપડવાથી તે પણ સિધ્મને મટાડે છે.

૪. કેળનો રસ અને હળદરનું ચૂર્ણ એ બે વાનાંનો લેપ કરવાથી આખે શરીરે થયેલા સિધ્મ કોઢ થોડા જ વખતમાં મટાડી દે છે.

# वातरोग

## દશ વાયુનાં લક્ષણ

चूर्णीकरोति यः क्रुद्धो ब्रह्माण्डमतिमारुतः ।
प्राण्यङ्गं भञ्जयंश्चित्रमौषधैः स निवार्यते ॥५७॥
एकोऽपि स क्रियाभेदाद्दशधा भिद्यते तनौ ।
प्राणोऽपानः समानश्चोदानव्यानौ धनञ्जयः ॥५८॥
कृकरो देवदत्तश्च नागः कूर्मो दशाऽनिलाः ।
निःश्वासोच्छ्वासकासैश्च प्राणो देहं समाश्रितः ॥५९॥
मलमूत्राद्यधो यस्मादपानयति देहिनः ।
अपानस्तेन कथितः कारणेन समीरणः ॥६०॥
रसरक्तादि गात्रेषु समुन्नयति देहिनाम् ।
स समानः स्मृतो वायुरूर्ध्वमार्गप्रवर्त्तकः ॥६१॥
वदनं नयनं गात्रं यः स्पन्दयति देहिनाम् ।
स उदानः स्मृतो वायुरूर्ध्वमार्गे प्रवर्त्तते ॥६२॥
विकृतं विदधात्यङ्गं विद्वेषं विषयेषु च ।
व्याधिप्रकोपनश्चायं वार्धिको व्यानमारुतः ॥६३॥
प्राणो हृदि गुदेऽपानः समानो नाभिमण्डले ।
उदानः कण्ठदेशस्थो व्यानः सकलसन्धिषु ॥६४॥

**घोषे घनञ्जयो ज्ञेयः क्रन्दने कृकरस्तथा ।**
**जृम्भायां देवदत्तश्च उग्दारे नागनामकः ॥६५॥**
**उन्मीलने भवेत्कूर्मो दशैवं मारुतः स्थिताः ।**

જે મહાન્ વાયુ કોપ પામ્યો હોય તો તે પ્રાણીઓનાં અંગને જ ભાંગી નાખે છે, એટલું જ નહિ, પણ આખા બ્રહ્માંડનો પણ તે ચૂરેચૂરો કરી નાખે છે, એ વાયુને ઔષધો વડે અટકાવી શકાય છે એ આશ્ચર્યકારક છે.

એ વાયુ એક છતાં પણ તેની જુદી જુદી ક્રિયાઓ ઉપરથી શરીરમાં તેના દશ ભેદ માનેલા છે, અને તેને પ્રાણ, અપાન, સમાન, ઉદાન, વ્યાન, ધનંજય, કૃકર, દેવદત્ત, નાગ અને કૂર્મ, એવા દશ વાયુ છે એમ કહે છે. શરીરને આશરે રહેલો **પ્રાણ**વાયુ નિઃશ્વાસ, ઉછ્વાસ અને ખાંસી ઉત્પન્ન કરે છે. મનુષ્યના શરીરમાં મળમૂત્ર વગેરેને નીચેના માર્ગથી બહાર કાઢી નાખે છે તે કારણથી તે વાયુને **અપાન** કહે છે. મનુષ્યોના શરીરમાં રસ, લોહી વગેરેને જે ઉંચે ચઢાવે છે તેને **સમાન**વાયુ કહે છે, એ વાયુ ઉપરના માર્ગમાં પ્રવૃત્તિ કરાવનારો છે. જે વાયુ મનુષ્યના મુખને, નેત્રને અને શરીરને ફરકાવે છે, તે વાયુને **ઉદાન** વાયુ કહે છે, એ વાયુ ઉપરના માર્ગમાં પ્રવૃત્તિ કરનારો છે. જે વાયુ અંગને વિરૂપ કરી નાખે છે, વિષયો ઉપર અપ્રીતિ ઉત્પન્ન કરે છે, તથા વ્યાધિઓને વધારી દે છે, તે વૃદ્ધાવસ્થામાં પ્રબળ થનારો વાયુ **વ્યાન** જાણવો. પ્રાણ વાયુ હૃદયમાં રહે છે, અપાન વાયુ ગુદામાં રહે છે, સમાન વાયુ નાભિમંડળમાં રહે છે, ઉદાન વાયુ કંઠદેશમાં રહે છે અને વ્યાન વાયુ શરીરના તમામ સાંધાઓમાં રહે છે. અવાજ કરવામાં **ધનંજય** વાયુ જાણવો, રડવામાં **કૃકર**, બગાસામાં **દેવદત્ત,** ઓડકારમાં **નાગ** અને આંખો ઉઘાડવામાં **કૂર્મ** વાયુ જાણવો. એ પ્રમાણે દશ વાયુ રહેલા છે.

## દશ નાડીનાં નામ

**ईडाऽथ पिङ्गलाख्या वा सुषुम्णा हस्तिजिह्विका ॥६६॥**
**अलंमुखा यशा मूषा कन्धारी शिखिनी कुहूः ।**
**देहमध्यगता एता मुख्याः स्युर्दशनामतः ॥६७॥**
**सर्वेपि मारुता आसु सञ्चरन्ति क्रियावशात् ।**
**तद्रोगशमनं वच्मि सङ्क्षेपाद्धेतुपूर्वकम् ॥६८॥**

ઇડા, પિંગળા, સુષુમ્ણા, હસ્તિજિહ્વિકા, અલંમુખા, યશા, મૂષા, કંધારી, શિખિની, કુહૂ–એવાં નામની દેહમાં રહેલી દશ નાડીઓ મુખ્ય છે. સઘળા પ્રકારના વાયુઓ પોતપોતાની ક્રિયા પ્રમાણે તે નાડીઓમાં ફરે છે. હવે એ વાયુના રોગના પ્રથમ સંક્ષેપમાં હેતુ કહીને તેના રોગને શમાવવાનો પ્રકાર કહું છું.

## વાયુનાં લક્ષણો

**आलस्यं भ्रममोहकम्पजडता सर्वाङ्गसन्धिव्यथा,**
**रोमाञ्चो वदनं विवर्णमरसं शोषस्तथा तालुनः ।**
**शैथिल्यं वपुषो त्वचः परुषता मन्दाग्निरुष्णव्यथा,**
**ऽनिद्रा स्वल्पमलो जडा च रसना वातप्रकोपेऽङ्गिनाम् ।।६९।।**

જ્યારે વાયુ કોપે છે ત્યારે મનુષ્યને આળસ, ભ્રમ, મોહ, કંપ, જડપણું, અને શરીરના સઘળા સાંધાઓમાં પીડા થાય છે, શરીરનાં રૂવાં ઉભાં થાય છે, મુખનો વર્ણ બદલાઇ જાય છે તથા તે કોરૂં પડી જાય છે, તાળવે શોષ પડે છે, શરીર શિથિલ થઇ જાય છે, શરીરની ચામડી કરકરી લાગે છે, જઠરાગ્નિ મંદ થઇ જાય છે, ગરમીની પીડા થાય છે, ઉંઘ આવતી નથી, ઝાડો કમી થાય છે, અને જીભ જડ થઇ જાય છે.

## વાતરોગના ઉપાય

**विश्वैरण्डशिफा दारु गडूची सिंहराष्ट्रिका ।**
**एतत्क्वाथोऽस्थिसन्धिस्थं हन्ति वातं निषेवितः ।।७०।।**
**रास्नैरण्डशिफा दारु वचा शुण्ठी दुरालभा ।**
**अभयाऽतिविषा मुस्ता शतमूली वृषामृता ।।७१।।**
**अमीषां क्वाथपानेन कासः श्लेष्मा च सन्धिगः ।**
**मज्जाऽस्थिस्नायुसर्वाङ्गवायुर्नश्यति निश्चितम् ।।७२।।**
**रास्ना शतावरी दारुकं कोली लाङ्गली कणा ।**
**रक्तचन्दनमञ्जिष्टावृद्धिः सैन्धवपद्मकं ।।७३।।**
**अश्वगन्धाऽमृतापाठा मुस्तैला शालिपिप्पली ।**
**शतपुष्पाजमोदा च शुण्ठी कुष्टं समांशतः ।।७४।।**
**सघृतं चूर्णमेतेषां भक्षितं तप्तवारिणा ।**
**त्वगस्थिस्नायुसन्धिस्थं मारुतं हन्ति वेगतः ।।७५।।**

अजमोदाभ्रकं रास्ना गडूची विश्वभेषजं ।
शतपुष्पाऽश्वगन्धा च शतमूली समांशतः ॥७६॥
सुश्लक्ष्णचूर्णमेतेषां भक्षितं सर्पिषा सह ।
हृत्पृष्टकटिकोष्टस्थं मारुतं हन्ति वेगतः ॥७७॥
विश्वैरण्डशिफा शुण्ठी दारु कुष्टं च सैन्धवम् ।
रास्नाऽमृतोद्भवं चूर्णं गुग्गुलुर्द्विगुणोत्तरः ॥७८॥
एकैका गुटिका तस्य प्रत्यहं भक्षिता सती ।
पथ्याशिनोऽतिवेगेन हन्ति विभ्रममारुतम् ॥७९॥
शिग्रुछल्ली कणा रास्ना शुण्ठी गोक्षुरसैन्धवम् ।
वह्निरेरण्डमूलं च चूर्णमेषां समांशतः ॥८०॥
गुटिका प्रत्यहं तासामेकैकाशनतो ध्रुवम् ।
सर्वाङ्गकुपितं वायुं शमयत्यतिवेगतः ॥८१॥
कणामूलं कणादारु विडङ्गं वह्निसैन्धवम् ।
शतपुष्पाजमोदा च मरिचं समचूर्णकम् ॥८२॥
गुडान्वितस्य तस्याथ गुटिका एकविंशतिः ।
भक्षितास्तास्त्रिसप्ताहं मारुतं घ्नन्ति सर्वतः ॥८३॥
कटुकीन्द्रयवापाठा पावकोऽतिविषा निशा ।
एतेषां चूर्णमुष्णाम्भः पीतं हन्त्यनिलान् बहून् ॥८४॥
यवानीचूर्णसंमिश्रं श्रृङ्गबेररसस्तनौ ।
मर्दनान्नस्यतो हन्ति कुपितं मारुतं ध्रुवम् ॥८५॥
शुण्ठीमरिचदारूणां चूर्णक्वाथस्य पानतः ।
सर्वे वाता विनश्यन्ति देहोपद्रवकारिणः ॥८६॥
शुण्ठी कणा कणामूलं विडङ्गं दारु सैन्धवम् ।
रास्ना वृद्धिर्यवानी च मरिचान्यभया समम् ॥८७॥
द्विगुणो गुग्गलश्चूर्णमाज्यभुक्तं निहन्ति च ।
वातं विसूचिकां गुल्मं शूलं कम्पं तथोध्वसीम् ॥८८॥
दारु कुष्टं तथा रास्ना विश्वाग्निर्बृहती पुरः ।
भागोत्तरमिदं सर्वं रम्भानिर्यासपाचितम् ॥८९॥

**स क्वाथो दुग्धतैलाभ्यां पक्वोऽस्याभ्यङ्गतो ध्रुवम् ।**
**सर्वे वाता विनश्यन्ति प्रत्यङ्गेऽभ्यङ्गकारिणः ॥९०॥**
**बह्वङ्घ्रिकामूलरसोऽथ तैलं दुग्धं पलं प्रस्थयुगं क्रमेण ।**
**सुश्वेतपुष्पानवदेवदारुशैलेयमांसीमिलितं समांशम् ॥९१॥**
**तैलावशेषं क्वथितं समस्तं नारायणं तैलमिदं वदन्ति ।**
**नानानिलैः पीडितमानुषाणामभ्यङ्गयोगाद् द्रुतमेतदेव ॥९२॥**
**वरुणैरण्डवातारिर्मुण्डीशिग्रुशतावरी ।**
**काण्डवल्ली बृहत्यौ द्वौ नागकर्णशिफादयः ॥९३॥**
**एतत्तैलप्रलेपेन मज्जास्थिस्नायुसन्धिगः ।**
**सर्वाङ्गकुपितो वायुर्विनश्यत्यतिवेगतः ॥९४॥**

૧. શુંઠ, દીવેલાનાં મૂળ, દેવદાર, ગળો, રાતા સરગવાનું છોડું, રીંગણીનાં મૂળ, એ ઔષધોનો ક્વાથ સેવવાથી હાડકાના સાંધામાં રહેલો વાયુ મટે છે.

૨. રાસના, દીવેલાનાં મૂળ, દેવદાર, વજ, શુંઠ, ધમાસો, હરડે, અતિવિખ, મોથ, શતાવરી, અરડૂસી, ગળો, એ ઔષધોનો ક્વાથ કરીને પીવાથી ખાંસી, કફ, સંધિગવાયુ, મજા-હાડકાં-સ્નાયુ અને સઘળા અંગમાંનો વાયુ નિશ્ચય નાશ પામે છે.

૩. રાસના, શતાવરી, દેવદાર, કંકોલ, વઢવાડિયાનાં મૂળ, પીપર, રતાંજળી, મજીઠ, વૃદ્ધિવૃક્ષ, સિંધવ, પદ્મકાષ્ઠ, આસંધ, ગળો, પાહાડમૂળ, મોથ, એલચી, શેરડીનાં મૂળ, પીપર, સવા, અજમોદ, શુંઠ, ઉપલેટ–એ સર્વે સમાન ભાગે લેવાં. એ ઔષધોનું ચૂર્ણ ઘી અને ઉના પાણી સાથે ખાવાથી ત્વચા, હાડકાં, સ્નાયુ અને સાંધામાં રહેલો વાયુ જલદીથી મટી જાય છે.

૪. અજમોદ, અભ્રકભસ્મ, રાસ્ના, ગળો, શુંઠ, સવા, આસંધ, શતાવરી એ સર્વે સમાન ભાગે લેઇને તેનું ઘણું બારીક ચૂર્ણ કરીને ઘી સાથે ખાવાથી હૃદય, પીઠ, કટિ અને કોઠામાંનો વાયુ જલદીથી નાશ પામે છે.

૫. શુંઠ, દીવેલાનાં મૂળ, શુંઠ[૧], દેવદાર, ઉપલેટ, સિંધવ, રાસ્ના, ગળો, એ સર્વનું ચૂર્ણ કરવું. એ સઘળાથી બમણો ગુગળ નાખવો. પછી તેની

૧. આ યોગમાં શુંઠ બેવાર કહી છે માટે બમણી લેવી, એવો વૈદ્યોનો અભિપ્રાય છે.

ગોળીઓ કરી તેમાંથી એક એક ગોળી દરરોજ ખાવી અને પથ્ય પાળવું, તેથી ચકરી વાયુ જલદીથી મટી જાય છે.

૬. સરગવાની છાલ, પીપર, રાસ્ના, શુંઠ, ગોખરૂં, સિંધવ, ચિત્રો, દીવેલાનું મૂળ–એને સમાન ભાગે લેઇ ચૂર્ણ કરી તેની ગોળી કરવી. એ ગોળી દરરોજ એક એક ખાવાથી સઘળે અંગે કોપેલા વાયુને ઘણી ત્વરાથી શમાવે છે એ નિશ્ચય જાણવું.

૭. પીપરીમૂળ, પીપર, દેવદાર, વાવડીંગ, ચિત્રો, સિંધવ, સવા, અજમોદ, મરી–એ સર્વને સમાન ભાગે લેઇ તેનું ચૂર્ણ કરી તેમાં બમણો ગોળ નાખી તેની એકવીશ ગોળી કરવી. એ ગોળીઓ એકવીશ દહાડા ખાવાથી સઘળા અંગમાંથી વાયુને મટાડે છે.

૮. કટુકી, ઇંદ્રજવ, પાહાડમૂળ, ચિત્રો, અતિવિખ, હળદર–એ ઔષધોનું ચૂર્ણ કરીને ગરમ પાણી સાથે પીવાથી ઘણા પ્રકારના વાયુઓને મટાડે છે.

૯. જવાન અજમાનું ચૂર્ણ અને આદાનો રસ એકઠો કરીને શરીરે મર્દન કરવાથી તથા તેને સુંઘવાથી કોપેલા વાયુને નિશ્ચય શમાવે છે.

૧૦. શુંઠ, મરી, દેવદાર–એ ઔષધોનું ચૂર્ણ કરીને ખાવાથી કે ક્વાથ કરીને પીવાથી દેહને ઉપદ્રવ કરનારા સઘળા પ્રકારના વાયુ નાશ પામે છે.

૧૧. શુંઠ, પીપર, પીપરીમૂળ, વાવડીંગ, દેવદાર, સિંધવ, રાસ્ના, વૃદ્ધિવૃક્ષ, જવાન, મરી, હરડે–એ સર્વે સમાન ભાગે લેવું. ગુગળ બમણો લેવો. એ સર્વેનું ચૂર્ણ ઘી સાથે ખાવાથી વાયુ, વિસૂચિકા (મૂર્છા), ગુલ્મ (ગોળો), શૂળ, કંપ અને ઉધ્વસી નામે રોગ–એ સર્વેને મટાડે છે.

૧૨. દેવદાર, ઉપલેટ, રાસ્ના, શુંઠ, ચિત્રો, રીંગણી, ગુગળ–એ સર્વે એક એક ભાગ ચઢતું લેઇને તેને કેળના રસમાં પક્વ કરવું, એટલે કેળના રસમાં તેનો ક્વાથ કરવો. પછી તે ક્વાથમાં દૂધ તથા તેલ નાખીને તેલ પક્વ કરવું અને શરીરે ચોળવું. એ તેલ પોતાના પ્રત્યેક અંગ ઉપર ચોળવાથી સઘળા પ્રકારના વાયુ નાશ પામે છે.

૧૩. શતાવરીના મૂળનો રસ ચાર તોલા, તેલ ચોસઠ તોલા, અને દૂધ ચોસઠ તોલા લેવું, ધોળી નગોડ, નવો દેવદાર, શિલાજીત, મોરમાંસી–એ સર્વે ચાર ચાર તોલા લેઇને તેનું કલ્ક કરીને તેમાં નાખવું. પછી તેલ શેષ

રહેતાં લગી તેને ઉકાળીને તેલ ગાળી લેવું. એ તેલને નારાયણ તેલ કહે છે. જે માણસો અનેક પ્રકારના વાયુના રોગથી પીડાયેલા હોય તેઓના શરીરે આ તેલ ચોળવાથી અનેક પ્રકારના વાયુના રોગ જલદી મટી જાય છે.

૧૪. વરણો, દીવેલો, ધોળી નગોડ, બોડીઓકલાર, સરગવો, શતાવરી, કાંડવેલ, રીંગણી, ભોંયરીંગણી, રાતા એરંડાનું મૂળ–એ ઔષધોથી તેલ સિદ્ધ કરીને તેનો લેપ કરવાથી મજ્જા, અસ્થિ, સ્નાયુ અને સંધિમાં રહેલો વાયુ તથા આખે અંગે કોપેલો વાયુ જલદીથી નાશ પામે છે.

## વૃદ્ધવાતારિ તેલ

**दुग्धं प्रस्थद्वयं तैलप्रस्थमेकं तथा रसः ।**
**शतावर्या वचा कुष्टं चन्दनं देवदारु च ॥९५॥**
**कङ्कोला विदुला रास्ना मञ्जिष्टैलारुदन्तिका ।**
**शैलेयमश्वगन्धा च मांसी चिक्कणिकाऽखिलम् ॥९६॥**
**अर्द्धार्द्धं पलमानं स्यात्पक्वं मृद्वग्निना शनैः ।**
**एकाङ्गशुष्कमज्जास्थिभग्नसाध्यं नृणां तथा ॥९७॥**
**कुब्जवामनपङ्गूनां पानादभ्यङ्गतस्तथा ।**
**वातान्नानाविधान् हन्ति तैलमेतन्न संशयः ॥९८॥**

૧૫ એકસો અઠ્ઠાવીશ તોલા દૂધ, ચોસઠ તોલા તેલ, શતાવરીનો રસ ચોસઠ તોલા, વજ, ઉપલેટ, ચંદન, દેવદાર, કંકોલ, સાતલા, રાસ્ના, મજીઠ, એલચી, રૂદંતી, શિલાજીત, આસંધ, મોરમાંસી, ચીકણી–એ સર્વે બે બે તોલા લેવું. પછી તેનું કલ્ક કરીને તેલમાં નાખી તેલ ધીમે તાપે ધીમેથી પક્વ કરવું. એ તેલ ચોળવાથી તથા પીવાથી એકાંગ વાયુ, અસ્થિ સૂકાઇ કે ભાગી ગયું હોય તે, સાંધો ભાંગી ગયો હોય તે, અંગ વાંકું, ઠીંગણું, પાંગળું થઇ ગયું હોય એ સર્વે મટે છે. એ તેલ અનેક પ્રકારના વાયુના રોગને મટાડે છે એમાં કાંઇ સંશય નથી.

**॥ इति परमजैनाचार्यश्रीउमास्वातिवाचकशिष्यश्रीकंठविरचिते हितोपदेशनाम्नि कुष्टपामासिध्मवातरोगप्रतिकारो नवमः समुद्देशः ॥९॥**

# बालरोगप्रतीकार:

## બાળકોના તાવ વગેરેના ઉપાય

लाजायष्टिस्तथामांसी तवराजो रसाञ्जनम् ।
चूर्णमेषां ज्वरं हन्ति शिशूनां मधुनाऽशितम् ॥१॥
लाजाजतुशिलामांसीमधुकैश्चूर्णितैः समैः ।
मधुयुक्तैः शिशोर्लेहः सर्वज्वरनिवारणः ॥२॥
पिष्पल्यतिविषाशृङ्गी चूर्णलेहो मधूक्षितः ।
क्षौद्रेणातिविषा चैका ज्वरकासवमीहरा ॥३॥
मांसी रसाञ्जनं लाजा कणा कर्कटशृङ्गिका ।
चूर्णमेषां समांशं च मधुना सह भक्षितम् ॥४॥
शिशूनां नाशयत्येव श्वासं छर्दिस्तथा ज्वरम् ।
मधुपीतं तवक्षीरं शिशोः कासविनाशनम् ॥५॥
सर्पनिर्मोकनिर्माल्यकेशाश्च श्वेतसर्षपाः ।
मन्त्रैस्तु धूपितो धूपः शिशूनां ग्रहदोषहृत् ॥६॥

*ओम नमो भगवते श्रीपार्श्वनाथाय श्रीवीराय नमः ।*
*ओम् सत्यं सत्यवते स्वाहा ॥ इति मन्त्रः ॥*

पुराहिकृत्तिनिर्गुण्डीवचाकुष्टं समांशकम् ।
कनकाज्यमयं धूपो बालकग्रहनाशनः ॥७॥
भार्गी च वालकं दारुचूर्णमेषां समांशतः ।
शिशूनां वारिणा पिष्टं पीतं सर्वज्वरापहम् ॥८॥
गोजिह्वा धातुकीरोध्रौ बिडं दैत्या समाक्षिकः ।
लेहः क्वाथोऽथवा हन्ति बालातीसारमुल्बणम् ॥९॥
शङ्खयष्ट्यञ्जनैश्चूर्णं शिशूनां गुदपाकनुत् ।
श्यामारसाञ्जनं मुस्ता चूर्णमेषां समांशतः ॥१०॥
बालातीसारहृद्भुक्तं सद्यः शर्करया सह ।
काकोली गजकृष्णा च लोध्रमेषां समांशतः ॥११॥

— — — — — — — — — — — — — — — — — — — — —

क्वाथो मध्वन्वितः पीतो बालातीसारहृन्मतः ॥१२॥

श्यामारसाञ्जनं चूतफलास्थि समचूर्णकम् ।
हन्ति छर्दिमतीसारं मधुना सह भक्षितम् ॥१३॥
लाजा सैन्धवयोश्चूर्णं बीजपूररसान्वितम् ।
भक्षितं नाशयत्येवं शिशूनां छर्दिमुल्बणाम् ॥१४॥
लाजाः सैन्धवमाम्रास्थिचूर्णमेषां समांशतः ।
हन्ति छर्दिमतीसारं मधुना सह भक्षितम् ॥१५॥
तवराजः कणाचूर्णं सैन्धवेला कटुत्रयम् ।
निरोधं हन्ति बालानां मधुना सह भक्षितम् ॥१६॥
पिष्पल्यतिविषा मांसी तथा कर्कटशृङ्गिका ।
तच्चूर्णं मधुना भुक्तं छर्दिकासविनाशकृत् ॥१७॥
विश्वैलासैन्धवं हिङ्गु भारङ्गीचूर्णकं मधु ।
पिष्टमाज्यान्वितं भुक्तं शिशूनां वातशूलहृत् ॥१८॥
गोक्षुरः सैन्धवं शुण्ठी दारु मुस्ता वचाश्मभित् ।
विडङ्गं चूर्णकं भुक्तं सर्पिषा वातशूलहृत् ॥१९॥
राजिका गृहधूमेन्द्रयवास्तक्रेण चूर्णिताः ।
पामां विचार्चकां सिध्मं बालानां घ्नन्ति लेपतः ॥२०॥
हरीतकीवचाकुष्टचूर्णकं समभागतः ।
मधुना भक्षितं हन्ति बालानां तालुकण्टकम् ॥२१॥
रसाञ्जनं शिला शङ्खनाभिपिष्पलीचूर्णकम् ।
बालनेत्ररुजं हन्ति मधुना लोचनाञ्जनात् ॥२२॥
दाडिमी गैरिकं चूर्णं मुस्ता लोध्रं समांशतः ।
अजाक्षीरेण लेपोऽक्षिपुटयोरक्षिरोगहृत् ॥२३॥
अजाक्षीरेण सम्पिष्टदार्वीमुस्तकगैरिकैः ।
बहिरालेपनं कार्यमक्षिरोगविनाशनम् ॥२४॥
ब्राह्मी दुरालभा कुष्टं शिरीषः सैन्धवं कणा ।
काकोलीचूर्णकैः पक्वं नवनीतेन गोः समम् ॥२५॥
घृतं तु पानतः कुर्यादायुर्मेधा तथा स्मृतिम् ।
रक्षोभूतमयं हन्ति बालानां सर्वरोगहृत् ॥२६॥

**पाठायवाः सैन्धवशिग्रुपथ्या कटुत्रयं गोनवनीतपक्वम् ।**
**एतद्घृतं पानत एव कुर्यान्मतिं स्मृतिं गात्रबलं शिशूनाम् ।।२७।।**

૧. ડાંગરની ધાણી, જેઠીમધ, મોરમાંસી, સાકર, રસાંજન–એ ઔષધોનું ચૂર્ણ મધ સાથે ચાટવાથી બાળકોનો તાવ મટે છે.

૨. ડાંગરની ધાણી, શિલાજિત, મોરમાંસી, જેઠીમધ–એ સર્વ સમાન લેઇને ચૂર્ણ કરી મધ સાથે બાળકને ચટાડવાથી તેના સર્વ પ્રકારના તાવ નાશ પામે છે.

૩. પીપર, અતિવિખ, કાકડાસીંગ–એ ઔષધોના ચૂર્ણને મધ સાથે ચટાડવાથી બાળકનો તાવ મટે છે.

૪. એકલી અતિવિખની કળી વાટીને મધ સાથે ચટાડવાથી બાળકનો તાવ, ઉલટી તથા ખાંસી મટે છે.

૫. મોરમાંસી, રસાંજન, ડાંગરની ધાણી, પીપર, કાકડાસીંગ–એ ઔષધો સમાન લેઇ તેનું ચૂર્ણ કરી મધ સાથે પાવાથી બાળકોનો શ્વાસ, ઉલટી તથા તાવ નાશ પામે છે.

૬. તપખીરનું ચૂર્ણ કરી મધ સાથે ખાવાથી બાળકની ખાંસી મટે છે.

૭. સાપની કાંચળી, માથાના ઉતરેલા વાળ, ધોળા સરસવ–એ વસ્તુઓનો નીચેના મંત્રથી ધૂપ કરવા વડે બાળકોના ગ્રહદોષ નાશ પામે છે.

***ओम नमो भगवते श्रीपार्श्वनाथाय श्रीवीराय नमः ।***
***ओम् सत्यं सत्यवते स्वाहा ।। इति मंत्रः ।।***

૮. ગુગળ, સાપની કાંચળી, નગોડ, વજ, ઉપલેટ, ધંતુરાનાં બીજ, ઘી–એ સર્વે સમાન લેઇને તેનો ધૂપ કરવાથી બાળકોનો ગ્રહદોષ નાશ પામે છે.

૯. ભારંગ, વાળો, દેવદાર એ ઔષધો સમાન લેઇ તેનું ચૂર્ણ કરી પાણીમાં વાટી પાવાથી બાળકોના સર્વ પ્રકારના તાવ મટે છે.

૧૦. ગળજીભી (ભોંય પાથરી), ધાવડીનાં ફૂલ, લોધર, બિડલવણ, મોરમાંસી–એ ઔષધોનો ક્વાથ અથવા અવલેહ મધ સાથે આપવાથી બાળકોનો મોટો અતિસાર નાશ પામે છે.

૧૧. શંખ, જેઠીમધ, સુરમો–એ ઔષધોનું ચૂર્ણ કરીને લગાવવાથી બાળકોની ગુદા પાકી હોય તે મટી જાય છે.

૧૨. પીપર, રસાંજન, મોથ–એ ઔષધોનું સમભાગે ચૂર્ણ કરીને સાકર સાથે ખાવાથી તત્કાળ બાળકોનો અતીસાર મટે છે.

૧૩. કાકોલી, ગજપીપર, લોધર–એ ઔષધોનો ક્વાથ સમભાગે કરીને પીવાથી બાળકોનો અતિસાર મટે છે.

૧૪. પીપર, રસાંજન, કેરીના ગોટલાની ગોટલી–એ ઔષધોનું ચૂર્ણ કરીને મધ સાથે ખાવાથી બાળકોની ઉલટી તથા ઝાડો બંધ થાય છે.

૧૫. ડાંગરની ધાણી તથા સિંધવનું ચૂર્ણ કરીને બીજોરાના રસમાં ખાવાથી બાળકોની અતિઘણી ઉલટીને જરૂર મટાડે છે.

૧૬. ડાંગરની ધાણી, સિંધવ, કેરીની ગોટલી–એ ઔષધોનું સમભાગે ચૂર્ણ કરી તેને મધ સાધે ખાવાથી ઉલટી અને અતિસાર મટે છે.

૧૭. સાકર, પીપરનું ચૂર્ણ, સિંધવ, એલચી, શુંઠ, પીપર, મરી–એ ઔષધોનું ચૂર્ણ મધ સાથે ચાટવાથી બાળકોને ઝાડો કબજ થયેલો મટે છે.

૧૮. પીપર, અતિવિખ, મોરમાંસી, કાકડાસીંગ–એ ઔષધોનું ચૂર્ણ મધ સાથે ચાટવાથી ઉલટી અને ખાંસી નાશ પામે છે.

૧૯. શુંઠ, એલચી, સિંધવ, હીંગ, ભારંગ–એ ઔષધોનું ચૂર્ણ કરીને તેને મધ તથા ઘી સાથે ખાવાથી બાળકોનું વાતશૂળ મટે છે.

૨૦. ગોખરૂ, સિંધવ, શુંઠ, દેવદાર, મોથ, વજ, પાષાણભેદ, વાવડીંગ એ ઔષધોનું ચૂર્ણ કરીને ઘી સાથે ખાવાથી વાયુનું શૂળ મટે છે.

૨૧. રાઇ, ઘરનો ધૂમાસ, ઇંદ્રજવ–એ ઔષધોને છાશમાં વાટીને તેનો લેપ કરવાથી બાળકોની ખસ, વિચર્ચિકા અને સિધ્મ નામે કોઢ મટે છે.

૨૨. હરડે, વજ અને ઉપલેટનું સમભાગે ચૂર્ણ કરીને મધ સાથે ચટાડવાથી બાળકોનો તાલુકંટક (ગળું પડે છે તે) રોગ મટે છે.

૨૩. રસાંજન, મનશિલ, શંખની નાભિ અને પીપરનું ચૂર્ણ–એ ઔષધોને બારીક ઘુંટીને મધ સાથે આંખે આંજવાથી બાળકોના આંખના રોગ મટે છે.

૨૪. દાઢમ, ગેરૂ, મોથ, લોધર–એ સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરી બકરીના દૂધ સાથે આંખની ઉપર લેપ કરવાથી આંખના રોગ મટે છે.

૨૫. દારૂહળદર, મોથ, ગેરૂ–એ ઔષધોને બકરીના દૂધ સાથે વાટીને આંખોની બહાર લેપ કરવાથી આંખના રોગ મટે છે.

૨૬. બ્રાહ્મીના વેલા, ધમાસો, ઉપલેટ, સરસવૃક્ષની છાલ, સિંધવ, પીપર, કાકોલી–એ ઔષધનું સમભાગે ચૂર્ણ કરી ગાયના માખણમાં નાખીને તેને પક્વ કરી ઘી કરવું. એ ઘી પીવાથી બાળકોના આયુષ્યની વૃદ્ધિ થાય છે, બુદ્ધિ વધે છે, સ્મરણશક્તિ સારી થાય છે, રાક્ષસ તથા ભૂત વગેરેનો ભય નાશ પામે છે, તથા સઘળા પ્રકારના રોગ દૂર થાય છે.

૨૭. પાહાડમૂળ, ઇંદ્રજવ, સિંધવ, સરગવો, હરડે, શુંઠ, પીપર, મરી–એ ઔષધના ચૂર્ણમાં ગાયનું માખણ નાખીને પક્વ કરી ઘી તૈયાર કરવું. એ ઘી પીવાથી બાળકોની બુદ્ધિ, સ્મરણશક્તિ તથા શરીરનું બળ વધે છે.

## સ્ત્રીઓના રોગના ઉપાય

**वालकं तवराजश्च चन्दनं तन्दुलाम्भसा ।**
**पीतं हन्ति त्रयं रक्तप्रदरं दुर्धरं स्त्रियः ॥२८॥**
**तन्दुलीयकमूलानि तवराजो रसाञ्जनम् ।**
**तन्दुलाम्भोयुतं हन्ति अत्युग्रं प्रदरं स्त्रियः ॥२९॥**
**चन्दनं दुग्धसर्पिर्भ्यां सुपक्वं शीतलं कृतम् ।**
**तवराजमधूपेतं पीतं स्त्रीप्रदरापहम् ॥३०॥**
**स्वर्णगैरिकजंब्वाम्रचूर्णं कादम्ब उत्पलम् ।**
**पीतं तन्दुलतोयेन समधुप्रदरापहम् ॥३१॥**
**अनन्तायाः फलिन्या वा चन्दनं नागकेसरम् ।**
**असृग्दरनिरोधाय पिबेत्कल्कं प्रसन्नया ॥३२॥**
**तन्दुलाम्भस्सु पिष्टानि शिवाबीजानि पानतः ।**
**शोणितप्रदरं घ्नन्ति दुर्धरं योषितः क्रमात् ॥३३॥**

૧. વીરણવાળો, સાકર, ચંદન–એ ત્રણનું ચૂર્ણ કરી તેને ચોખાના ધોવરામણ સાથે પીવાથી સ્ત્રીઓનું કષ્ટસાધ્ય પ્રદર પણ મટે છે.

૨. તાંદળજાનાં મૂળનો રસ, સાકર, રસાંજન–એ ઔષધો ચોખાના ધોવરામણ સાથે પાવાથી સ્ત્રીઓનું ઘણું ભયંકર પ્રદર મટે છે.

૩. દૂધ અને ઘીમાં સફેદ ચંદન નાખીને ઘી સારી રીતે પક્વ કરી તે ઘી ઠંડું થયા પછી મધ તથા સાકર સાથે પીવાથી સ્ત્રીનું પ્રદર (લોહીવાહ) મટે છે.

૪. સોનાગેરૂ, જાંબૂડાની, આંબાની તથા કદંબની છાલનું ચૂર્ણ, કમળ, એ સર્વને ચોખાના ધોવણ સાથે તથા મધ સાથે પીવાથી સ્ત્રીનું પ્રદર મટે છે.

૫. ગળોનું કે કાળા ઉમૈડાનું કલ્ક કરી તેમાં ચંદન અને નાગકેસર મેળવી પ્રસન્ના નામે મદ્ય સાથે તે પીવાથી લોહીવાહ બંધ થાય છે.

૬. ચોખાના ધોવરામણમાં આમળાંનાં બીજ વાટીને પીવાથી ન અટકતો હોય એવો સ્ત્રીઓનો લોહીવાહ ધીમે ધીમે મટી જાય છે.

## ગર્ભરોગના ઉપાય

**भूमिकुष्माण्डकं यष्टि शतमूली समं त्रयम् ।**
**क्वाथो मधुसमापीतो हन्ति गर्भव्यथां स्त्रियः ॥३४॥**
**कुम्भकारकराकृष्ट मृत्तिकापूगमात्रतः ।**
**अजाक्षीरेण सा पीता हन्ति गर्भव्यथां स्त्रियः ॥३५॥**
**क्वाथेनोदककन्दानां शालिपिष्टं सशर्करम् ।**
**पिबेद्गर्भपरिस्त्रावे तवक्षीरं प्रसाधितम् ॥३६॥**
**मरिचं पिप्पली शुण्ठी यवक्षारोऽथ पङ्गुली ।**
**कूष्माण्डी वल्लिजः क्षारो भारङ्गी शतपुष्पिका ॥३७॥**
**अष्टावशेषितः क्वाथ एतच्चूर्णसमन्वितः ।**
**प्रसूतिसमये जातं रोगं हन्ति निषेवितः ॥३८॥**

૧. ભોંય કોહોળું, જેઠીમધ, શતાવરી–એ સમાન ભાગે લેઇને તેનો ક્વાથ કરી મધ સાથે પીવાથી સ્ત્રીઓની ગર્ભ સંબંધી પીડા નાશ પામે છે.

૨. કુંભારના હાથ ઉપરથી લોહી નાખેલી માટી એક સોપારી જેટલી લેઇને તેને બકરીના દૂધમાં પીવાથી સ્ત્રીઓની ગર્ભ સંબંધી પીડા નાશ પામે છે.

૩. શીંગોડાનો ક્વાથ કરી તેમાં ચોખાનો લોટ, સાકર અને તવખીર નાખીને પક્વ કરીને તે પીવાથી ગર્ભપાત થતો અટકે છે.

૪. મરી, પીપર, શુંઠ, જવખાર, પંગુલી (?), કોહોળી, મરી, જવખાર, ભારંગ, સવા–એ ઔષધો સમાન ભાગે લેઇ તેનો સોળગણા પાણીમાં અષ્ટમાંશ ક્વાથ કરી તેમાં એજ ઔષધોનું ચૂર્ણ નાખીને પીવાથી પ્રસૂતિ સમયે થયેલા રોગને મટાડે છે.

## આર્ત્તવરોધ અને રક્તગુલ્મના ઉપાય

सिताह्वाचिरबिल्वोथ दारु भार्गी कणोद्भवः ।
कल्कः पीतो हरेद्गुल्मं तिलक्षारेण रक्तजं ॥३९॥
तिलक्षारगुडव्योषघृतं भार्गीयुतं पिबेत् ।
पानं रक्तभवे गुल्मे नष्टे पुष्पे तु योषिताम् ॥४०॥
त्रिकटुब्रह्मदण्डीनां तिलक्वाथेन चूर्णकम् ।
रक्तगुल्मं हरेत्पीतं पुष्परोधं च योषिताम् ॥४१॥
तुम्बीबीजं यवक्षारो दन्ती किण्वं कणा गुडः ।
कामस्य च फलं वृत्तिर्वज्रीक्षीरेण निर्मिता ॥४२॥
योनिमध्ये स्थिता पुष्पं जनयत्येव योषिताम् ।

૧. ધોળી તુળસી, ગંધાતો કરંજ, દેવદાર, ભારંગ, પીપર–એ ઔષધોનું કલ્ક કરીને તે તલના ક્ષાર સાથે પીવાથી રક્તગુલ્મ મટે છે.

૨. તલનો ક્ષાર, ગોળ, શુંઠ, પીપર, મરી, ભારંગ–એ સહુનું ચૂર્ણ કરી ઘી સાથે પીવું. એ ઘી પીવાથી રક્તગુલ્મ મટે છે તથા સ્ત્રીઓનો આર્તવ નાશ પામ્યો હોય તે પાછો શરૂ થાય છે.

૩. શુંઠ, પીપર, મરી, બ્રહ્મદંડી–એ ઔષધોનું ચૂર્ણ તલના ક્વાથ સાથે પીવાથી રક્તગુલ્મ મટે છે તથા સ્ત્રીઓનો આર્તવ બંધ થયો હોય તે શરૂ થાય છે.

૪. તુંબડીનાં બીજ, જવખાર, દંતીમૂળ, સુરાબીજ[1], પીપર, ગોળ, મીંઢળ, એ ઔષધોને વાટીને તેની બત્તી થોરના દૂધમાં કરવી. એ બત્તી યોનિમાં રાખવાથી સ્ત્રીઓને આર્ત્તવ આવે છે.

## ગર્ભધારણના ઉપાય

गर्भश्च जायते सर्पिर्मुशलीपानमात्रतः ॥४३॥
ऋतौ कसेरुकं शुण्ठी सर्पिर्दिनचतुष्टयम् ।
क्षीरपिष्टं स्त्रियो गर्भं ग्राहयेन्नरसङ्गमे ॥४४॥
पद्मोत्पलं शिफाक्षीरं शैलूकं सैन्धवं मधु ।
गर्भपुष्टिकरं भुक्तं किंवा कोरण्टमूलिका ॥४५॥

---

૧. ચોખા વગેરે જે દ્રવ્ય નાખીને દારૂ ગાળવામાં આવે છે તે–દારૂ ગાળી લીધા પછી તળિયે રહેલો ભાગ.

निशा शर्करया पद्मकन्देन मधुनान्वितम् ।
भक्षिता वारयत्येव पतन्तं गर्भमञ्जसा ॥४६॥
लज्जालुधातुकीपुष्पमुत्पलं मधुलोध्रकं ।
जातस्थया स्त्रिया पीतं गर्भपातं निवारयेत् ॥४७॥
समभागसितायुक्तं शालितन्दुलचूर्णकम् ।
उदुम्बरी शिफाक्वाथः पीतो गर्भं च रक्षति ॥४८॥
गर्भिणीगर्भतो रक्तं स्तम्भयेन्निपतद्द्रुतम् ।
पारापतमलः पीतस्त्र्यहं तन्दुलवारिणा ॥४९॥
पाठापामार्गमूलाभ्यां योनिमध्यविलेपनात् ।
प्रसूतिर्जायते शीघ्रं दुःखं दुःप्रसवे स्त्रियः ॥५०॥
वीरा लाङ्गलिका दन्ती वृषा पाषाणभेदकः ।
मूढगर्भासु दातव्यो लेपः सुखप्रसूतये ॥५१॥
जरायुतं मृतं गर्भं न पतन्तीं जरामपि ।
योषितां पातयत्येव पादस्थोत्तरणीशिफा ॥५२॥
विशालाज्यपयोयुक्ता लेपतो योनिशूलहृत् ।
हृच्छूले बीजपूरस्य रसः सैन्धवसंयुतः ॥५३॥
एरण्डतैलसंयुक्तमुण्डीमूलस्य लेपतः ।
नवप्रसूतनारीणां योनिशूलं प्रशाम्यति ॥५४॥
योनिशूलहरं पीतं सर्पिः कर्पासबीजयुक् ।
मरुमांसेन पक्वं वा तैलं योनिप्रलेपनात् ॥५५॥
एक एव यवक्षारो योनिशूलं निवर्त्तयेत् ।
सर्पिषा चोष्णतोयेन पीतः शीतं यथाऽनलः ॥५६॥
शालितन्दुलपिष्टेन दुग्धपीतेन योषिताम् ।
भूरि दुग्धं भवेत्सप्तदिनं क्षीरान्नभोजने ॥५७॥
स्तनपीडा शमं याति विशालामूललेपतः ।
कुमारीकन्दलेपो वा सहरिद्रोऽतिवेगतः ॥५८॥
प्रविशेन्निर्गता योनि कारिल्लीकन्दलेपतः ।
शिथिलाऽपि भवेद्गाढा शक्रगोपाज्यलेपनात् ॥५९॥

૧. મુશલીનું ચૂર્ણ અને ઘી પીવાથી સ્ત્રીને ગર્ભ રહે છે.

૨. ઋતુકાળમાં મોથ અને શુંઠને દૂધમાં વાટીને તેમાં ઘી મેળવીને ચાર દહાડા ખાવાથી પુરૂષના યોગે સ્ત્રીઓને ગર્ભ રહે છે.

૩. કમળ અને ધોળા કમળનો કંદ દૂધ, શેલવટ, સિંધવ અને મધ એકત્ર કરીને ખાવાથી ગર્ભને પુષ્ટિ મળે છે.

૪. લાજાળુ, કાંટાસળિયાનાં મૂળ, હળદર, સાકર, કમળનો કંદ–એ સર્વને મધ સાથે ખાવાથી પડતો ગર્ભ તત્કાળ અટકે છે.

૫. લાજાળુ, ધાવડીના ફૂલ, કમળ, મધ, લોધર–એ ઔષધોનું કલ્ક ગર્ભવતી સ્ત્રી પીએ તો ગર્ભપાતનું નિવારણ થાય છે.

૬. સાકર અને ચોખાનો લોટ સમાન ભાગે લેઇને તેને કાળા ઉમૈડાના ક્વાથમાં નાખીને પીવાથી ગર્ભનું રક્ષણ થાય છે.

૭. કબુતરની હગાર ચોખાના ધોવરામણ સાથે ત્રણ દહાડા પીવાથી ગર્ભવતી સ્ત્રીના ગર્ભસ્થાનમાંથી લોહી વહેતું એકદમ બંધ થાય છે.

૮. પહાડમૂળ અને અંઘેડાનું મૂળ ઘશીને તેનો યોનિની અંદર લેપ કર્યાથી સ્ત્રીને દુઃખે કરીને પ્રસવ થતો હોય અને વેદના થતી હોય તે મટીને તત્કાળ પ્રસવ થાય છે.

૯. શતાવરી, વઢવાડિયાનું મૂળ, દંતીમૂળ, અરડૂસીનું મૂળ, પાષાણભેદ એ ઔષધનો લેપ યોનિમાં કરવો, તેથી સ્ત્રીને ગર્ભ ગંઠાઇ ગયો હોય તેને સુખે કરીને પ્રસવ થાય છે.

૧૦. ગર્ભ મેલી સાથે મરી ગયો હોય, અથવા ગર્ભ જન્મ્યા પછી મેલી ન પડતી હોય તો ગર્ભવતીને પગે ઉત્તરણીનાં મૂળ બાંધવાથી મરેલો ગર્ભ કે મેલી પડે છે.

૧૧. દૂધ તથા ઘી સાથે ઇંદ્રવારણીનાં મૂળ વાટીને લેપ કરવાથી યોનિશૂળ મટે છે. હૃદયમાં શૂળ મારતું હોય તો સિંધવ સાથે બીજોરાનો રસ પીવાથી તે મટે છે.

૧૨. બોડિયાકલારનાં મૂળ દીવેલમાં વાટીને તેનો લેપ કરવાથી નવીન પ્રસૂત થયેલી સ્ત્રીઓનું યોનિશૂળ મટે છે.

૧૩. કપાસનાં બીજની સાથે ઘી પીવાથી યોનિનું શૂળ મટે છે.

૧૪. અથવા મરૂભૂમિમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓના માંસમાં પક્વ કરેલા તેલનો લેપ કરવાથી યોનિશૂળ મટે છે.

૧૫. એકલો જવખાર જો ઘી તથા ગરમ પાણી સાથે પીવામાં આવે તો, અગ્નિ જેમ ટાઢને દૂર કરે છે તેમ તે યોનિશૂળને દૂર કરે છે.

૧૬. દૂધની સાથે ચોખાનો લોટ સાત દહાડા ખાય અને દૂધ-ભાતનું ભોજન કરે તો સ્ત્રીઓને દૂધ ઘણું આવે.

૧૭. ઇંદ્રવારણીનું મૂળ સ્તન ઉપર ચોપડવાથી અથવા કુંવારનો ગર્ભ હળદર સહિત સ્તન ઉપર ચોપડવાથી સ્તનની પીડા જલદી શમી જાય છે.

૧૮. કારેલીના કંદનો લેપ કરવાથી યોનિ બહાર નીકળી હોય તે પાછી પ્રવેશ કરે છે, અને ઇંદ્રગોપ વડે[1] સિદ્ધ કરેલું ઘી ચોપડવાથી તે શિથિલ હોય તો મજબુત થાય છે.

## વ્રણ તથા શસ્ત્રઘાત વગેરેના ઉપાય

**व्रणसंरोहणो लेपः घृतक्षीरद्रुमाङ्कुरैः ।**
**त्रिफलावटशृङ्गाश्च त्रायन्तीलोध्रजो यथा ॥६०॥**
**अर्जुनोदुम्बराश्वत्थलोध्रजम्बूत्वचः समा ।**
**यष्टी कटुफलं लाक्षाचूर्णकं व्रणरोहणम् ॥६१॥**
**बाणपुङ्खाशिफादन्तचर्विता तद्रसोऽथवा ।**
**महिष्याः पुत्रजन्मोत्थवर्चोलेपो विनाशकृत् ॥६२॥**
**चर्वितो दन्तिचूर्णेन सहदेवीरसोऽथवा ।**
**श्वेतवस्त्रेण सम्बद्धो नवोद्घातविरोहकृत् ॥६३॥**
**लज्जापाठेषुपुङ्खाणामेकैकं जलमर्दितम् ।**
**मूलमालेपमात्रेण शस्त्रघातप्ररोहकृत् ॥६४॥**
**काकजङ्घप्रलेपो वा शस्त्रघाते दिनत्रयात् ।**
**पाकं पूयं विना रोहं नयत्येव न संशयः ॥६५॥**
**त्रिवृन्मधुतिलादन्ती-निम्बपत्रैः ससैन्धवैः ।**
**दुष्टव्रणविनाशाय लेपोऽत्यन्तविशोधनः ॥६६॥**

૧. જેમાંથી દૂધ નીકળતું હોય એવા ઝાડના અંકુર તથા ઘી એ બેને મિશ્ર કરીને લેપ કરવાથી ગૂમડાં વગેરેને રૂઝ આવે છે. તેમજ ત્રિફલા, વડની ટીશીઓ, ત્રાયમાણ અને લોધરનો લેપ પણ તેજ ગુણ કરે છે.

---

૧. એ લાલરંગનાં જીવડાં ચોમાસામાં થાય છે, તેને લોકો પરમેશ્વરની ગાયો કહે છે.

૨. સાદડ, ઉમૈડો, પીપળો, લોધર, જાંબૂડો એ વૃક્ષોની છાલ સરખે ભાગે લેવી તથા તેમાં જેઠીમધનું લાકડું, કાયફળ અને લાખ નાખી ચૂર્ણ કરવું. એ ચૂર્ણ વ્રણને રૂઝ આણે છે.

૩. શરપંખાનાં મૂળ દાંતે ચાવીને તેનો રસ વ્રણ ઉપર ચોપડવાથી તથા તેના કૂચા વ્રણ ઉપર બાંધવાથી વ્રણ રૂઝે છે.

૪. અથવા ભેંશને પ્રસવ થાય તે વખતનું તેનું છાણ લાવીને તેનો લેપ કરવાથી વ્રણને રૂઝ આવે છે.

૫. સહદેવીના મૂળને દાંતે ચાવીને તેનો રસ કાઢી તથા તેમાં દંતીમૂળનું ચૂર્ણ મેળવી તેને ધોળા વસ્ત્ર વડે વ્રણ ઉપર બાંધવાથી તરતનો ઘા પડ્યો હોય તેને રૂઝ આવે છે.

૬. લાજાળુ, પાહાડમૂળ, કે શરપંખો એ ત્રણમાંથી ગમે તે એકનું પણ પાણીમાં વાટીને લેપ માત્ર કરવાથી શસ્ત્રઘાત થયો હોય તેને રૂઝ આવે છે.

૭. શસ્ત્ર વાગ્યું હોય તે ઉપર કાકજંઘા (કાગવૃક્ષ ?) નો લેપ ત્રણ દહાડા કરવાથી પકવ્યા સિવાય કે પરૂં થવા દીધા સિવાય અંકુર આણે છે એમાં સંશય નથી.

૮. નસોતર, મધ, તલ, દંતીમૂળ, લીમડાનાં પાંદડાં, સિંધવ–એ ઔષધોનો લેપ ન રૂઝે એવું ચાંદુ હોય તેમાંથી મળ કાઢી નાખીને તેને રૂઝ આણે છે.

## નાડીવ્રણના ઉપાય

**आवल्लीमूलिकाखण्डैर्निशाखण्डैः समन्वितः ।**
**पक्वं तैलं प्रलेपेन शमं नाडीव्रणं नयेत् ॥६७॥**
**सर्ज्जिका सैन्धवं दन्ती नीलीमूलं फलानि च ।**
**मूत्रे चतुर्गुणे सिद्धं तैलं नाडीव्रणापहम् ॥६८॥**
**त्रपुषीपत्रधत्तूरकर्णमोटा कुबेरका ।**
**सकृत्प्रलेपमात्रेण सतीव्रव्रणरोहणः ॥६९॥**
**प्रियङ्गुगुलिकाचूर्णं भक्षितं माहिषं दधि ।**
**कोद्रवान्नं च सम्भुक्तं नाडीव्रणविनाशकृत् ॥७०॥**

त्रिफलायाः कषायेण भृङ्गराजरसेन वा ।
व्रणप्रक्षालनं कुर्यादुपदंशप्रशान्तये ।।७१।।
मेघनादशिफाताला समांशा पुटपाचिता ।
तन्मध्यापूरिता नाडी शमं याति चिरोद्भवा ।।७२।।
घृतसिद्धार्थतैलाभ्यां युता देवीप्रलेपतः ।
भूजयन्ती शिफावातनाडीव्रणविनाशिनी ।।७३।।
गुग्गुलस्त्रिफलाव्योषैः समांशैर्घृतयोगतः ।
नाडीदुष्टव्रणः शूलभगन्दरविनाशकृत् ।।७४।।
बहुकाञ्जिकपिष्टा सा शाखोटकतरुत्वचः ।
प्रलेपनस्तु नाडीनां व्रणशोफविनाशकृत् ।।७५।।
पक्त्वा सिक्थनिशायष्टिकरञ्जफलपल्लवैः ।
पटोलमालतीनिम्बपत्रैर्व्रण्यं घृतं स्मृतम् ।।७६।।
शाली मुद्गयवानद्याज्जाङ्गलं च सदाव्रणी ।
दक्षक्षीरान्नगुर्वन्नं मैथुनं परिवर्जयेत् ।।७७।।

૧. આવળના મૂળના કકડા તથા હળદરના કકડા મિશ્ર કરીને તેમને તેલમાં નાખીને લેપ કરવાથી નાડીવ્રણ શમી જાય છે.

૨. સાજીખાર, સિંધવ, દંતીમૂળ, ગળીના મૂળ, હરડે–બેઢાં–આમળાં (ત્રિફલા), એ સર્વેનો કલ્ક કરી તેલમાં નાખી તે તેલ ચાર ગણા ગાયના મૂત્રમાં સિદ્ધ કરી ચોપડવાથી નાડીવ્રણ દૂર થાય છે.

૩. ખડબૂચનાં પાંદડાં, ધંતૂરાનાં પાનાં, બાવળની પાલી, નાંદરૂખીનાં પાનાં, એ સર્વને વાટીને એકજ વાર લેપ કરવાથી ગમે તેવું તીવ્ર વ્રણ થયું હોય તેને રૂઝ આવે છે.

૪. કાંગ અથવા કોદરા સાથે દહીં ખાવાથી નાડીવ્રણ નાશ પામે છે.

૫. ચાંદી થયેલી મટવા માટે ત્રિફલાના ક્વાથથી કે ભાંગરાના રસથી વ્રણને ધોવું.

૬. તાંદળજાનાં મૂળ તથા તાલા (મુરા ?) એ બન્ને સમાન ભાગે લેઇને પુટપાક કરીને નાડીવ્રણમાં પૂરવાથી તે ઘણા કાળનું હોય તો પણ મટી જાય.

૭. ઘી તથા સરસિયા તેલમાં દેવી (વાંઝણી કંટોલી ?) તથા ભૂજયંતી

(ભોંયસમડી)ના મૂળને વાટીને લેપ કરવાથી વાયુથી થયેલા નાડીવ્રણનો નાશ થાય છે.

૮. ગુગળ, ત્રિફલા, શુંઠ, પીપર, મરી–એ સઘળાં સમાન લેઇને તેને ઘીમાં કાલવીને લેપ કરવાથી નાડીવ્રણ, દુષ્ટ વ્રણ તથા તેમાં થતું શૂળ અને ભગંદરને મટાડે છે.

૯. સાગના ઝાડની છાલને ઘણી કાંજીમાં વાટીને લેપ કરવાથી નાડીવ્રણનો સોજો નાશ પામે છે.

૧૦. મીણ, હળદર, જેઠીમધ, કરંજનાં ફળ તથા પાંદડાં, પટોલ, માલતી અને લીમડાનાં પાંદડાં, એ સહુ નાખીને સિદ્ધ કરેલું ઘી (ઘીનો મલમ) વ્રણને રૂઝ આણે છે.

૧૧. વ્રણવાળાએ ચોખા, મગ, જવ અને જંગલી પશુઓનાં માંસ ખાવાં. કૂકડો, દૂધ તથા ભારે ખોરાક ખાવો નહિ અને મૈથુન કરવું નહિ.

## ખસ, દાદર, ધવડો, વગેરેના ઉપાય

**चक्रमर्दशिफादूर्वा सैन्धवं च हरीतकी ।**
**एषां समांशकं चूर्णं तक्रकाञ्जिकमर्दितम् ॥७८॥**
**विसर्पं हन्ति लेपेन रक्तमण्डलकं तथा ।**
**कण्डूं दद्रूंश्च वेगेन खसरं चातिदारुणम् ॥७९॥**
**मुस्तारिष्टपटोलाद्याः क्वाथः सर्वविसर्पजित् ।**
**धात्री पटोलनिम्बानां समधुर्घृतसंयुतः ॥८०॥**
**सिन्दूरपिप्पलीचूर्णयुतं तैलं सुपाचितम् ।**
**विसर्पं हन्ति लेपेन रक्तवातसमुद्भवम् ॥८१॥**
**मुस्तारिष्टपटोलाद्याः शूलं रक्तं च धीमडम् ।**
**शिरीषोशीरनागाह्वहिङ्गूनां वा विलेपनम् ॥८२॥**
**कुष्टवह्निर्निशातालं लाङ्गली च मनःशिला ।**
**गोमूत्रपिष्टमालेपात्कण्डूं हन्ति च दद्रुकाम् ॥८३॥**
**ललनं वटसंमिश्रं जटायुष्टङ्कणान्वितः ।**
**सितानिम्बुरसैर्मर्द्यं सकृद्दद्रुविनाशकृत् ॥८४॥**

૧. કુવાડિયાનાં મૂળ, દરો, સિંધવ, હરડે–એ ઔષધો સમાન ભાગે લેઇને તેનું ચૂર્ણ કરીને છાશ તથા કાંજીમાં તેનું મર્દન કરવું. પછી તેનો લેપ કરવાથી વિસર્પ રોગ, રાતાં ચામઠાં, ખસ, દાદર (દરાઝ) અને દારૂણ એવો ઘવડો, એ સર્વે જલદીથી મટી જાય છે.

૨. મોથ, અરીઠો અને પટોલનો ક્વાથ પીવાથી સઘળા પ્રકારના વિસર્પ રોગ મટી જાય છે.

૩. આમળાં, પટોળ અને લીમડાનો ક્વાથ મધ તથા ઘી સાથે પીવાથી બધા વિસર્પ મટે છે.

૪. સિંદૂર અને પીપરના ચૂર્ણમાં તેલ નાખીને તે પક્વ કરવું. એ તેલ ચોપડવાથી રક્તવાત(રતવા)થી ઉત્પન્ન થયેલો વિસર્પ રોગ મટી જાય છે.

૫. મોથ, અરીઠો અને પટોલનો લેપ કરવાથી અથવા સરસવૃક્ષની છાલ, વીરણવાળો, નાગકેસર અને હિંગનો લેપ કરવાથી શૂળ તથા રાતાં ઢીંમણાં મટે છે.

૬. ઉપલેટ, ચિત્રો, હળદર, હરતાલ, વઢવાડિયાનાં મૂળ, મનશિલ, એ સર્વને ગાયના મૂત્રમાં વાટીને લેપ કરવાથી ખસ તથા દરાઝ મટે છે.

૭. રાળ, ગંધક, ગુગળ, ટંકણ, સાકર–એ સર્વે મિશ્ર કરી લીંબુના રસમાં મર્દન કરી એકવાર લેપ કરવાથી દરાઝ નાશ પામે છે.

## અર્બુદના ઉપાય

**सविडङ्गो यवक्षारः शुण्ठी गन्धकसंयुतः ।**
**शरटासृग्युतो लेपो द्रावयत्यर्बुदं क्षणात् ॥८५॥**
**शिग्रुमूलकबीजानि ससिद्धार्थातसी मषी ।**
**यवाम्लतक्रपिष्टानि घ्नन्ति लेपेन चार्बुदम् ॥८६॥**
**उत्तुण्डं कितवं मूलमुत्तरं विधिनोद्धृतम् ।**
**अर्बुदं गण्डमालां च सुदृढां हन्ति लेपतः ॥८७॥**

૧. વાવડીંગ, જવખાર, શુંઠ, ગંધક–એ સર્વના ચૂર્ણને કાચંડાના લોહીમાં મેળવી લેપ કરવાથી એક ક્ષણમાં અર્બુદ પીગળી જાય છે.

૨. સરગવાનાં બીજ, મૂજાનાં બીજ, સરસવ, અળસી, એલચી–એ સર્વને જવની કાંજી તથા છાશમાં વાટીને લેપ કરવાથી અર્બુદ રોગ નાશ પામે છે.

૩. પોતાના ઘરથી ઉત્તર દિશાએ ઉગેલા ઊંચા મોઢાના ફૂલવાળા ધંતુરાનું મૂળ વિધિપૂર્વક લાવીને લેપ કરવાથી ઘણી કઠણ ગંડમાળા તથા અર્બુદ મટે છે.

## રક્તપિત્ત વગેરેના પ્રતીકાર

**रक्तपित्तमपस्मारः पाण्डुरोगोऽग्निदीपनम् ।**
**वह्निदग्धप्रतीकारवातपित्तामंमारुतः ॥८८॥**
**सूचिता इह शब्देनामूत्रसूत्रे समासतः ।**
**तेषां प्रतिक्रियां वच्मि शास्त्रदृष्ट्या यथाक्रमम् ॥८९॥**

રક્તપિત્ત, અપસ્માર, પાંડુરોગ, જઠરાગ્નિનું પ્રદીપન, અગ્નિમાં દાઝેલાના ઉપાય, વાત્તપિત્ત, આમવાયુ–એ રોગો આ ગ્રંથમાં પાછળ સંક્ષેપમાં શબ્દમાત્રે કરીને સૂચવેલ છે. એ રોગના ઉપાય હવે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અનુક્રમે કહું છું.

## રક્તપિત્તના ઉપાય

**वातकस्वरसश्चैव शर्करा मधमिश्रिता ।**
**कामलं रक्तपित्तं च पीतो हन्ति दिनत्रयं ॥९०॥**
**विषपत्राणि निष्पिष्य रसः समधुशर्करः ।**
**पीतोऽनेन शमं याति रक्तपित्तं सुदारुणम् ॥९१॥**
**पक्वोदुंबरकाश्मर्यपथ्याखर्जूरगोस्त्रनी ।**
**मधुना घ्नन्ति संलीढा रक्तपित्तं पृथक् पृथक् ॥९२॥**
**वासको मधुना मिश्रो भक्षितो रक्तपित्तहृत् ।**

૧. ગરણીનો સ્વરસ, સાકર તથા મધ સાથે મેળવીને ત્રણ દહાડા પીવાથી કમળો અને રક્તપિત્ત મટે છે.

૨. વિષપત્ર (ઇંદ્રવારણીનાં પાનાં ?)ને વાટીને તેનો રસ મધ તથા સાકર સાથે પીવાથી મહાદારૂણ રક્તપિત્ત શમી જાય છે.

૩. પાકાં ઉમૈડાં, શીવણનું ફળ (કે કાયફળ ?), હરડે, ખજૂર, દ્રાક્ષ–એ સર્વેનું કલ્ક કરીને મધ સાથે ચાટવાથી રક્તપિત્ત મટે છે.

૪. અરડૂસાનો રસ મધ સાથે પીવાથી રક્તપિત્ત મટે છે.

## પાંડુરોગના ઉપાય

**मधुयष्टि सितायुक्ता पाण्डुरोगविनाशनी ॥९३॥**

फलत्रिकामृतावासा तिक्ताभूनिम्ब निम्बजः ।
क्वाथो मधुयुतो हन्ति पाण्डुरोगं सकामलम् ॥९४॥

૧. સાકર સાથે જેઠીમધ ખાવાથી પાંડુરોગ નાશ પામે છે.

૨. હરડે, બેઢાં, આમળાં, ગળો, અરડૂસો, કડુ, કરિયાતુ, લીમડો– એ ઔષધોનો ક્વાથ મધ સાથે પીવાથી કમળા સહિત પાંડુરોગનો નાશ કરે છે.

## પાંડુરોગનાં લક્ષણો

कृष्णाभो वातपाण्डुः स्यात्तदुपद्रवसङ्गतः ।
पित्तपाण्डुश्च तद्रोगी पीतमूत्राक्षिविट्छविः ॥९५॥
श्वेताभं कफपाण्डुत्वं तद्विकारानुबन्धि च ।
विज्ञेयः सर्वरूपश्च पाण्डुरोगस्त्रिदोषजः ॥९६॥

વાયુથી થયેલા પાંડુરોગીનો વર્ણ કાળો હોય છે, તથા વાયુના ઉપદ્રવ પણ તે સાથે જોવામાં આવે છે, પિત્તપાંડુવાળા રોગીનાં મૂત્ર, નેત્ર, ઝાડો, અને વર્ણ પીળાં હોય છે, કફપાંડુ રોગીનો વર્ણ ધોળો હોય છે તથા બીજા કફના ઉપદ્રવો પણ તે સાથે જણાય છે. જે પાંડુરોગમાં બધા દોષનાં ચિહ્ન જોવામાં આવે તેને ત્રિદોષપાંડુ કહે છે.

## અસાધ્ય પાંડુરોગીનાં લક્ષણો

रक्तक्षयान्वितः क्षीणः छर्दि शोफाद्युपद्रुतः ।
पीतभावसमालोकी पाण्डुरोगी त्यजत्यसून् ॥९७॥

જે પાંડુરોગવાળાના શરીરમાંથી લોહી કમી થઇ ગયું હોય, શરીરે સૂકાઇ ગયો હોય, ઉલટી–સોજો વગેરે ઉપદ્રવો થયા હોય, અને તમામ પદાર્થને પીળા જોતો હોય, તે પાંડુરોગી મૃત્યુ પામે છે.

## અપસ્મારના ઉપાય

केशरीमूलसङ्घृष्टसौवीरीमूलनस्यतः ।
अपस्मारः शमं याति यथा दुष्टो निपीडितः ॥९८॥
यष्टि हिंगु वचा चक्रा शिरीष लशुनामयैः ।
आजमूत्रैरपस्मारो सोन्मादे नावनाञ्जने ॥९९॥

शङ्खपुष्पी वचा कुष्टैः सिद्धं ब्राह्मीरसे घृतम् ।
पुराणं हन्त्यपस्मारं सोन्मादं मेध्यमुत्तमम् ॥१००॥
कुष्माण्डकरसे सिद्धं षोडशांशं सयष्टिकम् ।
घृतं जयत्यपस्मारं सिद्धाख्यं नामनामतः ॥१०१॥
सुमनाताक्ष्र्यजं विश्वा शकृत्पारापतस्य च ।
अञ्जनं हन्त्यपस्मारं सोन्मादं च विशेषतः ॥१०२॥
शिग्रुकुष्टशिलाजीरलशुनव्योषहिङ्गुभिः ।
बस्तमूत्रे सृतं तैलं नावनं स्यादपस्मृतौ ॥१०३॥
हरिद्रा हिङ्गु निर्गुण्डीमूलस्य रसनावनात् ।
उन्मादादप्यपस्मारान्मानवो मुच्यते ध्रुवम् ॥१०४॥

૧. જેમ દુષ્ટ માણસને પીડા કરવાથી તે શમી જાય છે તેમ, બીજોરાના મૂળ સાથે બોરડીનું મૂળ ઘસીને તેનું નસ્ય આપવાથી અપસ્માર શમી જાય છે.

૨. જેઠીમધ, હિંગ, વજ, કાકડાસીંગ, સરસવૃક્ષ, લસણ, ઉપલેટ–એ ઔષધોને બકરાના મૂત્રમાં વાટીને પાણી ગાળી લેઇ તેનાં ટીપાં નાકમાં નાખવાથી તથા આંખમાં આંજવાથી અપસ્માર તથા ઉન્માદ રોગ મટે છે.

૩. શંખાવળી, વજ, ઉપલેટ–એ ઔષધોના કલ્ક વડે બ્રાહ્મીના રસમાં ઘી સિદ્ધ કરવું. એ ઘી ઘણા કાળના જૂના અપસ્મારને તથા ઉન્માદ રોગને મટાડે છે. વળી તે બુદ્ધિ વધારવામાં પણ ઉત્તમ છે.

૪. કોહોળાના રસમાં જેઠીમધના કલ્ક સહિત સોળમે ભાગે ઘી નાખીને તે સિદ્ધ કરવું. એ સિદ્ધઘૃત કહેવાય છે અને તે અપસ્મારને મટાડે છે.

૫. મોટો કરંજ, રસાંજન, શુંઠ, કબુતરની હગાર–એ ઔષધોનું અંજન કરવાથી અપસ્માર મટે છે, અને ઉન્માદ (ઘેલછા) વિશેષે કરીને મટે છે.

૬. સરગવો, ઉપલેટ, મનશિલ, જીરૂં, લસણ, શુંઠ, પીપર, મરી, હીંગ–એ ઔષધોનું કલ્ક કરી તે વડે બકરાના મૂત્રમાં તેલ પકવવું. એ તેલનાં નાકમાં ટીપાં નાખવાથી અપસ્માર મટે છે.

૭. હળદર, હીંગ અને નગોડના મૂળનો રસ એકત્ર કરીને તેનાં ટીપાં નાકમાં નાંખવાથી મનુષ્ય અપસ્મારથી તથા ઉન્માદથી જરૂર છૂટે છે.

## ભૂખ લાગવાનું ચૂર્ણ

यवक्षारान्विताशुण्ठीचूर्णं लीढं घृतान्वितम् ।
उष्णेन वारिणा पीतमेतच्चूर्णं क्षुधाकरम् ॥१०५॥
यवानी व्योष सिन्धूत्थजीरकद्वयहिङ्गुभिः ।
हिङ्ग्वष्टकमिदं साज्यं भुक्तं वातजिदग्निकृत् ॥१०६॥
कणा सिन्धुशिवावह्निचूर्णमुष्णेन वारिणा ।
पीतं प्रातः क्षुधं कुर्यात्पावकस्यातिदीपनं ॥१०७॥
विडङ्गवह्निभिल्लात गडूची गुडनागरैः ।
समांशैः ससितैर्लेहो जठरानलदीपनः ॥१०८॥
कपित्थचक्रचाङ्गेरीमरिचाजाजिचित्रकैः ।
कफवातहरो ग्राही बल्यो दीपन-पाचनः ॥१०९॥
धान्यजीरकसंसिद्धं घृतमग्निविवर्द्धनम् ।
रोचनं दोषशमनं वातपित्तविनाशनम् ॥११०॥

૧. જવખારની સાથે શુંઠનું ચૂર્ણ ઘી સાથે ચાટવું. અથવા એજ ચૂર્ણ ગરમ પાણી સાથે પીવું, તેથી ભૂખ ઉઘડે છે.

૨. જવાન (અજમો), શુંઠ, પીપર, મરી, સિંધવ, જીરૂં, શાહજીરૂં, હીંગ–એ આઠ ઔષધોના ચૂર્ણને હિંગ્વષ્ટક કહે છે. એ ચૂર્ણ ઘી સાથે ખાવાથી વાયુ મટે છે તથા જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે.

૩. પીપર, સિંધવ, હરડે, ચિત્રો–એ ચાર ઔષધોનું ચૂર્ણ ગરમ પાણી સાથે સવારમાં પીવાથી ભૂખ ઉત્પન્ન થાય છે તથા જઠરાગ્નિ અતિશય પ્રદિપ્ત થાય છે.

૪. વાવડીંગ, ચિત્રો, ભિલામા, ગળો, ગોળ, શુંઠ અને ધોળા તલ–એ સર્વનો અવલેહ કરીને ચાટવાથી જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે.

૫. કોઠું, તગર, લૂણી, મરી, જીરૂં, ચિત્રો, ઔષધો વડે અવલેહ–બનાવી ચાટવાથી કફ અને વાયુ નાશ પામે છે, ઝાડાનો કબજો થાય છે, બળ ઉત્પન્ન થાય છે, જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે તથા મળનું પાચન થાય છે.

૬. ધાણા અને જીરાનું કલ્ક કરી તેમાં ઘી સિદ્ધ કરી તે ખાવાથી

જઠરાગ્નિની વૃદ્ધિ થાય છે, રૂચિ ઉત્પન્ન થાય છે, દોષ શમે છે અને વાતપિત્તનો નાશ થાય છે.

## વહ્નિદગ્ધ પ્રતીકાર.

**सिक्थं सर्जरसो जीरं घृतपक्वं त्रयं हरेत् ।**
**लेपतो वह्निदग्धस्य वेदनामतिवेगतः ॥१११॥**
**तिलतैलं यवा दग्धा एतल्लेपेन निश्चितम् ।**
**वह्निदग्धो व्रणो रोहं याति दुःखं प्रशाम्यति ॥११२॥**

૧. મીણ, રાળ, જીરૂ–એ ત્રણને ઘીમાં પક્વ કરીને તેનો લેપ કરવાથી દેવતામાં દાઝેલાની વેદના તત્કાળ મટી જાય છે.

૨. બાળેલા જવની રાખોડી તલના તેલમાં મેળવીને ચોપડવાથી અગ્નિથી દાઝવાથી જે વ્રણ થયું હોય તે રૂઝે છે તથા પીડા શમી જાય છે.

## વિષના ઉપાય

**वन्ध्याकर्कोटिकामूलं छागमूत्रेण भावितम् ।**
**नस्यं काञ्जिकसम्पिष्टं विषोपहृतचेतसाम् ॥११३॥**
**मूलत्वक्पत्रपुष्पाणि बीजं चेति शिरीषजम् ।**
**गोमूत्रचूर्णितं ह्येतद्भेषजं विषनाशनम् ॥११४॥**
**मरिचं निम्बपत्राणि सैन्धवं मधुसर्पिषा ।**
**घ्नन्ति सर्वाणि वेगेन विषं स्थावरजङ्गमम् ॥११५॥**
**रजनीसैन्धवक्षौद्रसंयुतं घृतमुत्तमम् ।**
**पानं शूलविषार्त्तस्य सर्पदष्टस्य चेष्यते ॥११६॥**
**स्वेदं वेपथुरोमाञ्चौ शरीरे वृश्चिकोद्भवम् ।**
**सद्यः सैन्धवपानं च घृतयुक्तं विनाशयेत् ॥११७॥**
**तिलतैलं गुडं चार्कक्षीरेण सह लोडयेत् ।**
**योज्यं शुनकदंशे तु सर्पोत्थविषनाशनम् ॥११८॥**
**तालनिम्बदलं केशाश्चूर्णं तैलं तथा घृतम् ।**
**धूपो वृश्चिकविद्धस्य शिखिपत्रघृतेन वा ॥११९॥**

૧. વાંઝણી કંટોલીનું મૂળ લાવીને તેને બકરાના મૂત્રની ભાવના આપવી. પછી તેને કાંજીમાં વાટીને ઝેરથી મૂર્છિત થયેલા માણસને તેનું નસ્ય આપવું (સુંઘાડવું-નાકમાં ટીપાં નાંખવાં), તેથી ઝેર ઉતરે છે.

૨. સરસના ઝાડનાં મૂળ, છાલ, પાંદડાં, ફૂલ અને બીજ–એ સર્વેને ગાયના મૂત્રમાં વાટીને તેનું નસ્ય આપવું, તેથી ઝેર ઉતરે છે.

૩. મરી, લીમડાનાં પાંદડાં, સિંધવ–એ સર્વને મધ તથા ઘી સાથે ખવરાવવાથી સ્થાવર તથા જંગમ વિષ નાશ પામે છે.

૪. હળદર અને સિંધવ, મધ તથા ઘીમાં નાખીને સાપે ડશેલા માણસને પાવું. તેથી શૂળ સહિત ઝેરની વેદના નાશ પામે છે.

૫. વીંછી કરડવાથી શરીરે પરસેવો વળે છે, શરીર ધ્રુજે છે અને રૂવાં ઉભાં થાય છે. તેવા માણસને તરત જ સિંધવ તથા ઘી પાવાથી વીંછીની વેદના નાશ પામે છે.

૬. તલનું તેલ, ગોળ અને આકડાનું દૂધ–એ સર્વે મેળવીને એકત્ર કરવું. પછી કૂતરાના દંશ ઉપર લગાવવું. વળી આ ઔષધ સાપના ઝેરને પણ નાશ કરનારૂં છે.

૭. તાડનાં પાંદડાં, લીમડાનાં પાંદડાં, વાળ એ સર્વેનું ચૂર્ણ કરીને તેમાં તેલ તથા ઘી મેળવીને વીંછી કરડયો હોય તે જગોએ ધૂપ દેવો. અથવા મોરનાં પીંછાં અને ઘીનો ધૂપ દેવો.

## ગ્રંથિને ફાડવાનો લેપ

**कपोतपक्षिविट्युक्तक्षारो ग्रन्थिविदारणः ।**
**दन्तीचित्रकमूलार्कत्वक्स्नुहीपयसा गुडः ॥१२०॥**

૧. હોલાની હગાર અને જવખાર ગાંઠને ફાડે છે. તેમજ દંતીમૂળ, ચિત્રો, આકડાની છાલ, થોરનું દૂધ અને ગોળ–એ સર્વેનો લેપ પણ ગાંઠને ફાડે છે.

## વ્રણશોધન લેપ

**तैलं सैन्धवयष्ट्याह्वनिम्बपत्रनिशायुतैः ।**
**तृवृत्घनयुतैः पिष्टैः प्रलेपाद्व्रणशोधनः ॥१२१॥**

૧. સિંધવ, જેઠીમધ, લીંમડાનાં પાંદડાં, હળદર, નસોતર, મોથ–એ

સર્વે તેલમાં વાટીને તેનો લેપ કરવાથી વ્રણ (ચાંદુ) પાકીને તેમાંથી પરૂ વગેરે નીકળી જઇ તે શુદ્ધ થાય છે.

## ગ્રંથ સમાપ્તિ

**मुक्ताफलैरिव घनैः शुचिभिः सुवृत्तै–**
**रापूरिता विमलकाव्यगुणैस्तु युक्ता ।**
**श्रीकण्ठपण्डितकृतिर्बुधकन्धरासु,**
**मुक्तावलीव लुठतां रुचिरा चिराय ॥१२२॥**

આ શ્રીકંઠ પંડિતની કૃતિ નક્કર, નિર્મળ અને ગોળાકાર મોતીથી બનાવેલી મોતીની માળાની પેઠે નિર્મળ કાવ્યના ગુણોએ કરીને યુક્ત છે, એ ગ્રંથરૂપ કૃતિ પંડિતોના કંઠમાં સુંદર મોતીની માળાની પેઠે ઘણાકાળ સુધી આળોટો મતલબ કે શોભો.

**इति परमजैनाचार्यश्री श्रीकण्ठविरचिते उमास्वातिवाचकशिष्यशोधिते हितोपदेशनाम्नि बालस्त्रीरोगशस्त्रघातनाडीविसर्पकण्डूदद्‌रूरक्तपित्ताऽपस्मारपाण्डुरोगवह्निदीपनवह्निदग्धश्वेतपित्तसर्पविषकन्दविषवृश्चिक-विषप्रतीकारनामा दशमः समुद्देशः ॥१०॥**

## समाप्तम्

# રસાયનો

## હિંગળોકમાંથી પારો કાઢવા વિશે.

એક શેર ચોખ્ખો રૂમી હિંગળોકનો ગાંગડો લેવો, અને તેની આસપાસ પાંચશેર ચીથરાં લપેટી એક મજબૂત દડો બનાવવો, પછી એક મોટું માટલું ભાંગી નાંખી તેમાંથી એક ઠીબ કહાડી લઇ તે ઠીબમાં ત્રણ બાજૂએ ત્રણ ઇંટો મૂકવી અને તેની ઉપર પેલો દડો મૂકવો. ત્યારબાદ એક માટીની પાકી હાંલ્લી લેવી, અને તેને અંદરથી ચૂના વડે ધોળી નાંખવી, પછી તેને તે દડા ઉપર ઉંધી મૂકવી, એવી રીતે જે તે દડાનું મુખ ઢંકાઇ જાય અને બહારની હવા તેને મળી શકે. દડાની આસપાસ ચારે તરફ ઘાસલેટ સાધારણ રીતે ચોપડવું ને પછી તેને સળગાવવો. પ્રથમ જે હાંલ્લી બતાવી છે તેના ઉપર એક ટૂવાલ ભીનો કરી ગડી વાળી મૂકવો, જેમ જેમ સૂકાય તેમ તેમ પાણી નાંખી ભીનો રાખવો. દડાને સળગતો આખી રાત રહેવા દેવો. પછી સવારે તેમાંથી જે પારો નીકળ્યો હોય તે તથા પેલી રાખોડીને બે ચાર વાર ધોવાથી જે કંઇ પારો નીકળે તે અને હાંલ્લીમાં ચોંટ્યો હોય તે સર્વ ઉખાડી લેવો. આ પ્રમાણે હિંગળોકમાંથી પારો નીકળે છે. (જેટલા હિંગળોકમાંથી પારો કાઢવો હોય તેનાથી પાંચગણાં ચીથરાં તેની આસપાસ લપેટવાં.)

## ત્રાંબાની ભસ્મ વનસ્પતિથી બનાવવા વિશે.

ચોખ્ખાં ત્રાંબાનાં પત્રાં આપણે જેટલી ભસ્મ કરવી હોય તેટલા વજને લેવાં. પછી તેને શુદ્ધ કરવાને માટે અગ્નિમાં ખૂબ લાલચોળ તપાવવાં, અને તે તપાવેલાં પત્રાંને કાળા ગધેડાના મૂત્રમાં એકસોને આઠ વાર બૂઝાવવાં. આથી તે ત્રાંબાનાં પત્રાં શુદ્ધ થશે. પછી ધોળી અંકોલ શેર અર્ધ, ચામદૂધીની જડ અર્ધ શેર, મૂર્ઘીનાં ઇંડાનાં ખોખાં અર્ધ શેર, આ પ્રમાણે સર્વ વસ્તુઓ લઇ તેનું ચૂર્ણ કરવું. પછી તે ચૂર્ણ ત્રાંબાનાં પાશેર પત્રાંની તળે ઉપર મૂકી કોડીઆમાં સંપૂટ કરી **ગજપુટમાં** મૂકી જંગલનાં છાણાની આંચ દેવી. આથી ભસ્મ ધોળી થશે. ગજ સમચોરસ અને ગજ ઉંડા ખાડાને ગજપુટ કહે છે.

**બીજી રીત**–તાંબાના બેવડા પૈસાને ટીપાવી તેને પાતળો કરવો, પછી તેને આકડાના દૂધમાં સાત વાર લાલચોળ કરી બૂઝવવો. પછી થોરના ઉપરનાં સિંઘોડાં વાટી તેનો રસ કાઢી ઉકાળી તેમાં સાતવાર બૂઝવવો. ગળજીભીના રસમાં સાતવાર બૂઝવવો, અને ભાંગરાના રસમાં સાતવાર બૂઝવવો. પછી કોડીઆમાં ગળજીભી, ભોંયદૂધેલી, તિલકાંટો-ત્રણે વસ્તુઓ સરખે ભાગે લઇ તેને વાટી લોચો કરી વચમાં પેલો બેવડો પૈસો મૂકી સંપૂટ કરી સાત કપડમટ કરી જંગલનાં અડાયાંની છ પહોરની આંચ દેવાથી ધોળી ભસ્મ થશે.

## ચાંદીની ભસ્મ વનસ્પતિથી બનાવવા વિશે.

ચોખ્ખી ચાંદી એક રૂપિયા ભાર લઇ તેનું પતરૂં કલદાર રૂપિયા જેટલું કરાવવું. પછી તેને મેંદીના રસમાં સોવાર લાલચોળ તપાવી બૂઝવવું, પછી તેને પેલા રસ રહિત લોચામાં મૂકી કપડમટ કરી સો અડાયાંમાં ફૂંકી દેવું આથી ભસ્મ શુદ્ધ થશે.

## પારાની ભસ્મ વનસ્પતિથી બનાવવા વિશે

બે તોલા શુદ્ધ પારો લેવો અને બે તોલા કુંવારપાઠાનો રસ લેવો. તે બેને ખૂબ ખલ કરવાં, જ્યારે સુકાઇ જાય ત્યારે બીજો બે તોલા રસ નાંખવો. એમ સાઠ વાર કરવું. પછી તેને કાચની મજબૂત સીસીમાં ભરવો અને તેને મોંઢે મજબૂત મુદ્રા કરવી. પછી તેને વાલુકાયંત્રમાં મૂકી બાર પહોર આંચ દેવી. તીવ્ર, મધ્યમ અને અલ્પ ચાર ચાર પહોરની આંચ દેવી. પારાની ભસ્મ થશે.

**બીજી રીત**–શુદ્ધ પારો લેવો, પછી તેને લાજુલાડીના રસમાં ઘણીવાર સુધી ખલ કરવો–જ્યાં સુધી દેખાય નહીં ત્યાં સુધી ખલ કરવો. પછી તેને મૂષમાં મૂકી તેના ઉપર તેનો જ રસ રેડવો. મૂષ બંધ કરી મુદ્રા કરી બશેર છાણાંની આંચ દેવી. ભસ્મ થશે.

## સોમલની ભસ્મ વનસ્પતિથી બનાવવા વિશે.

સોમલ તોલો એક, હડસાંકળ તોલા દશ–કૂટી લૂગદી કરી તેમાં સોમલ મૂકવો. અડધો કલાક રાખી મૂકી અચ્છેર અડાયાની આંચમાં ફૂંકવું.

**બીજી રીત**–આકડાના દૂધમાં લૂગડું ત્રણ દિવસ પલાળી રાખવું. પછી તેમાં એક તોલો સોમલ મૂકવો. અચ્છેર અડાયાંની આંચ દેવી. ભસ્મ થશે.

## શીસાની ભસ્મ વનસ્પતિથી બનાવવા વિશે

અચ્છેર સીસું ગાયના મૂત્રમાં, તેલમાં તથા છાશમાં સાતવાર શોધવું એટલે શુદ્ધ થશે. પછી તેને લોખંડની કઢાઇમાં નાંખવું અને નીચે આંચ કરવી. પીગળે એટલે તેને કુંવારપાઠાના મૂળથી ખૂબ ઘસવું. એમ બે ત્રણ દિવસ કરવું એટલે ભસ્મ થશે. પછી તે ભસ્મને કુંવારના રસમાં ખલ કરી પચાસ પૂટ દેવા. દરેક પૂટે પાંચ શેરની આંચ કરવી, ભસ્મ થશે.

## હરતાલ ભસ્મ વનસ્પતિથી બનાવવા વિષે

વરખીઆ હડતાલ એક તોલો લેવી. તેને ત્રણ ત્રણ દિવસ સુધી તેલમાં, છાશમાં તથા ગાયના મૂત્રમાં પલાળી મૂકવી. પછી ઝીંઝોટાની ભસ્મ શેર દશ કરી એક માંટલામાં પાંચ શેર ભરવી, તેની વચમાં કોડીઆમાં સંપૂટ કરી પેલી હડતાલ મૂકવી. પછી ઉપર પાછી પાંચ શેર ભસ્મ ભરવી. માટલાનું મૂખ બંધ કરવું. બાર પહોરની આંચ દેવી. ભસ્મ થશે.

# ઉપયોગી ચૂર્ણો

## લાક્ષાદિ ચૂર્ણ

લાખ, હરડે, મજીઠ, હળદર, બેઢાં, આમળાં, દેવદાર, સુંઠ, રીંગણી, ભોંયરીંગણી, ગોખરૂ, બીલીમૂળ, અરણીમૂળ, ટીંટૂમૂળ, મોથ, અઘાડો, લીમડાનાં પત્ર, એરંડામૂળ, વાવડીંગ, ચિત્રો, દાંતિ, પીપર, મરી, રસાંજન, તેજવતી, લોધર–આ સર્વ ઔષધી સમાન ભાગે લઇ તેનું ચૂર્ણ કરી મધમાં બોર જેવડી ગોળી બાંધવી. સવારમાં એક ગોળી લેવી, તેનાથી દાંતરોગ, મુખરોગ અને ગળાના રોગ મટે છે. એક માસ પર્યંત એ ચૂર્ણ ગાયના મૂત્રમાં એક તોલો સવારે ને એક તોલો સાંઝે ફાકે તો કોઢમાત્રનો નાશ કરે છે.

## વૈશ્વાનર ચૂર્ણ

સિંધવ, યવાની, પીપરીમૂળ, અજમો, પીપર, સુંઠ, હરડે–એ સર્વનું ચૂર્ણ સાત દિવસ ઉન્હા પાણીમાં ફાકવાથી પાર્શ્વશૂળ, બસ્તિશૂળ, યોનિશૂળ, વાયુરોગ વગેરે મટે છે.

## બિભીતકાદિ ચૂર્ણ

બેઢાં, અતિવિષ, નાગકેશર, નાગરમોથ, પીપર, ભારીંગ, સુંઠ, મરી, રસાંજન, તેજવતી, ત્રિફલા, લોધર–સર્વનું ચૂર્ણ કરી મધમાં ગોળી બોર જેવડી કરવી. સવારે એક ખાવી. દાંતરોગ અને ગળાના રોગને મટાડે.

## નવરસાદિ ચૂર્ણ

હરડે, બેઢાં, આમળાં, સુંઠ, મરી, પીપર, વાવડીંગ, મોથ, ચિત્રો–એ બધી વસ્તુઓ સરખે ભાગે લેવી, લોહભસ્મ ચાર તોલા લેવી. પછી તેને મધ અને ઘીમાં ચણા જેવડી ગોળી વાળવી, એ ગોળી સવારે એક લેવી, તેથી પાંડુરોગ, હૃદયરોગ, અર્શ, કુષ્ટરોગ, કમળો વગેરે મટે છે.

## વ્યોષાદિ ચૂર્ણ

સુંઠ, મરી, પીપર, વાવડીંગ, સમુદ્રલવણ, કાચલવણ, બિડલવણ, સિંધવ, સંચળ, જીરૂ, હરડે, જવખાર, ચવક, ચિત્રો, પીપરીમૂળ, નસોતર–એ

બધી વસ્તુઓ સમાન ભાગે લેવી, અને પંચ લવણ ચોથા ભાગે લેવાં. પછી તેનું ચૂર્ણ કરવું. એ ચૂર્ણ અડધો તોલો ઉન્હા પાણીમાં લેવાથી વાયુને મટાડે છે, અને અતિ ભૂખ લાગે છે.

## ત્રિજાતાદિ ચૂર્ણ

તજ, તમાલપત્ર, એલચી, વાવડીંગ, ગળો, દાણા લાખ, સુંઠ–હળદરના ગાંઠીઆ, લીંબડાની અંતર છાલ, પીપર, સવા, સોનામુખી, ભાંગરો, ધાણા, હરડે, બેઢાં, આમળાં–સર્વ વસ્તુઓ સમાન ભાગે લેવી. તેમાં સોનામુખી સર્વનું અર્ધ લેવી. ચૂર્ણ કરી સાકરમાં સવારે તથા સાંઝે ફાકવું. એ ઔષધ લોહીવિકારને મટાડે છે તથા કોઢને સાફ કરે છે.

## ષોડશાંગ ચૂર્ણ

કરીઆતું, લીંબડાની છાલ, કડૂ, ગળો, હરડે, મોથ, ધમાસો, ત્રાહીમાણ, રીંગણી, કાકડાસીંગ, સુંઠ, પીતપાપડો, પ્રિયંગુ, પટોળ, પીપર, અને કચૂર–એ સર્વ સમાન લેઇને તેનું ચૂર્ણ પાણી સાથે લેવું, તેથી તાવ મટે છે.

## અરિષ્ટાદિ ચૂર્ણ

લિંબડાની છાલ, મરી, પીપર, સુંઠ, હરડે, બેઢાં, આમળાં, સંચળ, સિંધવ, બિડલવણ, જવખાર, સાજીખાર, યવાની, અજમોદ–એ સમાન ઔષધિનું ચૂર્ણ સાત દિવસ ઉન્હા પાણીમાં ફાકવાથી સર્વ તાવને મટાડે છે.

## શૃંગ્યાદિ ચૂર્ણ

કાકડાસીંગ, સુંઠ, મરી, પીપર, હરડે, બેઢાં, આમળાં, રીંગણી, ભારીંગ, પુષ્કર મૂળ, પંચલવણ, એ સહુનું સમાન ભાગે ચૂર્ણ કરી ઉન્હા પાણીમાં ફાકવું, તેથી શ્વાસ, ઉર્ધ્વવાતકાસ, પીનસ–એ રોગને મટાડે છે.

## ઉદરવિજય ચૂર્ણ

બાલબીલી, અજમોદ, વજ, ચિત્રો, હિંગ, વછનાગ, અતિવિષ, સવા, ચવક, પંચલવણ, પીપરીમૂળ, જવખાર, ઇંદ્રજવ, શુંઠ, મરી, પીપર, હરડે, બેઢાં, આમળાં, તજ, તમાલપત્ર અને એલચીનું ચૂર્ણ કરી ઉન્હા પાણીમાં અર્ધો તોલો દીવેલ નાંખીને આપવું, એથી સંગ્રહણી, પાંડુરોગ, શ્વાસ અને શૂળને મટાડે છે.

## વિશ્વાદિ ચૂર્ણ

શુંઠ, સંચળ, પુષ્કરમૂળ અને હિંગ, સમમાત્રા ચૂર્ણ ઉન્હા પાણીમાં લેવું તેથી હૃદય શૂળ મટે છે.

## ગંગાધર ચૂર્ણ

અજમોદ, મોચરસ, શુંઠ અને ધાવડીનાં ફૂલનું–સમમાત્રા ચૂર્ણ ગાયની છાશના પાણીમાં લેવું, તેથી અતીસાર મટે છે.

## એલાદિ ચૂર્ણ

એલચી, પાષાણભેદ, શિલાજીત અને પીપરનું સમમાત્રા ચૂર્ણ ચોખાના ધોવણમાં લેવું, તેથી પ્રમેહ મટે છે.

## લવંગાદિ ચૂર્ણ

લવીંગ, કંકોલ, પીપર, સુંઠ, ચંદન, એલચી, મોથ, વંશરોચન, વીરણવાળો, નાગકેસર, જાયફળ, કપૂર, છડ, સતાવરી, ગોખરૂ, આસંધ, ગળોસત્વ અને તગરનું સમમાત્રા ચૂર્ણ સાકરમાં લેવું, તેથી સર્વે પ્રમેહ મટે છે.

## કાયફલાદિ ચૂર્ણ

કાયફળ, પુષ્કરમૂળ, ભારિંગ, કાકડાસીંગ–એ ઔષધીનું સમમાત્રા ચૂર્ણ મધમાં તથા આદા(દુ)ના રસમાં લેવું, તેથી કફરોગ મટે છે.

## શ્રીખંડાદિ ચૂર્ણ

કેસર, મરી, જાયફળ, લવંગ, દ્રાક્ષ, તજ, તમાલપત્ર, રતાંજળી, વાળો, જેઠીમધ, હળદર, શુંઠ, પીપર, પીપરીમૂળ, ધાણા, જીરૂં, નાગકેસર, કમળકાકડી અને ખારેકનું સમમાત્રા ચૂર્ણ કરી સાકર મેળવી, અડધો તોલો લેવું. તેથી શ્વાસ, કંઠશોષ, જ્વર, પ્રમેહ, લોહીવિકાર અને અતીસાર મટે છે તથા શરીરને પુષ્ટિ થાય છે.

# ઉપયોગી ગોળિયો

## અમૃતપ્રભા ગુટી

લવીંગ, જાયફળ, કેસર, અકલકરો, કઉચાં, કાળીમૂશળી, સુંઠ, તજ, અફીણ, કનકબીજ, ખેરસાર, કપૂર–એ દરેક વસ્તુ એક એક તોલો લેવી, કસ્તૂરી ચારમાસા લેવી, પછી તેનું બારીક ચૂર્ણ કરી નાગરવેલના પાનના રસમાં ગોળી ચણોઠી જેવડી વાળી સૂકવવી. એ ગોળી વીર્યસ્તંભન કરે છે. પથ્ય-ગહુનું અન્ન ખાવું.

## ચિંતામણી રસ ગુટી

જીરૂ, પીપર, સુંઠ, પંચલવણ, મરી, ગંધક, અભ્રક, સાજીખાર, પારો, વછનાગ–એ સહુનું સમમાત્રા ચૂર્ણ કરી, આદાના રસની ભાવના સાત અને નાગરવેલના પાનના રસની ભાવના સાત દેવી. ચણાના જેવડી ગોળી કરવી. આમજ્વરમાં તુળશીના રસમાં આપવી, તાવમાં જીરામાં આપવી, સન્નિપાતમાં પીપરમાં આપવી, પ્રમેહમાં આદાના રસમાં આપવી, અને પેટના રોગમાં પાણીમાં આપવી.

## ત્રિપુરભૈરવ રસ ગુટી

શુંઠ, મરી અને પીપર સરખે ભાગે લેવાં, ટંકણ પોણો ભાગ લેવો, અને વછનાગ અર્ધ ભાગે લેવો. પછી તેનું ચૂર્ણ કરી નાગરવેલના રસની ભાવના ત્રણ દેવી. ગોળી ચણા જેવડી વાળવી. એક ગોળી લેવી. એ ગોળી સન્નિપાત, મસ્તકપીડા અને પેટપીડાને મટાડે છે.

## જ્વરાંકુશરસ ગુટી

પારો ટાં.૧, ગંધક ટાં. ૧, વછનાગ ટાં. ૧, ધંતુરાનાં બીજ ટાં. ૩, સુંઠ, મરી, પીપર, ટાં. ૧૨, એ પ્રમાણે લેઇને બીજોરાના રસમાં ગોળી વાળવી. પછી આદાના રસમાં રતી બે આપવી, તેથી તે બધા તાવને મટાડે છે. પથ્ય દૂધભાત ખાવાં, ખારૂં ખાટું ખાવું નહીં.

## આનંદભૈરવરસ ગુટી

હિંગળોક, વછનાગ, મરી, ટંકણખાર, પીપર–એ ઔષધોનું સમમાત્રા

ચૂર્ણ કરી બીજોરાના રસમાં ચાર પહોર ખલ કરવો. મરી પ્રમાણે ગોળી બાંધવી. શ્વાસ, કાસ, સન્નિપાત, સંગ્રહણી, શૂળ, પ્રમેહ, મૃગી વાયુ, છર્દિ એટલા રોગને મટાડે.

## અમરસુંદરીરસ ગુટી

સુંઠ, મરી, પીપર, હરડે, બેઢાં, આમળાં, સંભાળુ બીજ, પીપરીમૂળ, ચિત્રક, લોહ, પારો, ગંધક, વછનાગ, વાવડીંગ, અકલકરો, મોથ અને એ સર્વથી બમણો ગોળ લેઇ ચણા પ્રમાણે ગોળી બાંધવી. એ ખાવાથી એંશી પ્રકારના વાયુ, સન્નિપાત, ગુદાના રોગ અને કાસશ્વાસ, એ સર્વ મટે છે.

## ચંદ્રકલા ગુટી

એલચી, કપૂર, આમળાં, જાયફળ, સાકર, ગોખરૂ, સિંબલ ફૂલ, પારો, વંગ, લોહ અને એ બધાની બરોબર ગળો લેવી. પછી પ્રથમ ગળોમાં સિંબલફૂલ મેળવી ક્વાથ કરવો. અને ઉકળતાં શેષ રહે તેમાં પાછળ કહેલી સર્વ ઔષધીઓ નાંખી ગોળી ચણા પ્રમાણે બાંધવી. એ ગોળી દરરોજ એક ખાવાથી તે સર્વ પ્રમેહને મટાડે છે.

## બબૂલ ગુટી

પારો ટાં. ૧, ગંધક ટાં. ૧, પીપર ટાં. ૩, હરડે ટાં. ૪, બહેઢાં ટાં. ૫, અરડુસો ટાં. ૬, ભારીંગ ટાં. ૭, એ પ્રમાણે લેઇને ચૂર્ણ કરવું. પછી બાવળનો ક્વાથ કરી તેના પૂટ એકવીસ દેઇ ગોળી બાંધવી. એ ગોળી કાસ રોગને મટાડે છે.

## શંખવટી

ચાર તોલા આંબલીનો ખાર અને ચાર તોલાભાર પંચલવણ એ બેને લીંબુના રસમાં વાટવાં. પછી તે વાટેલા રસમાં ચાર તોલા શંખનાભ ઉષ્ણ કરી સાતવાર બૂઝાવવી એટલે તેની રાખ થશે. તે રાખ ચાર તોલાભાર લેઇ તેમાં એક એક તોલો શુંઠ, મરી, પીપર અને હીંગ નાખવાં. તથા પા તોલો વછનાગ, વછનાગ જેટલો પારો અને પારા જેટલો ગંધક, એ સર્વ પદાર્થો નાંખી ગોળી બોરના ઠળિયા જેવડી કરવી. આ ગોળી દરરોજ એક એક સવારમાં ખાવી. આ ગોળી ક્ષયરોગને, શૂળ રોગને, કૉલેરાને અને મંદાગ્નિને મટાડે છે.

## પ્રચેતા ગુટી

શુંઠ, મરી, પીપર, હરડે, બેઢાં, આમળાં, હિંગ, સિંધવ, કડૂ, વજ, કરંજબીજ, ધોળા સરસવ–સમ ભાગે લેઇ તેની બકરાના મૂત્રમાં ગોળી બાંધવી. આ ગોળીનું આંખમાં અંજન કરવાથી ભૂતોન્માદ અને એકાંતર જ્વર મટે છે.

## ત્રિફલા ગુટી

એલચી, તજ, તમાલપત્ર, હરડે, બેઢાં, આમળાં, સુંઠ, મરી, પીપર, એ સર્વે સમાન લેઇને તે સૌની બરોબર નસોતર લેવું. પછી તેની સાકર અને મધમાં ગોળી બાંધવી, આ ગોળી સર્વ રોગને મટાડે છે.

## ખયેરસારાદી ગુટી

બેઢાં, હરડે, ધાવડી, કાયફળ, સુંઠ, મરી, પીપર, એલચી, કાકડાસીંગ, કપૂર, પીપરીમૂળ, લવંગ અને બધાની બરોબર ખેરસાર લેઇ ચૂર્ણ કરી આદાના રસની ભાવના આપવી તથા બાવળની છાલને ઉકાળી તેની ભાવના દેવી. પછી ગોળી વાળવી. એ ગોળી કાસ, કફ, સ્વરભંગ, ઉધરસ અને ક્ષયને મટાડે છે.

## ઘોડાચોલી ગુટી

પારાને જૂની ઇંટ તથા કુંવારના રસ વડે શુદ્ધ કરવો, ગંધકને ઘી અને દૂધ વડે શુદ્ધ કરવો, પછી પારા–ગંધકનું ખલમાં ભેગાં મર્દન કરવું. શુદ્ધ નેપાળો, શુદ્ધ વછનાગ, શુદ્ધ હરતાળ, ગાયના મૂત્રમાં દોલાયંત્રવડે પચાવીએ. પછી સુંઠ, મરી, પીપર,હરડે, બેઢાં, આમળાં, ટંકણખાર–સમાન ભાગે લેઇ, વાટી ચૂનાના પાણીના પટ ત્રણ દેવા. પછી ભાંગરાના રસમાં ગોળી મગ જેવડી બાંધવી. એ ગોળી ચાર ખાંડ સાથે લેવી અને તેના ઉપર ઉષ્ણ પાણી પાંચ સાતવાર પીવું. તેથી અજીર્ણ શૂળ, સંગ્રહણી, ગુલ્મ, વાયુ, આમ વગેરે સર્વ રોગ જાય છે. આ ગોળી એક બે જુલાબ કરે છે.

## અમૃત સંજીવની ગુટીકા

હીંગલોકનો પારો ટાં. ૨, શોધેલો ગંધક ટાં. ૨, શોધેલો વછનાગ ટાં. ૧, અને મરી ટાં. ૪ લેવાં. પ્રથમ પારા ગંધકની કાજલી કરવી, પછી બીજા ઔષધોનું ચૂર્ણ કરી તેમાં મેળવવું અને તેને બ્રાહ્મીના રસની ભાવના એકવાર આપવી, પછી એકવાર ચિત્રાના રસની ભાવના આપવી. ગોળી રતી પ્રમાણે બાંધવી. આ ગોળી આદાના રસમાં આપવાથી સન્નિપાતની મૂર્છાને, અસાધ્ય સન્નિપાતને, વિષમ જ્વરને, મંદાગ્નિને અને વાયુને મટાડે છે.

## કાલારિ રસ

શુદ્ધ પારો માસા ૧૨, શુદ્ધ ગંધક મા. ૨૦, શુદ્ધ વછનાગ મા. ૧૨, મરી મા. ૨૦, લવંગ મા. ૧૬, ધંતુરાના બીજ મા. ૧૩, ટંકણખાર મા.

૨૦, જાયફળ મા. ૨૦, અને અકલકરો મા. ૧૨, લેવો. પ્રથમ પારા–ગંધકની કાજલી કરવી, પછી બીજા ઔષધોનું ચૂર્ણ કરી તેમાં મેળવવું ને ત્રણ દિવસ સુધી આદાના રસમાં ખલ કરવું, પછી લીંબુના રસમાં દિવસ ત્રણ ખલ કરવું, કેળના રસમાં ત્રણ દિવસ ખલ કરવું. આ રસ રતી એક તથા બે પ્રમાણે પાનમાં ખાય તો વાયુને તથા સન્નિપાતને દૂર કરે છે.

## શ્વાસકુઠાર રસ

એક ટાંક શુદ્ધ પારો, એક ટાંક શુદ્ધ વછનાગ, એક ટાંક ટંકણખાર, એક ટાંક ગંધક, એક ટાંક મનશીલ, આઠ ટાંક મરી અને છ ટાંક શુંઠ, મરી, તથા પીપરનું ચૂર્ણ લેવું. પ્રથમ પારા–ગંધકની કાજલી કરવી, પછી તેમાં અકેક મરી નાખતાં જવું ને ખલ કરતા જવું. એવી રીતે આઠ ટાંક મરી નંખાઇ રહે ત્યાં સુધી ખલ કરવો. પછી તેમાં ત્રીકટુનું ચૂર્ણ મેળવવું. એટલે શ્વાસકુઠાર રસ સિદ્ધ થાય છે. આ શ્વાસકુઠાર રસ એક અથવા બે રતી પાનમાં ખાવાથી અસાધ્ય એવા શ્વાસને પણ મટાડે છે, તેમજ જ્વરને પણ મટાડે છે.

## આનંદભૈરવ રસ

શુદ્ધ હીંગળોક, શુદ્ધ વછનાગ, મરી, ટંકણખાર અને પીપર એ પાંચ ઔષધોનું ચૂર્ણ કરી તેને બીજોરાના રસમાં ચાર પહોર સુધી ખલ કરવું. પછી તેની મગ પ્રમાણે ગોળી બાંધવી. આ ગોળી ખાવાથી શ્વાસ, કાસ, સન્નિપાત, સંગ્રહણી, શૂળ, પ્રમેહ, મૃગીરોગ તથા વાયુ, છર્દિ વગેરે મટે છે.

## બીજો આનંદભૈરવ રસ

શુદ્ધ હિંગળોક, શુદ્ધ વછનાગ, મરી, ટંકણખાર અને પીપર, આ બધાનું ચૂર્ણ સમભાગે કરવું ને બધાની બરોબર અફીણ મેળવવું. પછી તેની મગ પ્રમાણે ગોળી બાંધવી. આ ગોળી અસાધ્ય અતિસારને અને વાયુને પણ મટાડે છે.

## રાજમૃગાંક રસ

ત્રણ ભાગ મારેલો પારો, એક ભાગ સોનાની ભસ્મ, એક ભાગ ત્રાંબાની ભસ્મ, બે ભાગ મનસીલ, બે ભાગ ગંધક અને બે ભાગ હરતાળ– એઓનું ચૂર્ણ કરીને તે ચૂર્ણ કૉડીઓમાં ભરવું. પછી બકરાના દૂધમાં વાટેલા ટંકણથી કૉડીઓનાં મોં બંધ કરીને કૉડીઓને માટીના વાસણમાં ભરી વાસણને કપડમટી કરીને ગજપૂટમાં મૂકવું, શીતળ થયા પછી તેને કાઢી લેવું, એટલે

રાજમૃગાંક નામનો રસ સિદ્ધ થાય છે. ઓગણીસ મરી, દસ પીપર, મધ અને ઘી એઓની સાથે આ રસ ચાર રતીભાર ખાવામાં આવે તો તેથી ક્ષયરોગ મટી જાય છે.

## રામબાણ રસ

એક ભાગ પારો, એક ભાગ વછનાગ, એક ભાગ લવિંગ, એક ભાગ ગંધક, બે ભાગ મરી, અને અર્ધ ભાગ જાયફળ–આ સર્વ એકઠાં કરી આંબલીના ફળના રસથી ખૂબ વાટવાં એટલે રામબાણ રસ થાય છે. એ રસ સંગ્રહણી, આમવાયુ અને મંદાગ્નિને મટાડે છે. આ રસ મરીના અનુપાનથી આપવામાં આવે તો જઠરાગ્નિ જલદીથી પ્રદિપ્ત થાય છે. વળી એ શ્વાસ, ઉધરસ, વમન તથા કૃમિનો નાશ કરે છે.

## કૃમિકુઠાર રસ

આઠ ભાગ કપૂર, એક ભાગ કડાછાલ, એક ભાગ ત્રાયમાણ, એક ભાગ અજમો, એક ભાગ વાવડીંગ, એક ભાગ હીંગળોક, એક ભાગ નાગકેસર અને એક ભાગ ખાખરનાં બીજ–આ સર્વનું બારીક ચૂર્ણ કરી ભાંગરાના રસની અને બ્રાહ્મીના રસની ભાવના દેવી એટલે કૃમિકુઠાર સિદ્ધ થાય છે.

આ રસની એક એક વાલભારની ગોળીઓ કરવી. આ ગોળી ધંતુરાના પાંદડાની સાથે ખાવામાં આવે તો તેથી કૃમિનો નાશ થાય છે.

## ચંદ્રકલા રસ

એલચી, કપૂર, સાકર, જાયફળ, આમળાં, ગોખરૂ, સીમલાની છાલ, પારાની ભસ્મ, કથીરની ભસ્મ અને લોઢાની ભસ્મ, આ સર્વ ઔષધોને બરાબર ભાગે લઇ તેઓને ગળોના તથા સીમલાના ક્વાથની ભાવના આપી, બાર બાર ચણોઠીભારની ગોળીઓ કરવી. આ ગોળી મધની સાથે ખાવાથી સર્વ પ્રમેહ દૂર થાય છે.

## ત્રિપુરભૈરવ રસ

એક ભાગ વછનાગ, બે ભાગ સુંઠ, ત્રણ ભાગ પીપર, ચાર ભાગ મરી, પાંચ ભાગ મારેલું ત્રાંબુ અને છ ભાગ હીંગળોક, આ સર્વનું ચૂર્ણ કરવું. આ ત્રિપુરભૈરવ રસ–સન્નિપાતનો તેમજ જ્વરનો નાશ કરે છે. આ રસ અડધી રતી લેવો.

## બ્રહ્માસ્ત્ર રસ

પારાની ભસ્મ,–ટાં.૩, શુદ્ધ ગંધક,–ટાં. ૩, આ બે ઔષધની બરોબર શુદ્ધ વછનાગ લેવો અને આ બધાંની બરોબર મરી લેવાં. પછી સર્વ ઔષધીનું ચૂર્ણ કરી આદાના રસની ભાવના એકવીસવાર આપવી. આ ઔષધ એક રતી ખાય તો સન્નિપાત દૂર થાય.

## વિજયભૈરવ તૈલ

માલકાંકણી, અસાળીઓ, કાળીજીરી, અજમો, મેથી, તલ–આ સર્વ બરાબર લઇ તેનું તેલ ઘાણીમાં કઢાવીને શરીરે મર્દન કરે તો વાયુના સર્વ રોગ દૂર થાય.

## લક્ષ્મીવિલાસ તૈલ

એલચી, ચંદન, રાસ્ના, લાખ, નખલા, કપૂર, મરી, કંકોલ, મોથ, બળદાણા, તજ, દેવદાર, કાળો અગર, તગર, જટામાંસી તથા કઠ–એઓને સમભાગે લઇ તેમાં ત્રણ ઘણી રાળ નાખી તેનું ડમરૂ યંત્રથી તેલ કાઢવું, આ લક્ષ્મીવિલાસ તેલ કહેવાય છે, આ તેલ વાત વ્યાધિનો નાશ કરે છે, નાગરવેલના પાનથી મેળવી પીવામાં આવે તો જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, શરીરમાં ચોળવામાં આવે તો ક્ષયનો તથા અર્શનો નાશ થાય છે, આ તેલમાં સુગંધી પુષ્પોની ભાવના આપવામાં આવે તો તે ગંધતૈલ કહેવાય છે.

## જાત્યાદિ તૈલ

મરી, હરતાલ, નાળિયેર, આકડાનું દૂધ, કલગારી, ઝેરકચોલાં, હળદર, વછનાગ, લીંબડો, મોથ અને ઇંદ્રજવ–એઓનો ક્વાથ કરીને ક્વાથથી ચોગણા ગોમૂત્રમાં પકાવેલું તેલ જાત્યાદિ કહેવાય છે. આ તેલ લગાવવાથી વાતરક્ત મટે છે.

## લાક્ષાદિ તૈલ

તેલ, લાખનો કાઢો, અને દૂધ એઓને ચોસઠ ચોસઠ તોલાભાર લઇ તેઓનો ક્વાથ કરી તે ચતુર્થાંશ અવશેષ રહે ત્યારે તેમાં લોધર, કાયફળ, મજીઠ, મોથ, નાગકેસર, પદ્મકાષ્ટ, વાળો અને જેઠીમધ એ પ્રત્યેક પદાર્થોનું ચાર ચાર તોલાભાર વાટેલું ચૂર્ણ નાંખી અગ્નિથી પકાવી તેલને સિદ્ધ કરવું. આ તેલથી દાંતના રોગ મટી જાય છે.

# ઔષધ કલ્પના

પાછળ હિતોપદેશ ગ્રંથમાં અનેક રોગ ઉપર અનેક ઔષધો કહેવામાં આવ્યાં છે. પણ તે બનાવવાની રીત તથા તેને ખાવાની રીત વગેરે ઘણા સાધારણ વિષયો નજીવા જાણી ગ્રંથકારે પડતા મૂક્યા હોય એમ જણાય છે. તથાપિ આ ગ્રંથના વાંચનાર પૈકી ઘણાક એવા હશે કે તેમને તે સઘળું જાણવાની જરૂર હોય. એટલા માટે આ ઉપયોગી બાબત નીચે બતાવી છેઃ–

## ઔષધ બનાવવાનું માપ

ઔષધ તોલવા વિષે આ માપ લેવું, તે નીચે પ્રમાણેઃ–

| | |
|---|---|
| ૩ રાઇનો | ૧ સરસવ. |
| ૮ સરસવનો | ૧ જવ. |
| ૪ જવની | ૧ ગુંજા. |
| ૬ ગુંજાનો | ૧ માસો. |
| ૪ માસનો | ૧ શાણ. |
| ૧ શાણ = | ૩ માસા, (નિષ્ક, ધારણ, ટંક.) |
| ૧ કોલ = | ૫ માસા. |

૧ કર્ષ = ૧ તોલો.
૧ પળ = ૪ તોલા.
૧ પ્રસૃતી = ૮ તોલા.
૧ અંજલી = ૧૬ તોલા, કુડવ
૧ પ્રસ્થ = ૬૪ તોલા
૧ આઢક = ૨૫૬ તોલા
૧ તુલા = ૪૦૦ તોલા.
૧ દ્રોણ = ૧૦૨૪ તોલા.
૧ ભાર = ૮૦૦૦ તોલા.

પ્રવાહી પદાર્થ માપવાનું માપ ચાર આંગળ ઉંચું, લાંબું, પહોળું હોય તેને કુડવ કહે છે.

## ઔષધ ખાવાનું માપ

ઔષધ ભક્ષણ કરવામાં આ માપ વાપરવું.

૧૨ ગૌરસરસવ = ૧ યવ.
૨ યવ = ૧ ગુંજા.
૩ ગુંજા = ૧ વાલ.
૭ ગુંજા = ૧ માસો.
૫ માસા = ૧ શાણ.

૬ માસા = ૧ ગદ્યાણો.
૧૦ માસા = ૧ કર્ષ.
૪ કર્ષ = ૧પલ = ૪ રૂપિયાભાર.
૧૦ ટંક = ૧ પલ.
૪ પળ = ૧ કુડવ.

ઔષધ બનાવતાં પ્રવાહી પદાર્થ તથા લીલી વનસ્પતિ તથા સુકી વનસ્પતિ ગુંજાથી તે કુડવ લગી બરોબર લેવી. પ્રસ્થથી તુલા લગી સુકું ઔષધ હોય તેના કરતાં લીલું તથા પ્રવાહી બમણું લેવું. તુલાથી દ્રોણ લગી પાછું સમાન લેવું.

## ઔષધ વિચાર

તમામ જગોએ નવાં ઔષધ વાપરવાં પરંતુ વાવડીંગ, પીંપર, ગોળ, ધાન્ય, મધ, ઘી એ છ પદાર્થ જૂનાં એટલે વર્ષ ઉપરનાં લેવા.

ગળો, કડાછાલ, અરડૂસો, કોહોળું, સતાવરી, આસંધ, કાંટાસળીયો, શતપુષ્પા, પ્રસારણી–આ નવ ઔષધ લીલા જ લેવાં, પરંતુ બમણાં નહીં લેવાં, બીજાં લીલાં હોય તો બમણાં લેવાં, તેમ સૂકાં તથા નવાં લેવાં.

જે ઔષધના પ્રયોગમાં વખત ન કહ્યો હોય ત્યાં સવાર સમજવું, ઔષધીનું અંગ ન કહ્યું હોય ત્યાં મૂળ જોવું. ભાગ ન કહ્યા હોય ત્યાં સમાન લેવું, વાસણ ન કહ્યું હોય ત્યાં માટીનું લેવું, બે વાર એક ઓષડ કહ્યું હોય તો બમણું લેવું.

ચૂર્ણ, ઘી, તેલ, અવલેહ–વગેરેમાં ચંદન કહ્યું હોય તો સફેદ લેવું, ક્વાથ તથા લેપમાં રાતું લેવું.

એક વર્ષ પછી ઔષધનું બળ તથા ગુણ કમી થાય છે. ચૂર્ણ બે માસ પછી હીનવીર્ય થાય છે. ગુટીકા તથા અવરાઇ વરસ પછી હીનવીર્ય થાય છે, ઘી, તેલ–વગેરે ચાર માસ પછી ગુણહીન થાય છે.

ઔષધિઓ બે વર્ષ પછી હીનવીર્ય થાય છે, આ સર્વ ધાતુની ભસ્મ અને રસાયન, જેમ જૂનાં તેમ ગુણ વધે છે. ઔષધના પ્રયોગમાં કહેલું એકાદ ઔષધ વ્યાધિને યોગ્ય ન હોય તો તજવું તથા જે યોગ્ય હોય તે લેવું.

જે ઝાડનાં મૂળ જબરાં છે તેની છાલ લેવી, બીજાનાં મૂળ માત્ર લેવાં. જેમકે વડ વગેરે ઝાડ જબરાં છે માટે તેની છાલ લેવી, ખેર, મહુડો વગેરેની અંતર છાલ લેવી, તાલીસ વગેરેનાં પાંદડાં લેવાં, ત્રિફલા વગેરેનાં ફળ લેવાં, ધાવડી વગેરેનાં ફૂલ લેવાં, થોર વગેરેનું દૂધ લેવું.

૧ સ્વરસ (વનસ્પતિના અવયવાદિનો રસ), ૨ કલ્ક, ૩ ક્વાથ, ૪ હિંમ, ૫ ફાંટ, એ પાંચને ક્વાથ કહે છે, અને તે ઉત્તરોત્તર હલકાં છે. એટલે સ્વરસ કરતાં કલ્ક હલકું, કલ્ક કરતાં ક્વાથ હલકો, એ રીતે.

## સ્વરસ કલ્પના

કીડા, અગ્નિ વગેરેથી દૂષિત ન હોય એવી ઔષધિ આણીને તેજ વખતે કચરીને લૂગડામાં ઘાલીને રસ નીચોવવો. એ રસને સ્વરસ કહે છે. વળી બીજો પ્રકાર નીચે મુજબઃ–

સો તોલા સૂકું ઔષધ આણીને ચૂર્ણ કરીને તેનાથી બમણું પાણી લઇને માટીના વાસણમાં નાખવું. અને રાત દિવસ પલળવા દેવું. પછી બીજે દિવસે પાણી ગાળી લેવું. વળી ત્રીજો પ્રકારઃ–

લીલી વનસ્પતિ ન મળે તો સૂકી વનસ્પતિ આણીને આઠ ઘણા પાણીમાં ક્વાથ કરવો, અને ચોથો હિસ્સો પાણી રહે ત્યારે તે લેવું. સ્વરસ ભારે છે, માટે અર્ધ પલ લેવો. પણ રાત્રે પલાળી રાખીને ક્વાથ કર્યો હોય તો એક પલ પ્રમાણે પીવો.

સ્વરસમાં જે કાંઇ નાખીને પીવાનું હોય તે આઠ માસા પ્રમાણે લેવું. જેવાં કે મધ, સાકર, ગોળ, જવખાર, જીરૂ, સિંધવ, ઘી, તેલ અને બીજાં ચૂર્ણ વગેરે. સ્વરસ માત્ર અંગરસનો જ થાય છે, પણ પુટપાક તો ચૂર્ણ, ભસ્મ, રસ વગેરેનો થાય.

## પુટપાક કલ્પના

લીલી વનસ્પતી આણીને કચરીને ગોળો કરવો. પછી શીવણનાં અથવા વડનાં અથવા જાંબૂડાનાં પાનામાં તે ગોળો વીંટાળીને પછી તે ગોળા ઉપર બે આંગળ અથવા અંગુઠા જેટલો જાડો માટીનો લેપ કરવો. પછી નીચે ઉપર અડાયાં સીંચીને વચમાં તે ગોળાને મૂકીને તપાવવો. લાલચોળ દેવતાના રંગનો તે ગોળો થાય ત્યાં સુધી અગ્નિ દેવો. પછી ગોળાને બહાર કાઢીને પાનાં તથા માટી દૂર કરીને તે ગોળાને નીચોવીને રસ કાઢવો. જો વનસ્પતિ સૂકી હોય તો તેને પાણીમાં અથવા જેમાં કહ્યું હોય તેમાં વાટીને ઉપર પ્રમાણે પુટપાક કરીને પછી રસ નીચોવી કાઢવો. આ પુટપાક સ્વરસ કાઢવાના કામમાં આવે છે. એ સ્વરસ પાછળ લખેલા બીજા પરિમાણ પ્રમાણે પીવો. એ રસમાં મધ નાંખીને પીવાનું હોય તો મધ અર્ધ પલ લેવું. બીજાં ચૂર્ણ, કલ્ક, દૂધ વગેરે જે પ્રવાહી પદાર્થ નાખવાનો હોય તેનું માપ પછવાડે સ્વરસમાં કહ્યું છે, એટલું લેવું.

## ચોખાનું ધોવરામણ કાઢવાની ક્રિયા

ખાંડેલા ચોખા એક પલ લેવા. તેમાં આઠ ગણું પાણી નાખીને હાથ વતી ધોવા. પછી તે પાણી સર્વત્ર ઉપયોગમાં લેવું.

## ક્વાથ કલ્પના

ચાર રૂપિયાભાર ઔષધ લેઇને તેને થોડું થોડું કચરીને તે ઔષધ કરતાં સોળગણું પાણી તેમાં રેડવું. પછી માટીના વાસણમાં તે ઔષધ તથા પાણી નાંખીને ધીમા તાપથી ક્વાથ કરવો. આઠમો ભાગ પાણી રહે ત્યારે થોડું થોડું ગરમ રોગીને પીવા આપવું. અન્નનું સારી રીતે પચન થયું હોય તો પીવું. પીવાનું માપ બે પલ પ્રમાણે જાણવું.

ક્વાથમાં સાકર નાંખવી, તે વાયુનો રોગ હોય તો ક્વાથથી ચોથો ભાગ નાખવો, પિત્તનો વ્યાધિ હોય તો આઠમો હિસ્સો અને કફનો રોગ હોય તો સોળમે હિસ્સે સાકર નાખવી. મધ નાખવું હોય તો પિત્તના વ્યાધિમાં ક્વાથથી સોળમો હિસ્સો, વાત રોગ હોય તો આઠમો હિસ્સો અને કફ રોગ હોય તો ચોથો હિસ્સો નાખવું.

જીરૂ, ગુગળ, જવખાર, સૈંધવ, શિલાજીત, હિંગ, ત્રિકટુ (શુંઠ, મરી, પીપર,) એ પદાર્થ ક્વાથમાં નાખવા હોય તો ચાર માસા નાખવાં. દૂધ, ઘી, ગોળ, તેલ, મૂત્ર તથા બીજાં દ્રવ પદાર્થ, કલ્ક (ચટણી જેવા કરેલા), ચૂર્ણાદિક પદાર્થ દશ માસા પ્રમાણે ક્વાથમાં નાખવા.

ક્વાથ ઉકાળતી વખતે વાસણ ઉપર ઢાંકણું મૂકવાથી ક્વાથ ગુણ આપતો નથી, માટે ઉપર ઢાંકણું ઢાંકવું નહીં.

## પ્રમથ્યા વિધાન

એક પળ ઔષધ લેઇને વાટીને કલ્ક (ચટણી જેવું) કરવું. સૂકુ ઔષધ હોય તો પાણીમાં વાટીને કલ્ક કરવું. તેમાં આઠ ઘણું પાણી નાખીને બે પલ પાણી રહે ત્યાં સુધી ઉકાળવું. એને પ્રમથ્યા કહે છે. એ પીવાનું માપ બે પલ જાણવું.

## યવાગૂ કલ્પના

ચાર પળ ઔષધ લેઇને થોડુંક કચરીને તેમાં ચોસઠ પલ પાણી નાખીને

ઉકાળવું, અરધું રહે ત્યારે તે પાણી ગાળી લેવું. પછી તેમાં ચોખા વગેરે જે કંઇ કહ્યું હોય તે નાખીને ફરી ચૂલે ચઢાવવું. ખૂબ જાડું થાય ત્યારે ઉતારી લેવું. ટૂંકામાં ઔષધના ક્વાથમાં અન્ન રાંધવું. બીજી જાતની યવાગૂ થાય છે, તેમાં ચોખા વગેરે કરતાં એકલું પાણી છ ઘણું નાખીને રાંધવું.

## યૂષનું વિધાન

કલ્કનું ઔષધ સામાન્ય રીતે ચાર તોલા લઇને તેનું કલ્ક કરીને તેમાં ચોસઠ તોલા પાણી નાખીને કાંઇક જાડું થાય ત્યાં લગી ઉકાળવું, તેને યૂષ કહે છે. ઔષધમાં શુંઠ કે પીપર કહેલી હોય તો અર્ધો અર્ધો કર્ષ અથવા બન્ને મળીને અર્ધ કર્ષ પ્રમાણે લેવું. કર્ષ એટલે તોલો.

## પાન કલ્પના

ચાર તોલા ઔષધ લાવીને તેને થોડુંક કચરીને તેમાં ૨૫૬ તોલા પાણી નાંખીને અર્ધું પાણી રહે ત્યાં સુધી ઉકાળવું, પછી ગાળી લેવું, અને તરસ લાગે ત્યારે થોડું થોડું પીવું.

## ઉષ્ણોદક પાન કલ્પના

પાણીને ઉકાળીને આઠમો, ચોથો કે અર્ધો ભાગ રાખવો અથવા ખૂબ ઉકાળવું અને પછી પીવું.

## ક્ષીર પાક વિધિ

ઔષધથી આઠગણું ગાયનું દૂધ અને દૂધથી ચાર ઘણું પાણી લેવું. પછી બધું એકઠું કરીને દૂધ શેષ રહે ત્યાં સુધી ઉકાળવું. પછી તે દૂધ પીવું.

## અન્નસ્વરૂપ યવાગૂ

ચોખા તથા મગ અથવા અડદ કે તલ, એમાંથી જે દ્રવ્યની યવાગૂ કરવી હોય, તે દ્રવ્ય લઇને તેમાં છ ગણું પાણી નાખીને જાડું થાય ત્યાં લગી ઉકાળવું. તેને અન્નયવાગૂ કહે છે. એ યવાગૂ મળ વગેરેને સ્તંભન કરનારી, બળ આપનારી, શરીરને પુષ્ટ કરનારી તથા વાયુનો નાશ કરનારી છે.

## વિલેપી લક્ષણ

દ્રવ્યથી ચારગણું પાણી લેઇને તેમાં તે દ્રવ્ય ઉકાળીને લાપશી સરખી ચીકણી તથા જાડી કરવી, એને વિલેપી કહે છે. વિલેપી ધાતુની વૃદ્ધિ કરનારી, શરીર પુષ્ટ કરનારી, હૃદયને હિતકારક, મધુર તથા પિત્ત નાશ કરનારી છે.

## પેયાનું લક્ષણ

દ્રવ્યથી ચારગણું પાણી લેઇને તેમાં દ્રવ્ય ઉકાળીને પાતળું કાંજી સરખું અને થોડું ચીકણું એવું થાય, એવું કરવું, તેને પેયા કહે છે. એ પેયા ઘણી હલકી, મલાદિકનું સ્તંભન કરનારી, ધાતુ પુષ્ટ કરનારી, એવી છે. પેયા કરતાં લગરીક જાડો તે યૂષ કહેવાય છે. યૂષ બળ આપનાર, કંઠને હિતકારક, હલકો અને કફને દૂર કરનારો છે.

## ભાત કરવાનો પ્રકાર

સોળ તોલા ચોખા લેઇને તેમાં ચૌદ ઘણું પાણી નાખીને રાંધવો. પછી તેમાંથી ઓસામણ કાઢી નાંખવું. એ ભાત મધુર તથા હલકો થાય છે.

## શુદ્ધ મંડ વિધિ

ચોખા ચૌદ ઘણા પાણીમાં રાંધીને સાફ ઓસામણ કાઢવું તે ઓસામણને શુદ્ધ મંડ કહે છે. તેમાં શુંઠ તથા સિંધવ નાખીને પીવાથી અન્નનું પચન તથા અગ્નિનું દીપન થાય છે.

## ફાંટ કલ્પના

ચાર તોલા ઓષડ આણીને સારી રીતે કચરીને પછી તે ઔષધ સોળ તોલા સારી પેઠે ઉના કરેલા પાણીમાં નાખવું. પછી તે પાણીમાં તે ઓષડ ખૂબ ડખોળીને તે પાણી લૂગડા વતી ગાળી લેવું એને ફાંટ કહે છે. એ ફાંટ આઠ તોલા લાવી તેમાં મધ, સાકર, ગોળ વગેરે બીજા પદાર્થ નાખવા હોય તો જે પ્રમાણે કવાથમાં નાખવાના કહ્યા છે તે પ્રમાણે નાખવા.

## મંથ કલ્પના

ચાર તોલા ઓસડ લેઇને સારી રીતે કચરીને પછી સોળ તોલા પાણી એક લોટીમાં લેઇને તેમાં ઓસડ નાખીને ખૂબ વલોવવું. પછી તે પાણી ગાળી

લેવું. એને મંથ કહે છે, અને મંથ પીવાનું માપ આઠ તોલા છે.

## હિમ કલ્પના

ચાર તોલા ઓસડ સારૂં કચરીને ચોવીસ તોલા ઠંડા પાણીમાં રાત્રે પલાળી મૂકવું. પછી તે પાણી સવારમાં ગાળી લેવું. એ આઠ તોલા પીવું.

## કલ્ક કલ્પના

લીલું ઓસડ આણીને ચટણી જેવું બારીક વાટવું અથવા સૂકા ઔષધમાં પાણી નાખીને ચટણી જેવું ઝીણું વાટવું તેને કલ્ક કહે છે. એ ખાવાનું પ્રમાણ એક કર્ષ છે. તેમાં મધ, ઘી તથા તેલ નાખવું હોય તો કલ્ક કરતાં બમણું નાખવું. સાકર તથા ગોળ નાખવો હોય તો કલ્કની બરોબર નાખવું. દૂધ, પાણી વગેરે પ્રવાહી પદાર્થ કલ્કથી ચોગણા લેવા.

## ચૂર્ણ કલ્પના

સારૂં સુકુ ઔષધ આણીને વાટીને વસ્ત્રગાળ કરવું. તેને ચૂર્ણ કહે છે. તેનું ખાવાનું માપ એક કર્ષ છે. ચૂર્ણમાં ગોળ નાંખવો હોય તો સમાન નાખવો. સાકર બમણી નાખવી. હીંગ શેકેલી લેવી, ઘી મધ વગેરે ચીકણા પદાર્થમાં ચૂર્ણ નાખી ચાટવાનું હોય તો તે બમણાં લેવાં. દૂધ, ગાયનું મૂત્ર, પાણી વગેરેમાં ચૂર્ણ નાખીને પીવાનું હોય તો તે ચોગણાં લેવાં. ચૂર્ણ, અવલેહ, (અવરાઇ), ગુટિકા, કલ્ક, એમનું અનુપાન આ પ્રમાણે લેવું:–પિત્ત રોગ હોય તો ત્રણ પલ, વાતરોગ હોય તો બે પલ, અને કફરોગ હોય તો એક પલ, એ રીતે લેવું. ચૂર્ણને લીંબુનો રસ કે બીજા કશાના પટ દેવાના હોય તો તે રસમાં ચૂર્ણ ડૂબી જાય તેટલો રસ લેવો.

## ગોળી કરવાની રીત

ગોળ અથવા સાકર અથવા ગુગળનો પાક કરીને તેમાં ચૂર્ણ નાખીને ગોળીઓ કરવી. પાક કર્યા વગર ગોળીઓ કરવાની હોય તો ગુગળ શોધીને વાટીને તેમાં તે ચૂર્ણ મેળવીને ગોળી કરવી. અથવા પાણી, દૂધ, મધ, ઇત્યાદિ પ્રવાહી પદાર્થમાં ચૂર્ણ નાખીને ગોળીઓ કરવી. સાકરમાં ગોળીઓ કરવી હોય તો ચૂર્ણથી ચોગણી સાકર નાખીને ગોળીઓ કરવી. ગોળમાં ગોળી

બાંધવી હોય ત્યારે ચૂર્ણથી બમણો ગોળ લેવો. ગુગળ કે મધમાં ગોળી બાંધવી હોય ત્યારે તે ચૂર્ણથી સમભાગ લેવાં. પાણી, દૂધ વગેરે પ્રવાહી દ્રવ્યમાં ગોળી કરવી હોય ત્યારે ચૂર્ણથી ચોગણાં લેવાં. ગોળી કર્ષ અથવા અર્ધ કર્ષ પ્રમાણે કરવી.

## અવલેહ કલ્પના

ક્વાથ, ફાંટ વગેરેને બીજીવાર ઉકાળીને જાડો કરે છે એને અવલેહ કહે છે. એ અવલેહ ખાવાનું માપ એક પલ પ્રમાણે છે. અવલેહમાં સાકર નાખવી હોય તો ચૂર્ણથી ચારગણી નાખવી. ગોળ નાખવો હોય તો ચૂર્ણથી બમણો નાખવો. પાણી, દૂધ, મૂત્ર અને બીજા પ્રવાહી પદાર્થ ચૂર્ણથી ચોગણા નાખવા. એ અવલેહનો પાક સારો થયાની નિશાની આ પ્રમાણે છે, પાક થયો એટલે અવલેહને ચપટીમાં લઇ ચપટી ઉઘાડીએ એટલે તાર માલમ પડે છે. વળી તેને પાણીમાં નાખીએ એટલે બૂડે છે. આંગળીથી દાબીએ તો કઠણ અને ચીકણો લાગે છે. વળી તે પાકનો ગંધ, રંગ અને રસ પહેલાંના કરતાં જૂદી તરેહનો થાય છે. એ પ્રમાણે અવલેહનો પાક સારો થયાની નિશાની છે. એનું અનુપાન દૂધ, શેરડીનો રસ, પંચમૂળના ક્વાથનો યૂષ, અરડૂસાનો ક્વાથ, ઇત્યાદિક છે, તે રોગનું તારતમ્ય જોઇને યોજવું.

## ઘી તેલ વગેરે સ્નેહ કલ્પના

કલ્કનાં જે ઔષધ કહ્યાં હોય તેથી ચોગણું ઘી કે તેલ લેવું. અને તે ઘી કે તેલથી ચારગણું દૂધ, ગોમૂત્ર વગેરે જે દ્રવ પદાર્થ કહ્યો હોય તે લેવો, પછી બધું એકત્ર કરીને તળે અગ્નિ કરવો અને ફક્ત તેલ કે ઘી શેષ રહે ત્યાં લગી ઉકાળવું. એ ઘી કે તેલ ખાવાનું હોય તો પલ પ્રમાણે માત્રા જાણવી.

ક્વાથમાં સ્નેહ સિદ્ધ કરવો હોય તો ક્વાથના ઔષધથી ચાર ગણું પાણી લેઇને તેમાં ક્વાથ કરીને ચતુર્થાંશ પાણી રાખવું. તેમાં ઘી–તેલ નાખીને ફરી ઉકાળીને ઘી કે તેલ શેષ રાખવું. ગોળ વગેરે નરમ ઔષધ હોય તો ક્વાથમાં પાણી ચાર ગણું લેવું. ઔષધ કઠણ અથવા દશમૂળ વગેરે મધ્યમ હોય તો પાણી આઠ ગણું લેવું. કમળકાકડી વગેરે અત્યંત કઠણ ઔષધમાં સોળગણું પાણી લેવું. વળી કર્ષથી તે પલ સુધી ક્વાથ કરવામાં ઔષધ લેવાનું

હોય તો પાણી સોળગણું લેવું. પળથી તે કુડવ લગી ઔષધ હોય તો આઠગણું લેવું. પ્રસ્થથી ખારી પર્યંત ઔષધનો ક્વાથ કરવો હોય તો ચોગણું પાણી લેવું.

કેવળ પાણીમાં સ્નેહ સિદ્ધ કરવો હોય તો તેમાં સ્નેહનું ચતુર્થાંશ કલ્ક નાખવું. ક્વાથમાં સ્નેહ સિદ્ધ કરવાનો હોય તો સ્નેહથી ષષ્ટાંશ કલ્ક નાખવું. માંસરસમાં સ્નેહ સિદ્ધ કરવો હોય તો સ્નેહથી અષ્ટમાંશ કલ્ક નાખવું. દૂધ, દહીં કે ધંતુરાદિકના રસમાં સ્નેહ સિદ્ધ કરવો હોય તો તેમાં સ્નેહનો અષ્ટમાંશ કલ્ક નાખવું. કલ્કનો પાક સારો થાય માટે પાણી સ્નેહથી ચારગણું નાખવું. વળી સ્નેહમાં દૂધ, ગોમૂત્ર ઇત્યાદિ દ્રવ પદાર્થ પાંચ કરતાં વધારે હોય તો સ્નેહની બરોબર લેવાં. પાંચ થકી ઓછાં દ્રવ પદાર્થ હોય તો સ્નેહથી ચોગણાં લેવા. ક્વાથમાં સ્નેહ સિદ્ધ કરવો હોય તો કલ્કને દ્રવ પદાર્થમાં વાટી કલ્ક કરીને સ્નેહમાં નાખીને સ્નેહથી ચોગણું જળ રેડવું, કોઇ જગોએ ક્વાથના ઔષધનું કલ્ક કરીને સ્નેહમાં નાખીને ચોગણું પાણી રેડવું. જે સ્નેહમાં કલ્ક નથી તે સ્નેહ દ્રવ પદાર્થમાં નાખી ઉકાળીને સ્નેહ શેષ રાખવો. જે સ્નેહમાં ફૂલનું કલ્ક છે, તેમાં પાણી સ્નેહથી ચોગણું લેવું અને ફૂલનું કલ્ક સ્નેહથી અષ્ટમાંશ લેવું. સ્નેહ સારો સિદ્ધ થયાનાં લક્ષણ નીચે પ્રમાણે છે–સ્નેહમાં કલ્ક હોય છે, તે આંગળાથી દાબીએ તો તેની દીવેટ વળે છે, તે કલ્કને દેવતા પર નાખીએ તો ચરચર બોલતું નથી. વલી તેલના પાક ઉપર ફીણ આવે અને ઘીના પાક ઉપર ફીણ આવીને જતું રહે. તેમજ તે સ્નેહ સુગંધયુક્ત, રતાશ વગેરે રંગયુક્ત અને મધુર વગેરે રસયુક્ત થાય તો સ્નેહ સારો સિદ્ધ થયો એમ જાણવું. એ પાક નરમ, મધ્યમ, કઠણ ત્રણ પ્રકારનો થાય છે. સ્નેહમાં કલ્ક હોય છે, તેમાં પાણીના ભાગની લીલાશ હોય તો નરમ પાક જાણવો, કલ્ક કોમળ હોય પણ પાણીનો અંશ હોય નહિ, તો મધ્યમ પાક જાણવો, કલ્ક કાંઇક કઠણ થયું હોય તો તે પાક કઠણ જાણવો. એ કઠણ પાક બળી ગયેલો, દાહકર્તા અને નકામો જાણવો. પાક કાચો રહ્યો હોય તો તે પાકમાં કંઇ પરાક્રમ હોતું નથી. તે અગ્નિને મંદ કરે છે તથા ભારે પડે છે. સ્નેહનો પાક નરમ થયો હોય તો તે સ્નેહ નાકમાં નસ્ય આપવામાં યોજવો. મધ્યમ પાક થયો હોય તો તે સ્નેહ બધા કામમાં યોજવો. અને કઠણ પાક થયો હોય તો તે સ્નેહ શરીરે ચોપડવામાં વાપરવો. ઘી, તેલ, ગોળ વગેરે એક દિવસમાં સિદ્ધ

ન કરતાં બધાં દ્રવ્ય એકત્ર કરીને એક રાત પલાળી રાખ્યાં હોય અને બીજે દિવસે સિદ્ધ કર્યા હોય તો વધારે ગુણકારક થાય છે.

## કાંજી કલ્પના

માટીની નવી માટલી આણીને તેને સરસીઉં તેલ ચોપડીને તેમાં નિર્મળ પાણી નાખવું. પછી રાઇ, જીરૂં, સિંધવ, શુંઠ, હળદર, હીંગ–આ છ ઔષધનું ચૂર્ણ તથા ભાત સાથે ઓસામણ, કળથીનો ક્વાથ, થોડોક વાંસનો પાલો, એ તેમાં નાખવું. દસ પાંચ વડાં ઘીમાં તળીને તેમાં નાખીને વાસણનું મોઢું ત્રણ દિવસ બંધ કરી મૂકવું. એ પાણી ખાટું થાય છે તેને કાંજી કહે છે.

## મધુસુક્ત

કાગદી લીંબુનો રસ એક પ્રસ્થ તથા એક કુડવ પ્રમાણ મધ લેઇને તેમાં પીંપરનું ચૂર્ણ નાખીને (પળ પ્રમાણ) વાસણનું મુખ બંધ કરીને એક મહિના સુધી ધાન્યમાં પૂરી રાખવું. એને મધુસુક્ત કહે છે.

## આસવ તથા અરિષ્ટ કલ્પના

પાણી વગેરે દ્રવ પદાર્થમાં ઔષધ નાખીને પાત્રના મોઢાને મુદ્રા કરીને માસ કે પખવાડીઆ લગી રાખી મૂકવું એટલે ઉત્કૃષ્ટ ઔષધ થાય છે, તેને આસવ કે અરિષ્ટ કહે છે. આસવ તથા અરિષ્ટ એનો ભેદઃ–ઔષધ અને પાણી એનો પાક કર્યા વગર ઉપર કહ્યા પ્રમાણે સિદ્ધ કરે છે, તેને આસવ કહે છે. અને ક્વાથ કરીને તેમાં ઔષધ નાખીને ઉપર કહ્યા મુજબ મુદ્રા કરી સિદ્ધ કરે છે, તેને અરિષ્ટ કહે છે. એ બેનું પીવાનું માપ એક પળ પ્રમાણે જાણવું.

જે અરિષ્ટના પ્રયોગમાં જલાદિકનું માપ કહ્યું ન હોય તે પ્રયોગમાં પાણી વગેરે દ્રવ પદાર્થ એક દ્રોણ પ્રમાણ લેવાં. તેમાં ગોળ એક તુલા, અને મધ ગોળથી અર્ધ લેવું. તેમાં ઔષધનું ચૂર્ણ નાખવું હોય તો ગોળથી દશમાંશ નાખવું. એ પ્રમાણે અરિષ્ટ કરવો.

**સીધુ મદ્યનો ભેદઃ**–કાચો એવો શેરડીનો રસ એ વગેરે દ્રવ પદાર્થ થકી સિદ્ધ કરેલું મદ્ય તેને શીતરસ સીધુ કહે છે. પક્વ કરેલા મધુર દ્રવ પદાર્થ થકી સિદ્ધ કરેલું જે મદ્ય તેને પક્વ રસ સીધુ કહે છે.

**સુરા પ્રસન્નાદિક મદ્યનો ભેદ :**–ચોખા વગેરે ધાન્ય રાંધીને અગ્નિ

સંયોગે યંત્ર બાંધીને જે મદ્ય ઉત્પન્ન કરે છે, તેને **સુરા** કહે છે. એ સુરાના ફીણને **પ્રસન્ના** કહે છે. એ પ્રસન્નામાં જે જાડો ભાગ છે તેને **કાદંબરી** કહે છે. તે સુરાની નીચે જે પ્રવાહી પદાર્થ રહે છે તેને **જગલ** કહે છે. એ જગલમાં જે જાડો (ઘન) ભાગ છે તેને **મેદક** કહે છે. મેદક પક્વ કરીને તેમાંથી સાર કાઢ્યા પછી શેષ રહે છે તેને **સુરાબીજ** અને **કીણ્વક** કહે છે. તાડ કે ખજૂરીના રસમાંથી યંત્રે કરીને જે મદ્ય નીપજાવે છે તેને **વારૂણી** કહે છે. કંદમૂળ, ફળાદિક, તૈલાદિક, સ્નેહ, સિંધવ, એ બધાં ઉદક વગેરે દ્રવ પદાર્થમાં નાખીને યંત્ર દ્વારાએ જે મદ્ય કાઢે છે તેને **સૂતક** કહે છે. બગડી જઇને ખાટું થઇ ગયેલું જે મદ્ય અથવા મધુર દ્રવ પદાર્થ, તેને પાત્રમાં ઘાલીને મોઢાને મુદ્રા દેઇને માસ કે પક્ષ સુધી રાખી મૂકવાથી બને તેને **ચુક્ર** કહે છે. ગોળ, તેલ, પાણી, કંદ, મૂળ, ફળ એ બધાં પાત્રમાં ઘાલીને મુદ્રા કરીને માસ કે પખવાડીયું રાખી મૂકવાથી તે ખાટું થઇ જાય તેને **ગુડસૂતક** કહે છે. એજ પ્રમાણે શેરડી અને દ્રાક્ષનું પણ સૂક્ત થાય છે. કાચા જવ ભરડીને તેમાં પાણી નાખીને પાત્રનું મોઢું બંધ કરીને કેટલાક દિવસ રાખી મૂકવું, તેને **તુષાંબુ** કહે છે. જવના તાંદળા કાઢીને તેને રાંધીને તેમાં પાણી નાખીને પાત્રનું મોઢું બંધ કરીને કેટલાક દિવસ રાખી મૂકવવું, તેને **સૌવીર** કહે છે. કળથી અથવા ચોખા રાંધીને તેનું ઓસામણ કાઢીને તેમાં શુંઠ, રાઇ, જીરૂ, હીંગ, સિંધવ, હળદર, ઇત્યાદિક નાખીને વાસણનું મોઢું બંધ કરીને ત્રણ ચાર દિવસ રાખી મૂકવું, તેને **કાંજી** કહે છે. **મૂળનો (કાપ)** કાઢીને તેમાં પાણી નાખીને, હળદર, હીંગ, સરસવ, સિંધવ, જીરૂ, શુંઠ ઇત્યાદિ ઔષધનું ચૂર્ણ તેમાં નાખવું. પછી મોઢું બંધ કરીને ત્રણ દિવસ રાખી મૂકવું. તેને **સંડાકી** કહે છે. એ પ્રમાણે આસવ તથા અરિષ્ટ બને છે.

## ધાતુ શોધન ક્રિયા

સોનું, રૂપુ, ત્રાંબુ, પીત્તળ, (કેટલાક પીતળને ઠામે જસત ગણે છે) સીશું, કલઇ, ખરૂં લોઢું એ સાતને ધાતુ કહે છે. એનું શોધનઃ–સોનું, રૂપુ, પીતળ, ત્રાંબુ, એનાં પત્રાં કરીને અગ્નિમાં તપાવીને તેલમાં, છાશમાં, કાંજી, ગોમૂત્ર, કળથીનો ક્વાથ, એમાં ત્રણ ત્રણ વખત બોળવાં, એ પ્રમાણે સોનું આદી લેઇને બધી ધાતુનું શોધન કરવું. સીસું અને કલઇ એની વિશેષ શુદ્ધિ કરવાની રીતઃ–એ બેને અગ્નિ ઉપર પીગળાવીને તેલ, છાશ, ગોમૂત્ર, અને

કળશીનો કવાથ, એ વારા ફરતી ખાંયણીમાં નાખીને ઘંટીનું પડ ઉપર ઢાંકીને તેમાં તે ધાતુનો રસ રેડવો. (એ પ્રમાણે ન કરે તો પેલો રસ વૈદ્યના શરીર ઉપર ઉડીને વૈદ્ય મરશે). એ પ્રમાણે ત્રણ ત્રણ ફેરા કરીને પછી આકડાના દૂધમાં ત્રણ વાર રેડીને શુદ્ધિ કરવી.

## તમામ ધાતુની ભસ્મ કરવાની રીત

મનશીલ તથા ગંધક એ બેને આકડાના દૂધમાં વાટીને સોના વગેરે બધી ધાતુઓને લેપ કરીને અડાયાંના બાર ગજપુટ અગ્નિ દેવા. એટલે તમામ ધાતુઓ ભસ્મ થશે. સવા હાથ લાંબા પહોળા ખાડામાં સો અડાયાં મૂકી અર્ધા નીચે અર્ધા ઉપર વચમાં સંપુટ મૂકી અગ્નિ દેવો એને ગજપુટ કહે છે.

## ઉપધાતુનાં શોધન મારણ

સોનામુખી, મોરથુથુ, અબરખ, સુરમો, મનશીલ, હરતાલ, ખાપરીયું, એ સાત ઉપધાતુ કહેવાય છે.

## સોનામુખીનું શોધન મારણ

સોનામુખી ત્રણ ભાગ, સિંધવ એક ભાગ, લેઇને બન્નેનું ચૂર્ણ કરીને બન્નેને લોઢાની કઢાઇમાં નાખીને ચૂલા ઉપર ચડાવી નીચે તાપ કરીને બીજોરાના ફળનો રસ અથવા જંબીરનો રસ તે ઉપર રેડીને લોઢાની કડછીથી લાલ થાય ત્યાં લગી હલાવવું. પછી ઠંડુ થયા પછી સોનામુખી બાહેર કાઢી લેવી. એ પ્રમાણે શુદ્ધ થાય છે.

શુદ્ધ થયેલી સોનામુખીને કળથીના ક્વાથમાં અથવા તલના તેલમાં અથવા છાશમાં અથવા ગોમૂત્રમાં ખલીને માટીના શરાવ સંપુટમાં ઘાલીને કપડ મટી કરીને અડાયાંનો અગ્નિ દેવો તેથી સોનામુખીની ભસ્મ થાય છે.

## રૂપામુખીનું શોધન મારણ

રૂપામુખીને કંટોલી, ઘેટલાદૂધેલી અને બીજોરૂં એ ત્રણના રસમાં એક એક દિવસ ખલ કરીને (એક એક દિવસ) તડકામાં સૂકવવાથી રૂપામુખી શુદ્ધ થાય છે. એનું મારણ સોનામુખી પ્રમાણે છે.

## મોરથુથાનું શોધન

બિલાડી અને હોલો એ બેની હગાર મોરથુથા બરોબર લેવી તથા મોરથુથાનો દસમો ભાગ ટંકણખાર લેવો. પછી બધું એકઠું ખલ કરીને શરાવ સંપુટમાં કપડમાટી કરીને અડાયાંનો હલકો તાપ દેવો. પછી દહીંમાં ખલીને અગ્નિ દેવો. પછી મધમાં ખલીને અગ્નિ દેવો. તેથી મોરથુથું શુદ્ધ થાય છે.

## અબરખનું શોધન મારણ

કાળું અબરખ લાવીને કોયલામાં ઘાલીને ધમણથી ફૂંકીને તપાવીને દૂધમાં નાખવું. પછી તેનાં પતરાં જૂદાં જૂદાં કરીને તાંદળજાનો રસ તથા લીંબુનો રસ એકઠો કરીને તેમાં આઠ પહોર લગી પલાળી મૂકવું. તેથી અબરખ શુદ્ધ થાય છે.

શુદ્ધ થયેલા અબરખ આ પ્રમાણે ધાન્યાભ્રક કરવું. કાતરેલું અબરખ લેઇને તેમાં ચતુર્થાંશ ડાંગરનાં છાલાં નાખીને તેની ઉનના લૂગડામાં પોટલી બાંધીને એક વાસણમાં મૂકી ઉપર પાણી રેડી રેડીને ચોળતા જવું. એ રીત બધું અબરબ પોટલીમાંથી ખપી જાય ત્યાં લગી કરવું. પછી એ પાણી બીજા વાસણમાં ઘાલીને કેટલીકવાર સુધી રહેવા દેવું. પછી ઉપરથી પાણી નીતારી નાંખવું અને તળે અબરખ રહે તેને તડકે સૂકવવું એને ધાન્યાભ્રક કહે છે.

ધાન્યાભ્રક કર્યા પછી તેને આકડાના દૂધમાં એક પહોર ખલ કરીને તેની ગોળ પૈડા જેવી વડી કરવી. તેની ચારે પાસે આકડાનાં પાનાં વીંટીને શરાવસંપુટમાં કપડમાટી કરીને અડાયાંનો ગજપુટ અગ્નિ દેવો. એ પ્રમાણે આકડાના દૂધમાં એક એક દિવસ ખલીને સાત અગ્નિ આપવ. પછી વડવાઇના અંકુરના ક્વાથમાં એક એક દિવસ ખલ કરીને ત્રણ અગ્નિ આપવા. એ રીતે કરવાથી અબરખની ભસ્મ સારી થાય છે. એ થકી તમામ રોગ મટે છે. મૃત્યુનું પણ નિવારણ થાય છે. વૃદ્ધાવસ્થા દૂર થાય છે. જેવા જેવા અનુપાનમાં આપે તેવો તેવો ગુણ થાય છે.

## સુરમા વગેરેનું શોધન

સુરમાનું ચૂર્ણ કરીને બીજોરાના રસમાં ખલ કરવું અને એક દિવસ

તડકે રાખવું તેથી સુરમો શુદ્ધ થાય છે. એજ રીતે ગેરૂ, હીરાકશી, ટંકણખાર, કોડી, શંખ વગેરે શુદ્ધ થાય છે.

## મનશિલનું શોધન

હાંડીમાં બોકડીનું મૂત્ર ભરીને તેમાં મનશિલની પોટલી બાંધીને લટકાવવી. એને દોલાયંત્ર કહે છે. એ દોલાયંત્રમાં ત્રણ દિવસ મનશિલ રાંધીને પછી બાહેર કાઢીને ખલમાં નાખીને બોકડીના કાળજામાં પિત્ત હોય છે તે પિત્તના સાત પટ દેવા તેથી મનશિલ શુદ્ધ થાય છે.

## હરતાલનું શોધન

હરતાળના બારીક બારીક કકડા કરીને તેને લૂગડામાં પોટલી બાંધીને દોલાયંત્રમાં કાંજી નાખીને એક પહોર રાંધવું. પછી તેવીજ રીતે કોહોળાના રસમાં એક પહોર, તલના તેલમાં એક પહોર, અને ત્રિફલાના ક્વાથમાં એક પહોર, એ પ્રમાણે ચાર પહોર રાંધવાથી હરતાલ શુદ્ધ થાય છે.

## ખાપરીયાનું શોધન

દોલાયંત્રમાં ખાપરીઆની પોટલી લટકાવીને માણસના મૂત્રમાં સાત દિવસ તથા ગોમૂત્રમાં સાત દિવસ પલળતી રહેવા દેવી, તેથી શુદ્ધ થાય છે.

## હીરાની ભસ્મ

હિંગ, સિંધવ, કલથી, એ ત્રણના ક્વાથમાં હીરો તપાવી તપાવીને એકવીસ વાર બોળવાથી ભસ્મ થાય છે.

## મણી મોતી વગેરેનું શોધન મારણ

સૂર્યકાંત મણિ, મોતી, પરવાળાં–એને દોલાયંત્રમાં જાઇના રસમાં એક પહોર રાંધવાથી શોધન થાય છે. પછી કુંવારનો રસ, તાંદળજાનો રસ, સ્ત્રીના સ્તનનું દૂધ, એ ત્રણમાં મણિ, મોતી, પરવાળાં વગેરે ગમે તે જાતનું રત્ન હોય તો તે તપાવીને દરેક રસમાં સાત સાત વાર બોળવાથી ભસ્મ થાય છે.

## શિલાજિતનું શોધન

શિલાજીતને ગાયના દૂધમાં, ત્રિફલાના ક્વાથમાં, ભાંગરાના રસમાં,

જૂદો જૂદો એક એક દિવસ ખલ કરવો. પછી તડકે મૂકી સૂકવવો એટલે તે શુદ્ધ થયો જાણવો.

## મંડૂર કલ્પના

બેઢાના લાકડાંના કોયલા કરીને તેમાં જૂનો લોહકીટ નાખીને ધમણથી ફુંકવું. લાલ થાય ત્યારે તે કીટ ગોમૂત્રમાં નાખવો. એ પ્રમાણે સાત વખત તપાવી તપાવીને ગોમૂત્રમાં નાંખીને પછી તેનું બારીક ચૂર્ણ કરવું. પછી એક વાસણમાં ચૂર્ણ કરતાં બમણો ત્રિફળાનો ક્વાથ ઘાલીને તેમાં તે ચૂર્ણ નાખવું. અને સારી રીતે હલાવીને તે વાસણના મુખને કપડ માટી કરીને જંગલના અડાયાંનો ગજપુટ અગ્નિ દેવો. ઠંડો પડે ત્યારે તે વાસણ બહાર કાઢીને તેમાંથી પેલા કાટનો શુદ્ધ મંડૂર થાય છે તે લેવો. એ મંડૂર ઉત્તમ છે.

## ક્ષાર કાઢવાની રીત

ક્ષારવૃક્ષ, જેવાં કે, અઘાડો, આમલી, કેળ, ખાખરો, થોર, ચિત્રો, રીંગણી ઇત્યાદિનાં લાકડાં આણીને સૂકવીને બાળીને રાખ કરવી. પછી તેને એક વાસણમાં ઘાલીને તેથી ચોગણું પાણી તેમાં નાંખી બધી રાત પલળવા દેવું. સવારમાં ઉપરનું નિર્મળ પાણી લોઢાની કઢાઇમાં નીતારી લેઇને તળે તાપ કરવો, અને બધું પાણી બાળી નાખવું. પછી કઢાઇને સફેત ચૂર્ણ સરખો ક્ષાર વળગી રહે છે તે લેઇ લેવો, એને પ્રતિસાર્ય ક્ષાર કહે છે. એ ક્ષાર શ્વાસાદિક ઉપર યોજવો. કવાથ સરખો પાતળો જે ક્ષાર રહે છે તેને પેય કહે છે. તે ક્ષાર ગુલ્માદિ ઉપર યોજવો.

## ગંધકનું શોધન

લોઢાની કઢાઇમાં ઘી નાખીને તેને સારૂં કકડાવીને તેની બરોબર ગંધક લેઇ બારીક કરી તે ઘીમાં નાખવો. તે જ્યારે ઓગળીને ઘીને મળી જાય, ત્યારે તે ઘી દૂધમાં રેડી દેવું. પછી તેમાંથી ગંધક કાઢી લેવો. એ શુદ્ધ ગંધક જાણવો.

## પારદ ભસ્મ

કાળા ઉમૈડાના દૂધમાં હિંગ વાટીને તેની બે (સોનું ગાળે છે તેવી) કૂલડીઓ કરવી. પછી કાળા ઉમૈડાના દૂધમાં પારાને થોડીવાર ખલ કરીને એક

કૂલડીમાં મૂકીને તે ઉપર બીજી કૂલડી ઉંધી પાડીને સારો સાંધો મેળવીને ગોળો કરીને માટીના શરાવસંપુટમાં ઘાલીને અડાયાનો હલકો અગ્નિ દેવો તેથી પારાની ભસ્મ થાય છે.

## નેપાળાનું શોધન

નેપાળાનાં બીજ લેઇને તેની ઉપરની છાલ તથા અંકુર અને જીભ કાઢી નાખવી. પછી લૂગડાના કકડામાં પોટલી બાંધીને ત્રણ દિવસ ભેંશના છાણમાં રાખી મૂકવી, ચોથે દિવસે કાઢીને નેપાળાને ઊના પાણી થકી સ્વચ્છ ધોઇને બીજા સારા લૂગડામાં બાંધીને તે પોટલીને ખલમાં નાખી ઘૂંટવી અને માંહેલો નેપાળો બારીક કરવો. બારીક થાય એટલે કાઢીને નવા કલેઢા ઉપર લેપ કરવો તેથી તેનું તેલ ચૂસાઇ જાય છે, પછી છેક ધૂળ સરખો થાય ત્યારે તેને લીંબુના રસના બે પટ દેવા, તેથી વિશેષ ગુણ કરનાર થાય છે.

## વછનાગ શોધન

વછનાગના કકડા કરીને લૂગડામાં બાંધીને બોકડી કે ગાયના દૂધમાં દોલાયંત્રમાં એક પહોર રાંધવો એટલે શુદ્ધ થાય છે.

વછનાગ એક તોલો હોય તો એક શેર પક્કો દૂધ લેવું.

# ઔષધ યોજના

## નેત્રકર્મ પ્રકાર

સેક, આશ્ચોતન, પિંડી, બિડાલ, તર્પણ, પુટપાક, અંજન–આ સાત પ્રકાર નેત્રરોગમાં વપરાય છે.

**સેકઃ**–આંખો મીંચાવીને ચાર આંગળ ઉંચેથી દૂધ, ઘી, રસ, વગેરેની ઝીણી ધાર કરવી તેને સેક કહે છે. વાયુના રોગમાં સ્નેહન (દૂધ, ઘી, વગેરેનો) સેક કરવો. રક્ત અને પિત્તના રોગમાં રોપણ (લોધર, જેઠીમધ, ત્રિફળા વગેરેને દૂધમાં કે પાણીમાં વાટીને તેનો) સેક કરવો. કફ રોગમાં લેખન (શુંઠ, મરી વગેરેને પાણીમાં વાટીને તેનો) સેક કરવો. સ્નેહન સેક છસેં આંખમીચકારા લગી, રોપણ ચારસેં લગી, લેખન ત્રણસેં લગી કરવો. સેક દિવસે જ કરવો, રોગ ઘણો હોય તોજ રાત્રે કરવો.

## આશ્ચોતન

માણસની આંખમાં બે આંગળી દૂરથી દૂધ, ક્વાથ વગેરેનાં બિંદુ મૂકવાં તેને આશ્ચોતન કહે છે. આંખ ઉઘાડી રાખીને તેમાં બિંદુ પાડવાં. એ રાત્રે ન કરવું. એ બિંદુ સ્નેહન કર્મમાં દસ, લેખનમાં આઠ, રોપણમાં બાર પાડવાં. શીતઋતુમાં લગારેક ગરમ કરીને, તથા ઉષ્ણ કાળમાં ઠંડાં બિંદુ પાડવાં. વાત રોગમાં કડવા અને સ્નિગ્ધ, પિત્તમાં મધુર તથા શીતળ, કફમાં કડવું, ઉષ્ણ, રૂક્ષ એવું આશ્ચોતન જોઇએ. બધાં આશ્ચોતનને સો વાઙ્માત્ર સુધી કરવાં હિતકારક છે. એક આંખમીચકારાને એક વાઙ્માત્ર કહે છે.

## પિંડી

ઔષધ વાટીને વડી કરીને પિંડી આંખ ઉપર મૂકીને લૂગડા વતી બાંધવું એને પિંડી કહે છે.

## બિડાળક

આંખની પાંપણો વગર આંખની ચોપાસ જે લેપ તેને બિડાળક કહે છે. એ લેપની માત્રા મુખલેપવિધિમાં જોવી.

## તર્પણ

જે નેત્રમાં રૂક્ષપણું, શુષ્કપણું, વાંકાપણું, પીઆ વગેરે મળ રહેતો હોય તેમાં, પાપણો ખરી ગઇ હોય તેમાં, શિરોત્પાત, કૃછ્રોન્મીલન, તિમિર, અર્જુન, ફૂલ, અભિષ્યંદ, અધિમંથ, સોજો, વાત વિપર્યય, એ રોગોમાં તર્પણ કરવું. જે દિવસ વાદળાંવાળો બહુ ઉષ્ણ કે બહુ શીત હોય, ચિંતા, શ્રમ, ભ્રમ, નેત્રશૂળ એટલું હોય ત્યારે તર્પણ ન કરવું.

વાયુ, ઉષ્ણતા, ધૂળ જે જગોએ ન હોય તે જગોએ માણસને છતો સૂવાડીને નેત્ર કોશ ઉપર એટલે આંખની ચોપાસે અડદના લોટને પલાળીને તેની પાળ કરવી. પછી આંખ મીંચીને તે ઉપર પાતળું ઘી, મંડ, કોકીલું પાણી, સો ફેરા ધોએલું ઘી, અથવા દૂધ, એમાંથી ગમે તેને આંખો ડૂબે ત્યાં લગી આંખ ઉપર પાડવું. પછી ધીમે ધીમે આંખો ઉઘાડવી.

પાંપણના રોગમાં સો વાङ્‌માત્રા પર્યંત આંખ ડૂબેલી રાખવી. કફ એકલોજ હોય તો, અથવા સંધિગત રોગમાં પાંચસે વાङ્‌માત્રા, આંખની ધોળી જગા ઉપર હોય તો છસે, કીકી પર હોય સાતસે, દ્રષ્ટિરોગમાં આઠસે, અધિમંથમાં એક હજાર, અને વાયુ રોગમાં એક હજાર વાङ્ માત્રા લગી તર્પણ ધારી રાખવું.

તર્પણના સ્નેહ વીર્યથી કફ ઉપજે છે તેનું, જવ પલાળી વાટીને ધૂમપાક કરીને શોધન કરવું. સુખે કરીને નિદ્રા આવે, ઝટ આંખો ઉઘડે, વગેરે ચિહ્‌નથી તર્પણ સારૂં થયું જાણવું. જ્યારે આંખો ભારે તથા ચીકણી થાય અને તેમાંથી પાણી નીકળે ત્યારે ઘણું તર્પણ થયું જાણવું. ઘણા તર્પણથી આંખો લાલ થાય છે, નિસ્તેજપણું આવે છે, પીઆ બાઝે છે અને રોગોત્પત્તિ થાય છે, માટે અતિ સ્નિગ્ધ થાય ત્યારે રૂક્ષ ઉપાયથી શાંતિ કરવી. હીન સ્નિગ્ધને સ્નિગ્ધ વડે ચિકિત્સા કરવી.

## પુટપાક

કેટલાંક માંસ તથા ઔષધોનો પુટપાકની રીતે સ્વરસ કાઢી આંખની વચમાં તર્પણ વિધિ પ્રમાણે રેડવો. એમાં માંસરસ વપરાય છે. માટે અત્રે વધારે વિવેચના કરી નથી.

## અંજન

દોષ પરિપક્‌વ થાય ત્યાર પછી પાંચ દિવસે અંજન કરવું. આંખો દૂખે ત્યારે તે પાંચ દિવસે પાકે છે. માગસર, પોષ, મહા, ફાગણમાં અંજન બપોરે

કરવું. જેઠ, અષાડ, આસો, કાર્તક, એમાં બપોર પહેલાં કરવું. વાદળના દિવસમાં તથા બહુતાપ પડતો હોય ત્યારે અંજન કરવું નહીં. વસંત ઋતુમાં સર્વકાળ અંજન સારૂં છે. અંજન ત્રણ પ્રકારનું છે, લેખન, રોપણ અને સ્નેહન. જેમાં ખારૂં, તીખું, ખાટું હોય તેને લેખનાંજન કહે છે. તુરૂં, તીખું, કડવું, હોઇને જે સ્નેહયુક્ત હોય તેને રોપણ કહે છે. મધુર હોઇને જે સ્નેહયુક્ત હોય તેને સ્નેહન કહે છે. ગુટિકારૂપ અંજન કરતાં રસરૂપ ઓછા ગુણનું, તથા રસ કરતાં ચૂર્ણરૂપ થોડો ગુણ આપનારૂં હોય છે. તે અંજન સળી અથવા આંગળી વડે આંખમાં ઘાલવું, શ્રમિત, રડેલો, બીધેલો, મદ્ય પીધેલો, નવજ્વરવાળો, અજીર્ણી, મૂત્રાવરોધવાળો, એટલાં અંજનને યોગ્ય નથી.

તીક્ષ્ણ અંજનમાં રેણૂકબીજ જેવડી ગોળી કરવી, મધ્યમાં દોઢ બીજ જેવડી તથા મૃદુમાં બે બીજ જેવડી કરવી.

રસરૂપ અંજનમાં ક્રમે કરીને ત્રણ, બે, એક, વાવડીંગ જેવડી માત્રા ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ ગણાય છે.

વૈરેચનિક એટલે આંખમાંથી પાણી કાઢવાનું અંજન બે ફેરા સળીપર ચઢાવી સળી બેવાર આંખમાં ફેરવવી. મૃદુ અંજનમાં ત્રણવાર અને સ્નેહનાંજન ચાર ફેરા આંખમાં ઘાલવું.

પાષાણની અથવા સોનાની આઠ આંગળ લાંબી સળી કરવી તથા તેનાં મોઢાં ગોળ જોઇએ. લેખનમાં ત્રાંબા, લોઢા કે પથરાની સળી વાપરવી, સ્નેહનાંજનમાં સોના રૂપાની વાપરવી. રોપણમાં આંગળી વડે અંજન કરવું. સવારે કે સાંજે અંજન કરવું, સર્વદા કરવું નહીં. અતિશીત કે ઉષ્ણ છતાં, વાયુ તથા વાદળાં છતાં અંજન કરવું નહીં. કીકી નીચે અંજન કરવું.

## રેચન વિધિ

સ્નેહ પાઇને સ્નિગ્ધ કરેલા માણસને પરસેવો કાઢીને સ્વિન્ન કરવો. પછી ઉલટી આપવી અને પછી રેચ આપવો. ઉલટી કર્યા વગર રેચ આપવાથી કફ વગેરે નીચે ઉતરીને જઠરાગ્નિને ઢાંકી નાખીને મંદાગ્નિ પ્રવાહિકા વગેરે રોગ ઉપજાવે છે.

શરદ ઋતુમાં તથા વસંત ઋતુમાં શરીરશુદ્ધિને અર્થે રેચ લેવો. બીજે વખતે રોગ ઉપર વિચાર કરીને રેચ આપવો. પિત્ત વિકાર, આમવાયુ, ઉદર,

આધ્માન વાયુ, બદ્ધકોષ્ટ–એ રોગમાં વિશેષે કરીને રેચ આપવો. જીર્ણજ્વર, વછનાગ વગેરે વિષદોષ, વાતરક્ત, ભગંદર, અર્શ, પાંડુ, ઉદર, ગ્રંથી, હૃદ્રોગ, અરૂચિ, પ્રમેહ, યોનિરોગ, ગુલ્મ, બરોળ, વ્રણ, વિદ્રધી, ઉલટી, વિષૂચિ, કુષ્ટ, કર્ણરોગ, નાસારોગ, મસ્તક રોગ, મુખ રોગ, ગુદ રોગ, ટાંકી, યકૃત, સોજો, નેત્ર રોગ, કૃમી રોગ, સોમલ અને ક્ષાર જન્ય વિકાર, વાતરોગ, શૂળ રોગ, મૂત્રઘાત, એટલામાંથી એકાદો રોગ જેને થયો હોય તેને વિરેચન અપાય.

બાળક, વૃદ્ધ, અતિસ્નિગ્ધ, ઉરઃક્ષતે કરીને ક્ષીણ થયેલો, ભયયુક્ત, શ્રમિત, તૃષિત, સ્થૂલ, ગર્ભિણી, નવજ્વરવાળો, સુવાવડી, મંદાગ્નિવાળો, મદાત્યયી, શલ્યપીડિત, નિસ્તેજ–એમને રેચ આપવો નહીં.

જે માણસના કોઠામાં પિત્ત વધારે છે તેને મૃદુકોષ્ટ કહે છે. કફવાળો મધ્યમકોષ્ટ, વાયુવાળો ક્રૂરકોષ્ટ જાણવો. ક્રૂરકોષ્ટવાળાને જુલાબ જલદી લાગતો નથી માટે તેને તીક્ષ્ણ ઔષધની તીક્ષ્ણ માત્રા આપવી. મધ્યમવાળાને મધ્યમ માત્રા, મૃદુકોષ્ટવાળાને મૃદુ ઔષધની મૃદુ માત્રા આપવી. મૃદુ કોઠાવાળાને દ્રાક્ષ, દૂધ અને દીવેલનો જુલાબ આપવો. મધ્યકોષ્ટવાળાને નસોતર, કડૂ, ગરમાળાનો ગોળ એ ત્રણનો રેચ આપવો. ક્રૂર કોઠાવાળાને થોરનું દૂધ, હેમક્ષીરી, નેપાળો વગેરેનો જુલાબ આપવો.

ત્રીસ જુલાબની અંતે કફ પડે તે ઉત્તમ માત્રા, વીસની અંતે પડે તે મધ્યમ માત્રા, દસ ઝાડા થઇને કફ પડે તે કનીષ્ઠ માત્રા જાણવી. જુલાબમાં બે પળ ક્વાથ ઉત્તમ, એક પળ મધ્યમ, અર્ધો પળ કનિષ્ઠ જાણવો. કલ્ક, ગોળી, તથા ચૂર્ણ, એને મધ તથા ઘી સાથે મેળવીને આપવાં. તે વય તથા રોગ જોઇને કર્ષ કે પળ પ્રમાણે આપવું.

પિત્તનો પ્રકોપ થયો હોય તો નસોતરનું ચૂર્ણ, દ્રાક્ષના ક્વાથમાં અથવા ગુલકંદ કે ગુલાબના ફૂલ વગેરેના ક્વાથમાં આપવું. કફના પ્રકોપમાં ત્રિફળાનો ક્વાથ તથા ગોમૂત્ર એકઠું કરીને તેમાં સુંઠ, પીપર, મરીનું ચૂર્ણ નાખીને આપવો. વાયુના પ્રકોપમાં નસોતર, સિંધવ, સુંઠ–એનું ચૂર્ણ લીંબુના રસમાં આપવું તેથી જુલાબ થશે.

દીવેલથી બમણો ત્રિફળાનો ક્વાથ કરીને તેમાં તે દીવેલ નાખીને પીવું અથવા દીવેલ દૂધમાં પીવું તેથી જલદી રેચ લાગે છે.

નસોતર, ઇંદ્રજવ, પીપર, સુંઠ, દ્રાક્ષનો રસ, મધ–એ ઔષધ વર્ષાૠતુમાં જુલાબ માટે આપવું.

નસોતર, ધમાસો, મોથ, સારૂં સફેદ ચંદન, જેઠીમધ–એ ઔષધોનું ચૂર્ણ કરીને દ્રાક્ષના પાણીમાં મેળવીને શરદૠતુમાં જુલાબ માટે આપવું. એ રેચ ઠંડો છે.

નસોતર, ચિત્રો, પાડાવેલ, જીરૂં, દેવદાર, વજ, હેમક્ષીરી–એનું ચૂર્ણ હેમંતૠતુમાં ઉના પાણીમાં આપવું.

પીપર, સુંઠ, સિંધવ, વરધારો, નસોતર–એનું ચૂર્ણ મધમાં શીશીર અને વસંતૠતુમાં આપવું.

નસોતરનું ચૂર્ણ સાકર સાથે ઉનાળામાં (ગ્રીષ્મમાં) આપવું. હરડે, મરીઆં, સુંઠ, વાવડીંગ, આમળાં, પીંપર, પીંપરીમૂળ, તજ, તમાલપત્ર, મોથ, આ દસ ઔષધ સમભાગ લેવાં. દંતીમૂળ ત્રણ ભાગ લેવાં, નસોતર આઠ ભાગ, સાકર છ ભાગ–એ બધાનું ચૂર્ણ કરીને મધમાં મેળવીને એક એક કર્ષ પ્રમાણે ગોળીઓ કરવી. એ ગોળી સવારમાં ખાવી, તે ઉપર થોડું ઠંડું પાણી પીવું. અને જ્યાં સુધી જુલાબ થાય ત્યાં સુધી ઉષ્ણ પદાર્થનું સેવન કરવું નહીં. ખાવું, પીવું, વિહાર એટલે શ્રમ વગેરેમાં સર્વકાળ નિયમિત રહેવું, તેથી વિષમજ્વર, અગ્નિમાંદ્ય, પાંડુ, કાસ, ભગંદર, કુષ્ટ ગુલ્મ, અર્શ, ગળગંડ, ભ્રમ, ઉદર, વિદાહ, પથરી, બરડો, પાસાં, કમર, ખભા, પેટ વગેરેની પીડા મટે છે. એ રસાયન છે. એને અભયામોદક કહે છે.

જે માણસે રેચ લીધો હોય તેણે આંખે ઠંડુ પાણી ચોપડવું. કાંઇ સુગંધ સૂંઘવી તથા તાંબૂલ ખાવું, એથી ઉત્તમ જુલાબ થાય છે. જુલાબ થયા પછી વાયુમાં બેસવું નહીં. મૂત્ર, વાયુસ્રાવ વગેરે વેગ અટકાવવા નહીં. ઉંઘવું નહીં, ઠંડા પાણીનો સ્પર્શ લગીરે કરવો નહીં. વળી રેચમાં કોકીલું પાણી વારંવાર પીતા જવું. જુલાબમાં મળ, પિત્ત, ખાધેલું ઔષધ, કફ, ગુદા વાટે બહાર પડે છે. જુલાબ સારો થાય નહીં તો માણસની નાભિમાં સ્તબ્ધતા, કૂખમાં શૂળ, મળ તથા વાયુની અપ્રવૃત્તિ, શરીરે કંડૂ તથા મંડળ, શરીર ભારે, દાહ, અરૂચિ, પેટ ચઢવું, ભ્રમ, ઉલટી–એ ઉપદ્રવ થાય છે. એવા ઉપદ્રવ જેને થાય તેને ગરમાળા વગેરેનું પાચન આપીને આમનું પાચન કરવું. પછી તેને સ્નેહપાન

કરાવીને કોઠો સ્નિગ્ધ કરીને પછી ફરી રેચ આપવો, તેથી બધા ઉપદ્રવ દૂર થઇને અગ્નિ પ્રદિપ્ત થાય છે.

જે માણસને રેચ ઘણો લાગ્યો હોય તેને મૂર્છા, ગુદામાં પીડા, શૂળ, એવા ઉપદ્રવ થાય છે. કફ બહુ પડે છે અને માંસના રસ સરખું તથા મધ સરખું કે પાણી સરખું રક્ત પડે છે. એવા માણસને ઠંડા પાણીમાં પલાળવો, અને ચોખાનું ધોવરામણ મધ સાથે તેને પાવું અને હલકી ઉલટી કરાવવી તેથી તે શાંત પડે છે.

આંબાની છાલ ગાયના દહીમાં અથવા સૌવીરમાં (જવ અથવા ઘઉં કચરીને પાણી નાખીને તે વાસણને ત્રણ દહાડા મોઢું બંધ કરી રાખી મૂકવું તેને સૌવીર કહે છે.) વાટીને કલ્ક કરીને નાભિ ઉપર લેપ કરવાથી જુલાબ બંધ થાય છે.

બોકડીનું દૂધ પીવાથી અથવા સાઠી ચોખાનો ભાત રાંધીને ખાવાથી અથવા મસૂર રાંધીને થોડોક ખાવાથી, અથવા દાડમ વગેરે ઠંડા અને ગ્રાહક પદાર્થ સેવવાથી જુલાબ બંધ થાય છે.

શરીર હલકું થાય, ચિત્ત પ્રસન્ન રહે, વાયુ સ્થાનમાં જાય–એ લક્ષણ સારો રેચ લાગ્યાનાં છે. જુલાબ લેવાથી ઇંદ્રિયો બળવાન થાય છે, બુદ્ધિ પ્રસન્ન થાય છે, જઠરાગ્નિ પ્રદિપ્ત રહે છે, ધાતુ અને વય સ્થિર થાય છે. સારો રેચ લાગે ત્યારે પાચન ક્વાથ આપવો.

જુલાબ લીધા પછી બહુ વાયુ ન સેવવો. ઠંડુ પાણી, તેલ ચોળવું, અજીર્ણ, પરિશ્રમ, મૈથુન, એ સેવવાં નહિ. પરંતુ સાઠી ચોખા, મગ, વગેરેની યવાગૂ કરીને ખાવી.

એરંડમૂળ, ધાણા, શુંઠ, એ ત્રણનો ક્વાથ રેચ સારો લાગ્યા પછી રાત્રે પીવો. એ પાચન ક્વાથ છે.

## વમન વિધિ

શરદ ઋતુમાં, વસંત ઋતુમાં અને વર્ષા ઋતુમાં મનુષ્યને ઉલટી આપીને ઓકાવવા અને જુલાબ આપવો તેથી પ્રકૃતિ સારી રહે છે. બળવાન મનુષ્ય, જે કફે કરીને વ્યાપ્ત છે તે, જેના મુખમાંથી લાળ પડે છે તે, જેને ઉલટી કરવી સવે પડે છે તે, જેનું ચિત્ત ધીર છે તે, વિષદોષવાળો, સ્તન્ય રોગી, અગ્નિમાંદ્ય વાળો, તેમજ શ્લીપદ, અર્બુદ, પીનસ, વૃદ્ધિ, અપસ્માર, જ્વર, ઉન્માદ,

રકતાતીસાર, નાસાપાક, તાલુપાક, ઓષ્ટપાક, કર્ણસ્રાવ, દ્વિજીવ્હક, ગલશુંડ, અતિચાર, પિત્ત, શ્લેષ્મ, મેદ, અર્શ–એ રોગમાંથી એકાદો રોગ જેને હોય તેને ઉલટી આપવી.

તિમિર રોગ, ગુલ્મ રોગ, ઉદર રોગ–એ રોગ વાળા તથા કૃશ, અતિવૃદ્ધ, ગર્ભિણી, સ્થૂલ, ઉરઃક્ષતવાળો, મદવાળો, બાળ, રૂક્ષ, ક્ષુધિત, નિરૂહિત, એટલે જેને પીચકારી મારવાનો પ્રયોગ કર્યો છે તે ઉદાવર્ત રોગવાળો, ઉર્ધ્વરક્તી, જેનાથી ઉલટી સહન થતી નથી તે, જેને કેવળ વાયુનો જ રોગ છે તે, પાંડુ રોગી, કૃમિ રોગી, વેદશાસ્ત્રાદિ બહુ બોલ્યાથી જેનો કંઠ ફાટી ગયો હોય તે, એટલાને ઉલટી આપવી નહીં. કદાપિ એ રોગી અજીર્ણ, વિષ કે કફે કરીને વ્યાપ્ત હોય તો જેઠીમધ અને મહુડાની છાલનો ક્વાથ કરીને પાવો. નાજુક મનુષ્ય, બાળક, વૃદ્ધ અને ભીરૂ એટલે બીહકણ એટલાને વિશેષે કરીને ઉલટી ના આપવી.

જે માણસને ઉલટી કરાવવી હોય તેને પહેલાં પેટ ભરીને યવાગૂ પાવી. અથવા દૂધ, છાશ કે દહીં પેટ ભરીને પાવું. અથવા જે તેને ભાવતું ન હોય તે પદાર્થ અને કફકારક પદાર્થ ખાવા આપીને તેના દોષ ઉપડાવવા. એથી કરીને મનુષ્ય ઠીક ઓકે છે. જેણે ઘૃતપાન કર્યું છે તેને એક દિવસ પછી ઉલટી આપવી. તમામ વમનમાં સિંધવ અને મધ મેળવીને આપવું. તેમજ વમન બીભત્સ એટલે તેમાં ઘી નાખીને આપવું. રેચ બીભત્સ નહીં એટલે ઘી વગર આપવો.

નવ પ્રસ્થ ક્વાથ એ ઉલટીની ઉત્તમ માત્રા છે. છ પ્રસ્થ મધ્યમ અને ત્રણ પ્રસ્થ હલકી માત્રા છે. ઉલટીમાં ક્વાથ કરવો હોય તો એક કુડવ પ્રમાણ ઔષધ લેઇને એક આઢક પાણીમાં ઉકાળવું. અર્ધું પાણી રહે ત્યારે પીવા આપવું. કલ્ક, ચૂર્ણ, અવલેહ, એ ત્રણ, બે, એક પળ અનુક્રમે મોટી, મધ્યમ, હલકી માત્રા જાણવી.

ઉલટીના આઠ વેગની અંતે પિત્ત પડે તે ઉત્તમ વેગ જાણવો, છ વેગ મધ્યમ, ચાર વેગ કનીષ્ટ જાણવા. ઉલટી, રેચ અને શોણિત મોક્ષમાં પ્રસ્થ કહ્યો હોય ત્યાં સાડાતેર પળનો પ્રસ્થ ગણી ઓસડ લેવું.

સુંઠ, પીપર, મરી ઇત્યાદિ તીક્ષ્ણ ઔષધ ઉલટીમાં આપીને કફ જીતવો. દ્રાક્ષ, દાડમ વગેરે મધુર તથા ઠંડાં ઓસડથી પિત્ત જીતવું. મધુર, ક્ષાર, અમ્લ,

ઉષ્ણ એ વડે કરીને કફવાયુ જીતવો.

કફદોષમાં પીપર, મીંઢળ, સિંધવ, એનું ચૂર્ણ કરીને કોશીરીઆ પાણીમાં પીવાથી ઉલટી સાથે કફ પડે છે. પિત્તમાં પટોળ, અરડૂસો, લીમડાનાં પાનાનું ચૂર્ણ કરીને ઠંડા પાણીમાં પીવું. કફ વાયુની પીડામાં મીંઢળનું ચૂર્ણ દૂધમાં પીવાથી તે ઉલટી સાથે શમે છે. અજીર્ણમાં કોશીરીયું પાણી તથા સિંધવ પીને ઉલટી કરવી.

ઉલટીનું ઔષધ આપ્યા પછી ઘુંટણીઆં ટેકીને જમીન પર બેસવું. તથા એરંડાનું મૂળ બારીક અને લાંબુ હોય તે ગળામાં ઘાલીને આગળ પાછળ હલાવવું. વળી તેના કપાળ ઉપર તથા બન્ને પાસાં હલકા હાથથી ઓળાંસવાં.

ઉલટીનું ઔષધ લીધા પછી ઉલટી ન થાય તો અથવા બહુ થાય અને કાંઇ વિકાર થાય તો મોંમાથી લાળ પડે છે તથા શરીર પર ઢીમણાં તથા ચેળ થાય છે. ઉલટી બહુ થાય તો તેને તરસ બહુ લાગે છે, હેડકીઓ આવે છે, શરીર ભારે થાય છે, સંજ્ઞાનો નાશ થાય છે, જીભ વાંકી થઇ જાય છે, આંખો ફરી જાય છે, ભ્રમ થાય છે, હડપચી સજડ થઇ જાય છે, અથવા તેમાં પીડા થાય છે, મોંમાંથી લોહી પડે છે, વારંવાર થૂંક આવે છે, અને કંઠમાં પીડા થાય છે. બહુ ઉલટી થાય ત્યારે હલકો જુલાબ આપવો. ઘણું ઓકવાથી જે માણસની જીભ માંહી જતી રહી હોય તેના મનને પ્રિય લાગતા હોય એવાં ખાટાં, તીખાં, ગળ્યા, ખારા પદાર્થ ભાત સાથે ખાવા આપવા. ઘી અને દૂધભાત સાથે ખાવા આપવાં. તે રોગીની પાસે બીજા માણસે લીંબુ તથા નારંગી ચૂસી ચૂસીને ખાવી. તેથી તે માણસની જીભ ઠેકાણે આવીને પ્રકૃતિ સાફ થાય છે. જે માણસની જીભ ઓકતાં બહાર આવી ગઇ હોય તો તે જીભે તલ અને દ્રાક્ષનું કલ્ક ચોપડી માંહી ઘાલવી.

જો આંખો ફરી ગઇ હોય તો તે આંખોને ઘી ચોપડીને હલકા હાથથી ચોળવી એટલે ઠેકાણે આવશે.

હડપચીનો સ્તંભ થયો હોય તો શરીરે પરસેવો કાઢવો. કફ–વાયુ હારક નસ્ય સુંઘવું.

જો લોહી ઓકવા લાગે તો રક્તપિત્તના ઉપાય વડે શાંત કરવું.

ઉલટી થકી તરસ ઉપજી હોય તો આમળાં, રસાંજન, વાળો, ડાંગરની ધાણી, રતાંજળી, નેત્રવાળો–એ છ ઔષધનો મંથ કરીને તેને ઘી, મધ તથા સાકર સાથે પીવો.

જ્યારે હૃદય, કંઠ, મસ્તક–એ ઠેકાણે કફાદિ દોષ દૂર થઇને તેની શુદ્ધિ થાય ત્યારે તથા અગ્નિ પ્રદિપ્ત થઇને અંગ હલકું થાય ત્યારે ઉલટી સારી થઇ જાણવી. સારી ઉલટી થયા પછી ત્રીજે પહોરે મગ–ચોખાનો યૂષ પીવો. સારી ઉલટી થવાથી આંખ ઉપર ભારેપણું તથા ઊંઘ, મુખની દુર્ગંધ, કંડૂ, સંગ્રહણી, વિષદોષ–એ નાશ પામે છે, ભારે પદાર્થ, ઠંડુ પાણી, મહેનત, મૈથુન, તેલ ચોળવું, ક્રોધ કરવો–એટલાં વાનાં જે દિવસે ઉલટી લીધી હોય તે દિવસે ત્યાગ કરવાં.

## લેપવિધાન.

મુખલેપ ત્રણ પ્રકારના છે. દોષઘ્ન, વિષઘ્ન ને વર્ણ્ય. એક અંગુલ પ્રમાણ જે લેપ તે દોષઘ્ન, પોણો આંગળ લેપ તે વિષઘ્ન અને અર્ધો આંગળ લેપ તે વર્ણ્ય જાણવો. લીલો લેપ રોગહારી છે અને સૂકો લેપ કાંતિને દૂષણ આપે છે.

## રસાયન સંબંધી ઉપયોગી સૂચના

જ્યારે કોઇ પણ પ્રકારની ભસ્મ તેની હદ કરતાં વિશેષ ખાધામાં આવી હોય તો, મધ અને ટંકણખાર તેની ઉપર પીવાથી ઉલટી થઇને તરત તે ભસ્મના ઝેરની શાંતિ થઇ જાય છે.

ત્રાંબાની ભસ્મ કોઇ વૈદ્યે ખવડાવી હોય અને તેની ઉષ્ણતા હદ કરતાં વધારે આપણા શરીરને માલમ પડે તો તેના ઉપર દાડમનું સેવન રાખવાથી ઉષ્ણતાની શાંતિ થાય છે.

પારાની ભસ્મ ખાવામાં આવી હોય અને તે જો કદાપિ આપણા કુપથ્યથી દોષ કરે તો તેના ઉપર શોધેલો ગંધક ખાવો કે જેથી તે વિકાર તદ્દન નાશ પામે છે.

પારાની, હરતાલની, સોમલની, અથવા બીજી કોઇ પણ જાતની ભસ્મ હોય તો તે પરિપક્વ થઇ છે કે નહીં, તેની પરીક્ષા અગ્નિ ઉપર મૂકવાથી થાય છે.

તે ભસ્મમાંથી જરા ભસ્મ લઇ અંગારા ઉપર મૂકવી અને જો તેમાંથી ધૂમાડો નીકળે તો તે ભસ્મ અપક્વ છે એમ જાણવું, અને જો ધૂમાડો ન નીકળે તો પરિપક્વ થઇ છે એમ જાણવું.

**ડી.એ. વૈદ્ય (D.A. VAIDYA)**





Kamal PRINTER'S
M. 9820530299